Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત કબીર

આધ્યાત્મિક પદો

(વિવેચન સહિત)

સંપાદક :] [વા૦ મો૦ શાહ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

…સ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને …દેવી રોડ મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

a, Foundation C

n Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 69 II / 98

पंजिका-संख्या 20642/96.6.2009

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

पुस्तकालय
गुरुकुल कांगड़ी

20682
16.6.2001

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તુ' સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

સંત કબીર

આધ્યાત્મિક પદો

(વિવેચન સહિત)

★

पुस्तकालय
गुरुकुल कांगड़ी

સંપાદક:
સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહ

८१ ग / १४

★

२०६४२ / १६.६.२००१

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

CHECKED 1973
Initial

મૂલ્ય એક રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ ૧ લી
પ્રત : ૪૧૦૦

મુદ્રક અને પ્રકાશકઃ
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય
ઠે. રાયખડ :: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધ ગ્રંથમાળા"નો સં. ૨૦૦૦નો પૃષ્ઠમેળ

"વિવિધગ્રંથમાળા"ના ચાલુ વર્ષ સં. ૨૦૦૦ના વર્ષમાં અપાયલાં પુસ્તકોનો પૃષ્ઠમેળ નીચે મુજબ છે.

ક્રમ	પુસ્તકનું નામ	પૃષ્ઠ	મૂલ્ય	પોસ્ટેજ
૧	**ઉપનિષદો ૧૧૨–બે ભાગમાં** સરળ ભાષાંતર	૫૬૦	૪–૦	૦–૬
×૨	**આર્યોના સંસ્કાર**	૩૨૪	૨–૦	૦–૩
૩	**સાહિત્યપ્રારંભિકા**–લે. શ્રી. હિં. ગ. અંજારિયા	૧૫૨	૧–૦	૦–૨
૪	**હિંદના આર્થિક વિકાસની યોજના**	૧૦૮	૦–૮	૦–૧
*૫	**કલ્યાણમયી**–લે. શ્રી.ડુંગરશી ધ. સંપટ	૨૧૬	૧–૦	૦–૨
૬	**આત્મરામાયણ**	૧૪૦	૦–૧૨	૦–૨
*૭	**સંવત ૨૦૦૧ નું પંચાંગ**	૯૨	૦–૮	૦–૨
*૮	**ગૌતમબુદ્ધ**–ચરિત્ર તથા ઉપદેશો ...	૨૩૬	૧–૪	૦–૨
*૯	**સંત–કબીર**–આધ્યાત્મિક પદો ...	૧૭૬	૧–૦	૦–૨
		૨૦૦૪	૧૨–૦	૧–૬

ઉપર પ્રમાણે વિવિધ વિષયનાં એકંદરે નવ પુસ્તકોનું વાચન **માત્ર રૂા. ૬–૪–૦ માં** અપાયું છે. મોંઘવારી અનહદ વધી છે; જોઈતા પ્રમાણમાં કાગળો મળી શકતા નથી. એટલે "વિવિધ ગ્રંથમાળા"નાં પ્રકાશનો માટે મુશ્કેલી ઊભી થાય એ તો સ્વાભાવિક છે. પરંતુ ઈશ્વરકૃપાથી આવતા વરસમાં આપવાનાં લગભગ બધાં પુસ્તકો છપાઈ ગયેલાં હોવાથી પેપર કન્ટ્રોલના નવા કાયદાને લીધે ઊભી થનારી તકલીફ સંવત ૨૦૦૧માં "વિવિધ ગ્રંથમાળા" માટે ઊભી થશે નહિ.

× ગ્રાહકસંખ્યામાં એકદમ વધારો થવાથી આ પુસ્તકની છપાયલી ૩૫૦૦ પ્રત તરતમાં ખલાસ થઈ જતાં તેને બદલે **સ્વર્ગનો આનંદ** અપાય છે.

* આ પુસ્તકોમાં બહારની જાહેરખબરો છપાઈ છે; તેનાં થતાં એકંદર પાન ૧૧૨ આ પૃષ્ઠમેળમાં ગણવામાં આવ્યાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે સં. ૨૦૦૧ માં પણ પૃષ્ટ ૧૯૦૦થી ૨૦૦૦નું વાચન ગ્રાહકબંધુઓને આપી શકાશે. અને એ માટે જે પુસ્તકો છપાયાં છે તેની યાદી અહીં નીચે આપી છે. મુખ્યત્વે એમાંથી જ પસંદ કરીને ગ્રાહકબંધુઓને પુસ્તકો મોકલી અપાશે. આ પુસ્તકો બંધાઇને તૈયાર થતાં જાય છે તેમ તેમ છૂટક ખરીદનારને મળે એવી સગવડ કરવામાં આવે છે; પરંતુ માળાના ગ્રાહકોને તે પૈકીનાં ઘણાંખરાં પુસ્તકો યથાસમયે મોકલવાનાં હોવાથી તેમણે તે છૂટક ખરીદવાં નહિ એવી વિનતી છે.

સંવત ૨૦૦૧ માં અપાનારાં પુસ્તકો

પરમસુખી થવાના ઉપાય (લે૦ શ્રી નથ્થુરામ શર્મા)
હિંદના આચાર્યો... (સં૦ ડૉ. હરિપ્રસાદ દેસાઈ)
ઔષધિકલ્પલતા... (લે૦ સ્વામીશ્રી કૃષ્ણાનંદજી)
બિરબલ અને બીજા... (સં૦ જ્યોતીન્દ્ર દવે)
પરમાનંદની પ્રાપ્તિ... (લે૦ ધીરજલાલ સાંકળિયા)
અષ્ટાવક્રગીતા મૂળ સાથે સરળ ભાષાંતર
અવધૂત ગીતા ,, ,, ,,
વિદુરનીતિ ,, ,, ,,
આત્મનિરીક્ષણ (લે૦ રમણલાલ વ. દેસાઇ)
આત્મવિલાસ (સ્વામી આત્માનંદ મુનિ)
મીરાં ને નરસિંહ (સં. જસ્ટિસ દિવેટિયા)
સંવત ૨૦૦૨ નું પંચાંગ વગેરેમાંથી પસંદ કરીને અપાશે.

સંજોગવશાત ઉપરનાં પુસ્તકોમાં સંસ્થા ફેરફાર કરી શકશે.

મુંબઈ,
તા. ૧૦-૯-૪૪

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

પવિત્ર તેં કુળ પાવન તો દેશ, જેથેં હરિચે દાસ જન્મ ઘેતી.
કર્મધર્મ ત્યાચે જાલા નારાયણ, ત્યાચેની પાવન તિન્હી લોક.
વર્ણ અભિમાને કોણ જાલે પાવન, ઐસેં વા સાંગૂન મજપાસી.
અંત્યજાદિ યોનિ તરલ્યા હરિભજનેં, તયાચીં પુરાણેં ભાટ જાલીં.
વૈશ્ય તુળાધાર ગોરા તો કુંભાર, ધાગા હા ચાંભાર રોહિદાસ.
કબીર મોમીન લતિફ મુસલમાન, સેના ન્હાવી આણિ વિષ્ણુદાસ.
કાન્હોપાત્ર ખોડું પિંજારી તો દાદુ, ભજનીં અભેદૂ હરિચે પાયીં.
ચોખામેળા વંકા જાતીચા મહાર, ત્યાસી સર્વેશ્વર ઐક્ય કરી.
નામયાચી જની કોણ તિચા ભાવ, જેવી પંઢરીરાવ તિયેસવેં.
મૈરાળ જનક કોણ કૂળ ત્યાચેં, મહિમાન તયાચેં કાય સાંગો.
યાતાયાતીધર્મ નાહીં વિષ્ણુદાસા, નિર્ણય હા ઐસા વેદશાસ્ત્રીં.
તુકા મ્હણે તુમ્હી વિચારાવેં ગ્રંથ, તારિલે પતિત નેણોં કિતી.*

—તુકારામ

અનેક વિપત્તિ અને વિપ્લવોમાં ઘેરાયેલા ભારતદેશની મોટપ દુનિયાના બધા દેશો કરતાં તેના એક પછી એક થયેલા સત્-પુરુષો અને સંતોની પરંપરામાં રહેલી છે. બીજા દેશોમાં અધ્યાત્મ-જ્ઞાનનો આવિર્ભાવ આછો અને નહિ જેવો થયેલો ત્યારે આ ભૂમિ-

---

* હરિનો દાસ જે કુળમાં જન્મે તે જ કુળ પવિત્ર અને જે દેશમાં જન્મે તે જ દેશ મોટો. કારણ કે ભક્તનો કર્મ અને ધર્મ ઈશ્વરમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં મનુષ્યજાતિના એક પછી એક મહાન ધર્મશિક્ષકો પેદા થયા. મોટાં મોજાંઓની પાછળ મોટો ખાડો હોય તેવી રીતે સંતોના ઉદ્‌ભવથી આત્મસાધનાના સિદ્ધાંતો અને તેના પ્રયોગો વધ્યા અને તેઓના ગયા પછી ઘણી વખત પાછા ઘટ્યા. આમ જ્ઞાન અને ભક્તિની ભરતીઓટ થઈ, છતાં માળામાં જેમ દોરો હોય તેમ આત્મજ્યોતિમાં મસ્ત રહેલા અનેક મહાનુભાવોની પરંપરા હિન્દુસ્તાનમાં દેખાઈ. બીજી રીતે કમનસીબ તેવા આ દેશ ઉપર આ જ પરમેશ્વરની મોટી કૃપા ગણવી જોઇએ.

મહારાષ્ટ્રમાં, ગુજરાતમાં, બંગાળમાં અને ઉત્તરહિંદુસ્તાનમાં તેમજ દક્ષિણહિંદુસ્તાનમાં યોગીઓ, ચિંતકો, આચાર્યો, ઉપદેશકો અને સંતો પાક્યા. 'ઈશ્વરનું ભજન કરો,' 'પ્રાણી માત્ર તરફ દયા રાખો,' 'અભિમાન (પછી તે જાતિ, કુળ, ધન, સત્તા, વિદ્યા કે કોઈ પણ કારણથી હોય) છોડો'–એ સામાન્ય ધર્મ સામાન્ય લોકોને માટે તેમણે સંસ્કૃત ભાષા અને બ્રાહ્મણોના સંકુચિત નિયમનમાંથી બહાર આણી જાહેર કર્યો. ગીતામાં જણાવેલા સર્વ પ્રાણીઓ તરફના સમભાવનો આદેશ અને સર્વ પ્રાણીઓના હિતમાં રહેવાનો આદેશ–એ મહાન ધર્મ, કચડાયેલા અને ગરીબીમાં જ રહેનારાઓમાં નહિ પણ બીજી રીતે સમા-

---

રહેલો હોઇને તે ત્રણે લોકને પાવન કરે છે. તમે મને કહી દો કે જાતિના અભિમાનથી કોની શુદ્ધિ થઈ છે? અંત્યજ વગેરે જાતિના લોકો હરિભજનથી મોક્ષ પામ્યાના દાખલાઓ પુરાણોમાં મુક્ત કંઠે વર્ણવેલા છે. તુળાધાર વાણિયો, ગોરા કુંભાર, રોહીદાસ ચમાર, મોમીન કબીર, મુસલમાન લતીફ, સેનો હજામ, કાન્હોપાત્ર, પિંજારો દાદુ અને મહાડ જાતિનો ચોખામેળા ઈશ્વરના ભજનથી અભેદની ભાવનામાં પહોંચ્યા અને ઈશ્વર સાથે ઐક્ય કરી શક્યા. ઈશ્વરના ભક્તોને જાત અને અજાતધર્મ લાગુ પડતો નથી, એવો નિર્ણય વેદો અને શાસ્ત્રોમાંથી નીકળે છે. તુકારામ કહે છે, તમે ગ્રંથો વાંચશો તો તમને ખબર પડશે કે (ઊતરતી કહેવાતી) જાતિના કેટલા બધા માણસો જ્ઞાન અને મોક્ષ મેળવી શક્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જના બોજાથી દબાયેલી અંત્યજ પ્રજાઓના ઉદ્ધારને માટે વ્યવહારમાં અને વર્તનમાં મૂકવાનો આગ્રહ કર્યો. પણ પાછળથી વાડાઓ તોડવા જતાં તેમના જ અનુયાયીઓ રૂઢિના આવેશમાં ફરીથી નવા પંથો અને નવા વાડાઓ બનાવવામાં કારણભૂત થયા. છતાં 'વિરોધ ન હોવો જોઇએ,' 'માણસ જાતની એકતા સમજવી જોઇએ એટલું જ નહિ પણ જીવનમાં ઊતરવી જોઇએ,' એ સિદ્ધાંતની ઘોષણા આ સંતોએ ફરી ફરીને કરી.

પંદરમી અને સોળમી સદીના સુમારે હિંદુ અને મુસલમાન કોમોમાં એકબીજાને માટે આદર થાય, એકબીજાના ધર્મ, મજહબ અને સિદ્ધાંતો માટે માન ઊપજે અને જુદા નામે એક જ ઈશ્વરને ભજી રહેલા માણસો સદાચારમાં અને ઈશ્વરભક્તિમાં જીવન ગાળે એ પ્રયાસ નાનક, કબીર અને દાદુને હાથે થયો. અકબર અને દારા શિકોહનાં નામ પણ આ જ દિશામાં કહેવાવાં જોઇએ. પણ ત્યાર પછી આ પ્રયત્ન મજબૂતીથી કોઈએ નથી કર્યો, એ અફસોસની વાત છે. હિંદુ સમાજ વધુ સંકોચાયો, ન્યાતજાતો વધી ગઈ અને રૂઢિનું જોર વધ્યું. અંત્યજો તરફ જ નહિ પણ મુસલમાનો તરફ પણ આભડછેટની ભાવના વધુ પ્રબળ બની. 'અમે' અને 'તમે' એમ મુસલમાનોની સાથેના વર્તનમાં જુદાપણું વધાર્યું, તે આજે હિંદુસ્તાનની ઉન્નતિના માર્ગમાં અલંઘનીય પહાડની માફક ઊભું છે.

'મુસ્લિમ મહાત્માઓ'× નામના અતિ ઉત્તમ મુસ્લિમ સંતોનાં ચરિત્રો અને ઉપદેશોના પુસ્તકના નિવેદનમાં સં. ૧૯૮૪ એટલે કે ૧૬ વર્ષ ઉપર ભિક્ષુ અખંડાનંદજીએ કહ્યું છે કે:—

'હિંદુ અને મુસલમાનોને હજી પણ વધારે દુર્બળ ને દીન-

× આ 'મુસ્લિમ મહાત્માઓ'ની બીજી આવૃત્તિ ૫×૯ના કદનાં પાન ૭૫૬માં રૂા. ૨–૪–૦ ના મૂલ્યથી આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીન બનાવવા માટે તેમની વચ્ચે એક યા બીજી રીતે વેરઝેર ફેલાવાઈ રહ્યાં છે. એવા સમયમાં આ પુસ્તક કાઢવાનો મુખ્ય હેતુ એ જ છે કે, હિંદુઓમાંથી મુસ્લિમ ધર્મ વિષેની અવળી સમજણ ઓછી થાય, મુસ્લિમ ભાઇઓનું ધ્યાન પોતાના ધર્મ-સિદ્ધાંતો ને ઉત્તમ આદર્શો તરફ વધારે ખેંચાય અને બન્ને કોમોના લક્ષમાં આ વાત ઊતરતી ચાલે. દુનિયાના બધા મુખ્ય ધર્મો પરમાત્મારૂપી એક જ વૃક્ષમાંથી ને એક જ ઉદ્દેશથી ઉદ્ભવેલાં અનેક ડાળાં જેવાં છે; તથા ગમે તેટલા મતભેદ છતાં સર્વોપરિ ધ્યેય, હેતુ, સાધન અને સાધના તો એક જેવાં જ છે.

'આજ ભારતવર્ષમાં સ્વરાજ્યની ભાવના ચોમેર જામી રહી છે. સ્વરાજ્ય મેળવવાનું એક મોટામાં મોટું સાધન હિંદુ-મુસલમાનનું ઐક્ય, એ ગણાઇ ચૂક્યું છે. એ ઐક્ય લાવવાનું મોટામાં મોટું સાધન તે અરસપરસ સંપૂર્ણ પિછાન—આચાર-વિચાર—સર્વની જે પવિત્રતા—ગહનતા હિંદુધર્મમાં છે તે જ પવિત્રતા—ગહનતા મુસ્લિમધર્મમાં છે, એ જો એક વાર સમજી જવાય તો ઘણી ગેરસમજૂત દૂર થાય. એ ગેરસમજૂત આવાં પુસ્તકોથી બહુ સહેલાઈથી દૂર થઈ શકે. જે પ્રમાણે ગુજરાતી વાચક મીરાંબાઇ, નરસિંહ મહેતો, સુરદાસ, બોડાણો, કબીર વગેરે ભક્તોનાં ચરિત્ર વાંચે અને તેમાંથી બોધ ગ્રહણ કરે, તે જ પ્રમાણે આ ઇસ્લામી ભક્તગણના ચરિત્ર ઉપરથી બોધ લઈ શકાય તેમ છે. હિંદુધર્મના મહાપુરુષોની પડખોપડખ તેટલા જ ઉન્નત સ્થાન પર ઇસ્લામના તપસ્વીઓ પણ બેસી શકે એમ છે અને ઇસ્લામના સાચા આત્માનું દર્શન પણ આ પવિત્ર પુરુષોનાં જીવનચરિત્રોમાં જ થઈ શકે છે. તેથી આ પ્રકારનું સાહિત્ય ઘણું જ ઉપયોગી થાય એમાં સંશય નથી, અને એ ઐક્ય સાધવાના હેતુથી જ આ સમયે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ હિંદુમાં, જૈન જૈનમાં, મુસ્લિમ મુસ્લિમમાં મતભેદો અને ઝગડાઓ છે. આ જાતના ઝગડાઓ ઓછા કરાવવાની દરેક માણસની ફરજ છે. આ સિવાય દરેક હિંદુ કુટુંબે એક મુસ્લિમ કુટુંબ સાથે મિત્રતા રાખવી એ ઘણું જરૂરનું છે. કારણ કે એકબીજાના ધર્મ શું છે તે જાણવાની તક મળે, એટલું જ નહિ પણ બન્ને ધર્મમાં અને તેમાંથી નીકળતી સમાજવ્યવસ્થામાં માણસો પ્રત્યેની ઉદારતા અને સહનશીલતાના સરખા જ પાઠો નીકળે છે, તે પ્રત્યક્ષ જોઈ શકાય.

ઈશ્વરની નજીક જવા માટે બધા માણસોની અંદર રહેલું એક તત્ત્વ અનુભવવું જોઇએ છે. દ્વેષ અને અનાદર (પછી તે ગમે તે કારણસર હોય) બિલકુલ ન જોઇએ એમ ગીતા શીખવે છે; એટલું જ નહિ પણ ભારતની સુપ્રસિદ્ધ સંતપરંપરાએ પણ એ જ પાઠ ભણાવ્યો છે.

કબીરજીની વાણી સમજાઈ શકે માટે ગુજરાતના જાણીતા લેખક અને વિચારક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહનું વિવેચન સાથે આપવામાં આવ્યું છે. જિજ્ઞાસુઓને અને આત્મસાધના તરફ વળેલા સજ્જનોને આ પુસ્તક (જેમાં કબીરજીનું જ્વલંત અને અનુભવસિદ્ધ જ્ઞાન તેમજ ગાઢ ભક્તિભાવ ઉભરાઈ જાય છે) ઉપયોગી થઈ પડશે એવી આશાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મુંબઈ
તા. ૯-૮-૪૩

સસ્તું સાહિત્ય મુદ્રણાલયના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર
પ્રમુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર નિવેદન

પુસ્તકપ્રકાશનનું કામ લડાઈને લીધે કેટલું મુશ્કેલ થઈ પડયું છે, તેનો ખ્યાલ વાચકવર્ગને આવી શકશે નહિ. નફો રાખીને તો આ સંસ્થા સાધારણ સમયે પણ કામ નહોતી કરતી; તો હવે લડાઈના ચોથા વર્ષમાં નુકસાન ખમીને જ આર્યસંસ્કૃતિનો નિર્મળ જ્ઞાનપ્રવાહ વહેતો રાખવાનો રહ્યો. **પૂજ્ય સ્વામી શ્રી-અખંડાનંદની** કૃપાથી આ શુભકાર્ય ચાલુ રાખવાનો દરેક પ્રયત્ન ટ્રસ્ટીઓ કરશે. પાંત્રીશ વર્ષમાં ખસોપચાસ સારાં પુસ્તકો ગુજરાતને બહુ સસ્તી કિંમતે આ સંસ્થાએ આપ્યાં છે. એટલે આ સંસ્થા તરફ વાચકવર્ગની દિલસોજી અને ભલી લાગણી ખેંચાઈ છે. પણ હવે પછી એક ખુલાસો કરવાની જરૂર છે. **સૌથી સસ્તું પુસ્તક જોઈતું હોય, તેમણે 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહક થઈ જવાની જરૂર છે.** પાંચ રૂપિયા-માંથી સવા રૂપિયો પોસ્ટનો જતાં ત્રણ રૂપિયા બાર આનામાં જૂનાં છાપાં પણ ન મળે, તેટલા ઓછા ભાવે આ સંસ્થા મજ-બૂત બાંધણીનાં ઊંચામાં ઊંચાં પુસ્તકો હજી આપે છે. ગુજ-રાતની પ્રજા તેનો લાભ ભલે મેળવે. જે પુસ્તકો સિલકમાં છે, તે કદી પણ ફરી છાપીને વેચી શકાય નહિ, તેવી સસ્તી કિંમતે અપાય છે. આ જાહેર સંસ્થાદ્વારા લોકોને ભલે ફાયદો થાય, એ નજરથી જ્યાં સુધી બની શકશે ત્યાં સુધી તેમ કરવામાં આવશે. હાલ નવાં છપાતાં પુસ્તકોની છૂટક કિંમત અગાઉના ધોરણ કરતાં થોડીક વધુ રાખવી પડે છે, તેનો ય અમને અફ-સોસ છે. પણ આમાં કોઈ ઉપાય નથી. જેને સસ્તું મેળવવું હોય, તેણે ગ્રંથમાળાના ઘરાક થઈ જવું એ જ સારું છે. કારણ કે તેના લવાજમમાં વધારો કર્યો નથી, તેમજ તેમ કરવાનો ઇરાદો પણ નથી. 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહકોને અને છૂટક લેનાર બન્નેને જેવો લાભ લડાઈ પહેલાં મળતો હતો, તેવો હવે નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાં છૂટક લેનારને મળશે નહિ, માટે જ આવી સૂચના કરવામાં આવી છે.

મુંબઈ
તા. ૨-૭-૪૩

સસ્તું સાહિત્ય મુદ્રણાલયના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીરજીનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત

મહાત્માઓનાં જીવનચરિત્ર ઘણે ભાગે અંધારામાં જ હોય છે. કબીરજીના જન્મ, કુળ, નિવાસસ્થળ વગેરે બાબતમાં હજી સુધી આપણા જાણવામાં ઘણું જ થોડું આવ્યું છે; ત્યાં સુધી કે, તેઓ હિંદુ કુટુંબમાં જન્મ્યા હતા કે મુસલમાનમાં, એ વાતનોય હજી નિર્ણય થયો નથી. જે જે દંતકથાઓ સાંભળવા-વાંચવામાં આવે છે, તે સર્વ પરથી એમ અનુમાન થઈ શકે છે કે, તે એક મુસલમાન વણકરના કુટુંબમાં ઊછર્યા હતા અને 'સૂફી' વર્ગના જ્ઞાન વડે તથા રામાનંદ જેવા ગુરુરત્નના ઉપદેશથી અધ્યાત્મી બનવાથી હિંદુ-મુસલમાન બન્ને તરફ સમભાવ રાખવાને લીધે બન્નેમાં તેમની પૂજા થયેલી.

કબીરપંથીઓની માન્યતા એવી છે કે, સન ૧૩૯૮માં કબીરજીનો જન્મ થયો હતો અને ૧૨૦ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવીને સન ૧૫૧૮ માં તેમણે આ ફાની દુનિયાને છેલ્લી સલામ કરી હતી.

તેમના બચપણ સંબંધી કાંઈ જાણવામાં આવ્યું નથી; પરંતુ વણકરનું કામ કરતાં કરતાં તે અધ્યાત્મનાં ગીતો ગાવામાં અને પરમાત્મપદનું રટન કરવામાં તલ્લીન રહેતા. ત્રીસેક વર્ષની ઉંમરે, લોઈ નામની કોઈ સ્ત્રી કબીરજીની સાથે રહેવા લાગી. જો કે લોકો તેમને દંપતી માનતા, પણ તેઓને શારીરિક સંબંધ કાંઈ નહોતો એમ કહેવાય છે. કમાલ અને કમાલી નામે પુત્ર-પુત્રી એ બે કબીરજીની સંતતિ કહેવાય છે, પરંતુ તે કાંઈ તેમણે ઉત્પન્ન કરેલાં છોકરાં નહોતાં, તેમણે પાળેલાં અને જ્ઞાન આપી તારેલાં કોઈનાં બાળક હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીરજી ધાર્મિક ક્રિયાઓમાં વીર્ય અને વખત ગુમાવવો પસંદ કરતા નહિ. એમની કૃતિમાં ક્રિયાકાંડ વિરુદ્ધ ઘણા શબ્દો જોવામાં આવે છે. હિંદુ–મુસલમાન વચ્ચેનો ભેદ તોડવા તેમણે ઘણી મહેનત લીધી હતી. જૂના વિચારના હિંદુઓ તેમજ તેવા મુસલમાનો એમને આ કારણથી પજવવા માટે બનતું કરતા હતા. તે વખતના બાદશાહ સિકંદર લોદી સમક્ષ ફરિયાદ થતાં કબીરજી પોતાના આધ્યાત્મિક વાર્તાવિનોદથી બાદશાહનું દિલ જીતી શક્યા હતા. બીજે પ્રસંગે, શહેનશાહ ઈબ્રાહીમ લોદીની હજૂરમાં કાજીઓએ એમની સામે ફરિયાદ કરી અને મહાત્માને સમુદ્રમાં ડુબાવવાનો, હાથીથી કચરાવવાનો અને ઝૂંપડીમાં બાળી મૂકવાનો પ્રપંચ કર્યો, પરંતુ તે સઘળામાં કબીરજી અણીશુદ્ધ બચી ગયા હતા.

કબીરજીની જિંદગીનો મોટો ભાગ બનારસમાં ગુજારવામાં આવ્યો હતો. અંતસમયે તે શહેર છોડીને મહાત્માશ્રી મગહર ગામમાં ગયા હતા. તે વખતે ગામલોકોએ તેમને કહ્યું કે, 'અંતસમયે બીજાઓ જ્યારે આ પવિત્ર ધામમાં આવે છે' ત્યારે તમે ખાસ અંતસમયે આ ક્ષેત્રને છોડી જાઓ છો, એ ઠીક થતું નથી.' કબીરજીએ જવાબ આપ્યો: 'રામની સત્તા હદવાળી નથી.' એમ કહી મહા સુદ અગિયારસ ને બુધવારે મહાત્માશ્રી કાશી તજી મગહર સિધાવ્યા. મગહરના એક નાના મઠમાં, નદીકિનારે જઇ પહોંચતાં પોતે કમળનાં ફૂલ અને બે ચાદર મંગાવી સૂઇ ગયા અને પછી મઠનાં બારણાં બંધ કરાવ્યાં.

રાણા વીરસિંહ, કબીરજીના શબને હિંદુ રૂઢિ મુજબ બાળવા ઈચ્છતા હતા અને પઠાણ બીજલીખાન વગેરે મુસલમાનો તેમને દફનાવવા ઈચ્છતા હતા. કજિયો થવાની વકી રાખવામાં આવતી હતી; પરંતુ મઠનો દરવાજો ખોલવામાં આવતાં માત્ર બે ચાદરો અને થોડાં પુષ્પ સિવાય કાંઈ જોવામાં આવ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણાજીએ ફૂલોને બાળીને તે જગાએ 'સમાધિ' ચણાવી; પઠાણે ફૂલોને જમીનમાં દાટીને કબર બનાવી. હાલ તે જગાએ માગસર માસમાં મેળો ભરાય છે.

કબીરજીનાં વચનો હૃદયભેદક અને સ્પષ્ટ હોઈ, ઘણાં જ અસરકારક છે. એમને સત્‌નું 'દર્શન' થયું એમાં કોઈને શક હોય નહિં. મારો પોતાનો અંગત મત જાણવા કોઈ ઇચ્છતું હોય તો હું ખુલ્લા શબ્દમાં કહું કે, કબીરજીનાં વચનો મને મહાન જૈન ધર્માચાર્યથી કોઈ રીતે ઉતરતાં જણાતાં નથી. એ વચનો કબીરજીના શુદ્ધ હૃદય, તત્ત્વજ્ઞાન, પ્રૌઢ વિચાર અને જાહેર હિંમતની ખાતરી આપે છે. હું દરેક આત્માર્થી મનુષ્યને કબીરજીના હૃદયનો અભ્યાસ કરવાની ભલામણ કર્યા વગર રહી શકતો નથી.

વા. મો. શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧	પરમેશ્વરની વાતો	૧
૨	જીવની વાતો	૧૮
૩	ક્ષણનો પણ પ્રમાદ ન કરશો...	૨૫
૪	માયાની વાતો	૨૭
૫	કાળની વાતો	૩૬
૬	બહારના પરમેશ્વરથી ઠગાતા નહિ	૪૬
૭	ભક્તિ કેવી રીતે કરશો ?	૫૦
૮	સાધુ કોને કહેવા ?	૫૩
૯	સાધુ થવું કાંઇ રસ્તામાં પડ્યું નથી	૬૪
૧૦	'કહેણી' સાથે 'કરણી' અથવા 'જ્ઞાન' સાથે 'ક્રિયા'	૬૮
૧૧	મગજની પંડિતાઈ વિરુદ્ધ હૃદયની પવિત્રતા ...	૮૧
૧૨	રામ ક્યાં વસે છે ?...	૯૫
૧૩	તને આત્મતત્ત્વ કોણ ઓળખાવશે ?–તું પોતે જ	૯૭
૧૪	સંસારમાં સુખ ક્યાં છે ?	૧૦૦
૧૫	ગુરુ–માહાત્મ્ય અને સત્સંગ	૧૦૯
૧૬	મન–માહાત્મ્ય અને મન–વશીકરણ	૧૧૭
૧૭	શબ્દ	૧૩૪
૧૮	દાન	૧૩૮
૧૯	ધૈર્ય	૧૪૨
૨૦	અહંકાર છોડો–નમ્ર બનો	૧૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૬	ભૂલભૂલામણી	ભુલભુલામણી
૫	૧૭	વર્તણુંકથી	વર્તણૂકથી
૭	૨૫	'અખધૂ'	'અખધૂત'
૯	૨૧	કૌતક	કૌતુક
૧૨	૨૧	સહિસલામતીથી	સહીસલામતીથી
૩૦	૧૪	સૂકાઈ	સુકાય
૩૦	૨૩	વિંષ	વિષ
૩૮	૬	દ્વોરકે ચકારને	દ્વોચારકે કારને
૪૨	૧૭	પરણ	મરણ
૪૪	૨૦	ખહાનું	ખહારનું
૪૬	૧૨	દહેરું	દ્હેરું
૪૭	૮	મંદીરમાં	મંદિરમાં
૪૯	૨૨	દુનિયાની	દુનિયાથી
૫૨	૧૦	વિયષ	વિષય
૫૭	૧૯	ઉજયું	ઊજયું
૫૭	૨૪	ધૂતારા	ધુતારા
૬૪	૧૧	ભદભાવ	ભેદભાવ
૬૪	૧૯	મૂકાય	મુકાય
૭૨	૧૧	નિરાભિમાનપણે	નિરભિમાનપણે
૭૨	૧૩	નિરાભિમાનવૃત્તિ	નિરભિમાનવૃત્તિ
૭૨	૨૬	દરણાં	દળણાં
૭૩	૨૧	ફૂલાય	ફુલાય
૭૪	૮	ન્હાયેં	નાહે
૭૫	૧૨	કાનુનની	કાનૂનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૬	૭	ફરિયદ	ફરિયાદ
૭૯	૬	એકજની	એકની જ
૮૦	૧૦	ફૂલાય	ફુલાય
૮૭	૧૯	કળીરજી	કબીરજી
૮૮	૧૯	એડધેક	અડધેક
૯૨	૧૪	છૂપાઈ	છુપાઈ
૯૨	૧૫	છૂપાવે	છુપાવે
૯૨	૧૬	પોંથાં	પોથાં
૯૪	૨૨	દ્દેહેરું	દ્દેરું
૯૫	૮	તિર્થયાત્રાદ્દિ	તીર્થયાત્રાદ્દિ
૯૫	૨૦	તિર્થયાત્રાદ્દિ	તીર્થયાત્રાદ્દિ
૧૧૮	૨૫	હયથિાર	હથિયાર
૧૨૪	૧૮	(કામઠાની)	(કામઠા)
૧૫૫	૧૬	ખોટ	ખોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારામાઠા પ્રસંગે જ્ઞાનલહાણી

પોતે પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું એ તો કોઇથી જ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના ઉપદેશ અને ચારિત્ર્યને લગતાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઈ બીજાને આપી શકે તેમ છે.

કોઈ કોઈ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઇક સદુપયોગ કરે છે; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સૌ કોઇએ સારા પ્રમાણમાં ચાલુ કરીને ઉમદા રૂઢિરૂપે બનાવી દેવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે ઘી વગેરેમાં થોડી કસર કરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પ્રત્યેક મહેમાન, પડોશી, સગાં, કુટુંબી, મિત્ર, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેને ભેટ અપાય તો તે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં તેમને માટે વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ નિમિત્તે અમુક તરફથી ભેટ" કે એવું કાંઈ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કે હાથે લખીને આપી શકાય, કે જેથી લોકસેવા થવા ઉપરાંત તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

× × × ×

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને વહેંચી-વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય તો કોઇએક ઉત્તમ પુસ્તકની યથાશક્ય પ્રતોની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ મળી શકે. માત્ર પાંચ-દશ રૂપિયા ખર્ચવા હોય તો ગીતાઓ કે ગીતાનો ૧૮ મો અધ્યાય અથવા તો બીજી કોઈ સારી હજાર-પાંચસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય. છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલા વડે પણ ધર્મગ્રંથોમાંની અથવાં બીજી અસરકારક શિખામણોનાં સો-બસો હસ્તપત્ર સુખેથી વહેંચી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ ચરિત્રોના ફાયદા

(અનુભવીઓના ઉદ્ગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિશ્રમ લઈ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશોથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા–સમજવાથી ઘણી જ વધારે અસર થાય છે. અર્થાત્ તેના અંતઃકરણમાં આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે એવો દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઈ આગળ વધે છે. "

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે, આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઈ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ.

× × × ×

" મહાન સ્ત્રીપુરુષોનાં જીવન ચરિત્રોનું ચિંતન કરાય છે ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા કબીરનાં આધ્યાત્મિક પદો

૧ : પરમેશ્વરની વાતો

૧

ધરતીકા કાગજ કરું, કલમ કરું બનરાય;
સાત સમુદર સ્યાહી કરું, હરિગુન લિખ્યો ન જાય. ૧
ભારી કહૂં તો મૈં ડરું, હલકા કહૂં તો જૂઠ;
મૈં ક્યા જાનૂં રામકો ? નૈનોં કબહું ન દીઠ. ૨

(૧) એકંદર જમીનને કાગળરૂપે વાપરું અને એકંદર 'વનરાય' અથવા અઢાર ભાર વનસ્પતિની કલમ બનાવું તથા સાત સમુદ્રના પાણીને શાહી તરીકે વાપરું—એટલો બધો પ્રયાસ કરું તો પણ (ઇન્દ્રિયોની શક્તિથી પર એવા) હરિ—પરમાત્માનો ખ્યાલ આપી શકાય નહિ.

(૨) પરમાત્મા 'ભારે' છે એમ કહું તો હું જ ડરી જાઉં; 'હલકા છે' એમ કહું તો તેમનું ઉપહાસ્ય કરાવવા બરાબર થાય. (આંખ વગેરે ઇન્દ્રિયોની શક્તિથી પર એવા) આત્મારામને (સ્થૂલ આંખોથી) મેં કદી દીઠા જ નથી, તો પછી હું રામની વાત શું જાણું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐસા કોઈ ન મિલા, ઘટમેં અલખ લખાય;
બિન બતી બિન તેલકે, જલતી જોત દેખાય; ૩
દેખા હૈ વો કિસે કહૂં, કહે કૌન પતિયાય ?
જૈસેકે તૈસે હરિ, હરખ હરખ ગુન ગાય. ૪
સાહબ ! તેરી સાહબી, સબ ઘટ રહી સમાય;
જ્યોં મેંહદીકે પાતમેં, લાલી લખી ન જાય. ૫

૨

માલક બિન ખાલી નહીં, સુઈ ધરનકો ઠૌર;
આગે પીછે રામ હૈ, રામ બિના નહીં ઔર. ૧

---

(૩) આત્મારામને 'અલખ' કહેવાય છે–તે લખી શકાય તેમ નથી; પણ ઘટમાં–હૃદયમાં તો તે લખી શકાય. અને ઘટમાં લખાયેલા તે 'અલખ'ને વાંચવા માટે (ભોંયરા જેવા ઘટમાં અંધારું હોય એટલા માટે) દીવાની જરૂર છે, કે જે દીવામાં બત્તી (દિવેટ), તેલ કે જયોત કાંઈ હોય નહિ. આવા દીવા વડે ઘટના ભોંયરામાં અલખને વાંચી શકે એવા કોઈ મને મળ્યા નહિ !

(૪) મેં આત્મારામને જોયા છે એમ તમને કહું તો તમે પૂછશો કે, 'ત્યારે તે કેવા છે ?' હું કહેવાની કોશિશ પણ કદાચ કરું, પરન્તુ મારી વાત માનશે કોણ ? (એ અદ્ભુત વાતોને લોકો વહેમ–ઘેલછા કે ચક્રમપણામાં ખપાવે છે.) માટે ટૂંકમાં જ જવાબ આપું છું કે, 'હરિ જેવા છે તેવા છે.' એટલું જ મોઢેથી બોલીને હું મનમાં જ રાજી થઇને ગુણ ગાયા કરું છું.

(૫) મારા આત્મારામ સાહેબની સાહ્યબી કેટલી છે એમ તમે પૂછતા જ ના; એ તો ઘટઘટ (સર્વત્ર) વ્યાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોં નૈનનમેં પૂતલી, ત્યોં માલક ઘટ માંય;
ભોલે લોક ન જાનતે, બાહિર ઢૂંઢન જાય. ૨
કસ્તૂરી નાભિ વિષે, મૃગ ઢૂંઢે બન માહિં;
ઐસે ઘટ ઘટ રામ હૈ, દુનિયા દેખે નાહિં! ૩
ઘટ બિન કહૂં ન દેખિયે! રામ રહા ભરપૂર;
જિન જાના તિન પાસ હૈ, દૂર કહા ઉન દૂર. ૪
બાહર ભીતર રામ હૈ, નૈનનકા અભિરામ;
જિત દેખૂં તિત રામ હૈ, રામ બિના નહિં ઠામ. ૫

રહી છે. શું મેંદીનાં પાંદડામાં લાલી કોઇ અમુક જગાએ જ રહેલી છે કે?

(૨) ભોળા એટલે અક્કલ વગરના લોકો રામને બહાર ઢૂંઢવા દોડે છે—પણ તે તો જેમ આંખોમાં પૂતળી (કીકી) છે તેવી રીતે ભીતરમાં જ છે.

(૪) હે ભાઇ! તું ઘટ સિવાય બીજી જગાએ રામને શોધતો જ નહિ; કારણ કે ત્યાં—એટલે ઘટમાં રામ ભરપૂર છે. જે રામને જાણે તેની પાસે જ તે વસે છે; અને જે રામને સ્વર્ગમાં કે બીજી કોઇ દૂરની જગાએ માને છે—અંતરથી વેગળો વસનાર માને છે, તેનાથી તે ખરેખર દૂર જ છે એમ સમજજે; અર્થાત્ એવાને આત્મારામનું ભાન જ ન થઈ શકે.

(૫) હું પ્રથમ કહી ગયો કે રામ તો ભીતરમાં જ છે, તેથી એમ નથી સમજવાનું કે બહાર તો રામ છે જ નહિ. ભીતરમાં રામ 'ભરપૂર' છે—ત્યાં તેનાં દર્શન થઈ શકે છે, બાકી જ્યાં જ્યાં તારી દૃષ્ટિ પડે ત્યાં ત્યાં રામ જ છે એમ સમજજે. સર્વત્ર રામ જોવાથી—સઘળામાં પરમેશ્વરદૃષ્ટિ રાખવાથી જ વિશ્વ-દર્શન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોં પત્થરમેં આગ હૈ, ત્યોં ઘટમેં કરતાર;
જો ચાહો દીદારકો, તો ચકમક હોકે જાર. ૬

પાવક રૂપી રામ હૈ, સબ ઘટ રહા સમાય;
ચિત ચકમક લાગે નહીં, ધૂંવા બહિ બહિ જાય. ૭

સાંઈ તેરા તુજમેં રહે, જ્યોં પત્થરમેં આગ;
જોત સરૂપી રામ હૈ, ચિત ચકમક હો લાગ. ૮

---

(૬) જેમ પથ્થરમાં અગ્નિ ગુપ્તપણે રહેલો છે, તેમ ઘટમાં ઈશ્વર રહેલા છે. તેનાં દર્શન કરવા ઇચ્છા હોય તો ચકમકની માફક બહારના (ખાખી–સ્થૂલ–ઉદ્દારિક) શરીરને ઠોકરો ખાવા દે; ઠોકરો અને મુશ્કેલીઓરૂપી ઘર્ષણથી અંદર રહેલા આત્મારામનાં દર્શન થશે. (કેવી સુંદર કલ્પના!)

(૭) રામ પાવક એટલે આગરૂપે છે (સઘળા પદાર્થોમાં આગ ગુપ્તપણે રહેલી છે. અગ્નિ અને રામ બન્ને 'પાવક' એટલે 'પવિત્ર કરનાર' ગણાય છે.) જો ચિત્તમાં બરાબર રીતે રામના નામની આગ ન સળગે અને 'ધૂંધવાતું' રાખવામાં આવે અર્થાત્ ઘડીભર રામનું નામ સ્મરી પછી વિષયવિકારમાં રમ્યા કરે, તો એવા માણસના ચિત્તમાં 'ભડકો' ન થાય એટલે કે રામ પ્રગટ થાય નહિ, પણ 'ધૂણી–ધુમાડો' થાય એટલે કે સંકલ્પવિકલ્પ અને ઉદ્વેગ એ જ પરિણામ આવે. અર્ધદગ્ધની દશા દયાજનક છે એમ બતાવે છે. મતલબ કે આત્મારામની પવિત્રતાનો ખ્યાલ અહોનિશ નજર સામે રાખીને જ આહાર–વિહાર આદિ ક્રિયા કરવી, કશામાં લુબ્ધ થવું નહિ. 'આ કામ રામ પોતે કરે ખરા કે?' એવો વિચાર કરીને વર્તવાથી રામમાં જ રમ્યા ગણાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પરદેશે ખોજન ગયા, ઘર હીરાકી ખાન;
કાચ–મની ના પારખે, ક્યોં હરિકો પહચાન ? ૧
મૈં જાનૂં હરિ દૂર હૈ, હરિ હિરદેકે માંહિં;
આડી–ટેડી કપટકી, તાસે દીસત નાહિં. ૨
જોકો આડા અંતરા, તાકો દીસે ન કોય;
જાન બૂઝ જડ હો રહે, બલ તજ નિર્બલ હોય. ૩
ભટક મુઆ ભેદૂ બિના, કૌન બતાવે ધામ ?
ચલતે ચલતે જુગ ગયો, પાવ કોસ પર ગામ ! ૪

---

(૧) સાચા હીરાની ખાણુ તો પોતાનાજ ઘરમાં છે, છતાં જે અબૂઝ પરદેશમાં હીરા શોધવા જાય છે, જેને કાચ અને મણિનું પારખું નથી,તેવા માણુસ હરિને શું પિછાનવાના હતા!

(૨) પ્રથમ હું અજ્ઞાની હતો તેથી જાણુતો હતો કે હરિ કોઇ દૂરની જગાએ બેસી રહ્યા હશે; પણુ હવે મને પ્રત્યક્ષ ભાન થયું કે હરિ તો હૃદયની અંદર જ છે. આડીઅવળી (ભુલભુલામણીવાળી) કપટમયી વર્તણૂકથી (તેજસ શરીરનાસ્વાર્થમયી ઇચ્છાઓના પડદાથી) હરિ દેખી શકાતા નથી; બાકી છે તો અહીં જ.

(૩) આંખ આડા પડદા રાખીને જ ફરવાનું જેને મન થતું હોય તેને શું દેખાય ? જાણી જોઇને–પોતાની રાજીખુશીથી જ જે 'જડ' રહેવા ઇચ્છે અર્થાત્ જડભાવમાં જ મચ્યો રહે તે માણુસને આત્માનું અગાધ બળ (પાસે હોવા છતાં) છે નહિ એવું ભાસે એમાં કોનો દોષ ? આત્મભાવ ભૂલી જડભાવમાં જ રહેનાર માણુસ આત્મબલના વારસાનો હક્ક જાણી જોઇને જ ગુમાવે છે.

(૪) અરેરે! આજ સુધી માત્ર એક ભેદુ, જાણુકાર પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસત કહાં ઢૂંઢે કહાં ? કિસ બિધ આવે હાથ ?
કબીર ! તબ હી પાઇયે, જબ ભેદૂ લીજે સાથ. ૫
જો કારન હમ ઢૂંઢતે, (ઔર) કરતે આસ–ઉમેદ;
સો તો અંતરગત મિલા, ગુરુમુખ પાયા ભેદ. ૬
હીરા હરિકા નામ હૈ, હિરદા અંદર દેખ;
બાહર ભીતર ભર રહા, ઐસા અગમ અલેખ. ૭

અથવા 'ભોમિયા' અથવા ગુરુ વગર હું નકામો જ ભટકી મૂઓ! મને કોણ 'ધામ' બતાવે! ચાલતાં ચાલતાં અનેક યુગ વીતી ગયા છતાં 'ધામ'–લક્ષ્ય સ્થળ–રામધામ–મોક્ષપુરી એવી (સ્થૂલ જગાને નામે ઓળખાતી) દશાને પ્રાપ્ત કરી શકયો નહિ. પણ હવે માલૂમ પડે છે કે હું જયાંથી નીકળ્યો ત્યાંથી તે 'ધામ' તો પા કોશ જ દૂર હતું! અને હું નકામો જ ભટકયો! (અરે પા કોશ જેટલું પણ દૂર એ સ્થળ નથી; અનંત યુગ સુધી ચાલવાથી જેટલો રસ્તો કપાય તે બધા કોશના પ્રમાણમાં પા કોશ એક તદ્દન નિર્માલ્ય ચીજ છે, માટે પા કોશ તો સંજ્ઞા-સૂચક શબ્દ છે; બાકી એ ધામ તો એટલું નજીક છે કે સંકલ્પ કરો કે ત્યાં પહોંચ્યા જ છો!)

(૬) જેને કારણે એટલે જેને માટે હું ઘરોઘર ભટકતો હતો અને અનેક તરેહની આશા અને ઉમેદો કરતો હતો તે તો છેવટે મારા અંતરરૂપી પટારામાં જ પ્રગટ થયા! પણ જયારે ગુરુ મળ્યા ત્યારે જ મેં એમને પિછાન્યા–ત્યારે જ હું ભેદ પામ્યો.

(૭) તારા હૃદયની અંદર જ જોવાની દરકાર કર; તેથી તને હરિરૂપી સાચો હીરો જડી આવશે. અને એક વાર હૃદયમાં તે પ્રકાશ પ્રકટ થયો એટલે પછી જાણજે કે અંદર તેમજ બહાર હરિને જ જોવાશે. બાકી તો હરિ અગમ્ય (અક્કલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

કબીર ! હદ્દકે જીવકો, હિતકર મુખ ના બોલ;
જો હદ્દ લાગા બેહદસે, તાસે અંતર ખોલ. ૧

હદમેં રહે સો 'માનવી', બેહદ રહે સો 'સાધ';
હદ-બેહદ દોનો તજે, તાકા મતા અગાધ ! ૨

ન આવે એવું) અને અલેખ (લખ્યું લખાય નહિ-વર્ણવી શકાય નહિ એવું) તત્ત્વ છે. તે માત્ર નિર્મળ વર્તન અને નિઃસ્વાર્થ પ્રેમ દ્વારા જ પ્રગટ કરી શકાય; અને એનું ભાન જ થઈ શકે, બયાન ન થઇ શકે; કારણ કે તે ઇન્દ્રિયોથી પર છે.

(૧) જેઓ 'હદના જીવ' છે અર્થાત્ હદવાળી-મર્યાદાવાળી એટલે કે પુદ્દગલિક ચીજો પર જ જેનો જીવ લાગી રહ્યો છે તેવા મનુષ્ય આગળ, હે કબીર ! હિતબુદ્ધિએ પણ મોઢેથી તત્ત્વની વાત તું કહેતો ના. તારું અંતર માત્ર તેવા પુરુષ પાસે જ ખોલજે કે જેમનું હૃદ્દ એટલે અંતઃકરણ 'બે-હદ' એટલે હદવગરના-સીમા વગરના આત્મિક તત્ત્વ પર લાગેલું હોય. (આત્મજ્ઞાનની પૂરી ગરજ હોય એવા પાસે જ આવી વાતો કરજે; બીજા પાસે બોલીશ તો નાહક મશ્કરી થશે.)

(૨) સામાન્ય માનવી, સાધુ અને અબધૂતની વ્યાખ્યા આપતાં કહે છે કે, હદવાળી-આકારવાળી ચીજોમાં જ જેનું મન લાગેલું છે, જેની બુદ્ધિ હદ વગરની ચીજોમાં જઈ શકતી જ નથી, તેને 'માનવી' કહેવો. અને હદ વગરના તત્ત્વ-અમર્યાદ ચેતનમય પોલાણ-પરબ્રહ્મમાં જેનું 'ભાન' જઈ શકે છે (સમાધિદ્વારા) તેને 'સાધુ' સમજવો; અને હદ-બેહદ સર્વના ભેદ વગરનો જે બની જાય એને 'અબધૂત' કહેવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હદ છાંડી બેહદ ગયા, અવર કિયા વિશ્રામ;
કબીરા જાસોં મીલ રહા, સો કહિયે નિજ કામ. ૩
હદમેં બૈઠે કથત હૈ, બેહદકી ગમ નાહિં;
બેહદકી ગમ હોય તબ, કથનેકો કછુ નાહિં. ૪

૫

દેખન સરખી બાત હૈ, કહન સરીખી નાહિં;
ઐસા અદ્‌ભુત સમઝકે, સમઝ રહે મન માંહિં. ૧
બિન ધરતીકા ગામ હૈ, બિના પંથકા દેશ;
બિના પિંડકા પુરુષ હૈ, કહે કબીર ઉપદેશ. ૨

---

(૩) જે જીવાત્મા હદવાળા 'ભુવન' ને છોડી હદ વગરના ભુવનમાં જાય છે અને ત્યાં જ 'અવર' એટલે બીજું ઘર કરે છે તથા ત્યાં પરબ્રહ્મ સાથે મારી પેઠે ભળી જાય છે, તેણે પોતાનું કામ કર્યું સમજવું. એ કામ પોતા માટે પોતે જ કરી શકે; બીજો આપણે માટે તે કામ કરી ન શકે.

(૪) સ્થૂલ સૃષ્ટિમાં જીવનારો માણસ હદ વગરના તત્ત્વની-પરબ્રહ્મની–પરમેશ્વરની ગમ ન હોવા છતાં બેઠાં બેઠાં ટાઢા પહોરના તડાકા મારે છે કે, ઈશ્વર આવા હોય, તેવા હોય વગેરે. જ્યારે તે જ માણસને 'બેહદ' ની ગમ પડશે ત્યારે તે કાંઈ બોલશે જ નહિ, તે તો મનમાં જ સમાઈ જશે. એ દશાવાળો બોલે શું અને જતું કરે શું ?

(૧) ચેતનનાં–પરમાત્માનાં દર્શન કરવાં એ તો 'દેખવા' ની વાત છે–'કહેવાની' વાત નથી. અનુભવની વાત છે, અનુમાનની નહિ.

(૨) કોઈ સાધુનાં દર્શન કરવાને કોઈ ગામ આપણે જઈએ તો તે ગામ, ત્યાં જવાનો રસ્તો અને તે સાધુના શરીર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર ચલકર જાય વહાં, પૂછ લિયા એક નામ;
ચલતા ચલતા તહાં ગયા, ગામ નામ નહિં ઠામ! ૩
કૌતુક દેખા દેહ બિન, રવિ–શશિ બીના ઉજાસ;
સાહેબ સેવામેં રહે, બેપરવાહી દાસ. ૪
ધરતી ગગન પવન નહિં, નહિં તૂંબા નહીં તાર;
તબ હરિકે હરિજન હુતે, કહે કબીર વિચાર. ૫

ની એંધાણી વગેરે પૂછીને ગમે તેટલે દૂર પણ જઈ શકીએ. પરંતુ પરમેશ્વરનાં દર્શન માટે નીકળી પડેલા કબીરજી કહે છે કે હું યાત્રાએ તો જાઉં છું પણ એ પરમેશ્વરને કાંઈ શરીર નથી તો પત્તો શી રીતે લાગશે? વળી જ્યાં તે છે ત્યાં કોઈ જમીન નથી તો પછી રસ્તો કે સડક ક્યાંથી જ હોય?

(૩) તેમ છતાં યાત્રાએ નીકળતી વખતે મેં માત્ર તેમનું નામ પૂછી લીધું અને આગળ ને આગળ ચાલવા જ માંડ્યું; અર્થાત્ ધ્યાન ધર્યા કર્યું–નામ જપ્યાં કર્યું. તેમ કરતાં કરતાં હું તો એક દિવસ ત્યાં જ જઈ પૂગ્યો! પરંતુ આશ્ચર્ય–અત્યંત આશ્ચર્ય કે ત્યાં ન મળે કોઈ ગામ, ન મળે કોઈ જમીન, કે ન મળે કોઈ નામ પણ!

(૪) હું પરમાત્માની યાત્રાએ નીકળ્યો તે સ્થૂલ શરીરથી નહિ; પણ સૂક્ષ્મ શરીરથી જ. (સ્થૂલ) આંખો વગર જ મેં ત્યાં કૌતુક જોયું; તે એ કે ત્યાં જો કે સૂર્ય કે ચંદ્ર તો હતા જ નહિ તો પણ ઉજાસ પુષ્કળ હતો. પછી હું તે પરમેશ્વરની સેવામાં રહ્યો. 'સેવા'–પરમાર્થ એ જ મારો 'ધર્મ' એમ મેં નિશ્ચય કર્યો, તથા આ દાસ 'બેપરવાહી' બન્યો, સુખ–દુઃખની પરવાહ વગરનો થયો.

(૫) જે વખતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિનો પરપોટો નીકળ્યો ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખા એક અગમ ધની,× મહિમા કહી ન જાય;
તેજ-પુંજ પરગટ ધની, મનમેં રહા સમાય. ૬
દીપક દેખા જ્ઞાનકા, પેખા અપરમ દેવ;
ચાર વેદકો ગમ નહીં, તહાં કબીરા સેવ. ૭
બૈકુંઠસે પર બસત હૈ, મેરા સાહબ સોય;
જાકે રૂપ ન રેખ હૈ, સો અંતર મિલ્યા હે મોય. ૮
'મૈં' થા વહાં તક 'હરિ' નહી, અબ 'હરિ' હૈ 'મૈં' નાહિં;
સકલ અંધેરા મિટ ગયા, દીપક દેખા માંહિં. ૯
ગુન ઇંદ્રિય સહજે ગઇ, સદ્ગુરુ ભયેં સહાય;
ઘટમેં બ્રહ્મ બિરાજિયા, બક બક મરે બલાય! ૧૦

હતો અર્થાત્ ધરતી-ગગન-પવન-તુંબા-તાર વગેરે કાંઇ ઉદ્ભવ્યું ન હતું તે વખતે પણ હરિજન-પરમેશ્વરનો ભક્ત તો હતો જ. (અહીં આત્માના અનાદિ ગુણનું તત્ત્વ સૂચવ્યું છે, પણ તેનો ખુલાસો કરવાને એક આખા પુસ્તકની જરૂર પડે.)

× ધની એટલે માલિક, પરમેશ્વર, સાહેબ.

(૯) 'મેં' અથવા 'હું' એવો ભાસ જ્યાં સુધી મારામાં હતો, ત્યાં સુધી હરિ મારાથી દૂર હતા; પણ હવે જ્યારે 'હરિ' મારામાં પ્રકટ થયા ત્યારે 'હું'પણું ઊભું રહ્યું નથી. 'હું'પણું અને 'હરિ' બે એક જગાએ રહી શકે જ નહિ.

(૧૦) તમોગુણ, રજોગુણ અને સતગુણ એ ત્રણે ગુણ અને ઇન્દ્રિયો પણ સ્વાભાવિક રીતે ચાલી ગઈ, માત્ર સદ્ગુરુ (પરમાત્મ તત્ત્વનો સાક્ષાત્કાર કરાવી શકે એવા અનુભવી ગુરુ) ની કૃપા થઇ તેથી આ પરિણામ આપોઆપ-વગર પ્રયત્ને આવ્યું. ઘટમાં બ્રહ્મ પ્રગટ થતાં હવે મારી ખલારાત ખકખકાટ કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

વિષયસે લગી પ્રીતડી, તબ હરિ અંતર નાહિં;
જબ હરિ અંતરમેં બસે, પ્રીતિ વિષયસે નાહિં. ૧
ભક્તિ બિગાડી કામિયા, ઇંદ્રિય કેરે સ્વાદ;
જન્મ ગમાયા ખાધમેં, હીરા ખોયા હાથ. ૨
રામ હૈ વહાં કામ નહિ, કામ નહીં વહાં રામ;
દોનો ઇકઠે ક્યોં રહે, કામ રામ એક ઠામ? ૩

---

(૧) જ્યાં સુધી ઇન્દ્રિયોના વિષય પર પ્રીત લાગેલી રહે ત્યાં સુધી અંતરમાં હરિ આવી શકે જ નહિ અર્થાત્ પ્રગટ થઇ શકે જ નહિ. (તેથી ઊલટું) જ્યારે હરિ કોઈના અંતરમાં પ્રકટ થાય છે ત્યારે તેનું ચિત્ત ઇન્દ્રિયજન્ય સુખો તરફ ખેંચાવા પામતું નથી.

(૨) કામી એટલે ઇચ્છામાં રચ્યાપચ્યા રહેલ મનુષ્યોએ ઇન્દ્રિયજન્ય સુખોના સ્વાદમાં પડીને ભક્તિને ભ્રષ્ટ કરી દીધી છે. (જ્ઞાનયોગમાં અભિમાનનો ડર છે તેમ ભક્તિયોગમાં વિષયની ધાસ્તી રાખવી પડે છે, એ આ વાક્ય ઉપરથી સૂચિત થાય છે.) હીરાને બદલે જેમ કોઇ કાચ વહોરી આવે, તેમ મૂર્ખ માણુસો ભક્તિને બરાબર નહિ ઓળખવાથી ભક્તિને બદલે ભળતા જ કોઈ વિષયવિકાર નામના ગુણુમાં ફસાઈ પડે છે. જો ખરો હીરો–ખરી ભક્તિ જ શોધી કાઢે તો જન્મ સફળ થઈ જાય.

(૩) એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. જે ખોળિયામાં 'રામ' હોય ત્યાં 'કામ' અથવા ઇન્દ્રિયજન્ય સુખની ઇચ્છા સમાઈ શકે નહિ; અને જ્યાં 'કામ' છે ત્યાં 'રામ' અવવા નવરો નથી! એક પગ ભક્તિમાં અને એક ભાર્યામાં રાખવો પાલવે નહિ. બે સ્ટૂલ વચ્ચે માણુસ જમીન પર પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ચેતન! ચોકી બૈઠ કર, મનમેં રાખો ધીર;

છે! તથાપિ જેમ થોડી વારને માટે એક બકરી અને એક વાઘ બન્નેને એક વાસણમાંથી દૂધ પીતાં આપણે ('સરકસ' ના ખેલમાં) જોઇએ છીએ; તેમ જો માણસ સંસારમાં રહી સંસારનાં કામકાજ મર્યાદામાં રહીને–તેમાં રચ્યાપચ્યા રહ્યા વગર બજાવે તો ભક્તિને હરકત આવે નહિ. એક પાંજરામાં બકરી અને વાઘ થોડી વાર રહી શકે એ વાત ખરી છે, તો પણ આ શરત યાદ રાખવાની છે કે, તેઓ એવી રીતે રહી શકે તે માટે તેમને અગાઉ લાંબા વખત સુધી તાલીમ આપવી પડી હોય છે. બકરીનું સ્વાભાવિક બીકણપણું અને વાઘનું સ્વાભાવિક ક્રૂરપણું બન્ને ગુણોને અમુક વખતને માટે અંકુશમાં રાખવાની તાલીમ આપી હોય છે. તેમજ જો કોઇ મનુષ્યને જેટલો વખત તે ઘરસંસાર ચલાવે તેટલો વખત, લુબ્ધતાનો સ્વાભાવિક જેવો થઈ ગયેલો ગુણ અંકુશમાં રાખવાની તાલીમ અપાય અને તેવી તાલીમ મળ્યા બાદ જો તે સંસારનાં કામકાજમાં પડે તો તે ભક્તિને કશી હરકત ન આવે એવી રીતે વર્તન કરી શકે ખરો. આવાને માટે પણ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે, બકરી અને વાઘને લાંબા વખત સુધી ભેગાં રાખી શકાય નહિ, માત્ર ટૂંક વખતના નાટ્યપ્રયોગ માટે જ તેમ (સહીસલામતીથી) કરી શકાય, અને વળી એ ટૂંક પ્રયોગ દરમિયાન પણ બન્ને વચ્ચે ચકમક ન ઝરે એ બાબત કાળજી રાખવા માટે ખાસ ચોકીદારો હથિયાર સાથે ઊભા રાખવા પડે છે. વિવેક અને જ્ઞાનના ચોકીદારોને પોતાનાં તીવ્ર હથિયારો સાથે ઊભા રાખીને જ રામ–કામને એક પિંજરમાં રાખવાનો ટૂંક મુદતનો પ્રયોગ ભજવવો જોઇએ, તે સિવાય નહિ જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ભય હો નિઃશંક ભજ, કેવલ કહે કબીર. ૧
લૌ લાગી નિર્ભય ભયા, ભરમ ગયા સબ દૂર;
બન બનમેં ઢૂંઢે કહાં, રામ યહાં ભરપૂર. ૨
સબ હી ભૂમિ બનારસી, સબ નીર ગંગા તોય;
જ્ઞાની આતમ રામ હૈ, જો નિર્મળ ઘટ હોય. ૩

---

(૧) હે ચેતન! આત્મા નામે રાજા વારેવારે મનરૂપી દરવાજેથી બહાર સટકી જાય છે, માટે ત્યાં તું ચોકીદાર તરીકે બેસ (વિવેકને બેસાડ) અને પછી મનમાં ધીરજ રાખજે કે નિર્ભય અને નિઃશંકપણે રાજાની મુલાકાત તને થશે.

(૨) જેને પરમ તત્ત્વમાં લહે (એકતાન) લાગે છે તે નિર્ભય બને છે, એના મનમાં (સમર્થના શરણનો ઉત્સાહક ખ્યાલ અહોનિશ હોવાને લીધે) ભય–ધાસ્તી–દરદ–ગભરાટ–ચિંતા કશાનો પ્રવેશ જ થઇ શકતો નથી. 'પરમ તત્ત્વમાં પરિપૂર્ણ શ્રદ્ધા' એ પોઝિટિવ (ભાવ) ગુણ છે અને દરદ–ચિંતા–ગભરાટ વગેરે નેગેટિવ (અભાવ) સ્થિતિઓ છે; એ કારણથી સાયન્સની દૃષ્ટિએ પણ ઉપર કહેલી શ્રદ્ધા માણસને ઘણી ઉપકારી થઇ પડે છે. એવા માણસને મુક્તિ માટે કે દવા તરીકે વાપરવાની જડીબુટ્ટી માટે–કશા માટે વનમાં ભટકવાનું રહેતું નથી. 'રામ' એટલે આરામ–તંદુરસ્તી–વિજય–નીડર સ્થિતિ–આબાદી તે તો એના ભીતરમાં ભરપૂર હોય છે.

(૩) આ સઘળી ભૂમિ કાશી જેવી પવિત્ર જ છે; સઘળાં પાણી ગંગાજળ બરાબર જ છે; અને જ્ઞાન પામેલો આત્મા એ જ પોતે રામ છે–જો માત્ર 'ઘટ' નિર્મળ હોય તો. એટલે કે નિર્મળ 'ઘડા'માં રાખેલું પાણી સાબરમતીનું હોય કે ગંગાનું હોય, એકસરખું જ નિર્મળ–પવિત્ર ગણાય; જે ગામમાં અધ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપા' ખોયે 'હરિ' મિલે, હરી મિલત સબ જાય;
અકથ કહાની રામકી, કહે સો કોન પતિયાય? ૪
કબીર જબ જગ નહીં તબ, રહા એક ભગવાન;
જિનને દેખા નજરસે, સો રહા કૌન મકાન? ૫
હરિજન હરિ તો એક હૈ, જો 'આપા' મિટ જાય;
જા ઘરમેં 'આપા' બસે, સાહબ કહાં સમાય? ૬

ત્મનો પ્રચાર હોય તે ગામ કાશી જ છે; જે માણુસનું મન નિષ્કામ હોય અને જેનામાં જ્ઞાન હોય તે પોતે ઈશ્વર જ છે.

(૪) 'હું પણું' એવો જે ખ્યાલ આજે આપણામાં છે તેને જો વિશ્વદષ્ટિમાં ડુબાવી દઈએ અર્થાત્ હુંપણું ભૂલી જઇએ તો હરિ તરત જ મળી જાય. અને હરિ મળતાં સર્વ ભ્રમણા-ભ્રમજાળ અદૃશ્ય થઈ જાય. (એક દીવાથી જેમ સઘળું અંધારું અદૃશ્ય થાય છે તેમ.) આવી અકથ્ય કહાણી રામની છે! કોઇને કહીએ તો માને પણ નહિ એવી આ વાત છે.

(૫) કબીર કહે છે કે, જ્યારે જગત નથી હોતું એટલે કે જ્યારે આપણા મનરૂપી દુનિયામાંથી જગત અદૃશ્ય થાય છે ત્યારે ત્યાં માત્ર ભગવાન બિરાજી રહે છે. મનમાં આખું વિશ્વ સમાતું તેની જગાએ હવે એક પરમેશ્વર જ સમાયો, એટલે પરમેશ્વર આખા વિશ્વ જેવડો થયો. આવડા મોટા પરમેશ્વરને લઇને કોઈ એક મકાનમાં રહેવાનું કેમ પાલવે? એક મકાનમાં આવડો મોટો પરમેશ્વર કેમ સમાય? આ એક સુંદર કાવ્યતરંગ છે. મતલબ કે જેના મનમાં પરમ તત્ત્વનો પ્રકાશ થયો છે, તેને ઘરબાર-માં મજા પડતી જ નથી, એને મન આખું વિશ્વ એ ઘર છે.

(૬) હરિ અને હરિજન, ગુરુ અને શિષ્ય, આત્મા અને પરમાત્મા એક જ છે, એવો એકતાર થાય તો આનંદ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂ તૂ કરતા તૂ ભયા, તૂ મન માંહે સમાય;
તૂ માંહી મન મિલ રહા, અબ મન ફેર ન જાય. ૭
તૂ તૂ કરતા તૂ ભયા, મુઝમેં રહી ન 'હૂં';
વારી જાઊં નામ પર, જિત દેખૂ તિત 'તૂં'. ૮
રામ કબીરા એક હૈ, કહન સુનનકે હોય;
દો કર જો કોઈ જાનસી, ગુરુ મિલા નહિં હોય! ૯
નામ કબીરા હો રહા, કલજુગમેં પરકાસ;
સબ સંતનકે કારને, નામ ધરાયા દાસ. ૧૦

બાકી જે ઘરમાં હરિજન એકલો વસે (જેના મનમાં 'હું' ના વિચારો જ–પછી તે ગમે તેવા સારા હોય તો પણ શું) તે ઘરમાં સાહેબ–હરિ સમાય જ કેમ કરી?

(૭) 'તુંહી તુંહી' જપતાં–પરમ તત્ત્વનું જ સ્મરણ અને ચિન્તવન કરતાં કરતાં એ જ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તેમાં જ મન સમાઈ જાય છે. (નદી સમુદ્રમાં જઈ ભળી જાય છે.)

(૮) પરમ તત્ત્વનું સ્મરણ કરતાં હવે કબીરમાં 'હું' પણું રહ્યું નથી. જ્યાં જ્યાં નજર પડે છે, ત્યાં ત્યાં કબીરજી પરમેશ્વરને જ ભાળે છે, તેથી પરમેશ્વરના નામ પર ઓવારણાં લઇને કહે છે કે, આ તે તારો કેવો ચમત્કાર!

(૯) પોતાનો દાખલો માત્ર આપીને કહે છે કે, રામ અને કબીર એક જ છે, માત્ર કહેવા–સાંભળવામાં બે છે. જે કોઈ હું–તું જુદા સમજશે તેને જ્ઞાની ગુરુ મળ્યા જ નથી એમ સમજવું.

(૧૦) આ કલિયુગમાં કબીરનું નામ ગવાઇ રહ્યું છે (અથવા કબીર એવું નામ ધારણ કરીને મેં આ કલિયુગમાં જન્મ લીધો છે) તે માત્ર સંતજનોની ખાતર જ; બાકી હું તો હરિનો દાસ છું. જે કાંઇ કીર્તિ મળી છે તે મારી નથી. હું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર કુત્તા રામકા, મોતી નામ ધરાય;
ગલ બિચ ડોરી પ્રેમકી, જિત ખેંચે તિત જાય. ૧૧
દાસ કહાવન કઠિન હૈ, મૈં દાસનકો દાસ;
અબ તો ઐસા હો રહૂં, કે પાંવ તલેકી ઘાસ! ૧૨

૮

જો દેખા સો તીનમેં, ચૌથા મિલે ન કોય;

હરિના ચરણમાં અર્પણ કરું છું. હરિનું 'મિશન' બજાવવામાં હરિના જે અનેક હાથો કામ કરી રહ્યા છે, તેમાંનો એક હાથ હું છું; હરિના જ્ઞાનતંતુ હુકમ કરે છે અને એમના હાથો તે મુજબ કામ કરે છે; એ પ્રમાણે કામ થતાં જે નફો મળે તે ઉપર હાથનો શો હક્ક છે ભલા?

(૧૧) આ કબીર તો રામનો કૂતરો છે–ગુલામ છે. કૂતરાના ગળામાં જેમ શેઠ પટ્ટો–દોરી નાખે છે, તેમ મારા ગળામાં હરિપ્રેમરૂપી પટ્ટો બાંધ્યો, તેથી મને તે મારો માલિક જ્યાં ખેંચે ત્યાં હું જાઉં છું. મારે કરવાનું કશું નથી, મારે માત્ર હરિની આજ્ઞાને અનુસરવાનું છે.

(૧૨) દાસપણું દોહ્યલું છે, તેમાં પણ સઘળા જગતના 'દાસ' બનવું એટલે જગતની સેવામાં રોકાવું એ તો સૌથી કઠિન છે; અને તેમાં પણ (કબીર કહે છે કે) હું તો દાસનો પણ દાસ છું; છતાં એટલી નમ્રતાથી સંતોષ નથી મળતો માટે એમ ઇચ્છા થાય છે કે, હવે તો જાણે હરિજનોના ચરણ તળેનું ઘાસ જ બની જાઉં! (જનસેવાના ખ્યાલની હદ વાળી દીધી છે. 'હું' ને ભૂલી જઇ જગહિતમાં જોડાવાની એટલી તીવ્ર ઉત્કંઠા બતાવી છે કે કોઇ પગ તળે કચરે તો પણ તેમાં આનંદ માનવો અને પરમાર્થ કર્યા કરવો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૌથેકો પરગટ કરે, 'હરિજન' કહિયે સોય. ૧
જહાં તક એક ન જાનિયા, બહુ જાને ક્યા હોય?
એકે સબ કુછ હોત હૈ, સબસે એક ન હોય. ૨
એક સધે સબ કુછ સધા, સબ સાધે એક જાય;
જો તૂ સિંચે મૂલકો, ફૂલે ફલે અઘાય. ૩
સબ આયે ઇસ એકમેં, ડાર, પાત, ફલ, ફૂલ;
કબીર! પીછે ક્યા રહા, ગ્રહી પકરા નિજ મૂલ? ૪
મેરા મુજમેં કછુ નહીં, જો કછુ હૈ સો તેરા;
તેરા તુજકો સોંપતે, ક્યા લગેગા મેરા? ૫

---

(૧) જે કોઈ મનુષ્યો મેં આજ સુધીમાં જોયા છે તે બધા 'ત્રણુ'માંના છે. ચોથા વર્ગનો કોઈ મળ્યોજ નહિ. કોઈ તમસમાં, કોઈ રજસમાં અને કોઈ વીરલા સત્ત્વગુણમાં છે; પણ એ ત્રણેથી જુદી એવી તુરિયા અવસ્થાવાળા તો મારી નજરે પડ્યાજ નહિ. કાળો, લાલ કે ગુલાબી સર્વ કોઈ રંગજ છે; રંગ વગરની દશામાં કોઈ જોયા નહિ. ચોથી દશા પ્રકટ કરી શકે તે માણુસને હરિજન અથવા અધ્યાત્મી-જ્ઞાની કહીએ. હરિજન એટલે હરિના નામની તાળીઓ વગાડનાર કે હરિની માળા ફેરવનારા કે કથા બેસાડનારા નહિ!

(૨) એકને—આત્માને—પરબ્રહ્મને જાણે નહિ ત્યાં સુધી દુનિયાની સઘળી વિદ્યાઓ જાણે તો પણ શું થયું? એકના જ્ઞાનમાં સઘળું જ્ઞાન સમાઈ જાય છે; માટે એક વડે બધું થઈ શકે; બીજી બધી ચીજોનો સરવાળો કરીએ તો પણ તે એક ચીજ ન થાય!

(૩-૪) તે એકને સાધન કરનારને બીજું બધું (વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ : જીવની વાતો

૧

બિના બીજકા વૃક્ષ હૈ, બિન ધરતી અંકૂર;
બિન પાનીકા રંગ હૈ, તહાં જીવકા મૂલ. ૧
હમ વાસી વો દેશ કે, (જહાં) ગાજ રહા બ્રહ્મંડ;
અનહદ બાજા બાજતા, અવિચલ જોત અખંડ. ૨
આયા એકહિ દેશસે, ઉતરા એકહિ ઘાટ;
બિચમેં દુબધા હો ગઈ, હો ગયે બારાબાટ! ૩

પ્રયત્ને) સાધ્ય થઇ જાય છે, અને એ એક વગરની બીજી બધી ચીજો સાધે તો એક તો ઊલટો દૂર જતો રહે! જો તું મૂળને પાણી પાઇશ તો આખું વૃક્ષ ફાલશે અને ફૂલશે. ડાળ, પાંદડાં, ફળ-ફૂલ વગેરે આપોઆપ આવી મળશે. કબીર કહે છે કે, જે મૂળને જ પકડે છે તેને બીજું કાંઇ રહેતું જ નથી.

(૧) જીવનું મૂળ કયાં છે? જયાં બીજ વગરનું વૃક્ષ છે, જયાં ધરતી વગર અંકુર ફૂટ્યા છે, જયાં પાણી વગરનો રંગ છે–ત્યાં–તે જગાએ જીવનું મૂળ છે. જીવનું મૂળ સ્થાન–પરબ્રહ્મ એ રૂપ-રંગ—આકાર વગરનું છે.

(૨) હમે એટલે આ જીવ તો તે દેશના રહેવાશી છીએ કે જયાં 'શબ્દબ્રહ્મ' અથવા શબ્દનો નાદ—અવાજ થયા કરે છે તેથી નિરંતર વાગતાં વાજાં જેવો ખ્યાલ આવે છે અને જયાં અખંડ પ્રકાશ છે.

(૩) તે પરબ્રહ્મમાંથી જ સઘળા જીવો આવ્યા છે. એક જ 'દેશ'થી આવેલા સઘળા જીવરૂપી મુસાફરો એક જ 'ઘાટ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમ વાસી વો દેશકે, (જહાં) જાત–વરન–કુલ નાહિં;
શબ્દ મિલાવા હો રહા, (પર) દેહ મિલાવા નાહિં. ૪

૨

ગેબી આયા ગેબસે, (ઔર) યહાં લગાઈ એબ;
ઉલટ સમાવે ગેબમેં, (તો) મિટ જાયે સબ એબ. ૧
જાત જાતકા પાહુના, જાત જાતમેં જાય;
સાહબ જાત અજાત હૈ, સબમેં રહે સમાય! ૨

પર ઊતર્યાં છે (એટલે આ સ્થૂલ દુનિયારૂપી જગાએ ઊતર્યાં છે). પણ અહીં ઊતર્યાં પછી 'દુબધા' એટલે મુશ્કેલીઓ–હરકતો આવી પડી (કર્મરૂપી જાદૂગરે અનેક મુશ્કેલીઓમાં નાખ્યા) તેથી બધા છૂટા પડી ગયા.

(૪) અમે (જીવ) તો તે દેશના મૂળ વતની છીએ કે જ્યાં જાત–વર્ણ–કુળ વગેરે કાંઇજ તફાવત નથી. ત્યાં તો માત્ર 'શબ્દ'–થી જ સમ્મીલન થઇ શકે છે. એક દેહ બીજા દેહની મુલાકાત લે એવું કાંઇ ત્યાં નથી. ('શબ્દ' એ શબ્દમાં પણ ઘણું ગુપ્ત જ્ઞાન સમાયેલું છે. બોલાયેલો ઉચ્ચાર એ જ કાંઈ શબ્દ નથી; પણ આ ઊંડા તત્ત્વજ્ઞાનમાં ખાસ અભ્યાસ વગર સમજ પડી શકે નહિ.)

(૧) 'ગેબી' એટલે ગુપ્ત તત્ત્વ યાને આત્મા, ગેબી યાને ગુપ્ત સ્થળથી આવ્યો છે; પણ આંહી એટલે ઇન્દ્રિયોથી સ્પર્શ થઇ શકે એવી ચીજોથી ભરેલી દુનિયામાં આવીને તે વટેમાર્ગુએ તે તે ચીજોમાં મોહી પડીને એબ લગાડી છે. પણ હવે જો તે જીવ ઊલટો—પાછો ફરે અને ગેબમાં સમાય તો સઘળી એબ–દુર્ગુણ મટી જાય.

(૨) જેમ એક ટ્રેનથી ઊતરેલા સેંકડો વટેમાર્ગુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બૂંદને સબ કિયા, નર નારીકા નામ;
સો તૂ અંતર ખોજ લે, સબમેં વ્યાપક રામ. ૩

૩

એક બૂંદને સબ કિયા, (યે) દેહીકા બિસ્તાર;
સો તૂ ક્યોં બીસર ગયા, અંધે મૂઢ ગમાર? ૧
સબ ઘટ ભીતર રામ હૈ, ઐસા આપહિ જાન;
આપ આપસે બંધિયા, આપે ભયા અજાન. ૨

પોતપોતાની જાતના—પોતપોતાના સગાને ત્યાં જઇ મહેમાન બને છે; પણ જે સાધુ હોય છે તેને કાંઇ નાત-જાત કે સગું-સંબંધી નહિ હોવાથી તે તો આખા ગામનો મહેમાન બને છે; તેમ જુદા જુદા આત્માઓ પોતાના વિકાસક્રમ માટે અવતાર લેવા આવે છે ત્યારે પૂર્વ કર્માનુસાર જુદી જુદી જાત, વર્ણ ને કુળમાં આવે છે; પણ સાહેબ એટલે પરમાત્મા તો અ-જાત (જાત વગરના અગર જેને જન્મ નથી એવા) હોવાથી તે કોઇના ન થતાં સર્વમાં સમાઇ રહે છે.

(૩) એક બુંદ—એક મૂળમાંથી આ બધું થયું છે અને પછી નર, નારી વગેરે નામો પડ્યાં છે. તે બધામાં સર્વવ્યાપક એવા 'રામ' ને તું 'અંતર'માં શોધી કાઢ.

(૧) એક બુંદમાંથી દેહનો બધો વિસ્તાર થયો છે; એ વાત, હે મૂર્ખ! તું કેમ વીસરી ગયો છે?

(૨) સર્વ આકારોમાં અને સર્વ ભીતરમાં રામ છે, એ વાત તું તારી મેળે જ જાણી લે. તું પોતે પોતાને બાંધવાનું કામ કરે છે–તું પોતાનું કેદખાનું પોતે જ રચે છે; કારણ કે તું અજ્ઞાનમાં જઈ ફસ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૯૧ ग/९४ २०६४२ १६.६.२००१
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પુસ્તકાલય ગુરુકુલ કાંગડી

પાંચ ધાતકા પીંજરા, સો તો અપના નાહિં;
અપના પિંજર વહાં બસે, અગમ અગોચર માંહિ. ૩
સગા હમારા રામજી, સોદર હૈ પુનિ રામ;
ઔર સગા સબ સગમગા, કોઈ ન આવે કામ. ૪
ચલે ગયે સો ના મિલે, કિસકો પૂછૂં બાત?
માત પિતા સુત બાંધવા, ઝૂઠા સબ સંગાત. ૫

૪

કહા કિયા હમ આયકે, કહા કરેંગે જાય?
ઇતકે ભયે ન ઉતકે ભયે, ચલ ગયે મૂલ ગમાય. ૧

---

(૩) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ (ઇથર) એ પાંચ તત્ત્વ–પાંચ મૂળ પદાર્થોનું આ સ્થૂલ શરીર બનેલું છે; પણ તે કાંઈ આપણું (આત્માનું ખરું) કે કાદાકદમીનું 'ઘર' નથી. આપણું 'ઘર' તો ત્યાં–તે જગાએ છે કે જે જગા કલ્પનામાં આવી શકતી નથી અને જ્યાં ઇન્દ્રિયોથી જઈ શકાતું નથી.

(૪) અમારા (આ આત્માના) સગા તો રામ જ છે; પુની એટલે વળી, અમારો સહોદર (સગો ભાઈ) પણ રામ જ છે. તે સિવાયના બીજાઓ (સગા હોવાનો દાવો કરનારાઓ) નામના જ છે; કશા કામના નથી.

(૫) જેટલાં (સગાં) ગયાં, તે હવે ફરીથી તો મળતાં નથી. (ખરા સગા હોય તે કાંઈ દગો દે નહિ; તેની પ્રીતિ કાયમની હોય.) માટે આ વાત હું કોને પૂછું? મને તો લાગે છે કે, મા–બાપ–પુત્ર–ભાઈ સર્વ સંઘાત જૂઠો છે.

(૧) 'અમે' ('જીવ' ને માટે બહુવચન શબ્દ વપરાય છે) અહીં આવીને શું ધાડ મારી? અને હવે અહીંથી જઇશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર! યહ તન જાત હૈ, સકે તો ઠોર લગાય;
કૈ સેવા કર સંતકી, કૈ ગોવિંદ ગુન ગાય. ૨

કહાં જાય કહાં ઊપને, ક્યોં કરતા હૈ લાડ?
ન જાનૂં કિસ રૂખ તલે, જાય પડેંગે હાડ. ૩

આજ કાલ દિન પાંચમે, જંગલ હોગા બાસ;
ઉપર લોક ફિર જાયેંગે, ઢોર ચરેંગે ઘાસ. ૪

રામ નામ જાન્યો નહી, કિયા ન હરિસેં હેત;
તાસે જનની ભારે મુઈ, પથ્થર પડિયો પેટ. ૫

ત્યાં (જન્માંતરમાં) પણ શું ધાડ મારવાના હતા? ના અહીંના રહ્યા, ના ત્યાંને લાયક થયા; અમે તે મૂળ મૂડી ગુમાવીને જઇએ છીએ (આત્મતત્ત્વ ભૂલીને અને પૂર્વનાં શુભ કર્મ સિલકે હશે તે ખાઈ જઇને ઊલટું દેવાની રકમો સાથે જન્માન્તરની સફર કરીએ છીએ.)

(૨) અરે ઓ કબીર! જો, જો, તારું–દેખાતું શરીર–જેમાં તું બહુ આનંદ માનતો હતો તે તો ચાલ્યું–ગયું સમજ. તારાથી બની શકે તો એને સ્થિર રાખ. અને ન બને તો પછી અત્યારથી જ ચેતીને સંતસેવા કે ગોવિંદગુણગાન એમાંથી એક કામ કરી લે.

(૩) આ શરીર અહીંથી ચાલીને ક્યાં જશે અને ક્યાં ઊપજશે, અરે એનાં હાડકાં કયા ઝાડ તળે જઈ પડશે તેની કોને ખબર છે? તો પછી તું એવા શરીરને આટલાં બધાં લાડ શા માટે લડાવે છે? શું વગડાના ઝાડ તળે દટાવા માટે કે સ્મશાનમાં બળવા માટે?

(૫) જે કામ માટે આ દેહ ધર્યો હતો તે કામ એટલે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

રામ બિસાર્યો બાવરા, અચરજ કીનો યેહ;
ધન જોબન ચલ જાયગા, અંત હોયગી ખેહ. ૧
મનુષજન્મ તોકોં દિયો, ભજનેકો ગોવંદ;
તૂ અપને કર આપકો, કહાં બંધાયે ફંદ? ૨
મનુષજન્મ દુર્લભ અતી, મિલે ન બારંબાર,
તરવરસે ફલ ગિર પડા, ફેર ન લાગે ડાર. ૩

હરિથી હેત કરવાનું કામ–પરમાત્માથી એકતાર જોડવાનું કામ તો તારાથી બન્યું નહિ; તો પછી એમ જ લોકો કહેશે કે તેં જનનીને ફોગટ ભારે મારી; તારી જગાએ પથ્થર પેટ પડ્યો હોત તો પણ ઠીક હતું.

(૧) હે બાવરા મનુષ્ય! મને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે તેં રામને વિસાર્યો; પણ તે સિવાયનું તો બધુંયે–ધન–જોબન વગેરે–ચાલ્યું જનારું છે અને અંતે ખાખ થઇ જનાર છે.

(૨) મનુષ્યનો જન્મ તને મળ્યો છે તે ગોવિંદ–પરમાત્માને ભજવા–ધ્યાન ધરવા માટે જ મળ્યો છે; તે છતાં તું પોતાના હાથે જ પોતાને જાળમાં ફસાવે છે એ શું?

(૩) મનુષ્ય તરીકેનો અવતાર દુર્લભ છે–વારંવાર મળે તેમ નથી. જેમ તરુ એટલે ઝાડથી ફળ નીચે પડયું તે કાંઇ ફરી ડાળીએ ચોંટતું નથી તેમ. (મનુષ્યજન્મ ફરી કદીયે મળશે નાહ એવો અર્થ નથી; પણ ઘણી મુશ્કેલીએ અને લાંબે કાળે મળે તેમ છે, એવી મુશ્કેલીનો ખ્યાલ આપવા માટે ફળનું દૃષ્ટાંત આપ્યું છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાહે સોવે નીંદભર, જાગી જપો મુરાર;
એક દિન ઐસા સોવના, લંબે પાઉ પસાર! ૪

કબીર! કેવલ નામકે, જબ લગ દીવે બાતિ;
તેલ ઘટા બાતી બુઝી, તબ સોવે દિન રાતિ! ૫

૬

મન તૂ કૈસા બાવરા, તેરી સુધિ ક્યોં ખોય?
મોત આયે સિરપેં ખડી, ફસતે બેર ન હોય. ૧

મન અપના સમજાઈ લે, આયા ગાફિલ હોય;
બિન સમજે ઉઠ જાયગા, ફોકટ ફેરા તોય. ૨

---

(૪) તું ગાઢ નિદ્રામાં કેમ સૂતો છે? જાગ અને મોરારને યાદ કર. એક દિવસ એવો જરૂર આવશે કે જયારે તને પગ લાંબા કરીને નિરાંતે સૂવાનું (સ્મશાનમાં) મળશે.

(૫) આ કબીર એ તો કેવળ નામ માત્ર છે; અને તે 'દીવા' એવા નામથી ઓળખાતા પદાર્થ જેવો છે. દીવો અમુક કલાકો સુધી દેખા દઇ, તેલ કે બત્તી એમાંથી એક પણ પૂરું થાય કે તુરત અદૃશ્ય થાય છે; તેમ આ કબીર પણ પૂર્વસંચિત ભોગવાઇ રહ્યાં એટલે અદૃશ્ય થવાનો. શ્વાસોચ્છ્વાસરૂપી તેલ પૂરું થયું કે કબીરને રાત ને દિવસ સૂવાનું જ છે! (દુનિયાની દૃષ્ટિએ સૂવાનું છે; પણ સ્થૂલ સૃષ્ટિની પછીની દુનિયામાં તો જાગવાનું બાકી છે.)

(૧) હે મન! તું બાવરું કેમ બને છે? શુદ્ધબુદ્ધ શા માટે ગુમાવે છે? જો તો ખરું કે મોત તો આવીને શિર પર ખડું રહ્યું છે અને તને એના પંજામાં ફસતાં વાર લાગશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનખ જનમકો પાયકે, ભજ્યા ન રઘુપતિ રાય;
તેલી કેરા બેલ જયોં, ફિર ફિર ફેરા ખાય ! ૩

જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય;
ધનવંત સોહી જાનિયે, રામ પદારથ હોય. ૪

રામ નામકી લૂટ હૈ, લૂટ સકે તો લૂટ;
પીછેસે પછતાયગા, પ્રાણ જાયંગે છૂટ. ૫

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ્બ;
અવસર બીતો જાત હૈ, ફેર કરોગે કબ્બ ? ૬

૩ : ક્ષણનો પણ પ્રમાદ ન કરશો

કાલ કહે મૈં કલ કરૂં, આગે વિસમી કાલ;
દો કલકે બિચ કાલ હૈ; સકે તો આજ સંભાલ. ૧

આજ કહે હરિ કાલ ભજું, કાલ કહે ફિર કાલ;
આજ કાલ કરતે રહે, અવસર જાતા ચાલ. ૨

અપને પેહેરે જાગીએ, ના પર રહીએ સોય;

(૩) મનુષ્યજન્મ પામવા છતાં રઘુપતિ–રામ–પરમાત્માને ભજતો નથી તો તું ખરેખર ઘાંચીનો બળદ જ છે; ભલે હવે તું ગોળમટોળ ફર્યા જ કર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના જાનૂં છિન એકમેં, કિસકા પહેરા હોય? ૩
દિન તૂ ગમાયા જગતમેં જગત ચલા નહિં સાથ;
પાંવ કુહાડા મારિયા, ગાફિલ અપને હાથ. ૪
કબીર ગુદરી બિખરી, સૌદા લિયા બિકાય;
ખોટી બાંધી ગાંઠરી, અબ કછુ લિયા ન જાય. ૫

---

(૩) હે કબીર! તારો પહેરો છે એટલો વખત તો તું જાગ! સૂઇ રહેતો ના. એક ક્ષણુમાં તારો પહેરો જતો રહેશે અને બીજાનો પહેરો નિમાશે. (પેહેરેદારને પટો વગેરે આપીને અમુક કામ પર બેસાડવામાં આવે છે, તેમ આ જીવને શિવ તરફથી મનુષ્યદેહરૂપી પટો પહેરાવીને પરોપકારના કામ માટે નીમ્યો છે. એ વખત દરમ્યાન તેણે ક્ષણુ માત્રનો પ્રમાદ કરવો જોઇતો નથી. જો તે પ્રમાદ કરે–અને ચોર લોકો એટલે અધર્મી પુરુષો તે વિભાગમાં ચોરી કરે અર્થાત્ દુઃખ દે તો એને માટે જુમ્મો પહેરેદારને શિર છે. પરમાર્થનાં અનેક કામ દરેક હરિજનને સોંપાયલાં જ પડ્યાં છે; તેને પ્રમાદ પાલવવો જ જોઇએ નહિ.)

(૫) સાકર, ગોળ અને ખાંડનાં બનાવેલાં જુદાં જુદાં પકવાનો જ્યાં મળતાં હોય એવી 'ગુજરી'–બજારમાં ન જતાં તેં તો વિષથી બનેલી અનેક વાનીઓ–પકવાનો જ્યાં વેચાતાં હતાં ત્યાં જઇ સોદો કર્યો અર્થાત્ ખરીદી કરી અને વિષની મીઠાઇનો ગાંઠડો બાંધીને તું ચાલ્યો! હવે બીજું કંઇ લેવાય એમ રહ્યુંજ નહિ. (પૈસા તો બધા આ માલ લેવામાં વપરાઇ ગયા; હવે પૈસા–શક્તિ–આયુષ્ય સિલકમાં હોય ત્યારે તું બીજો સારો માલ લઇ શકે ને?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ : માયાની વાતો

૧

માયા માથે શિંગડા, લંબા નવ નવ હાથ;
આગે મારે શિંગડા, પીછે મારે લાત. ૧
માયા તરુવર ત્રિવિધકા, શોક દુ:ખ સંતાપ;
શીતલતા સ્વપન નહીં, ફલ ફીકા તન તાપ. ૨
કબીર ! માયા મોહિની, માંગી મિલે ન હાથ;
મન ઉતાર જૂઠી કરે, તબ લગ ડોલે સાથ. ૩
કબીર ! માયા સાઁપની, જને તાહિકો ખાય;
ઐસા મિલા ન ગારૂડી, પકડ પછાડે બાય. ૪
માયાકા સુખ ચાર દિન, ચાહે કહા ગમાર ?
સુપને પાયો રાજ ધન, જાત ન લાગે વાર. ૫
કરક પડા મેદાનમેં, કુકર મિલે લખ કોડ;
દાવા કર કર લડ મુએ, અંત ચલે સબ છોડ. ૬

---

(૨) માયા એ ત્રણ ડાળીનું ઝાડ છે, જેનાં નામ શોક, દુ:ખ અને સંતાપ એવાં છે. એ ઝાડ તળે રહેનારને શાન્તિ તો સ્વપ્ને પણ મળતી નથી; તેમજ તે વૃક્ષનાં ફળ પણ ફિક્કાં-માલ વગરનાં છે, તથા શરીરે તાપ પણ પડ્યાં કરે છે (વિશ્રામ-મળતો નથી.)

(૪) માયા નાગણ છે અને તે પોતાનાં બચ્ચાંને જ ખાય છે. એને એવો કોઇ ગારુડી-જાદૂગર મળવો જોઇએ છે કે જે તેને પકડીને ભોંય પટકે.

(૬) જગતરૂપી મેદાનમાં ભોજ્ય પદાર્થોરૂપી હાડકાં પડ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

હસ્તી ચઢ કર જો ફિરે, ઉપર ચમર ચઢાય;
લોક કહે સુખ ભોગવે, રહે વો દોજક માંય! ૧
રામહિ થોરા જાનકે, દુનિયા આગે દીન;
વહ રંકકો રાજા કહે, માયાકે આધીન. ૨
માયા ઐસી સંખની, સામી મારે શોધ;
આપન તો રીતે રહે, દે ઔરનકો બોધ. ૩

છે, જેને મેળવવા માટે લાખો કરોડો કૂતરાંરૂપી ઇન્દ્રિયલોલુપી મનુષ્યો એકઠા થયા છે અને તે હાડકાંની માલેકી માટે દાવો-હક્ક કરી લડી મરે છે. પણ અફસોસની વાત છે કે તે હાડકું તો હાડકાના ઠેકાણે રહે છે અને લડનારા અધવચ નાસે છે.

(૧) હાથી-ચમ્મર વગેરે સાહ્યબી ભોગવનારને લોકો સુખી કહે છે, પણ તે માણસ અંદરખાને દોઝખ-નરકમાં સડતો હશે તેની કોને ખબર છે?

(૨) હાથી-ચમ્મરવાળા લોકો ખરેખર તો 'રાંક' છે-નિર્ધન છે; છતાં તેમને 'રાજા' કહેનારા કહે છે તેઓ માયાને આધીન હોવાથી તેમ કહે છે. વળી તેમ કહેનારાઓમાં રામ સંબંધી જાણપણું થોડું જ હોય છે અને દુનિયા આગળ નમી જનારા એટલે કે દુનિયાની રીતે ચાલનારા હોય છે તેથી જ એવું ગેરવાજબી બોલે છે.

(૩) માયા એવી શંખણી છે કે, એને ઓળખવાની શોધ કરનારને તો તે ઊલટી બમણી મારે છે. મતલબ કે માયાને ઓળખવાનો દાવો કરનાર લોકો પોતે માયાના ગુલામ તરીકે વર્તે છે અને બીજાને મોટી મોટી વાતોનો ઉપદેશ દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારીસે પ્રીતડી, સરે ન એકો કામ;
દુબિધામેં દોનો ગયે, માયા મિલી ન રામ. ૪
માયાકો માયા મિલે, લંબી કરકે પાંખ;
નિર્ગુનકો ચીને નહી, ફૂટી ચારો આંખ. ૫
ગુરુકો ચેલા દેય બિખ, જો ગાંઠી હોય દામ;
પૂત પિતાકો મારસી, યહ માયાકા કામ! ૬
જિસ માયા સંતાં તજી, મૂઢ તાહિ લલચાય;
નર ખાયકર ડારતો, શ્વાન સ્વાદ લે ખાય. ૭

૩

માયા દીપક, નર પતંગ, ભરમે ભ્રમી પડંત;
કહે કબીર ગુરુજ્ઞાનસે, એકાદા ઉબરંત. ૧
કબીર માયા પાપિની, લોભ લુભાયા લોગ;
પૂરી કાહુ ન ભોગવે, વાકો એહી યોગ. ૨

---

(૫) માયા પોતાના ભક્તોને લાંબી પાંખો કરી એવી તો મળી જાય છે કે તેથી તે ભક્તની ચારે આંખો (મન, હૈયું અને બે સ્થૂલ આંખો) ફૂટી જાય છે, જેથી તે નિર્ગુણ તત્ત્વ જાણી શકતો નથી.

(૧) માયારૂપી દીપક છે; નરરૂપી પતંગિયાં તેમાં ભ્રમિત થઇ પડે છે. કોઇ ભાગ્યશાળીને ગુરુ મળી જાય તો જ્ઞાન-બળને લીધે તે માયાથી ઊગરવા પામે છે.

(૨) માયા એવી પાપિણી છે કે તેમાં લુબ્ધ થયેલા લોકો તેને પૂરેપૂરી કદી ભોગવી શકતા નથી, અને વિયોગનું દુઃખ તો છેવટે સહેવું જ પડે છે: (ઇન્દ્રિયજન્ય સુખોથી માણસ કદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિસના સીંચે ના ઘટે, દિન દિન બઢતે જાય;
જવાસાકા રૂખ જ્યોં, ઘને મેઘ કુમલ્હાય. ૩

કામી અમૃત ન ભાવહી, વિષયા લીની શોધ;
જનમ ગમાયા ખાધમેં, ભાવે ત્યોં પરમોધ. ૪

તૃપ્ત થતો નથી એટલે ઇચ્છા પૂરેપૂરી તૃપ્ત થઇ શકતી નથી અને અતૃપ્ત ઇચ્છા સાથે મરવું પડે છે, એટલે વિયોગ થાય છે તેથી એ માયારૂપી વેશ્યામાં જીવ રહી જાય છે અને તેથી મરણુ પછી પણુ શુભ ગતિ થતી નથી.)

(૩) તૃષ્ણા એવી ચીજ છે કે તેને તૃપ્ત કરવાના પ્રયાસથી તે ઘટતી નથી, પણુ જેમ જેમ ભોજન મળે તેમ તેમ તેની ભૂખ વધતી જાય છે. (તે તળિયા વગરનો કૂવો છે–તળિયા વગરની કોઠી છે.) ઘણો વરસાદ છતાં જવાસાનું ઝાડ તો સુકાઇ જ જાય છે; પોતા કરતાં બીજાને વધારે સુખ છે એમ જોઇ તે બળ્યા કરે છે, તેમ માણુસને જેમ જેમ વધારે સ્ત્રીઓ, વધારે ધન કે વધારે સત્તા મળે તેમ તેમ પોતા કરતાં જરા પણુ વધારે પ્રમાણુમાં તે ચીજો ભોગવનાર માણુસને જોઇ પોતે બળે છે અને જાણે કે પોતાને તે ચીજો મળી જ નથી એમ ઝૂરે છે. એમ કરતાં કરતાં ભોગ ભોગવવાથી શક્તિ ઘટે તે પહેલાં તો ઝૂરણુ અને ઇર્ષા અને લાલસાથી જ શક્તિ ઘટી જાય છે, તેથી મળેલી ચીજને ભોગવવાની પણુ તાકાત રહેતી નથી. ભર્તૃહરિ ઠીક કહે છે કે, **'भोगा न भुक्ता वयमेव भुक्ताः'**

(૪) કામી પુરુષને અમૃત ભાવતું નથી, એને તો વિષ જ શોધી શોધીને ખાવું ગમે છે. આવા ખાધ (નુકસાન) ના ધંધામાં તે આખું આયુષ્ય ગુમાવે છે, અને ભાવતા ખોટા વિષયોમાં પ્રમોદ એટલે હર્ષ માને છે. (ઇન્દ્રિયજન્ય સુખો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કનક અરૂ કામિની, વિષયા ફલકો પાય;
દેખત હીસે બિખ ચઢે, ખાનેસે મર જાય. ૫

સાધે ઇંદ્રિય પ્રબલકો, જિસસે ઉઠે ઉપાધ;
મન રાજા બહેકાવતે, પાંચો બડે અસાધ. ૬

૪

માયા માયા સબ કહે, પણ ઓલખે ન કોય;
જો મનસે ના ઊતરે, માયા કહિયે સોય. ૧

માં જ તેઓ આનંદ માને છે; સદાનો આનંદ-સ્થાયી અને ખરો આનંદ જે આત્મજ્ઞાનમાં છે તે અમૃતનો પદાર્થ તેમને ગમતો નથી.)

(૫) કનક અને કામિની એટલે ધન અને સ્ત્રીમાં લુબ્ધપણું એ એનાં ફળ તો વિષ જ છે,–અરે એમને દેખતાં જ વિષ ચડે છે તો પછી ખાનારનું મૃત્યુ થાય એમાં તો શક જ શો ?

(૬) પ્રબળ એવી આ પાંચ ઇન્દ્રિયો છે તેમને સાધવાથી એટલે તેમની સાધના–ભક્તિ કરવાથી અર્થાત્ તેમને તૃપ્ત કરવાથી ઉપાધિ ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયોના સ્વામી મનરાજાને ફટાડવાથી–મોઢે ચડાવવાથી એ પાંચે ઇન્દ્રિયો અસાધ્ય બની જાય છે. અર્થાત્ દવાથી પણ ન શાંત થાય એવી એટલે વશ ન થાય એવી બની જાય છે. માટે ઇન્દ્રિયોને સાધવામાં સુખ છે જ નહિ એમ સમજી એમના સ્વામી મન–રાજાને તમારા કાબૂમાં રાખો–ફટાડશો નહિ.

(૧) દરેક માણસ 'માયા માયા' એમ બોલે તો છે; પણ માયાને કોઈ ઓળખતું નથી. અમુક કામ કરવું છોડી દેવા છતાં પણ એ કામ ઉપરથી મનમાંનો રાગ ન ઊતરે ત્યારે માનજો કે એ જ માયા છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયા છોડન સબ કહે, માયા છોડી ન જાય;
છોડનકી જો બાત કરે, તો બહુત તમાચા ખાય! ૨
મન મતે માયા તજી, યોં કર નિકસા બહાર;
લાગિ રહી જાની નહીં, ભટકી ભયો ખુવાર. ૩
માયા તજી તો ક્યા ભયા, માન તજા નહિં જાય;
માન બડે મુનિવર ગલે, માન સબનકો ખાય. ૪
માન દિયો મન હરખિયો, અપમાને તન છીન;
કહે કબીર તબ જાનિએ, માયામેં લૌલીન. ૫

---

(૨) દરેક માણુસ કહે છે કે, હું માયાને છોડીશ: પણ માયા છોડી છૂટતી નથી. જેઓ છોડવાની હજી તો વાત જ કરે છે તેઓને વાત કરતામાં જ તમાચા પડવા માંડે છે! અર્થાત્ તેઓ ઉપર એવા બનાવો બન્યા કરે છે કે તેથી તેઓ માયાના પાસમાં વધારે મજબૂતાઈથી બંધાતા જાય છે. (કસોટીના પ્રસંગો ઘણા આવે છે.)

(૩) મનના મતથી માયા તજીને એટલે કે (માયા તજી ચૂક્યા છીએ એમ મનમાં માનીને (જેઓ બહાર એટલે સંસાર બહાર નીકળી પડે છે–દીક્ષા લે છે તેઓને ખબર નથી કે માયા તો અંદર જ લાગી રહી છે અને તમે તો નાહક ભટકી ભટકીને ખુવાર થાઓ છો!

(૪) ઘડીભર માની લો કે અમુક માણુસે પાંચ ઇન્દ્રિયોનાં સુખોરૂપી માયા છોડી દીધી પણ ખરી; તો પણ તેથી શું થયું? એથી યે જબરો શત્રુ જે 'માન'–અહંકાર તે જિતાય એવો નથી. મોટા મોટા મુનિઓને પણ માન નામનો રાક્ષસ ગળી ગયો છે, સર્વનો ભક્ષ કરનાર એ માન રાક્ષસ બહુ જબરો છે.

(૫) એક માણુસે પાંચ ઇન્દ્રિયોના સુખરૂપી માયા તજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન તજા તો કયા ભયા, મનકા મતા ન જાય;
સંત બચન માને નહીં, તાકો હરિ ન સુહાય. ૬
માયા છાયા એક હૈ, જાને બિરલા કોય;
ભાગે તાકે પીછે પરે, સનમુખ આગે હોય. ૭

હોય તો પણ જો માન મળવાથી તેનું મન હરખાતું હોય અને અપમાન મળવાથી મનને દુઃખ થતું હોય તો કબીરજી કહે છે કે, ભાઈઓ! એને 'માયા'થી બચેલો ન જાણશો, પણ માયામાં લવલીન–પૂરેપૂરો બંધાયેલો સમજજો. (માયા અનેક સ્વરૂપ ધારણ કરીને જાળ નાખે છે. એકાંતર ઉપવાસ કર્યા કે જપતપ કર્યા કે મેલાં કપડાં પહેરવાનો પરિસહ સહ્યો તેથી કાંઈ 'માયા'ના ફંદમાંથી બચ્યા એમ નથી માનવાનું–એવાને પણ માન ઘણું જ હોય છે–બીજા કરતાં વધારે હોય છે એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે. માટે તેઓ બિચારા ગમે તેવા મહાત્માપણાના ડોળ કરવા છતાં ખરેખર, માયા નામની વેશ્યાએ ચૂસી લઈને પોતાના ગુલામ તરીકે ભોંયરામાં પૂરેલા દયાજનક પ્રાણીઓ છે. ભલેને અંધશ્રદ્ધાળુ લોકો તેમને મહાપુરુષ કહે; પણ કાંઇ પરમાત્માથી તેમનું સૂક્ષ્મ શરીર છૂપું નથી.)

(૬) માની લો કે કોઇએ માન પણ તજ્યું છે; પણ કબીરજી કહે છે કે તેથીયે શું થયું? એણે બહારથી માન તજ્યું છે પણ મનમાં રહેલી મહત્તા (મોટાઈ) તો તજી નથી. જ્યાં સુધી મનમાંથી ગર્વ છોડે નહિ અને ખરી દીનતા–નમ્રતા આવે નહિ ત્યાં સુધી સંત પુરુષોનાં વચનોને માની શકે જ નહિ અને હરિ તો મળી શકે જ ક્યાંથી?

(૭) માયા અને છાયા (પડછાયો) બેની પ્રકૃતિ એકસરખી છે; પણ તે વીરલા પુરુષો જ જાણે છે. માણસ દોડે છે તો પડછાયો પાછળ પાછળ આવ્યા કરે છે અને ઊભો રહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

માયા સમ નહિં મોહિની, મન સમાન નહિં ચોર;
હરિજન સમ નહિં પારખી, કોઈ ન દીસે ઓર. ૧
છોડે બિન છૂટે નહિં, છોડનહારા રામ;
જીવ જતન બહુતહિ કરે, સરે ન એકો કામ. ૨
કબીર! માયા મોહિની, જૈસી મીઠી ખાંડ;
સદ્‌ગુરુકી કિરપા ભઈ, નહિતર ટરતિ ન ભાંડ! ૩

તો પડછાયો આગળ આવે છે. જે માણુસ માયાથી ડરીને દોડવા માંડે છે (એટલે સંસાર છોડવા માગે છે) તેની પાછળ માયા બેવડા જોરથી લાગે છે. પણ જેઓ બહાદુર પુરુષની પેઠે માયાના સામા થાય છે તેમની આગળ (સન્મુખ) માયા હાથ જોડીને ઊભી રહે છે. (ભૂતથી બીનારને ભૂત જલદી વળગી પડે છે; પણ બહાદુર પુરુષો ભૂતની ચોટલી કાપી લઈ તેને પોતાના ગુલામ બનાવે છે, એવી ઊડતી કપોળકલ્પિત કથા આ સિદ્ધાંતને બરાબર સમજાવી શકશે.)

(૧) માયા સમાન કોઈ મોહિની (પટાવનારી ગણિકા) નથી, મન સમાન કોઈ ચોર નથી અને હરિજન એટલે હરિના જ થઈ રહેલા એવા માણુસો સમાન ઉપલા બે શત્રુને પારખનાર કોઇ નથી.

(૨) માયા છોડવાનો પ્રયાસ કર્યા વગર કાંઇ તે પોતાની મેળે છૂટવાની નથી, અને છોડાવનાર–છોડવાના પ્રયાસમાં મદદ કરનાર પરમેશ્વર છે. જીવ જતન તો ઘણુંયે કરે પણ પરમેશ્વરની મદદ વગર કામ સરતું નથી; પરમ તત્ત્વમાં શ્રદ્ધા રાખે અને અહંપણાને વિસારી તેને જ શરણે જાય તો માયા છોડવાનો પ્રયાસ સફળ થાય.)

(૩) માયારૂપી મોહિની ખરેખર મીઠી ખાંડ જેવી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલા ભયા જો ગુરુ મિલા, નહિં તો હોતી હાન;
દીપક જોત પતંગ જ્યોં, પડતા પૂરી જાન. ૪
કબીર! માયા ડાકિની, ખાયા સબ સંસાર;
ખાઈ ન સકી કબીરકો, જાકે રામ અધાર! ૫
કબીર! જુગકી કયા કહૂં, ભવજલ ડૂબે દાસ;
પરબ્રહ્મ પતિકો છાંડકે, કરે દુનીકી આસ. ૬
કબીર! એ સંસારકો, સમજાવું કંઇ બાર;
પૂંછ જો પકડે ભેંસકી, ઉતરા ચાહે પાર! ૭

તેથી લોકો તેમાં ફસાઇ પડે છે. પણ મારા પર સદ્‌ગુરુની કૃપા થવાથી મને કાંઇક જ્ઞાન મળ્યું તેથી હું બચી ગયો છું, નહિ તો તે 'ભાંડ' જેવી બલા ટળત નહિ—દૂર થાત નહિ. વેશ્યાની ઠગવિદ્યા પ્રસિદ્ધ છે; પણ હજાર વેશ્યાને પહોંચે એવો એક 'ભાંડ' હોય છે, કે જે પુરુષ અને સ્ત્રીના દરેક જાતના વેષ લઇ શકે છે અને ઢોંગ, ચાળા, નકલ, ઠગાઇ વગેરે તમામ કામમાં પાવરધો હોય છે. એ ભાંડ જેવી જ માયા છે. જે ઘડીમાં પુરુષનું રૂપ, ઘડીમાં સ્ત્રીનું રૂપ, ઘડીમાં રાજકુમારનું રૂપ અને ઘડીમાં ભિક્ષુકનું રૂપ લઇ લોકોને દયા, હાસ્ય, ક્રોધ, કામ વગેરે લાગણીઓમાં રમાડે છે.

(૬) કબીર કહે છે કે આ કલિયુગની શી વાત કરું? સઘળા લોકો માયાના દાસ થઇ ભવરૂપી જળમાં (ભ્રમણમાં) ડૂબી રહ્યા છે, પરબ્રહ્મરૂપી પતિનું દાસત્વ છોડીને દુનિયાની આશા કરે એવા મૂર્ખ લોકો આ કલિયુગમાં છે.

(૭) આ સંસારના લોકોને કેટલીયે વાર સમજાવું છું પણ તેઓ એવા તો ડાહ્યા છે કે દરિયાની પાર જવા માટે ભેંસનું પૂંછડું પકડે છે! (ભેંસ ડુબાડ્યા વગર રહે જ નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ : કાળની વાતો

૧

મૂસા ડરપે કાલસેં, કઠિન કાલકા જોર;
સ્વર્ગ ભૂમ પાતાલમેં, જહાં જાવે વહાં ગોર ! ૧
ફાગન આવત દેખકે, મન ઝૂરે બનરાય;
જિન ડાલી ક્રીડા કિયા, સોહી પ્યારે જાય. ૨
પાન ઝરંતા દેખકે, હઁસતી કૂંપલિયાં;
હમ ચાલે તુમ ચાલીહો, ધીરી બાપલિયાં. ૩

અને ગાય તાર્યાં વગર રહે નહિ એ લોકપ્રસિદ્ધ કહાણી છે.) અહીં ભેંસ એટલે પ્રમાદ અને પૂંછડું એટલે શરણુ; અથવા ભેંસ એટલે લાતો મારે એવા–ખાઇ પી ખોદે એવા નામધારી સાધુઓ. ભેંસ જેવા ગુરુનું શરણું કરી ભવજળપાર ઊતરવા ઇચ્છે એવી આ મૂર્ખ દુનિયાને કેટલી વાર સમજાવું ?

(૧) મુસા પેગમ્બર પણ કાળથી ડરે છે, કારણ કે કાળનું જોર એટલું બધું છે કે સ્વર્ગલોક, પાતાળ તથા પૃથ્વી ત્રણે જગાએ 'ઘોર' એટલે કબરો તો ખરી જ છે. કાળદેવનું રાજ્ય સર્વ સ્થળે છે. લાંબા આયુષ્યવાળા દેવને પણ મરવાનું તો છે જ.

(૨) ફાગણ મહિનો આવતો જોઇને વનસ્પતિ–ઝાડ ઝૂરે છે અને કહે છે કે, મારી પ્યારી પુત્રીઓ અર્થાત્ ડાળીઓ કે જેને આજ સુધી મેં લાડ લડાવ્યાં હતાં તે હવે જતી રહેશે.

(૩) પાંદડાં ખરતાં જોઇને ઝીણી કૂંપળો હસે છે, તે વખતે પાંદડાં કહે છે: 'મારી નાની બહેનો ! આજે અમે જઇએ છીએ; કાલે તમારો વખત પાકશે એટલે તમારે પણ જવાનું છે, માટે બાપડીઓ ! ધીરી થાઓ, ધીરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન ઝરંતા યોં કહે, સુન તરવર બનરાય;
અબકે બિછુરે કબ મિલેં ? દૂર પડેંગે જાય. ૪

૨

ફિર તરવર ભી યોં કહે, સુનો પાત એક બાત;
સઇયાં ઐસા સરજિયા, એક આવત એક જાત. ૧
માલન આવત દેખકર, કલિયોં કરી પુકાર;
ફૂલે ફૂલે ચુંન લિયે, કાલ હમારી બાર. ૨
ચક્કી ફિરતી દેખકે, દિયા કબીરા રોય;
દો પડ બિચ આય કે, સાબિત ગયા ન કોય! ૩
આરે પારે જો રહા, ઝીના પીસે સોય;
ખૂટં પકડકે જો રહે, (તાકો) પીસ સકે ના કોય. ૪

---

(૪) પાંદડાં ખરતાં ખરતાં બોલે છે: 'હે વૃક્ષ ! હે વનના રાજા ! આજના છૂટા પડ્યા પછી હવે આપણે ક્યારે ફરી મળીશું ! હવે તો અમે તમારાથી દૂર પડીશું.'

(૧) પછી તરુવર એટલે વૃક્ષ જવાબ આપે છે: 'હે પાંદડાંઓ ! મારી વાત સાંભળો; આ દુનિયામાં એક આવે છે અને એક જાય છે, એવી જ ઘટના ચાલે છે; માટે શોક કરવો નકામો છે.'

(૨) માલણને આવતી જોઇને, નહિ ખીલેલી એવી ઝીણી કળીઓ પોકાર કરવા લાગી કે, અરેરે ! આજે તો આ માલણ ખીલેલાં પુષ્પોને લઈ જાય છે અને અમારો વારો પણ કાલે જ આવશે.

(૩) ઘંટીને ફરતી જોઇને એક વાર કબીરજીને રડવું આવ્યું. અરેરે ! આ બે પડ વચ્ચે આવનાર સર્વ કોઈ પિસાઈ જાય છે, કોઇએ અણિશુદ્ધ જતો નથી ! (કાળ સર્વનો ભક્ષ કરી જાય છે.)

(૪) જે દાણા ઘંટીના નીચલા પડ પર અહીં તહીં પથ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કાલ સીસ પર આ ખડા, જાગ પિયારે મિત્ત;
રામ સનેહિ બાવરા, તૂં કયોં સોવે નચિંત ? ૧

માટી કેરા પૂતલા, માનુષ ધરિયા નામ;
દિન દોચારકે કારને, ફિર ફિર રોકે ઠામ. ૨

ખડ ખડ બોલી ઠીકરી, ઘડઘડ ગયે કુઁભાર;
રાવન સરખે ચલ ગયે, (જો) લંકાકે સરદાર. ૩

રાયેલા રહે છે તો પિસાઇને આટો થઈ જાય છે; પણ જે ખીલાની પાસે પડી રહે છે તેને કોઇ પીસી શકતું નથી. જે માણસ વિકસિત થયેલી માયાના પડ પર ફરે છે તે પિસાઈ જાય છે. પણ જે મધ્યબિંદુને પકડીને બેસે છે અર્થાત્ પરમ તત્ત્વમાં જ લીન થઈ રહે છે તે ગમે તેટલા કાળ સુધી માયાની ઘંટી ચાલે તોપણ પિસાતા નથી. એ તો ઊલટા ઘંટીનું વાજિંત્ર નિરાંતે સાંભળવા પામે છે !

(૧) કાલ નામનો એક શત્રુ માથે આવી ઊભો છે ! હે પ્યારા મિત્ર ! હવે તો તું જાગ ! રામમાં સ્નેહ રાખવાવાળા પરંતુ બાવરા બનેલા, હે મિત્ર ! નચિંત સૂવાનું તને કેમ કરીને પાલવશે ?

(૨) આપણે સર્વ માટીનાં (પંચભૂતનાં) પૂતળાં છીએ અને પૂતળાનું 'મનુષ્ય' એવું નામ માત્ર પાડેલું છે. અહીં બે-ચાર દિવસ, કાંઈ કામ કરવા માટે (સાધ્યની પિછાન કરવા માટે) આવ્યા હતા તે પાછા ચાલ્યા જઇશું અને ફરી ફરી જન્મ લઇને જગા રોકવાના છીએ.

(૩) માટીની ઠીંકરી (શરીર) ખડખડ હસીને કહે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધવણિ ધવંતી રહ ગઈ, બુઝિ ગયે અંગાર;
અહરણિ રહ્યા ઠમૂકડા, જબ ઉઠિ ચલે લુહાર. ૪
કાચી માયા મન અથિર, થિર થિર કામ કરંત;
જ્યોં જ્યોં નર નિધડક ફિરે, ત્યોં ત્યોં કાલ હસંત. ૫
કાલ હમારે સંગ રહે, કૈસી જતનકી આસ ?
દિન દસ રામ સંભાર લે, જબ લગ પિંજર પાસ. ૬
પાવ પલકકી ખબર નહિં, કરે કાલકા સાજ;
કાલ અચાનક ઝડપશી, જ્યોં તીતર પર બાજ. ૭
કબીર ગાફિલ ક્યોં ફિરે, ક્યોં સોતા ઘનઘોર ?
તેરે સિર પર જમ ખડા, જ્યોં અંધિયારે ચોર. ૮

ઘણાયે કુંભાર આવી ઠીંકરી ઘડી ઘડીને રસ્તે પડ્યા છે ! રાવણ સરખા કુંભારે પણ એવી એક માટીની હાંડલી ઘડી હતી, પરંતુ તે લંકાનો સરદાર પણ ચાલ્યો ગયો ! શરીરને ઘડનાર–શરીરમાં જોઈતાં તત્ત્વો એકઠાં કરનાર 'કર્મ' છે અને તે કર્મનો કર્તા આત્મા છે. તે કુંભાર જેવો છે, તે ખરેખર કુંભાર એટલે અક્કલ વગરનો જ છે; કારણ કે ઘડીમાં ભાગે એવાં વાસણ ઘડે છે !

(૪) લુહાર ચાલ્યો ગયો એટલે ધમણ બંધ થઈ અને અંગારા બૂઝી ગયા તથા એરણના ધબકારા પણ બંધ થયા તેમજ, આત્મા ચાલ્યો ગયો ત્યારે ફેફસાંની ગતિ બંધ થઈ, જઠરાગ્નિ બુઝાઈ ગયો અને નાડીના ધબકારા ચૂપ થઈ ગયા.

(૫) કાળદેવને માણસ સામું જોઇને હસવું આવે છે; કારણ કે માણસની કાયા કાચી છે અને મન અસ્થિર–ભટકતું છે તથા પોતાને કરવાનું જે ખરું કામ (પરમ તત્ત્વને પિછાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર! જો દિન આજ હૈ, સો દિન નાહીં કાલ;
ચેત સકે તો ચેત લે, બિચમેં કાલ સમાલ. ૯

૪

આયા હૈ સો જાયગા, રાજા રંક ફકીર;
કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બંધ જાત જંજીર. ૧
સંગી હમારે ચલ ગયે, હમ ભી જાને હાર;
કાગજ કછુ બાકી લિખા, તાસે લાગી બાર! ૨
કબીર થોડા જીવના, માંડા બહુત મંડાન;
સબહિ છોડકે ચલ ગયે, રાવ રંક સુલતાન. ૩

વાનું) તે તો બહુ જ ધીમેથી થાય છે. તો પણ માણસ નીડર ન ફકરો થઈ ફરે છે; તે જોઈ કાળને હસવું આવે છે.

(૯) જે દિવસ આજ છે તે કાલ રહેવાનો નથી. ચેતી શકે તો ચેતજે; બે કાલ વચ્ચે કાળદેવ છૂપો છે તે તું સાંભળજે.

(૧) રાજા–રંક–ફકીર સૌ કોઈ (જેટલા આવ્યા છે તેટલા બધા) જવાના જ છે. કોઈ સિંહાસન પરથી જશે (રાજા બનીને મરશે) અને કોઈ જંજીર–બેડી પહેરીને (જેલમાં જઈને) મરશે; પણ જશે તો બધાયે.

(૨) અમારા સોબતી ચાલ્યા ગયા છે અને અમારે પણ જવાનું જ છે; વાર થવાનું કારણ એટલું જ છે કે કાગળમાં (એટલે વિધાતાના લેખમાં) અમારે જવાનું ચોઘડિયું જરા મોડું લખાયલું છે!

(૩) હે કબીર! જીવતર ટૂંકું છે અને મંડાણ તો મોટું માંડ્યું છે. રાજા, રંક અને સુલતાન પણ સઘળું મંડાણ છોડી-ને ચાલ્યા ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાહે ચુનાવે મેડિયાં, કરતે હોડાહોડ ?
ચિઠ્ઠી આઈ રામકી, ગયે પલકમેં છોડ. ૪
જિન ઘર નૌબત બાજતી, હોતે છતીસોં રાગ;
સો ઘર હી ખાલી પડે, બૈઠન લાગે કાગ. ૫
જિન ગર નૌબત બાજતી, મંગલ બાંધે દ્વાર;
એક હરિકે નામ બિન, ગયા જનમ સબ હરા. ૬

૫

જાગો લોકો સોવો મત, કરો ન નીંદસે પ્યાર;
જૈસો સપનો રૈનકો, ઐસો એ સંસાર. ૧
ઉંચા ચઢ પુકારીયા, બુમત મારી બહોત;
ચેતનહારા ચેતિયે, સિરપૈ આઇ મોત ! ૨
સબ કોઇ મર જાત હૈ, કાલ જાલકી પાસ;
રામ નામ પુકારતાં, કોઇક ઉબરા દાસ. ૩
એક બૂંદકે કારને, રોતા સબ સંસાર;
અનેક બૂંદ ખાલી ગયે, તિનકા કોન બિચાર ? ૪

---

(૪) તું શા માટે મોટી મોટી મેડીઓ–હવેલીઓ ચણાવે છે અને શા માટે હોડાહોડ કરે છે ? રામની ચિઠ્ઠી આવશે કે તરત ચાલવાનું છે.

(૧) હે લોકો ! જાગો ! સૂઇ ન રહો; નિદ્રા સુંદરીથી પ્યાર ન બાંધો. રાત્રિના સ્વપ્ન જેવો આ સંસાર છે.

(૪) એક બુંદ–પરબ્રહ્મનું એક કિરણ જે શરીરમાં આવી વસ્યું છે એવું એક શરીર જીવ વગરનું થતાં લોકો રડારોળ કરી મૂકે છે; પણ વિચારતા નથી કે એવાં તો અનેક 'બુંદ' ખાલી (ધર્મનું ભાથું લીધા વગર) ચાલ્યાં ગયાં અને જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરતે મરતે જુગ મુવા, અવસર મુવા ન કોય;
દાસ કબીરા યોં મુવા, બહુરિ ન મરના હોય. ૫
જિન મરનેસે જગ ડરે, ઉસમેં મુઝે આનંદ;
કબ મરિયે કબ ભેટિયે, પૂરન પરમાનંદ. ૬

૬

મરું મરું સબ કોઈ કહે, મેરી મરે બલાય;
મરના થા સો મર ચુકા, કોન મરેહિ અબ જાય? ૧

---

(૫) જીવને મરતાં–જન્મતાં અનેક જુગ વહી ગયા; એટલે કે અનેક યુગો થયાં આ જીવ જન્મમરણના ફેરા ફરે છે; પણ હજીયે અવસર એટલે કાળ અથવા સમયનું મૃત્યુ થયું નહિ! (બીજો અર્થ એવો થાય કે, અનેક વખત આ જીવને મરવાના પ્રસંગ આવ્યા છતાં હજીયે અવસરે એટલે પ્રસંગ આવે 'મરતાં' આવડ્યું નહિ! મતલબ કે કોઇ વાતમાં ગમ ખાવી પડે–મુડદાલ જેવા થવું જોઇએ તો તેવે વખતે ગમ ખાતાં આવડી નહિ.) કબીરજી તો એવી રીતે મૂઆ છે કે જેથી ફરી જન્મવું જ ન પડે; મતલબ કે પરબ્રહ્મમાં લીન થયેલા સંતો મરણ પામે છે તે સાથે, તેમના ઉપર આજ સુધી રાજ કરતો અવસર એટલે કાળ પણ મરી જાય છે; મતલબ કે તેમને હવે કાળનું બંધન નથી. (કાળ–ક્ષેત્ર–સંજોગ વગેરે કશાની એમને મર્યાદા નથી.)

(૬) જે મૃત્યુથી લોકો ડરતા રહે છે તે મૃત્યુમાં મને તો આનંદ લાગે છે. હું તો કહું છું કે મરણને ક્યારે ભેટીએ કે જેથી પૂર્ણ પરમાનંદને પણ ભેટવાની તક મળે?

(૧) સર્વ કોઇ કહે છે કે 'હું મરવાને ખુશી છું.' પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન મૂવા માયા મુઇ, સંશય મુવા શરીર;
અવિનાશી તો ના મરે, તૂ કયોં મરે કબીર ? ૨
જીવતસેં મરનો ભલો, જો મર જાણે કોય;
મરને પહેલે જો મરે, કુલ ઉજિયારા હોય. ૩
મરતેં મરતેં જુગ મુવા, સુત બિત દારા જોય;
રામ કબીરા યોં મુવા, એક બરાબર હોય. ૪
ના મૂવા ના મર ગયા, નહિં આવે નહિં જાય;
એ ચરિત્ર કરતારકા, ઉપજે ઔર સમાય. ૫

(કબીરજી કહે છે કે) 'મારી તો ખલારાત મરે છે ! મરવાનું જે કાંઇ હતું તે તો (એટલે કે મન) મરી ગયું છે; હવે કોણુ મરે ?'

(૨) મન, માયા અને શરીરના સંશયો (ખોટા વહેમો) મરી ચૂકયા. જે અવિનાશી હોય તે કાંઇ મરતો નથી. તો પછી હે કબીર ! તું કેમ કરી મરવાનો હતો ?

(૩) જે માણુસ મરવાની વિદ્યા જાણતો હોય તેને માટે તો જીવવા કરતાં મરવું બહેતર છે. શરીરના મરવા પહેલાં જે માણુસ મનથી મરી જાણે છે, તેના જિગરમાં સર્વત્ર પ્રકાશ થઇ રહે છે.

(૪) મરતાં-મરતાં (જન્મ-મરણુના ફેરા ફરતાં) અનેક જુગો મરી ગયા-થઈ ગયા, અને દરેક જન્મમાં સ્ત્રી-પુત્ર-ધન વગેરે મેળવ્યું અને ખોયું. પણુ કબીરજી મૂઆ તે રામજીમાં ભળી ગયા-પરમ તત્ત્વમાં સમાયા.

(૫) આત્મા તો મરતોયે નથી અને આવતો-જતો પણુ નથી. આ સર્વ તો કર્મની લીલા છે, કે જેથી માણુસો ઉપજતા અને સમાઇ જતા દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબ તક આસ શરીરકી, નિર્ભય ભયા ન જાય;
કાયા માયા મન તજે, ચૌપટ રહે બજાય ! ૬

નિજ ઘર જલાનેકો લિયા, મૈંને પલીતા હાથ;
જો ઘર જાલા આપકા, તો ચલો હમારે સાથ ! ૭

ઘર જાલે ઘર ઊગરે, ઘર રાખે ઘર જાય,
એક અચંબા દેખિયા, મડા કાલકો ખાય ! ૮

કબીર મરતક દેખ કર, મત ધારો વિશ્વાસ;
કબહૂ જાગે ભૂત હોય, કરે પિંડકો નાસ. ૯

---

(૬) જ્યાં સુધી સ્થૂલ શરીરની મમતા છે ત્યાં સુધી નિર્ભય દશા પ્રાપ્ત થવાની નહિ; (શરીર પોતે રોગ અને વિનાશને પાત્ર છે માટે.) પણ જો કાયા અને માયાની દરકાર મનમાંથી દૂર થાય તો પછી તેવા માણસ માટે આખું વિશ્વ ખુલ્લું છે ! ખુશી આવે ત્યાં જાય. (સૂક્ષ્મ ભુવનોમાં પણ વિહાર થઈ શકે.)

(૭) કબીરજી કહે છે કે, મારું ઘર બાળવા માટે મેં મારા હાથમાં પલીતો લીધો છે; તમારે પણ જો તમારું ઘર બાળવું હોય તો ચાલો અમારી સાથે ! કારણ કેઃ-

(૮) ઘર બાળવાથી જ ઘર ઊગરે છે અને ઘર સાચવવાથી ઘર જાય છે. એક આશ્ચર્યભરી વાત મેં જોઈ કે મુડદું કાળને ખાય છે ! સ્થૂલ ઘર એટલે બહાનું શરીર, તેના ભોગે જ કાર્મણ શરીરરૂપી ઘર ઊગરી શકે; જેઓ સ્થૂલ શરીરને સાચવવાની જ ગરજ કરે છે તેમનાં કાર્મણ શરીર બળેલા જેવાં-કદ્રૂપ-દશામાં પડ્યાં હોય છે. જેનું મન મરી ગયેલું હોય છે તેવો માણુસ કાળને પણ ખાઇ શકે છે.

(૯) કબીર કહે છે કે હે ભાઇઓ ! મરતા માણુસને જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરતક તો તબ જાનિયે, 'આપા' ધરે ઉઠાય;
સહજ શૂન્યમેં ઘર કરે, તાકો કાલ ન ખાય. ૧૦
સહજ શૂન્યમેં પાઇયે, જહાં મરજી વહાં મન;
કબીર ચુન ચુન લે ગયા ભીતર રામ રતન. ૧૧
ફૂલન થે સો ગિર પડે, ચરન કમલસે દૂર;
કલિયોંકી ગત અગમ હૈ, તાતે રામ હજૂર. ૧૨

એમ ધારી બેસતા નહિ કે એ માણુસ ખરેખર જ મરી ગયો છે. કેટલીક વાર એમ પણ બને છે કે મૂએલો પાછો ભૂત થઇને જાગે છે અને મરણક્રિયામાં મૂકાતા 'પિંડ'નો પણ નાશ કરે છે.

(૧૦) ખરું મરણ તો તારે જ માનવું કે જયારે 'હુંપણું' દૂર થાય. જેનું મન શૂન્યમાં ઘર કરે એટલે કે શૂન્યરૂપ થઈ જાય, મતલબ કે જેના મનમાંથી આ દેખીતી દુનિયાને લગતા સર્વ ખ્યાલ દૂર થાય તેને કાળ કદી ખાઈ શકતો નથી.

(૧૧) સહજશૂન્ય દશા પ્રાપ્ત થાય એટલે પછી કોઈ પણ સ્થળે જવાનો સંકલ્પ થયો કે ત્યાં પહોંચી જ ગયા, એવું બને છે. કબીર કહે છે કે, મેં મારા ભીતર અથવા મનને સઘળી વસ્તુમાંથી વીણી લઇને રામરૂપી રત્ન સાથે એકરૂપ કરી દીધું છે.

(૧૨) અભિમાનથી ફૂલી ગયેલાં ફૂલો કિંવા પુષ્પો કમળના ચરણ એટલે થડથી દૂર ખરી પડે છે; પણ નાજુક કળીઓની ગતિ અગમ્ય હોવાથી તેઓ કમળના ચરણ આગળ રહે છે. (જેઓ દુનિયાદારી)માં ફૂલી જાય છે તેઓ પ્રભુના ચરણકમળથી દૂર છે; તેમને સત્નાં દર્શનનો લાભ મળતો નથી. પણ કળીઓ (અંગોપાંગ સંકોચીને અંદરથી ખીલવાનો પ્રયાસ કરતી કળીઓ) હરિની નજદીકમાં રહેવા પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ : બહારના પરમેશ્વરથી ઠગાતા નહિ

૧

પત્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજૂં ગિરિરાય;
ઇસસે તો ચક્કી ભલી, પિસ ખાય સંસાર ! ૧

દેહી નિરંતર દેહરા, તામેં પરતછ દેવ;
રામ નામ સુમરન કરો, કહા પત્થરકી સેવ ? ૨

---

(૧) પથ્થરને પૂજવાથી જો હરિ મળતા હોય (આત્મ-તત્ત્વ પ્રાપ્ત થતું હોય) તો તો હું આખો પહાડ જ પૂજી કાઢું ! અરે પહાડને પૂજવા કરતાં પણ ઘંટીની પૂજા કરું તો કેવું સારું, કે જે ઘંટી મારે માટે આટો પીસવા જેટલું પણ કામ કરી આપશે !

(૨) આ દેહ એ જ દેહરું છે અને એમાં જ ખરેખરો દેવ (આત્મા) બેઠો છે. માટે ભાઇઓ ! એ ભીતરમાંના રામ-ના નામનું ધ્યાન ધરો, આત્મભાવમાં લીન થાઓ; બાકી પથ્થરની સેવા તો તમારું કાંઇ ઉકાળશે નહિ.

મહાત્મા કબીરનાં આ વચનો સાથે યોગીંદ્રદેવ નામે જૈન પૂર્વાચાર્યે રચેલા ‘સ્વાનુભવદર્પણ’ નામના ગ્રંથની ૪૧ થી ૪૪ સુધીની ગાથાઓ સરખાવવા જેવી છે. તે ગાથાઓનું ગુજરાતી પદ્યબંધ ભાષાંતર શ્રીયુત લાલને નીચે મુજબ કર્યું હતું અને તે માટે તે ભાઇને તેમની મૂર્તિપૂજક જૈન કૉન્ફરન્સે માફી માગવાની ફરજ પાડી હતી.

તીર્થે ને દેહેરાં વિષે, નિશ્ચય દેવ ન જાણ;
જિન ગુરુવાણી એમ કહે, દેહમાં દેવ પ્રમાણ. ૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્થર મુખ ના બોલહિ, જો સિર ડારો ફૂટ;
રામ નામ સુમરન કરો, દૂજા સબહી જૂઠ. ૩
કુબુધીકો સૂઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય;
દિલ દેહરાકી ખબર નહિ, પત્થર તે કહા પાય? ૪
પત્થર પાની પૂજ કર, પચ પચ મુવા સંસાર;
ભેદ નિરાલા રહ ગયા, કોઇ બિરલા હૂવા પાર. ૫

તન મંદિરમાં જીવ જિન, મંદિર મૂર્ત્તિ ન દેવ;
રાજા ભિક્ષાર્થે ભમે, એવી જનને ટેવ. ૪૨
નથી દેવ દેહરાં વિષે, છે મૂર્ત્તિ ચિત્રામ;
જ્ઞાની જાણે દેવને, મૂર્ખ ભમે બહુ ઠામ. ૪૩
ખરો દેવ છે દેહમાં, જ્ઞાની જાણે તેહ;
તીર્થ દેવાલય દેવ નહીં, પ્રતિમા નિશ્ચય એહ. ૪૪

(૩) કદાચ તમે પથ્થરની મૂર્તિ સાથે માથું ફોડી નાખો તો પણ તે બોલવાની નથી–મતલબ કે તમારી અરજ બહેરા કાન ઉપર અથડાઈ ફોકટ જશે; માટે રામનામનું સ્મરણ કરી લો, બીજું સર્વ જૂઠું છે.

(૪) 'કુબુદ્ધિ'ને અક્કલ ન હોવાથી ઊઠી ઊઠીને દેવળમાં જાય છે. દિલરૂપી દે'રામાં આત્મારૂપી દેવની જેમને ખબર નથી એવા પથ્થરોને તત્ એટલે 'તે'ની–ખરા દેવની પ્રાપ્તિ કેમ થાય?

(૫) પથ્થરમાં અને પાણીમાં દેવ સમજી મૂર્ખ માણસો તેમની પૂજા કરીકરીને અને બાહ્ય ક્રિયાઓમાં લુબ્ધ રહીને સંસારમાં ડૂબી ગયા છે. પરમ તત્ત્વનો ભેદ તો એમનાથી દૂર રહી ગયો છે; એ ભેદ તો વિરલા જ જાણે છે, કે જેઓ ભેદ જાણવાથી ખરે રસ્તે પાર પહોંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મક્કે મદિનેમેં ગયા, વહાંભી હરકા નામ;
મૈં તુહ પૂછું હે સખી ! કિન દેખા કિસ ઠામ ? ૬

૨

રામ નામ સબ કોઈ કહે, ઠગ ઠાકુર ઔર ચોર;
ધ્રુવ પ્રહ્લાદ સબ તર ગયે, યહિ નામ કછુ ઓર ! ૧
સુદ્ધી બિન સુમરન નહિં, ભાવ બિન ભજન ન હોય;
પારસ બિચ પરદા રહા, ક્યાં લોહ કંચન હોય ? ૨
સુમરન સિદ્ધી યોં કરો, જ્યાં ગાગર પનિહાર;
હાલે ચાલે સુરતમેં, કહે કબીર બિચાર. ૩

(૬) મક્કા–મદીનામાં જાઓ ત્યાં પણ હરિ કે ખુદાનું જ નામ છે; તો કબીરજી મુસલમાનોને પૂછે છે કે, હે મારી બહેનો ! મક્કા–મદીનામાં કઇ જગોએ અને કોણે ખુદાને દીઠા ? મતલબ કે ખુદા તો અંતરમાં જ જોઇ શકાય છે.

(૧) ઠગ લોકો, ઠાકોર લોક, તેમ ચોર લોક પણ રામનું નામ ઉચ્ચારે છે; પરન્તુ ધ્રુવ અને પ્રહ્લાદજી જે રામનામથી તરી ગયા તે નામ તો કાંઇ જુદી જ જાતનું હતું. (તે કાંઇ મોઢેથી ઉચ્ચારાતું નામ ન હતું પણ અંતરના એકતારનું પરિણામ હતું.)

(૨) મનશુદ્ધિ વગર રામનું સ્મરણ નકામું છે. અંતરના ભાવ વગરનું ભજન નકામું છે. પારસમણિમાં લોઢાને સોનું કરવાનો ગુણ છે એ વાત તો ખરી, પણ લોઢા અને સોનાનો સ્પર્શ થાય તો જ એ બનાવ બને; એ બે વચ્ચે કાંઇ પણ પડદો રાખશો તો સોનું કેમ કરીને થશે ? તેમ હરિનો સ્પર્શ જ (મનથી) કરો તો તો જરૂર હરિરૂપ થઇ જશો; બાકી વાતો કરવાથી કાંઇ ન થાય.

(૩) હરિનું સ્મરણ કરવાની રીત બતાવે છે કે, જેમ પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમરન સિદ્ધી યોં કરો, જૈસે દામ કંગાલ;
કહે કબીર બિસરે નહીં, પલ પલ લેત સંભાળ. ૪
જૈસી નિયત હરામ પૈ, ઐસી હરસેં હોય;
ચલા જાય વૈકુંઠમેં, પલ્લા ન પકડે કોય. ૫
બાહિર ક્યા દિખલાઇયે? અંતર કહિએ રામ;
નહીં મામલા ખલકસોં, પડા ધનીસે કામ. ૬

ભરવા ગયેલી સ્ત્રી માથે ભરેલું બેડું હોવા છતાં હાલે છે, ચાલે છે અને સખીઓને તાળી પણ દે છે પણ બેડું પડે નહિ એવી સુરતા લગાવે છે; તેમ તમે પણ સંસારનાં કામ કરવા છતાં હરિથી સુરતા લગાવી રાખો.

(૪) વળી પણ સ્મરણ કરવાની રીત બતાવે છે કે, જેમ કંગાલ લોકો દામ એટલે પૈસાનું નામ ઘડી પણ ભૂલતા નથી, તેમ કબીરજી કહે છે કે, તમે પણ ઘડી ઘડી હરિનું નામ સ્મરણમાં રાખો.

(૫) હરામનું–વગર મહેનતનું ધન લેવા તરફ જેટલી લગની છે તેટલી જ લગની હરિમાં હોય તો તમે સીધા વૈકુંઠમાં ચાલ્યા જાઓ; કોઇની મગદૂર નથી કે તમારો પલ્લો પકડીને રોકવાની હિંમત ધરે.

(૬) રામનું નામ કીમતી છે માટે બહાર શા માટે ઉચ્ચાર કરવો? શા માટે તેનો દેખાવ કરવો? આપણે ખલક અથવા દુનિયાથી કાંઇ કામ નથી, આપણે તો ધણી એટલે હરિથી કામ છે. આપણી ભક્તિ ધણી પોતે સ્વીકારે એટલે બસ; આંતરચક્ષુ વગરની દુનિયા તારી ભક્તિ જોઇ શકે તેમ છે જ નહિ, તે તો બગલા ભક્તોના લાંબા પોકાર અને બાહ્ય તપથી વાહવાહ કરે તેમ છે. માટે તું તેમના અભિપ્રાયની દરકાર કરતો જ ના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ : ભક્તિ કેવી રીતે કરશો ?

માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખમાંહિ;
મનુવા તો ચૌદિસ ફિરે, ઐસો સુમરન નાહિ. ૧

સુમરન ઐસો કીજિયે, ખરે નિશાને ચોટ;
સુમરન ઐસો કીજિયે, હલે નહીં જીભ હોઠ. ૨

અંતર 'હરિ હરિ' હોત હૈ, મુખકી હાજત નાહિં;
સહજે ધુન લાગી રહે, સંતનકે ઘટ માંહિ. ૩

---

(૧) હાથમાં માળા ફરે, મુખમાં જીભ ફરે અને તે જ પ્રમાણે મન પણ વિશ્વમાં ફરે છે–ભટકે છે; તો એવી જાતના પ્રભુસ્મરણથી શું દહાડો વળવાનો હતો ?

(૨) જેમ કોઈ નિશાનબાજ માણસ બરાબર ધારેલા નિશાન પર જ તીર ચોંટાડી દે છે, તેમ તમે પણ પ્રભુ ઉપર તમારું ધ્યાન ચોંટાડો. જીભ કે હોઠ હલાવવાની જરૂર નથી. ધ્યાન કાંઈ શબ્દથી નહિ પણ મનથી થવાનું છે.

(૩) 'સંત' અથવા 'હરિજન' કેવા હોય છે ? તો કહે છે કે, એમના અંતરમાં હરિનું 'ભાન' સદૈવ હોય છે, તેથી મુખથી 'હરિ' એવો ઉચ્ચાર કરવાની એમને 'હાજત' અથવા ભૂખ રહેતી નથી. સંતના ઘટમાં 'સહજ' અથવા સ્વાભાવિક રીતે જ ધૂન લાગી રહેતી હોય ત્યાં બાહ્ય પોકારની શી જરૂર હોય ? આ પદમાં 'સંત'ની વ્યાખ્યા બહુ સારી આપી છે. 'સંત' એ સંસ્કૃત શબ્દ છે અને તે અસ્=હોવું એ ધાતુ ઉપરથી નીકળેલો છે. જે હરિ-વાસમાં 'છે' અથવા જે અમરતાના ભાનમાં દાખલ થયો છે તે જ સંત વા હરિજન. બાહ્ય ક્રિયા ઉપરથી સંતની પરીક્ષા થાય જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમરન સુરતિ લગાય દે, મુખસે કછૂ ન બોલ;
બાહરકે પટ દેય કે, અંતરકે પટ ખોલ. ૪
લૌ લાગી તબ જાનિયે, કબહૂ છૂટ ન જાય;
જીવત હિ લાગી રહે, મૂવા માંહિં સમાય. ૫
બૂંદ સમાના સમુદ્રમેં, જાનત હૈ સબ કોય;
સમુદ્ર સમાના બૂંદમેં, જાને બિરલા કોય. ૬

---

(૪) ભક્તિ કેમ કરવી તે બતાવે છે. પ્રભુ સાથે એવી સુરતા લગાવ કે મોંઢેથી કાંઈ ન બોલવું પડે. બહારની સર્વ ક્રિયાઓ મોકૂફ રાખી અંદરના પડદા ખોલ. દેહના બાહ્ય ધર્મોને વિસારી આત્માના આંતરિક ધર્મમાં લીન થા. જેમ કોઈ માણસ જગતથી કંટાળીને પોતાના ઘરમાં પેસી, બારણાં બંધ કરી, પોતાની પતિ-પરાયણ સ્ત્રી કે હસમુખાં બાળકોમાં સુખ શોધે, તેમજ હે ભક્ત! તું બાહ્ય પ્રવૃત્તિ છોડી, ઇન્દ્રિયોનાં દ્વાર બંધ કરી, અંદર પ્રવેશ કર, ત્યાં સુમતિરૂપી સ્ત્રી કે સાર્વત્રિક પ્રેમના વિચારોરૂપી બાળકો સાથે કલ્લોલ કર.

(૫) પરમાત્માનો ખરો પ્રેમ લાગ્યો છે એમ બોલનારા તો ઘણાયે હોય છે; પણ તેની કસોટી શી? જે માણસ જીવતાં સુધી તો પરમાત્માના પ્રેમમાં મસ્ત રહે એટલું જ નહિ પણ મૃત્યુ બાદ પણ એ પ્રેમનાં રાજ્યોમાં જ જાય એ જ માણસ ખરો પ્રેમી સમજવો. મતલબ કે ખરો પ્રેમ સમય, સ્થળ કે સંજોગોથી મર્યાદિત નથી હોતો.

(૬) પાણીનું એક બિંદુ સમુદ્રમાં સમાય એ તો સમજાય એવી વાત છે; પણ સમુદ્ર આખો એક બિંદુમાં સમાઈ જાય એ સમજવું મુશ્કેલ છે. છતાં ધ્યાનમાં મસ્ત રહેનાર પુરુષ અને પરમાત્મા તે બેની બાબતમાં ઉપર મુજબ જ બને છે. ધ્યાન ધરનાર મનુષ્યનું હૃદયાકાશ કે જે એક બિંદુ અથવા બુંદ સમાન છે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ દ્વાર હૈ સાંકડા, રાઈ દસમા ભાય;
મન જબ મ્હાવત હો રહા, ક્યાં કર સકે સમાય? ૭
રાઈ બાંટા બીસવાં, ફિર બીસનકા બીસ;
ઐસા મનુવા જો કરે, તાહિ મિલે જગદીશ. ૮
માલા જપૂં ન કર જપૂં, મુખસે કહૂં ન રામ;
રામ હમારા હમકો જપે, (મૈં) બૈઠ કરૂં વિશ્રામ! ૯

તે, પરમાત્માને કે આખા વિશ્વને ભાળી શકે છે. પવિત્ર થયેલા–પ્રકાશિત હૃદયમાં આખા વિશ્વનું પ્રતિબિંબ ભળાય છે. આ 'યોગ'નો વિયષ અતિ ગહન છે, તેથી વિરલા–યોગી જનો જ તે સમજી શકે છે.

(૭) 'ભક્તિદ્વારા' એટલે જે દરવાજે થઇને ભક્તો પરમાત્મા પાસે જઈ શકે છે તે દરવાજો એવડો તો સાંકડો છે કે જાણે રાઈના દાણાનો દસમો ભાગ જોઈ લો! એવા સાંકડા દરવાજામાં થઇને જવાનું છે છતાં મન તો કહે છે કે હું હાથી ઉપર મહાવત બેસે છે તે જગ્યાએ બેસીને દરવાજામાં પેસું! આ વાત કેમ બને? માટે મન જો અભિમાનરૂપી હાથીથી નીચે ઊતરીને નાનું થઈ જાય–નમ્રતા શીખે તો જ તે સાંકડા દરવાજાથી પ્રવેશ કરી પરમાત્માની હજૂરમાં આવી શકે. 'નમે તે હરિને ગમે' અર્થાત્ નમ્રતા રાખે –અહંપદથી દૂર રહે તે માણુસ પરમતત્ત્વની પ્રાપ્તિનો અધિકારી થાય.

(૮) વળી આગળ વધીને કબીરજી કહે છે કે, રાઈના દાણાના દસમા ભાગ જેટલો દરવાજો છે માટે તે દરવાજે થઇને જવાની ઇચ્છા રાખનાર મન તો રાઈના વીસમા ભાગના પણુ વીસમા ભાગ જેવડું બનાવવું જોઇએ.

(૯) મારે લોકોની માફક હાથથી માળા જપવાની જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ : સાધુ કોને કહેવા?

૧

કેશોં કહા બિગાડિયા, જે મૂંડે સૌ બાર?
મનકો કાહે ન મૂંડિએ, જામેં વિષય વિકાર? ૧
મન મૈવાસી મૂંડિ લે, કેશોં મૂંડે કાંઈ?
જો કૂછ કિયા સો મન કિયા, કેશોં કીયા નાંહિં. ૨
સ્વાંગ પહરિ શૂરા ભયા, ખાયા પીયા ખૂંદ;
જેહિં સેરી સાધૂ નીકલેં, સો તો મેલ્હી મૂંદ. ૩

નથી અને મુખથી પણ જપવાની જરૂર નથી. હું તો શાન્ત બેઠો રહું છું અને મારો રામ ઊલટો મને જપે છે. ધ્યાનારૂઢ થઈ પરમાત્મસ્વરૂપમાં લીન થવાથી આત્મસ્વરૂપ જોવાય છે.

(૧) હે દ્રવ્યસાધુઓ! હે સાધુવેષધારીઓ! તમારા માથાના કેશ એટલે વાળનો શો વાંક છે–તેણે તમારું શું બગાડ્યું છે, કે જેથી તમે સો વાર–વારંવાર એના ઉપર વૈર લેવાની માફક મૂંડવામાં જ 'ધર્મ'ને સમાપ્ત થતો માનો છો? મૂંડવું હોય તો 'મન'ને મૂંડો, કે જેમાં વિષયવિકાર ભરેલા છે. બહારથી સાધુનો વેષ રાખનારા ઘણાક ઢોંગીઓ મનથી તો વિષયવિકાર-થી ભરપૂર છે–એ કેશ કાઢવાની એમની ઇચ્છા નથી!

(૨) ખરો મેવાસી–ખરો લૂંટારો તો 'મન' છે; એને મૂંડે તો ખરો સાધુ કહેવાય; કેશ મૂંડેથી શું થવાનું હતું? બિચારા કેશે કાંઈ કર્યું નથી, જે કાંઈ કરે છે તે તો પેલું મન કરે છે.

(૩) સાધુનો સ્વાંગ પહેરવામાં તો શૂરાતન ઘણું યે છે; પણ સાધુ થયા પછી ખાઈ–પીને દુનિયાને ખૂંદવાનું–પજવવાનું જ આવડ્યું! જે શેરીમાં 'સત્ યાને 'પરમતત્ત્વ' પ્રગટ થઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર સેતી માલા જપૈં, હિરદે બહે ડંડૂલ;
પગ તો પાલામેં ગિલ્યા, ભાજણ લાગી સૂલ. ૪
માલા પેહરે મન સુખી, તાતેં કછુ ન હોય;
મન માલાકો ફેરતાં, જુગ ઉજિયાલા હોય. ૫
માલા પેહરે કૌન ગુન, મનકી દુબિધા ન જાય;
મનમાલા કર રાખિયે, હરિ ચરનન ચિત લાય. ૬

છે, તે શેરીને તો અર્થાત્ કાર્મણ શરીરનો તો મૂઢ દશામાં–સૂનમૂન દશામાં રાખે છે; એ કાર્મણ શરીરદ્વારા 'સત્' નો પ્રકાશ થઈ શકે છે; તે છતાં એ શરીરને ખીલવવા માટે કાંઈ પ્રયત્ન કરતો નથી.

(૪) હાથમાં માળા રહી ગઇ છે પણ હૃદય તો ડામાડોળ દશામાં છે, એમાં તો કાંઈ કાંઈ જાતના સંકલ્પવિકલ્પનાં મોજાં ઊઠે છે અને સાધુમહારાજના પગ તો વળી માયામાં જ ખૂંચી ગયા છે, જેને બહાર કાઢવાનું ભાન પણ તેને થતું નથી.

(૫) માળા પહેરવાથી મન સુખ માની લે તો ભલે માને; બાકી તેથી કાંઈ દહાડો વળે નહિ. પણ જો મનરૂપી માળાના મણકા એક પછી એક ફેરવે તો આખા વિશ્વમાં પ્રકાશ–પ્રકાશ જ નજરે પડે. મનના ખરાબ ભાવને એક પછી એક તપાસી જઈ તેને મણકાની પેઠે આંગળામાંથી છટકી જવા દઈ બીજા મણકાને પકડવો; તેને પણ તપાસીને પછી સરી જવા દેવો; છેવટે મોટો મણકો કે જે એક જ હોય છે–જે સર્વોપરિ 'સત્' છે ત્યાં જઈ સ્થિર થવું. ત્યાંથી આગળ જવાનું જ નથી. આ સ્થિતિમાં આવનારને વિશ્વમાત્રમાં 'જીવતા પ્રેમ' નો પ્રકાશ સાક્ષાત્ જોવામાં આવે.

(૬) માળા પહેરવાથી જો મનની દુગ્ધા દૂર ન થઈ શકે તો તે ક્રિયા શા કામની ? તે કરતાં તો મનને જ માળા બના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનકા મસ્તક મૂંડ લે, કામ ક્રોધકા કેશ;
જો પાંચોંકો વશ કરે, તો ચેલા સબ દેશ. ૭
માલા તિલક બનાયકે, ધરમ બિચારા નાહિં;
માલા બિચારી કયા કરે ? મૈલ રહા મન માંહિં ! ૮
મૂંડ મુંડાવત જુગ ગયે, અબહુ ન મિલિયા રામ;
રામ બિચારા કયા કરે ? મનકે ઔર હિ કામ ! ૯
કાઠ કાટિ માલા કિની, માંહિ પિરોયા સૂત;
માલા બિચારી કયા કરે, જો ફેરનહાર કપૂત ? ૧૦

વીએ અને પરમાત્માની ભક્તિમાં તલ્લીન થઇએ એ કેવું ?

(૭) બિચારા વેશધારીઓને ચેલા મેળવવાનો શોખ પણ બહુ હોય છે તેથી અનેક અનર્થ સેવીને પણ ચેલા મેળવવાને દોડે છે; પરંતુ કબીરજી કહે છે કે, એમ તો માત્ર બે ચાર ચેલા મળશે પણ જો તારે આખી દુનિયાને ચેલા બનાવવાની ઇચ્છા હોય તો હું કહું તેવો સાધુ બન; પ્રથમ મનરૂપી મસ્તક પરથી કામ-ક્રોધરૂપી કેશને મૂંડીને દૂર કર. જો તું મન અને પાંચ ઇન્દ્રિયોને વશ કરીશ તો આખી દુનિયાના જીવો તારા ચેલા બનશે.

(૮) માળા-તિલકનો દેખાવ તો સારો કર્યો અથવા મુહપતિ-રજોહરણનો દેખાવ પણ સારો કર્યો, પણ ધર્મનું રહસ્ય તો વિચાર્યું નહિ. મનમાં તો મેલ રહી ગયો તો પછી માળા વગેરે બાહ્ય ઉપકરણ બિચારાં તારું શું હિત કરી શકવાનાં હતાં ?

(૯) આમ માથું મૂંડાવતાં મૂડાવતાં અનેક જુગ વહી ગયા પણ હજીએ 'રામ'-પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ નહિ. (ઓઘા-મુહપતિ તો મેરુ પર્વત જેટલા કર્યા પણ હજીયે આત્માને ઓળખ્યો નહિ.) મન જુદે જ રસ્તે ભટકે ત્યાં બિચારો રામ શું કરે ?

(૧૦) માળામાં કાંઈ જીવ નથી, એ તો લાકડાને કાપીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલા તિલક તો ભેખ હૈ, રામભક્તિ કછુ ઔર;
કહે કબીર જિન પહેરિયા, પાંચો રાખો ઠૌર. ૧૧
માલા તો મનકી ભલી, ઔર સંસારી ભેખ;
માલા પહિરે હરિ મિલે, તો અરહટકે ગલિ દેખ. ૧૨
માલા મુઝસે લડ પડી, કાહે ફિરાવે મોહિ?
જો દિલ ફેરે આપના, તો રામ મિલાઊં તોહિ. ૧૩
ભરમ ન ભાગા જીવકા, અનંતહિ ધરિયા ભેખ;
સતગુરુ પરચે બાહિરા, અંતર રહ્યા અલેખ. ૧૪

અંદર દોરો પરોવીને બનાવેલી છે; માટે જો માળા ફેરવનારો જ કપૂત હોય તો માળા બિચારી શું કરી શકવાની હતી?

(૧૧) માળા–તિલક–મુહપતિ–રજોહરણ એ સર્વને ધિક્કારવાની જરૂર નથી, પણ એ સર્વ 'ભેખ' છે અને રામભક્તિ–આત્મૈકતા એ કંઈ ઔર જ ચીજ છે. જે લોકો ભેખ પહેરે છે તેમને કબીરજી કહે છે કે, ભલા થઇને પાંચે ઇન્દ્રિયોને ઠેકાણે રાખજો–વશ રાખજો; રખેને કોઈનાં ઘર મારતા!

(૧૨) માળા તો મનની જ સારી; બાકી તો સંસારીની પાઘડી, કોટ વગેરે જેમ વેષ છે તેમ જ આ પણ વેષ છે. જો કોઇને માળા પહેરવાથી જ હરિ મળતા હોય તો અરહટ (રેંટ) હંમેશ ગળામાં માળા (માલ) પહેરી રાખે છે તેને હરિ મળ્યા છે કે નહિ તે તું જો.

(૧૩) કબીરજી કહે છે કે, એક દિવસ માળા મારાથી છેડાઈ પડી અને મને ઠપકો આપવા લાગી કે, હે મૂર્ખ! તું મને શા માટે ફેરવ ફેરવ કરે છે? મેં તારું શું બગાડ્યું છે? ફેરવ તારા દિલને અને પછી જો કે હું તને 'રામ' મેળવી આપું છું કે નહિ!

(૧૪) પાર વગરના ભેખ પહેર્યા–ઘડીમાં ધોળા–ઘડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તનકોં જોગી સબ કરેં, મનકો બિરલા કોય;
સબ સિધિ સહેજે પાઇએ, જો મન જોગી હોય. ૧૫
મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ;
તાતે તો કઉવા ભલા, તન મન એક હિ રંગ ! ૧૬

પીળા–ઘડીમાં દિશારૂપી વસ્ત્ર એમ અનેક ભેખ ધર્યા, પણ હજીયે જીવનો ભ્રમ તો ભાગ્યો નહિ જ ! કારણ કે મેં મૂરખાએ 'સત્-ગુરુ' અથવા પરમાત્માને બહાર જ ઢૂંઢ્યા, પણ તે તો મને ખબર ન પડે એવી રીતે 'અંદર' જ હતા.

(૧૫) લો સાંભળો, કબીરજીએ કથેલું માર્મિક રહસ્ય ! તેઓશ્રી ફરમાવે છે કે, જેનું 'મન' જ યોગી હોય તે તો 'બાળક' જેવો યાને રાગ–દ્વેષ રહિત–'હું'પણા રહિત હોય; એવાને સઘળી સિદ્ધિઓ સહેજે વરે છે, બાકી શરીરને 'જોગી' બનાવનારા પાખંડી તો બાર લાખને બાણું હશે ! રળવું કઠણ લાગે કે સંસારમાં આવી પડેલું કોઈ દુઃખ વસમું લાગે એટલે તરત માથું મૂંડીને વેષ પહેરી લીધો અને બન્યા 'તરણતારણ' ! પણ પોતે તર્યા સિવાય 'બીજાને તારનારા' એવો ખિતાબ શરૂ-આતમાં જ આ લોકો શી રીતે લઈ શકતા હશે તે કાંઈ સમજાતું નથી.

(૧૬) તન એટલે શરીરને ઉજળું અથવા ટાપટીપવાળું અથવા સાધુતાનો દેખાવ કરનારું રાખે અને મન તો મલિન રાખે, આવા સાધુડાઓ ખરેખર 'બગલા' જેવા છે. એમના કરતાં તો પેલા કાગડા સારા કે જેઓ મનના મેલા છે તો બહારથી શરીર પણ કાળું જ રાખે છે, કે જેથી એમનાથી કોઈ ઠગાવા પામે નહિ. અને આ ધૂતારા સાધુઓએ તો બહારથી સાધુતાનો સ્વાંગ પહેરી અંદરખાને મલિનતા રાખી જગતને ભ્રમણાના ખાડામાં હોમવાનો ધંધો આદર્યો છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીરા કોટી કોટ હૈ, સિરકે મુંડે કોટ;
મનકે મુંડે દેખ કર, તા સંગ લિજે ઓટ. ૧૭

માથા મૂછ મુડાયકે, કાયા ઘોટમ ઘોટ;
મનકો કાહે ન મુંડિયે, જામેં સબહિ ખોટ? ૧૮

૨

ગુરૂ લોભી શિખ લાલચી, દોનો ખેલે દાવ;
દોનો ડૂબે બાપડે, બેઠ પત્થરકી નાવ. ૧

---

(૧૭) કબીર કહે છે કે શિર મૂંડાવનારા કરોડો છે, પણ જે મનને મૂંડે–તાબે કરે તેની જ તું સોબત કરજે.

(૧૮) માથું–મૂછ વગેરે મૂંડાવીને કાયાનું રૂપ બદલી નાખનારા ત્યાગીઓ મનને કેમ મૂંડતા નહિ હોય? ખરી ખોટ તો મન મૂંડનારની છે; એ ખોટ–એ તંગી કોઈ પૂરી પાડતું નથી.

(૧) ગુરુ અને શિષ્યની જોડી ઘણે ભાગે એકસરખી જ મળે છે. ગુરુ 'લોભી' હોય અને શિષ્ય 'લાલચુ' હોય. આ સિદ્ધાંત બરાબર સમજવા જેવો છે. જે માણસ જે ચીજને લાયક હોય તે જ તેને મળે છે. 'આકર્ષણ'ના નિયમ પ્રમાણે સમાન પ્રકૃતિઓ એકબીજાને પોતા તરફ ખેંચે છે. ગુરુ પૈસાનો લોભી હોય કે પછી (જ્યાં અન્ન–વસ્ત્ર માગવા પહેલાં બમણાં મળતાં હોય તેથી લક્ષ્મીની જરૂર ન રહેતી હોય ત્યાં) માનનો લોભી હોય; અને શિષ્ય 'લાલચુ' હોય એટલે કે થોડે ખર્ચે કે થોડી મહેનતે (માત્ર આ ગુરુરાજની પગચંપી કરવાથી કે એના ચેલાને દીક્ષા આપવામાં બે ચાર હજાર રૂપિયાનું ખર્ચ કરવાથી કે એનો ગમે તેવી બાબતમાં પક્ષ કરવાથી) સ્વર્ગ મળી જશે એવી લાલચથી તે શિષ્ય થાય છે. દુનિયાના સાધુઓ અને ભક્તોનો મોટો ભાગ આવો જ હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાકા ગુરૂ હૈ લાલચી, દયા નાહિ શિખ માંહિ;
ઉન દોનોંકો ભેજિયે, ઉજડ કૂવા માંહિ ! ૨

ગુરૂ ગુરૂ સબ કહા કરો, ગુરૂહિ, 'ગુરૂ'મેં ભાવ;
સો ગુરૂ કાહે કિજીયે, જો નાહિ બતાવે દાવ ? ૩

બંદેસે સે બંદા મિલા, છૂટે કૌન ઉપાય ?
સંગત કર નિર્બંધકી, પલમેં દેય છુડાય. ૪

છે. પથ્થરની હોડીમાં બેઠેલા શિષ્યો ડૂબે એમાં શું આશ્ચર્ય ?

(૨) વાહ રે કબીરજી વાહ ! તમારા જેવા સત્યકથન નીડરપણું કરનારા પુરુષો થોડા જ થયા હશે. જેના ગુરુ પૈસા કે માનના લાલચુ હોય તેના શિષ્યને દયા તો હોઈ શકે જ નહિ; કારણ કે પૈસા કે માન રળવા માટે અનેક દગાફટકા અને કાટ–ફૂટ કરવી પડે; એમાં શિષ્યો ગુરુની ભક્તિ ખાતર–થોડી મહેનતે મોક્ષસુંદરીને વરી બેસવા ખાતર–હથિયાર તુલ્ય બને જ. માટે એવા ગુરુ અને એવા ચેલાને તો ઉજજડ કૂવામાં પધરાવી દો, કે જેથી કોઈ કાઢનાર પણ ન મળે !

(૩) હે લોકો ! તમે બધા ભલા માણસ છો, તમે 'ગુરુ–ગુરુ' એવા પોકાર કર્યા કરો છો; પણ તમારા ગુરુના ભાવ એટલે લક્ષ તો 'ઘર' એટલે સંસારમાં–સંસારી જેવા કામમાં છે. જે ગુરુ સંસારભાવને અળગો કરી પરમતત્ત્વની પ્રાપ્તિનો 'દાવ' બતાવે નહિ તેને કયો મૂર્ખ 'ગુરુ' કહેશે ?

(૪) બાંધેલો, બાંધેલાને કેમ છોડવી શકે ? કર્મોથી ખરડાયેલો બીજાને કર્મરહિત કેમ કરી શકે ? લોહીથી કપડાં ધોવાય જ નહિ. માટે નિર્બંધ–મુક્ત પુરુષોની સંગત કરો કે જેથી પળમાં તમને પણ 'છૂટા' કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા સદ્દગુરૂ ના મિલા, રહા અધુરા શીખ;
સ્વાંગ જતીકા પેહેરકે, ઘર ઘર માંગે ભીખ. ૫
સદ્દગુરૂ ઐસા કિજીએ, તુરત દિખાવે સાર;
પાર ઉતારે પલકમેં, દર્પન દે દાતાર. ૬

૩

દયા, ગરીબી, બંદગી, સમતા, શીલ, સ્વભાવ;
એ તે લક્ષન સાધકે, કહે કબીર સદ્દભાવ. ૧

---

(૫) હે સાધુનામધારી! તને કોઈ 'પૂરો સદ્દગુરુ' મળ્યો નથી જણાતો; તેથી તું પણ 'અધૂરો શિખ' એટલે 'અપૂર્ણ શિષ્ય' બન્યો અને જતિનો–સાધુનો સ્વાંગ પહેરીને ઘેર ઘેર ટુકડા માગી ખાવા માંડચો!

(૬) સદ્દગુરુ એવા મેળવવા જોઈએ કે જે જલદી જલદી 'સાર પદાર્થ'–આત્મપિછાન મેળવી આપે અને ભવજળ પાર ઉતારી દે. કારણ કે સદ્દગુરુ તો બીજું કાંઈ દેતા નથી, માત્ર દર્પણ દે છે, એટલે કે હૃદયની નિર્મળતા કરી આપે છે. જેમ કોઈ બાળકના હાથમાં દર્પણ આપવા છતાં એમાં પોતાનું મોં જોવાનો પરિશ્રમ તો બાળકે પોતે જ લેવો પડશે; તેમ સદ્દગુરુ કાંઈ આત્માનું દર્શન કરાવતા નથી, પણ હૃદયને અરીસા જેવું બનાવી આપે છે, કે જેથી કરીને શિષ્ય તે અરીસામાં પોતાનું સ્વરૂપ જોઈ શકે.

(૧) અત્યાર સુધી સાધુનામધારીનાં લક્ષણ બતાવી ભોળા લોકોને ચેતવ્યા; હવે સાચા સાધુનાં લક્ષણ બતાવી એમના શરણે જવાની સલાહ આપે છે. કબીરજી 'સદ્દભાવે' કહે છે અર્થાત્ જેવું છે તેવું–યથારૂપ સત્ય જણાવે છે કે, દયા, નમ્રતા, ભક્તિ, સમતા અથવા સુખ–દુઃખમાં મનની અડોલવૃત્તિ અને શીલ: આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન નહીં અપમાન નહિં, ઐસે શીતલ સંત;
ભવસાગર ઉતર પડે, તોડે જમકે દંત. ૨
આશ તજે માયા તજે, મોહ તજે અરૂ માન;
હર્ષ શોક નિંદા તજે, કહે કબીર સંત જાન. ૩
સંત ખરે સોહી જીને, કનક કામિની ત્યાગ;
ઔર કછૂ ઇચ્છા નહીં, નિશદિન રહે વિરાગ. ૪
હરિજન હારા હી ભલા, જીતન દે સંસાર;
હારા હરિપેં જાયગા, જીતા જમકી લાર ! ૫

પાંચ, 'સાધુ'નાં લક્ષણ સમજજો. (કબીરજીએ આપેલા આ 'કસોટીના પથ્થર' ઉપર પોતપોતાના ગુરુને ઘસી જોવાથી દરેક માણસને ખાતરી થશે કે એ તે સાચું સોનું છે કે કથીર છે!)

(૨) જે પુરુષને માન–અપમાનની લેશ માત્ર અસર થતી નથી એવી શીતલતા પ્રાપ્ત થઈ છે, તેજ પુરુષ ભવસાગર તરી શકે અને જમના દાંતને તોડી શકે; અર્થાત્ ફરી મરવાની જરૂર તેને રહે નહિ.

(૩) કબીરજી કહે છે કે, જે પુરુષ આશા (ઇચ્છા) ને તજે, માયાને પણ તજે, માનને પણ તજે અને હર્ષ–શોક નામની લાગણીઓ સાથે નિંદાને પણ તિલાંજલિ આપે એને જ તું 'સંત' જાણજે.

(૪) જેણે કંચન અને કામિની ત્યજી છે, ત્યજી છે એટલું જ નહિ પણ તે ચીજોની ઇચ્છાને પણ ત્યજી છે અર્થાત્ બાહ્ય તેમજ અભ્યંતર ત્યાગ કર્યો છે અને પરમાત્મા સાથે જ જેનો તાર લાગેલો છે તેને 'સંત' કહેવા.

(૫) 'હરિજન' એટલે હરિના દાસ, અથવા વિશ્વવ્યાપક તત્ત્વ એ રૂપી જે 'હરિ' તેનો દાસ. એટલે જગતમાત્રની સેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખકે માથે સિલ પડો ! હરિ હિરદેસે જાય;
બલિહારી યે દુઃખકી, પલ પલ રામ સમાય ! ૬

આપા તહાં અવગુન અનત, કહે સંત સબ કોય;
આપા તજ હરિકો ભજે, સંત કહાવે સોય. ૭

હરિજન ઐસા ચાહિયે, જૈસા ફોફલ ભંગ;
આપ કરાવે ટુકરા, (ઔર) પર મુખ રાખે રંગ. ૮

એ જ જેનો જીવનમંત્ર છે એવો પુરુષ. એવો હરિજન તો 'સંસાર'થી એટલે કે સ્થૂલ સંસારમાં મગ્ન રહેલા મનુષ્યથી હારે જ. એવાની સાથે ચર્ચા કરવા હરિજન કે જેને દુનિયાનાં અનેક પરોપકારી કામો કરવાનાં હોય છે તે મુદ્દલ ફુરસદ મેળવી શકે નહિ. માટે એવા પુરુષોથી તો હરિજન હારે એ જ ઠીક છે. અને 'હારેલો' હશે તે હરિ તરફ ચિત્ત દોરવશે; જીતેલો તો જમની તરફ જવાનો. જેને સંસારી જનો 'જીત' કહે છે તે તો નરકનો રસ્તો છે. સંસારીઓ જેને નિંદે છે એનામાં જ પ્રાયઃ કાંઈ માલ હોય છે.

(૬) સુખના ઉપર મોટા પથ્થર પડજો ! કારણ કે સુખની મીઠી કેફની લીધે હૃદયમાંથી રામ જતા રહે છે. બલિહારી તો દુઃખને છે, કે જે ક્ષણે ક્ષણે રામનામને યાદ કરાવે છે.

(૭) સઘળા સંતજનો પોકારી ગયા છે કે જ્યાં 'આપા' અથવા 'હું' પણું છે ત્યાં અનેક અવગુણ ભર્યા છે. જે 'આપા'ને ભજવાનું છોડી દઈ 'હરિ'ને ભજે તે ખરો સંત કહેવાય. અહીં શબ્દાર્થ વિચારવા જેવા છે. 'હું' પણાની સાંકડી જેલમાંથી મનને મુક્ત કરી પરમાત્મતત્ત્વ કે જે વિશ્વવ્યાપક છે તેને 'ભજવું' એટલે તે ભાવમાં જવું (ભજવું=જવું.).

(૮) હરિજન તો એવો હોય કે જાણે ફોફલ અથવા ભાગેલી સોપારી જોઈ લો ! પોતાના ટુકડા થશે તે સહન કરીને પણ બીજાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તન તાપ જિનકો નહીં, ન માયા મોહ સંતાપ;
હરખ શોક આશા નહીં, સો હરિજન હર આપ. ૯

ચંદન જૈસા સંત હૈ, સર્પ જૈસા સંસાર;
અંગ હિ સે લપટા રહે, છાંડે નહિં બિકાર. ૧૦

એક ઘડી આધી ઘડી, આધીહૂમેં આધ;
સંગત કરિયે 'સંત' કી, (તો) કટે કોટ અપરાધ. ૧૧

ફાયદો કરશે. 'જગ-સેવા' એ જ એનો 'ધર્મ' હોય છે.

(૯) હરિજન અને હરિ બે એક જ છે, બેમાં ભિન્નભાવ નથી; પણ કયારે કે તેને શરીરનો તાપ એટલે પીડા લાગી શકે જ નહિ એવો તલ્લીન ભાવ પેદા થયો હોય, માયા-મોહનો પણ સંતાપ દૂર થયો હોય અને હર્ષ-શોક-આશા રહી ન હોય.

(૧૦) 'સંત' અને 'સંસારી' એ બે વચ્ચે તફાવત બતાવે છે કે; સંત તો ચંદન સમાન છે અને સંસારી જન સર્પ જેવા છે. ચંદન પોતે ઘસાઈને પણ પરને શાંતિ આપે છે. સર્પ પોતાને દૂધ પાનારને પણ કરડે છે. બસ એટલો જ તફાવત! બાકી કાંઈ મેલાં લૂગડાંનો કે સરળતારહિત ચહેરાનો કે એવો કોઈ બાહ્ય તફાવત નથી!

(૧૧) અને એવા સાચા 'સંત'ની સોબત એક ઘડીને માટે જ મળે-અરે અડધી કે પા ઘડી જ મળે, તો પણ એની સંગતથી, કરોડો પાપ નાશ પામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ : સાધુ થવું કાંઈ રસ્તામાં પડયું નથી

જબ લગ નાતા જાતકા, તબ લગ ભગત ન હોય;
નાતા તોડે હરિ ભજે, 'ભક્ત' કહાવે સોય. ૧

હાટ હાટ હીરા નહીં, કંચનકા ન પહાર;
સિંહનકા ટોલા નહીં, સંત બિરલ સંસાર. ૨

સંત સંત સબ કોઈ કહે, સંત સમંદર પાર;
અનલ પંખકા એક હૈ, પંખકા કોટ હજાર. ૩

---

(૧) 'હરિભક્ત'અથવા સાધુ બનવું કાંઈ રસ્તામાં પડ્યું નથી. જ્યાં સુધી 'જાત' સાથે 'નાતો' રહે છે એટલે કે સંબંધ રહે છે ત્યાં સુધી 'ભક્ત' થઈ શકાય જ નહિ. 'નાત' એ એક સંસારીજનોએ ઉત્પન્ન કરેલો ભેદભાવ છે. એ 'ભેદભાવ' ભક્ત પુરુષને હોય જ નહિ. અને મન તો 'વસુધા એ જ કુટુંબ' એમ હોય. આવા ક્ષુદ્ર બંધારણોનો નાતો એટલે સંબંધ ન રાખતાં જે હરિથી જ નાતો રાખે તે 'સાધુ' પુરુષ અથવા 'હરિભક્ત' કહેવાય.

(૨) દુકાને–દુકાને કાંઈ હીરા વેચાતા નથી; હીરા વેચનાર ઝવેરીની દુકાનો તો થોડી જ હોય છે. કંચન એટલે સુવર્ણના કાંઈ પહાડ હોતા નથી. સિંહનાં ટોળાં ફરતાં નથી; સિંહ તો રડ્યાખડ્યા જ જોવાય છે. તેમ હીરા–સુવર્ણ અને સિંહની સરખામણીમાં મૂકાય એવા સંતો પણ રડ્યાખડ્યા જ જોવામાં આવે છે. એનાં કાંઈ ટોળેટોળાં ભટકતાં જોવામાં આવશે નહિ.

(૩) 'સબ કો' એટલે સર્વ કોઈ એમ જ કહે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરાકા તો દલ નહીં, ચંદનકા બન નાહિં;
સબ સમુદ્ર મોતી નહીં, યોં હરિજન જગ માંહિ. ૪
ચાર ચિન્હ હરિભક્તકે, પ્રગટ દિખાઈ દેત;
દયા ધર્મ આધિનતા, પર દુ:ખકો હર લેત. ૫

'અમે સંત છીએ–અમે સંત છીએ' અથવા 'અમારા ગુરુ સંત છે.' પરંતુ સંત કાંઈ રસ્તામાં આથડતા નથી, એ તો સમુદ્રની પાર છે. એટલે કે જેમ યુરોપ આદિ કોઈ દેશ જોવા હોય તો સમુદ્ર ઓળંગવાની તકલીફ સહેવી પડે છે, ત્યારે જોવાય છે. તેમ ઘણી તકલીફે કોઈ રડ્યોખડયો સંત મળી આવે છે. જેમ કે, ગુપ્ત પાંખોવાળા ગરુડપક્ષી તો કોઈક જ હોય છે, પણ દેખાતી પાંખવાળાં પક્ષીઓ હજારો–કરોડો હોય છે. પણ તે પક્ષીઓ કાંઈ આખો સમુદ્ર તરી શકે નહિ.

(૪) શૂરવીર પુરુષોનાં કાંઈ ટોળેટોળાં હોતાં નથી. લશ્કરમાં પણ થોડા જ પુરુષો ખરેખરા શૂરા હોય છે, જેમની હાજરીથી બીજા સૈનિકોને શૂરાતન ચડી આવવાથી લડે છે. વળી ચંદન એટલે સુખડનાં ઝાડનાં કાંઈ વન હોતાં નથી; અને મોતી કાંઇ બધા સમુદ્રમાં પાકતાં નથી; તેમ જ હરિજન અથવા સાચા સંત પણ જગમાં ઠેરઠેર નથી મળતા.

(૫) હરિભક્તને ઓળખવા માટે સામાન્ય રીતે ચાર ચિહ્નો યાદ રાખવાં. (૧) દયા, (૨) ધર્મ અથવા કર્તવ્યપરાયણતા, (૩) નમ્રતા અને (૪) પરાયાં દુ:ખો દૂર કરવાની તત્પરતા. આ ગુણો વડે 'સંત' ઓળખી શકાય. હવે વાંચનારાઓએ પોતપોતાના ગુરુઓમાં આ ચાર ગુણો શોધી કાઢવા માટે ખૂણા–ખાંચરા જેટલા ઢૂંઢાય તેટલા ઢૂંઢી જોવા અને પછી ગુરુ ખરે જ 'સંત' છે એમ ખાતરી થાય તો તેને પોતાનો માલિક માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઘડી આધી ઘડી, ભાવ ભજનમેં જાય;
સતસંગત પલહી ભલી, જમકા ધકા ન ખાય. ૬

કબીર સેવા દો ભલીં, એક સંત એક રામ;
રામ હૈ દાતા મુક્તિકા, સંત જપાવે નામ. ૭

સર્વસ્વ અર્પણ કરવું; અને જો દયા ખરેખરી ન હોય, પોતાની ફરજ બજાવવામાં અપ્રમત્ત દશા ન હોય, નમ્રતાની જગાએ અહંપદ હોય, પારકાં દુ:ખોનો ખ્યાલ પણ હૃદયમાં ન હોય; આવું જણાય તો એવા ગુરુને, કબીરજીએ બીજી જગાએ કહ્યું છે તેમ, જંગલ વચ્ચે આવેલા કોઈ ઊંડા કૂવામાં નાખી દેવા, કે જેથી તે ગુરુ, બીજાઓને પણ ડુબાવતા બંધ થાય!

(૬) ભજનના બે પ્રકાર છે: (૧) દ્રવ્યભજન ને (૨) ભાવ-ભજન. 'દ્રવ્યભજન' તો બહારથી ભગવાનની સ્તુતિ કરવી તે, સ્તવન ગાવાં તે અને 'ભાવભજન' એટલે મનથી ભગવાન-માં લીનતા કરવી તે. એવી લીનતા જો એક ઘડી કે માત્ર અડધી ઘડી જ થાય તો તે માણસને જમના ધક્કા બહુ ન ખાવા પડે. 'ભાવભજન' કરતાં પણ જો સત્સંગતનો જોગ મળી જાય તો જોઇ લો મજાહ! અડધી ઘડી નહિ પણ એક પલ માત્ર જો સત્સંગત મળે તો એથી યે વધારે લાભ થાય; કારણ કે આપણી મેળે જે 'ભાવભજન' કરીએ તે કરતાં સંતે બતાવેલા કૂંચી (ચાવી) વડે ભજન કરીએ એ હજારગણું વધારે અસરકારક નીવડે, એ દેખીતું જ છે.

(૭) કબીરજી કહે છે કે 'સેવા' કરવી તો બેની જ કરવી; કાં તો 'સંતની અને કાં તો રામની. વચ્ચે અધકચરિયા પુરુષો-ની કે પથ્થરની સેવા કરવાથી કાંઈ દહાડો વળે નહિ. રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાકાર હરિ રૂપ હૈ, પ્રેમ પ્રીતસોં સેવ;
જો માગે આકારકો, (તો) સંતો પરછત દેવ. ૮

સંત વૃક્ષ હરિ નામ ફલ, સત્ગુરુ શબ્દ બિચાર;
હોતે અસ હરિજન ન તો, જલ મરતા સંસાર. ૯

મુક્તિના દાતા છે, અને સંત છે તે રામ નામ બરાબર જપવાની રીત બતાવે છે, રામની 'પિછાન'કરાવે છે.

(૮) હરિ એટલે પરમાત્મા તો નિરાકાર છે; એને કાંઈ પુષ્પાદિથી પૂજી શકાય નહિ. એની સેવા તો પ્રેમરૂપી પ્રીતિથી જ થાય. એટલે કે અંતઃકરણમાં એના ઉપર પ્રેમ આવવાથી જ એની સેવા થઈ ગઈ. પરંતુ જો કોઈ માણસથી 'નિરાકાર'ની સેવા ન બની શકે તેમ હોય અને 'સાકાર'ની સેવાની જરૂર હોય તો નિરાકાર એવા જે પરમાત્મા તેનું આકારવાળું સ્વરૂપ એ જ 'સાધુ પુરુષ' છે એમ માની સાધુની સેવા કરવા દો. કારણ કે 'સાધુ'માં 'પરમાત્માના'ના ગુણોની વાનગી છે.

(૯) અહીં કબીરજી સ્પષ્ટ ખુલાસો કરે છે કે, સંતરૂપી વૃક્ષ છે, તેનું 'હરિનામ' એ ફળ છે. સત્ગુરુનો શબ્દ એ જ પરમાત્માનો શબ્દ છે. આવું વૃક્ષ જો આ દુનિયામાં ન હોત તો સંસાર તાપથી બળી મરત. વૃક્ષ એને શીતળતા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ : 'કહેણી' સાથે 'કરણી'

અથવા

'જ્ઞાન' સાથે 'ક્રિયા'

'જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે' એમ જે કહેવાય છે તેનો અર્થ કેટલાક એમ કરે છે કે, પ્રથમ જ્ઞાન થાય અને પછી ક્રિયા થાય. પરંતુ ખરો અર્થ એ છે કે જ્ઞાનપૂર્વક–સમજપૂર્વક ક્રિયા કરવી, તો જ મોક્ષ મળે. મતલબ કે મોક્ષ તો ક્રિયાથી જ છે, માત્ર સમજવાથી નહિ; પણ તે ક્રિયા દેખાદેખીથી કે સ્વાર્થથી થતી ન હોવી જોઈએ, સંપૂર્ણ વિવેક સાથે–જ્ઞાનપૂર્વક હોવી જોઈએ. વળી ધ્યાનમાં રહેવું જોઈએ કે 'ક્રિયા' એટલે 'વિધિ' એવો અહીં અર્થ નથી; પણ ક્રિયા એટલે 'કાર્ય' એવા રૂપમાં છે.

માણસ એક વાત ખરી માને પણ વર્તનમાં તે ખરી વાત-નો અમલ ન કરે તો તેથી કાંઈ મોક્ષ ન મળે. અલબત, આટલું તો ખરું જ છે કે 'જાણપણું' એ પણ મોટી વાત છે. જાણ-પણું હશે તો કોઈક દિવસ તદનુસાર ક્રિયા–વર્તન પણ થશે. તેટલી અપેક્ષાએ માત્ર જાણપણું ધરાવતા પુરુષો અપમાનને લાયક તો નથી જ. પરંતુ જેઓ મોટી મોટી વાતો માત્ર પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાને માટે કરે અને વર્તનમાં છેક જ નીચી પંક્તિએ જઈ બેસે, મતલબ કે તે એક સામાન્ય માણસ પણ ન કરે એવાં દુષ્ટ કામો કરે, એવા માણસો તો ખરેખર ધર્મને લજ-વનારા જ ગણાય. એવાના સંબંધમાં કબીરજીના ચાબખા બહુ વિચારવા જેવા છે. આપણે તે હમણાં જ જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહતા પર કરતા નહીં, મુંહકા બડા લબાર;
કાલા મુંહ લે જાયગા, સાહબકે દરબાર ! ૧
કહના મીઠી ખાંડ સી, કરના બિખકી લોય;
કહની ત્યોં રહની રહે, બિખકા અમૃત હોય. ૨
જૈસી બાની મુખ કહેં, તૈસી ચાલે નાહિં;
મનુષ્ય નહિં વે સ્વાન હૈ, બાંધે જમપુર જાહિં. ૩

---

(૧) જે માણુસ કહે છે તેવું કરતો નથી તે મુખનો લબાડ છે. પરમાત્માના દરબારમાં તે પોતાનું કાળું મુખ લઈને જશે. (જૈનોના 'કિલ્મીષી દેવ' ની માન્યતા સાથે આ વિચાર સરખાવવા જેવો છે.)

(૨) કહેવું એ તો ખાંડ ખાવા જેવું કામ છે, પણ કરવું એ તો વિષની લૂગદી ખાવા જેવું કઠિન કામ છે. જે માણુસ કહેણી-રહેણી એકસરખી રાખે છે, તે તો વિષને પણ અમૃત કરી શકે છે. આ વાકયના બે અર્થ થઈ શકે. રહેણી-કહેણી બન્ને જેનામાં હોય તેવા પુરુષો, એટલે કે 'જ્ઞાનપૂર્વક ક્રિયા' કરનારા પુરુષો, એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય ત્રણે જેનામાં છે એવા પુરુષોને અમુક લબ્ધિઓ, વગર ઇચ્છાએ જ, સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે, જેને પ્રતાપે વિષનું અમૃત પણ થઈ જાય એ કાંઈ તાજુબ થવા જેવું નથી. બીજો અર્થ એવો થાય કે, એવા પુરુષો આગળ ઝેર જેવા શબ્દો કે બનાવો આવે તેને પણ તેઓ અમૃત જેવા માની લે, પણ ક્રોધ કે આત્મકલેશ ન જ કરે.

(૩) જે માણુસ બોલે કાંઈ, ને ચાલે કાંઈ, તેને 'માણુસ' નહિ પણ 'કૂતરો' સમજો. તેવો માણુસ અહીં-આ દુનિયામાં જ જમપુરી બનાવે છે. આ બહુ સમજવા જેવી બાબત છે. સામાન્ય 'ઇચ્છાઓ' અથવા વાસનાઓ તો થોડા જ્ઞાનથી પણ દૂર થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથની બકની છોડ દે, રહનીસે ચિત લાય;
નિરખિ નીર પીયે બિના, કબહૂ પ્યાસ ન જાય. ૪
કથતે–બકતે મર ગયે, મૂરખ કોટ હજાર;
કથની કાચી પર ગઈ, રહની રહી સો સાર. ૫

જાય છે; પણ જે તીવ્ર વાસનાઓ ઘણું જાણપણું થવા છતાં પણ છૂટે નહિ તે વાસનાઓ તો ખરેખર તેજસ્ શરીરને ઘણું જ કદ્દરૂપુ બનાવી દે છે અને તે સૂક્ષ્મ સૃષ્ટિમાં યમ જેવી આકૃતિઓ ધારણ કરી પેલા ‘કહેણી પર કરણી નહિ’ વાળા પંડિતને અનેક રીતે પજવે છે.

(૪) હે ભાઈ! તું બહુ બોલવું જવા દે; કરણી તરફ ચિત્ત લગાડ. મતલબ કે દંભ જવા દે અને તને જે ખરું જણાય તે કરી બતાવ. તારું વર્તન નિર્મળ બનાવ. ઉચ્ચ ચારિત્ર્ય ખીલવ. પાણી નિર્મળ છે કે નહિ તે તપાસવું જરૂરનું છે એ વાત હું કબૂલ રાખું છું; પણ પાણી નિર્મળ હોવાની ખાતરી થયા પછી તેને ગળે ઉતાર્યા વગર કાંઈ તરસ મટવાની નથી. જાણવું તેમજ કરવું એ બન્ને ક્રિયા વગર કાંઈ દારિદ્રય દૂર થવાનું નથી. પાણીને બદલે ઉતાવળથી ઝેર પીધું હોત તો જીવ પણ જાત; માટે જાણપણું શુદ્ધ જોઈએ. તેમજ પાણીની ખાતરી થયા પછી તેને જોયાં જ કરે–પીએ નહિ તો પણ તરસથી જીવ જાય.

(૫) કથતાં–બકતાં તો કરોડ હજાર ઉપદેશકો મરી ગયા; તેમાંના કોઈનું નામનિશાન પણ આજે રહ્યું નથી. કારણ કે ‘કથની’ થોડા વખતમાં ‘કાચી પડે છે’–દેવાળું ફૂંકે છે. પારકા રૂપિયા લાવીને સરાફું કરે તે કેટલો વખત ચાલે? ઘરમાં મૂડી હોય તો જ સરાફું લાંબો વખત ચાલી શકે. રહેણી તો ઘરની લક્ષ્મી છે–અંતરની મિલકત છે. અંતરમાં સંપૂર્ણ પવિત્રતા સિવાય શુદ્ધ રહેણી હોય જ નહિ. માટે રહેણી તો હજારો વરસ સુધી જગતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૈસી મુખતેં નીકસે, તૈસી ચાલે ચાલ;
પારબ્રહ્મ નેડા રહે, પલકમેં કરે નીહાલ. ૬
કથની કથે સો પૂત હમારા, વેદ પઢે સો નાતી;
રહની રહે સો ગુરૂ હમારા, હમ હૈ તાકે સાથી. ૭

જીવોને ઉપદેશ કરનારી થઈ પડે છે. કવિ લૉંગફેલો ઠીક કહે છે કે:—

મહાત્માઓના શબ્દો જેટલી અસર નથી કરતા તેટલી અસર તેમનાં મૂંગા આત્મભોગનાં કૃત્યો–જગસેવાનાં કાર્યો કરે છે.

(૬) જેવું બોલે તેવું જ કરે અને પરમાત્માની સાથે જ પોતે છે એવું ભાન ક્ષણ માત્ર ન ભૂલતાં, દરેક કામ તે ભાન સાથે જ કરે તે માણસ નિહાલ થાય, તેનો બેડો પાર ઊતરે. લૉન્ગફેલો બરાબર જ કહે છે કે:—

વાતો કરવાનું કામ નથી, કાળજું ઠેકાણે રાખીને અને પરમાત્માને શિર પર રાખીને આજે જ કામ કરો.' 'કર્મયોગ'ની આ હિમાયત બહુ જ ઉત્તમ છે. ઈશ્વર આવો છે ને તેવો નથી, ઈશ્વર છે કે નથી, ઈશ્વર કર્તા છે કે નથી, એવી બૂમો પાડનારાઓ પોતાને જે કાંઈ ખરું લાગતું હોય તેટલું પણ જો કરવા માંડતા હોય–અને લૉન્ગફેલોની સલાહ પ્રમાણે કાળજું ઠેકાણે રાખીને કરવા માંડતા હોય, તો કરતાં કરતાં બધું જ્ઞાન મળી રહેશે. જે જેને લાયક છે, તેને તે મળ્યા વગર નથી જ રહેતું.

(૭) પોતાની બુદ્ધિ મુજબ કથની કથે તે માણસ કબીરને મન 'છોકરા' જેવો છે; એથી આગળ વધીને જે માણસ 'વેદ' ભણે તે કબીરનો 'નાતીલો' છે અને એથી યે આગળ વધીને જે માણસ આચારશુદ્ધિ અથવા ઉચ્ચ ચારિત્ર્ય પાળે છે તે તો કબીરને મન 'ગુરુ' છે. આ બહુ સમજવા જેવું છે. કથની કથનાર કબીરના પુત્ર સમાન છે, એટલે કે તે માણસ કમઅક્કલનો છોકરમત છે અને તેની તો કબીરજી પોતાના પુત્ર જેટલી દયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રૂર કરની છુટે નહીં, જ્ઞાન હી કથે અગાધ;
કહે કબીર તા દાસકો, મુખ દેખે અપરાધ. ૮
રહેનીકે મેદાનમેં, કથની આવે જાય;
કથની પીસે પીસનાં, રહેની અમલ કરાય. ૯

ખાય છે. જે માણુસ વેદ ભણે છે એટલે (વિદ્=જાણવું; 'વેદ' એટલે જ્ઞાનનો સંગ્રહ) જે માણુસ જ્ઞાનનાં પુસ્તકો ભણે છે તે કબીરજીનો 'નાતીલો' એટલે એક જ વર્ગનો હોય એમ કબીરજી (વિવેકને લીધે) કહે છે. જો કે પોતે તે સ્થિતિથી આગળ વધી ગયા છે, તો પણ પોતાની બડાઈ કરવી પસંદ ન હોવાથી કહે છે કે, હું પણ હજી 'અભ્યાસી' છું અને નિરાભિમાનપણે મહાત્મા કબીરજી ઉમેરે છે કે, જે માણુસ ઉચ્ચ વર્તનવાળો છે તે તો મારો 'ગુરુ' થવા લાયક છે. આનું નામ નિરાભિમાનવૃત્તિનો ઉપદેશ! જેવો ઉપદેશ તેવું વર્તન!

(૮) જે માણુસ 'અગાધ' જ્ઞાનની વાતો કરે અને તે છતાં એનાં સામાન્ય ખરાબ કૃત્યો ન સુધરે તે તો જાણે ઠીક, પણ દુષ્ટ કૃત્યો પણ છૂટે નહિ એવા 'દાસ' અથવા 'ગુલામ'ને માટે કબીરજી કહે છે કે, એનું તો મોં જોવાથી પણ પાપ લાગે! આખા પ્રકરણમાં 'કરણી' એટલે વર્તન અથવા કર્તવ્ય–કાર્ય એ જ અર્થ છે, એ વાત ભૂલવી નહિ. કોઈ અમુક ધર્મની ક્રિયાઓ (તિલક, પૂજન, ખમાસણાં વગેરે) આ શબ્દથી સમજવાનાં નથી.

(૯) 'રહેણી' નામે એક મેદાન છે, જ્યાં 'કથની' નામની એક બાઈ કોઈ કોઈ વખત હવા ખાવા આવે છે. મતલબ કે મેદાન તો એક જગાએ કાયમ રહેવાનું છે, તે કાંઈ બદલાવાનું નથી; પણ હવા ખાનારી જેવી કથની તો આવે ને જાય. બીજી રીતે કહે છે કે, કથની તો 'દાસી' છે, તે દરણાં દળ્યા જ કરે; અને રહેણી છે તે 'રાણી' છે, જે હુકમ કર્યા કરે છે. રાણી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરણકી ચોરી કરે, કરે સુઇકો દાન;
ઉંચા ચઢ કર દેખતે, કૈતક દૂર વિમાન! ૧૦
કબીર મન ફૂલ્યા ફિરે, કરતા હૂં મૈં ધ્રમ;
કોટિ કરમ શિર લે ચલ્યા, ચેત ન દેખે બ્રહ્મ. ૧૧
તીરથ ચલા નહાનકો, મન મેલા ચિત ચોર;
એકો પાપ ન ઉતાર્યો, લાયા મન દશ ઔર. ૧૨

અક્ષર બોલે નહિ અને આંખના ઇશારાથી કાંઈ ફરમાશ કરે તે સાથે જ સેંકડો દાસ-દાસીઓ હુકમનો અમલ કરે છે; તેમ પવિત્ર વર્તન કોઈનામાં જોવામાં આવે છે કે તુરત તેની મૂંગી છાપ આસપાસના હજારો માણસનાં મન પર પડી જાય છે; અને તે અસર પણ કાયમની રહે છે. પણ ઉપદેશની અસર એટલી સ્થિર ભાગ્યે જ રહે છે; એ તો દળણું દળવા જેટલી જ આવકનું કામ છે.

(૧૦) આજકાલ લોકો કેવી જાતનો ધર્મ કરે છે તે તો જુઓ! એરણની ચોરી કરીને એક સોયનું દાન કરે છે; પછી છાપરે ચડીને જુએ છે કે હવે મારાથી સ્વર્ગનું વિમાન કેટલુંક દૂર રહ્યું છે?! ઘણાયે શેઠિયાઓ અનેક અનીતિને રસ્તે લાખો રૂપિયાની મૂડી એકઠી કરીને પછી થોડાક સો કે થોડાક હજારનું દાન કરે છે, પણ તેથી કાંઈ સ્વર્ગ મળે નહિ.

(૧૧) મનમાં ફૂલાય છે કે હું તો બહુ બહુ ધર્મ કરું છું! એવો ફૂલણશી માથા પર કુકર્મોનો પોટલો તો વધારતો જ જાય છે અને બ્રહ્મને ઓળખવા પ્રયત્ન કરતો નથી.

(૧૨) મૂર્ખ માણસ તીર્થસ્નાન કરવા ચાલ્યો, પણ મન તો મલિન છે અને ચિત્તડું ચોર છે, તેથી પાપ એક પણ ટળવાને બદલે ઊલટાં દશ પાપ લઈને ઘેર આવ્યો! વાહ રે તીર્થસ્થાન!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્હાયે ધોયે ક્યા ભયે? મનકો મૈલ ન જાય;
મીન સદા જલમેં રહે, ધોવે ગંધ ન જાય. ૧૩
જૈસી કરણી આપકી, તૈસા હી ફલ લેય;
કૂડે કર્મ કમાયકે, સંઇયાં દોષ ન દેય. ૧૪

૨

રામ ઝરોખે બૈઠ કર, સબકા મુજરા લેત;
જિનકી જૈસી ચાકરી, તીનકો વૈસા દેત. ૧

---

(૧૩) ન્હાયે-ધોયેથી શું થયું ? એથી કાંઇ મનનો મેલ દૂર થવાનો નથી. એમ તો માછલાં આખી જિંદગી સુધી જળમાં જ રહે છે. માટે સ્થૂલ દેહ ધોયેથી કાંઇ આત્માનું કલંક જાય નહિ. આ વાત તદ્દન સાચી છે. પણ તે ઉપરથી કોઇએ એવું નથી સમજવાનું કે માણસ માત્રે સ્નાન જ ન કરવું, એમ કબીરજી ઉપદેશ કરે છે. ના, માણસે પોતાના શરીરની સાચવણી માટે આહાર, સ્નાન, નિદ્રા, ઉદ્યમ વગેરે જે કાંઇ કરવું પડે તે વિવેકપૂર્વક કરવું જ જોઇએ. પરન્તુ કબીરજી તો માત્ર એમ કહે છે કે સ્નાન કરવાથી ધર્મ થાય છે એવી ગેરસમજ ન ધરાવવી.

(૧૪) હે ભાઇ! જેવી તારી કરણી (વર્તન) તેવું જ ફળ ભોગવવા તૈયાર થા. કૂડાં કર્મ કરીને પછી નાહક પરમાત્માને શિર દોષ ન દઇશ. સુખ-દુઃખ એ માત્ર સારાંખોટાં કર્મના 'વિપાક' છે. અહીં સ્પષ્ટ કહે છે કે, બાહ્ય ક્રિયા ઉપર સુખ-દુઃખનો આધાર નથી પણ કરણી એટલે વર્તન પર છે.

(૧) રામ (રમ્=રમવું)—સઘળી જગાએ રમી રહેલો એવો 'કર્મનો કાયદો' બધાનો હિસાબ પૂછે છે અને જેવી જેની 'ચાકરી' (પબ્લિક સર્વિસ-પરોપકારનાં કામો) તેવું તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહબકે દરબારમેં, સાચેકો શિરપાવ;
ઝૂઠા તમાચા ખાયગા, કહા રંક કહા રાવ! ૨
સઇયાંકે દરબારમેં, કમી કછૂ હૈ નાહિં;
બંદા મૌજ ન પાવહી, (તો) ચૂક ચાકરી માંહિ. ૩

ફળ તેને આપે છે. 'કર્મ'ના કાયદાની ચુંગાલમાંથી કોઇ બચી શકતું નથી; કે તેને કોઇ ઠગી શકતું નથી.

(૨) પરમાત્માનો ન્યાય એવો છે કે, સાચાને દુનિયા જેની કિંમત ન સમજી શકે એવું વિચિત્ર પ્રકારનું ઇનામ મળે છે; અને જૂઠાને તમાચા મળે છે, પછી ભલેને તે શખ્સ રાજા હોય કે રંક હોય! કર્મનો અચળ કાનૂન ગુપ્ત રીતે કામ કર્યા જ કરે છે. જયારે માણસને દુઃખ પડે છે ત્યારે જ તે કાનુનની હયાતીનું સ્મરણ થાય છે.

(૩) પરમાત્માને ત્યાં કોઈ જાતની કમીના નથી. મતલબ કે વિશ્વમાં કોઇ જાતનાં સુખોનો તોટો નથી, જેથી તેને તે આપતાં આંચકો ખાય. સવાલ માત્ર એટલો જ છે કે, તારી 'ચાકરી'માં 'ચૂક' અથવા કચાશ છે તેથી 'મોજ' મળતી નથી–સુખ અને 'તું' એ બે વચ્ચે 'અંતરાય'–પડદો આવી રહે છે. છતી શક્તિએ જેઓ દાન નથી કરતા તેઓને સુખનો અંતરાય પડે છે, એમ જૈન શાસ્ત્ર પણ પોકારી પોકારીને કહે છે. છતાં ચાકરી–જગસેવા સૂઝતી નથી અને 'મોજ' એટલે સુખનાં સાધન ઇચ્છે છે, એવો મૂર્ખ આ જીવ છે! પણ જાણતો નથી કે આ વિશ્વ એ હરિનું અંગ છે; વિશ્વની સેવા કરશો તો હરિની જ સેવા છે (કાંઈ બાહ્ય ક્રિયા–પૂજા એ સેવા નથી); માટે હરિ પાસેથી સુખ લેવું હોય તો હરિના અંગરૂપ વિશ્વના જીવોને શાતા (સુખ) પમાડવા બનતું કર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહબ કે દરબારમેં, ક્યોં કર પાવે દાદ?
પહલે કામ બુરા કરે, બાદ કરે ફર્યાદ! ૪
દાતા નદી હૈ એક સમ, સબ કોઈકો દેત;
હાથ કુંભ જિસકા જિસા, તૈસાહી ભર લેત. ૫

(૪) હે મૂર્ખ! તને સુખ નથી મળ્યું એ માટે તું પરમાત્માને ફરિયદ કરે છે કે? શું તું નથી જાણતો કે તેં પ્રથમ જ બૂરાં કામ કર્યાં છે, તો હવે શું મોં લઈને ફરિયાદ કરવી? એને ત્યાં તો ઇન્સાફ જ છે; માત્ર તારી યાદશક્તિ તારાં કુકર્મોને લીધે મારી ગઈ છે; તેથી પાછલાં કામો અને આજના બનાવો વચ્ચે જે ઝીણો પણ સળંગ તાર છે તે તું જોઈ શકતો નથી.

(૫) નદી અને કુદરત બન્ને એકસરખાં છે; આને આપું અને આને ન આપું એવો એકેનો વિચાર છે જ નહિ. ખુલ્લા મેદાન વચ્ચે નદી ધીમો મીઠો અવાજ કરતી વહ્યાં કરે છે, કે જે અવાજ એમ બોલે છે કે, 'આવો અને આ જળ પી શાન્ત થાઓ!' જે 'અહંપદ' વાળો માણસ નમીને પાણી ભરવાનું પસંદ ન કરતો હોય તે તરસ્યો જ મરે તો તેમાં નદીનો શો દોષ? અને જે માણસ એટલી નમનતાઈ બતાવી શકતો હોય તે માણસ પોતાના ખોબાના પ્રમાણમાં કે પોતાની પાસે પ્યાલો-લોટો કે ઘડો જે કાંઈ પાત્ર હોય તેના પ્રમાણમાં પાણી લઈ શકશે; કોઈ ઓછું અને કોઈ વધારે. નદીએ કોઈને ઓછું આપ્યું નથી અને કોઈને વધુયે આપ્યું નથી. કોઈએ વધુ લીધું અને કોઈએ ઓછું લીધું. આપનારનો દોષ નથી, લેનારનો દોષ ભલે કહો. ત્યાં પણ લેનારનો 'દોષ' ન કહો, લેનારની 'શક્તિ'નો કહો. (લેવાનું સૂઝયું એ પોતે જ સદ્‌ભાગ્યની નિશાની છે.) તેવી જ રીતે વિશ્વમાં સુખ જ ભરેલું છે, પણ તે લેવાની જેટલી તમારી શક્તિ તેટલું તમારું! તમારા ઘડાને-હૃદયને જેમ વિશાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તોકોં કાંટા બુવે, તાહિ બો તૂ ફૂલ;
તોહિ ફૂલકો ફૂલ હૈ, વાંકો કાંટા સૂલ! ૬
કહેતા હૂં, કહે જાત હૂં, દેતા હૂં હેલા;
'ગુરુકી કરની ગુરુ તિરે, ઔર ચેલાકી ચેલા.' ૭

બનાવશો તેમ વધારે સુખ એમાં ઝીલી શકશો.

(૬) જે તને કાંટો મારે તેને પણ તું તો ફૂલ જ મારજે; અર્થાત્ ફૂલ જેવી સુગંધી યાને પ્રેમભાવના તેની તરફ મોકલજે. એમ કરવાથી તને તો ફૂલનું ફૂલ જ મળશે અને પેલાને કાંટા અને શૂળ જ વાગશે. કાંટો મારનારા જે ખરાબ ભાવનાથી કાંટો ફેંકે છે, તે ખરાબ ભાવના તેના સૂક્ષ્મ દેહમાંથી છૂટીને તારા તરફ દોડશે પણ તારા સૂક્ષ્મ શરીરમાં તેવી ગંદી ચીજને રહેવાને જગા ન હોવાથી (તેનું આકર્ષણ ન થવાથી) ને ખરાબ ભાવના પાછી જઈ જ્યાંથી નીકળી હતી ત્યાં જ પેસે છે. આ રીતે કાંટો તેને જ વાગે છે. હવે તું કે જેણે તેનું ભલું જ ઇચ્છયું હતું એવા તારા સૂક્ષ્મ શરીરમાંથી છૂટેલી તે સુગંધમય પ્રેમભાવના તેના શરીરને સ્પર્શવા જશે, ત્યાં જો તે પોતાને લાયક ખૂણોખચકો પણ જોશે તો તો ત્યાં રહીને તેને ફાયદો કરશે; અને જો તિલમાત્ર જગા પોતાને લાયકની નહિ જુએ, તો પાછી ફરીને પોતાના જન્મ-સ્થળની આબાદીમાં વૃદ્ધિ કરશે; આ હિસાબે તને તો ફૂલનું ફૂલ જ મળશે.

(૭) કબીરજી કહે છે કે, હે મનુષ્યો! હું કહું છું અને ફરીથી છેવટને માટે કહી જાઉં છું—અરે 'હેલા' એટલે ટકોર મારીને કહું છું કે 'ગુરુની કરણીથી ગુરુ તરશે અને ચેલાની કરણીથી ચેલો તરશે.' જે કરશે તે પામશે. ગુરુની કરણી ચેલાને કે ચેલાની કરણી ગુરુને કાંઈ કામ લાગશે નહિ. આપબળ સિવાય સર્વ નકામું છે. ગુરુ કાંઈ વિમાન આપી શકતા નથી; તે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર હમ તો ઘર કિયા, ગલકટ્ટોંકે પાસ;
કરેગા સો પાયગા, તૂ ક્યોં ફિરે ઉદાસ? ૮
એક હમારી સીખ સુન, જો તૂ હુવા હૈ 'શેખ'
કરૂં કરૂં તૂ ક્યા કહે? ક્યા કિયા હૈ દેખ. ૯

પોતાનું વિમાન પોતે બનાવી ગયા અને શિષ્યને કહેતા ગયા કે આમ વિમાન બનાવાય; તું પણ ગરજ હોય તો આવી રીતે હાથ–પગને શ્રમ આપીને વિમાન બનાવજે એટલે મોક્ષધામ પહોંચી શકીશ.

(૮) કબીરજીએ પોતાનો રહેવાસ ગલકટ્ટા (કસાઈ) લોકોની પાસે રાખ્યો હશે તે ઉપરથી કોઈએ પૂછયું હશે કે, તમે આવા પવિત્ર–પુરુષ થઈને આવી અધમ જગામાં કેમ રહો છો? તેને કબીરજી કહે છે કે, 'કરશે તે પામશે; એમાં હે ભાઈ! નાહક તું કેમ ઉદાસ થાય છે?' મતલબ કે ગલકટ્ટા લોકો જે પાપ કરશે તે તેમને નડશે, એમાં મને શું? બીજો અર્થ એ છે કે, 'હું આમનું જોઈને કુકર્મ શીખીશ તો તેના ફળ હું ભોગવીશ, પરંતુ તું નકામો આવી હાંસી કરીને પાપમાં શું કામ પડે છે? ખરાબ લતામાં ન રહેવું એ નિયમ સામાન્ય માણસે હસી કાઢવા જેવો નથી. માત્ર મહાન ગુણોને ખીલવી મહાત્મા બનેલાને માટે એવા નિયમની કશી જરૂર નથી. કારણ કે, એમની આસપાસ શુભ વિચારરૂપી હીરા–માણેકનો મજબૂત કોટ બંધાયેલો હોય છે; જેને લીધે ખરાબ વાતાવરણ અસર કરી શકતું નથી. બાકી સામાન્ય માણસને તો નિર્દય કે વ્યસની મનુષ્યોની સોબતનું વાતાવરણ જરૂર થોડુંઘણું નડે જ. માટે મોટા પુરુષો કરે તે જ કરવું એમ ન સમજતાં, મોટા પુરુષો પાત્રતા જોઈને કહે તે જ કરવું જોઈએ.

(૯) ઓ શેખ સાહેબ! ઓ ગુરુ મહારાજ! આ ગરી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબ તૂ આયો જગતમેં લોક હસે તૂ રોય;
ઐસી કરની મતિ કરો, કે પીછેસે હસે કોય. ૧૦
ના કછુ કિયા, ન કરિ સકા, ન કરને જોગ શરીર;
જો કછુ કિયા સો હરિ કિયા, તાતેં ભયા કબીર. ૧૧

ખડા કબીર એકજની શિખામણ સાંભળવાની મહેરબાની કરશો? ગુરુમહારાજ, તમે કહો છો કે હું આ કરું ને હું તે કરું ને હું ફલાણું કરું; પણ ભલા માણસ! આજ સુધીમાં શું શું કર્યું તે જરા હૈયું ઉઘાડીને જુઓને! વાયદાનો વ્યાપાર (સટ્ટો) છોડી રોકડિયો જ કરોને! તમે જો આજ સુધીમાં કાંઇ સારું કામ ન કરી શકયા હો તો હવે પછી પણ શું ઉકાળવાના હતા? (કબીરજી તો ગુરુના ગુરુ બનીને ચાબખા લગાવ્યા જ જાય છે, રખેને કોઇ નબળો–દૂબળો આ ચાબખાના મારથી ચિતામાં જાય!)

(૧૦) હે ભોળા! જ્યારે તું આ જગતમાં આવ્યો અર્થાત્ જન્મ્યો ત્યારે તું તો રોતો હતો અને લોકો હસતા હતા! તને એવા વિચારથી રડવું આવતું હતું કે આ ઉત્તમોત્તમ ઓજારરૂપ મનુષ્યખોળિયું પામું તો છું, પણ એનો સારો ઉપયોગ કરીને શાબાશી નહિ મેળાય તો બહુ દુઃખી થવું પડશે. એ વિચારથી તું રોતો હતો અને લોકો એમ ધારીને હસતા હતા કે, આપણે તો આ દુનિયાની હવા લાગવાથી સ્વાર્થી બની બેઠા; પણ આ નવો તાજો જીવ આવે છે તે નિર્મળ રહીને જગસેવા બજાવશે, તેથી આપણું કામ થશે! માટે હવે હે ભાઈ! એવી કરણી કદી ન કરીશ કે જેથી તારા મૃત્યુને લીધે લોકો એમ બોલવા પ્રેરાય કે 'સારું થયું કે આ મૂઓ!' તારા મરણથી ખોટ પડી એમ લોકોને જણાય તો જ તારું જીવવું સફળ છે. (અહીં પણ શુદ્ધ 'કર્મયોગ'નો ઉપદેશ ઝળકી રહ્યો છે. વાહ રે કર્મયોગી કબીરજી!)

(૧૧) કબીરજી કહે છે કે, હું આજે જે છું તે સર્વ હરિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સબૈ રસાયન મૈં કિયા, હરિસા ઔર ન કોય;
તિલ ઇક ઘટમેં સંચરે, (તો) સબ તન કંચન હોય. ૧૨

પ્રતાપ છે; મેં કાંઈ કર્યું નથી, હું કરી શકયો નથી અને કરવા જેવું મારું શરીર પણ નથી. પણ હરિએ આ શરીરદ્વારા જે કાંઈ કર્યું હોય તેમાં આ શરીર શાનો ગર્વ કરે ? મેં કોઈનું કાંઇ કામ કર્યું હોય તો તે હરિની પ્રેરણાથી આ હાથ–પગ ચાલ્યા અને કામ થયું, તેમાં હાથ–પગને શાનો યશ? કોઇને ઉપદેશ દીધો તે હરિએ પ્રેરણા કરી તે મુજબ જીભ બોલી ગઇ. એમાં જીભડી નકામી શાને ફૂલાય ? કબીર મહાત્મા કહેવાયો પણ તે તો એક ખોખું છે, મહાત્મા તો પ્રભુ કે જે કબીરના શરીરદ્વારા મહાત્માપણાનો ખેલ ભજવીને જગતને શિખામણ આપે છે. (વાહ રે 'ત્યાગવૃત્તિ' વાહ! દોલત વગેરે તો ત્યજ્યું! તે ત્યજ્યું પણ કામનો યશ પણ ત્યજ્યો–અરે 'હું'ને જ સમૂળગું ત્યજ્યું! કબીરગુરુ તો ભગવાનથી એકરૂપ થઇને કહે છે કે 'તે તો ભગવાને કર્યું!' પણ ભલા કબીર! આવો મહંત થઇને જૂઠું કાં બોલે છે? તું અને તારો પ્રભુ બે એકરૂપ હો, તો તારા પ્રભુએ કરેલું તે તારું કરેલું કેમ ન કહેવાય?)

આનું જ નામ 'કર્મયોગ' છે; કર્મ એટલે કર્તવ્યકર્મ-જે કાંઇ દુનિયામાં પોતાને કરવા જેવું જણાય તે વિશ્વહિતાર્થે કરીને દૂર થઈ જવું; ફળ ઇચ્છવું નહિ અને ફળ પોતાની પેદાશ છે એમ પણ ન માનવું, એ કર્મના વળગાટથી દૂર રહેવાનો એકનો એક જ રસ્તો છે. એને કર્મ કેમ કરી વળગે ?

(૧૨) કબીરજી કહે છે કે, મેં બધાં રસાયણ જોયાં–તપાસ્યાં–અજમાવ્યાં; પણ હરિનામના રસાયણ જેવું તો એક પણ રસાયણ મારા જોવામાં આવ્યું નહિ. વૈદ્યો ગમે તેટલું રસાયણ ખવરાવે તેથી કાંઈ શરીરનો એક વાળ પણ સોનાનો બની જતો નથી; પણ પરમેશ્વરરૂપી રસાયણની એક રતિ માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ : મગજની પંડિતાઈ વિરુદ્ધ હૃદયની પવિત્રતા

બ્રાહ્મન ગુરૂ હૈ જગતકા સાધૂનકા ગુરૂ નાહિ;
ઉલજ પુલજ કર મરિ રહ્યા, ચારો બેદાં માંહિ. ૧
ચાર બેદ પંડિત પઢ્યા, હરિસોં કિયા ન હેત
બાલ કબીરા લે ગયા, પંડિત ઢૂંઢે ખેત! ૨

જો 'ઘટ'માં (સ્થૂલ શરીરમાં નહિ પણ સૂક્ષ્મ શરીરમાં) સંચરવા પામે તો તે આખું શરીર કંચનમય બની જાય છે. (સરખાવો જૈનોના તીર્થંકરના 'ત્રિગડા ગઢ'ની કલ્પના) જેનું મન હરિ સાથેજ લાગેલું છે, જે આખા વિશ્વને હરિનું અંગ સમજે છે અને જે પોતે હરિની ભક્તિ અથવા વિશ્વસેવા માટેજ જન્મ મળ્યો છે એમ માને છે, તેવી માન્યતાવાળા માણસનું કાર્મણ શરીર ઘણુંજ પ્રકાશિત થાય છે.

જૈનધર્મમાં કહેલી 'લોકભાવના' જે બરાબર સમજ્યો છે (ભૂગોળ–ખગોળ તરીકે નહિ પણ અધ્યાત્મ તરીકે) તે માણસનું કાર્મણ શરીર અતિ પ્રકાશિત થાય એમા પૂછવાનુંજ શું હોય?

(૧) 'બ્રાહ્મણ' એટલે જેને લોકોએ 'ધર્મગુરુ' તરીકે માની લીધેલા છે. તેવા લોકો તો 'જગત'ના એટલે સાધારણ લોકોના ગુરુ છે: અથવા જડમાં સર્વસ્વ માની બેઠેલા દુનિયાદારીના લોકોને માટે એ ગુરુ છે; કાંઈ 'સંત'ના તે ગુરુ નથી. કારણ કે જગતના ગુરુઓ તો વેદને એટલે ધર્મશાસ્ત્રોને ઊલટપાલટ ચૂંથીને પોતાની પંડિતાઈ બતાવી જાણે એટલુંજ; એમનામાં કાંઇ 'પવિત્રતા' ઓછીજ છે! મગજના ગુણ છે, પણ હૃદયના ગુણ નથી; માટે એવાને 'પંડિત' ભલે કહો, પણ 'સંત' કે 'ગુરુ'ન કહેશો.

(૨) એવા 'પોથીમાંનાં રીંગણાં' જેવા ધર્મગુરુઓ

क. ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઢ ગુનકર 'પાઠક' ભયે, સમઝાયા સંસાર;
આપન તો સમજે નહી, વૃથા ગયા અવતાર. ૩
પઢ ગુનકર બામ્હન ભયે, કીર્તિ ભઈ સંસાર;
બસ્તુકી સમજન નહિં, જ્યોં ખર ચંદન ભાર. ૪

સઘળાં ધર્મશાસ્ત્રો ભણીભણીને મોટા પંડિત બન્યા પણ હજી એમના હ્રદયમાં હરિ તરફ હેતની લાગણી થવા પામી નહિ; અર્થાત્ ખરો માલ જે 'ભક્તિ' તે તો તેમને જડ્યો પણ નહિ; એ ખરો માલ (બાલ) તો કબીરો લઇ ગયો, અને પંડિતજી તો ખેતરમાં ઢૂંઢતાજ રહ્યા! બીજા શબ્દમાં કહીએ તો, આ ભાષાજ્ઞાનના પોપટિયા પંડિતો માત્ર બહાર ને બહારજ પરમાત્માને શોધતા ફરે છે તેથી જિંદગી નકામી જાય છે અને કબીરાએ તો પરમાત્માને પ્રથમ પોતાના જિગરમાં શોધી કાઢ્યા અને ત્યાંથી પછી આખા વિશ્વ ઉપર છવાયેલા જોયા.

(૩) ભણીગણીને 'પાઠક'–ઉપદેશક બન્યા અને આખા જગતને ઉપદેશ કરવા લાગ્યા, પણ પોતે તો હજી કાંઇ પણ સમજ્યા નહિ; તો એવા ઉપદેશકનો અવતાર નકામો જ ગયો સમજવો.

(૪) ભણીગણીને 'બ્રાહ્મણ'–'બ્રહ્મજ્ઞ'–પંડિતજી બન્યા, અને સંસારમાં કીર્તિ મેળવી કે ફલાણા ભાઈ તો મોટા કાશીના પંડિત થયા અગર ફલાણા તો મોટા 'આચાર્ય' થયા કે ફલાણા તો 'મહાપુરુષ પંડિતરાજ' થયા; પણ 'વસ્તુ'ની સમજણ હજી પડી નથી અર્થાત્ 'સત્'નું પિછાન હજી એને થયું નથી—શાસ્ત્રોના અક્ષર ગોખી મારવા છતાં અને લાંબા લાંબા ટીકા—ટબ્બા વાંચવા છતાં હજી એ શબ્દોમાં છૂપાયેલું ગુપ્ત રહસ્ય તે શોધી શક્યા નથી—માટે જ કબીરજી કહે છે કે, હે ખર! હે ગધ્ધા! આ વિદ્યારૂપી ચંદનનો ભાર તારા માતેલા શરીર ઉપર તું ભરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઢત ગુનત રોગી ભયે, બઢ્યા બહુત અભિમાન;
ભીતર ભડકા જગતકા, ઘડી ન પડતી શાન. ૫
પઢેં ગુને સબ બેદકો, સમઝે નહીં ગમાર;
આશા લાગી ભમરકી, જ્યોં મકરીકી જાળ. ૬

છે તેથી તને શો લાભ થવાનો છે? તું તેની સુગંધ તો લઈ શકતો નથી; તો પણ કદાચ બીજાનું વૈતરું કરવા માટે–બીજાને માટે આ ભાર ઉપાડતો હોઈશ !

(૫) બહુ બહુ ભણ્યા તો શું મળ્યું? માત્ર અભિમાનરૂપી દરદ! એનું સૂક્ષ્મ શરીર તપાસો તો જણાશે કે ત્યાં તો જગતના પદાર્થોની ઇચ્છારૂપી અગ્નિ પ્રજ્વલિત હોય છે. સ્ત્રી નામથી ઓળખાતો સ્થૂલ પદાર્થ છાંડ્યો હશે પણ તેના સૂક્ષ્મ શરીરમાં સ્ત્રીની લાલસા તો ભડકેભડકારૂપે બળતી હોય છે; ત્રાંબા–રૂપા–નાણું તજ્યું હશે પણ નાણાંથી મળતી ચીજો તો અનેક પ્રકારની ભોગવે છે અને તેનો લોભ પણ અસાધારણ રાખે છે—એટલે સુધી કે પોતાનું માનેલું એક બે બદામની કિંમતનું પાત્ર પણ કોઈ બંધુને લેવા નહિ દે; અભિમાન ન ઉત્પન્ન થાય એટલા માટે ઘર—બાર અને સ્ત્રી વગેરે છોડ્યું પણ અભિમાન તો પહેલાં કરતાં બમણો વધ્યો; આમ તેજસ શરીરમાં અનેક ઇચ્છાઓની આગ બળતી જ હોય છે અને એની બચવાનું ભાન ઘડી પણ આવતું નથી.

(૬) સઘળાં ધર્મશાસ્ત્રો ભણ્યો, પણ ગમારને હજી કાંઇ સમજ પડી નહિ. શાસ્ત્રોમાં મનુષ્યનાં વિવિધ શરીરો શું છે અને આત્માને તે કેવી રીતે ઢાંકી રહ્યાં છે અને તેમની ખીલવટ કેમ થાય–આત્માનું પ્રકટીકરણ કેમ થાય–એ સર્વ વાંચી ગયો, છતાં હજીયે દુનિયાના પદાર્થો અને દુનિયાના ભાવોનો જે ભ્રમ તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિત પઢતે બેદકો, પુસ્તક હસતી લાડ;
ભક્તિ ન જાની રામકી, સભી પરીક્ષા બાદ! ૭
સંસ્કૃતમેં પંડિત વદે, બહુત કરે અભિમાન;
ભાષાહી કે જોરસે, તર્ક કરે નાદાન. ૮

આશા તો લાગી જ રહી! જાણે કે મકરી (કરોળિયા)ની જાળમાં કોઇ જીવ ફસાઈ ગયો હોય તેમ આ પંડિતજી ઉપર પણ માયાના તાર આડા અને અવળા ફરી વળ્યા છે, વીંટાઇ ગયા છે, તેને તે આટઆટલું જ્ઞાન થવા છતાં ભેદી શકતો નથી.

(૭) પંડિતજી—ધર્મગુરુ 'મહાપુરુષ પંડિતરાજ' એક વખત શાસ્ત્ર–સૂત્ર વાંચવા બેઠા. તે વખતે પોથીબાઇ (ચોપડી) લાડ કરીને હસવા લાગ્યાં અને બોલ્યાં કે, "અહો પંડિતજી! હવે તમે પરીક્ષા આપવાની તકલીફ ફરીથી લેશો જ નહિ; કારણ કે રામની ભક્તિ તમને આવડી નહિ તેથી તમે એકવાર તો બધા વિષયની પરીક્ષામાં નાપાસ થઈ ચૂકયા છો. અને નાપાસ થયેલો વિદ્યાર્થી જો થોડું જાણનારો હોય તો બીજી વાર તૈયાર થઇને પણ પરીક્ષામાં બેસી પાસ થઈ શકે. પણ તમે તો હજી વિદ્યાર્થી અવસ્થામાં જ–અરે એકડિયા શીખો છો, એટલામાં જ 'મહાપુરુષ પંડિતરાજ' બની બેઠા છો! માટે તમારે હવે કાંઈ શીખવાનું રહેતું જ નથી!' વાહ રે પોથીબાઈ! તમેયે ખૂબ કરી! અને હરિના ભક્ત કબીરજી! પિંગલ તથા અલંકારશાસ્ત્ર ભણવાને પંડિતો પાસે ગયા સિવાય પણ તેણે ખૂબ કલ્પનાને દોડાવી!

(૮) જેની પાસે થોડું નાણું હોય છે તે શરીર અને ઘરનો ઠાઠમાઠ કાંઈ ઓર જ રાખે છે અને તિજોરીની અંદરનો ઠાઠ તો જ્ઞાની જાણે એવો હોય છે! ખરા શ્રીમંતો સફાઈ રાખશે પણ ડોળ–દંભ નહિ જ કરે, તેમ જેઓ માત્ર 'ભાષાજ્ઞાન'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મદષ્ટિ જાને નહિં; ન્હાવે પ્રાત:કાલ;
લોક લાજ લીયે રહે, લાગો ભરમ કપાલ. ૯

તીરથ કર કર જગ મૂઆ, ઊંડે પાની ન્હાય;
રામહિ રામ જપંતડાં, કાલ ઘસીટયાં જાય. ૧૦

પામીને પંડિત થઈ બેઠા છે તેઓ બેચાર માણસને એકઠા થયેલા ભાળ્યા કે સંસ્કૃત ભાષામાં કે સંસ્કૃતમય માતૃભાષામાં લવારો કરવા મંડી પડશે, જાણે કે એના જેવા પંડિત દુનિયાભરમાં છે જ નહિ. આવા નાદાન માણસો—અક્કલ વગરના બાળકો માત્ર ભાષાજ્ઞાનના જોરથી તર્ક—ન્યાયશાસ્ત્રમાં માથું મારે એ કેવી હસવા જેવી વાત છે! ભાષાજ્ઞાન એ માત્ર એક હથિયાર છે, નહિ કે લક્ષ્યબિંદુ. ભાષાજ્ઞાનમાં ઘણા આગળ વધેલા પાશ્ચિમાત્ય વિદ્વાનો જૈન અને બ્રાહ્મણ ગ્રંથોનાં સુંદર ભાષાંતર કરવા છતાં કદી જૈન કે બ્રાહ્મણ બન્યા નહિ અને ઊલટા 'ધર્મ' ચીજને હાંસીરૂપ ગણે છે. હવે ભાષાજ્ઞાન એકલાની કિંમત શું આંકવી એ વિચારવંત પુરુષો પોતે જ વિચારી લેશે.

(૯) કેટલાક પંડિતો પ્રાત:કાળમાં ઊઠીને સ્નાન કરે છે અને લોકલાજ ખાતર તિલક તથા પૂજા વગેરે વિધિઓ કે જે 'ભ્રમ' રૂપ છે તે સર્વ કરે છે; પણ બિચારાને 'આત્મદષ્ટિ' છે નહિ તેથી નકામો ભટકે છે.

(૧૦) કેટલાક પંડિતો તીર્થ અને વ્રત વગેરે કરે છે અને ઊંડા પાણીમાં પેસીને સ્નાન કરે છે, પણ રામનામનું તીર્થ કર્યું નહિ, રામનું ફરમાન (અગિયારમી 'લોકસ્વરૂપ ભાવના') એ રૂપી વ્રત પળાવ્યું નહિ અને રામના પ્રેમરૂપી ઊંડા પાણીમાં નવાયું નહિ તેથી તે પંડિતજી કાળદેવના કોળિયા થઈ જવાના જ! મતલબ કે જન્મમરણના ફેરા ફર્યા કરવાના જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશી કાંઠે ઘર કરે, ન્હાવે નિર્મળ નીર;
મુકતિ નહીં હરિનામ બિન, યોં કહે દાસ કબીર. ૧૧
જપ તપ તીરથ સબ કરે, ઘડી ન છાંડે ધ્યાન;
કહે કબીર ભક્તિ બિના, કબૂ ન હોય કલ્યાન. ૧૨

(૧૧) કેટલાક લોકો કાશી કાંઠે જઇને રહે છે અને ગંગાના રસાયણી ગુણવાળા સ્વચ્છ જળમાં હંમેશ સ્નાન કરે છે, પણ હરિનામમાં રહ્યા સિવાય અને હરિનામમાં સ્નાન કર્યા સિવાય મુક્તિ કોઈ કાળે મળવાની નથી, એમ 'દાસ કબીર' કહે છે. જે સાધુઓ પોતાના નામની આગળપાછળ મોટાં પૂંછડાં પોતાની જાતે લટકાવતા હોય તેમણે કબીરજીને પૂછી જોવું કે તે પોતાને 'દાસ કબીર' કેમ કહે છે? તેમ જ જે સંસારીઓ કોઈ યુનીવર્સીટી, સભા કે સંઘ તરફથી પંડિતાઈના ખિતાબ અપાયા સિવાય પોતાની મેળે 'પંડિત'ના ખિતાબ લઈ બેઠા હોય, તેમણે પણ કબીરજી પાસે આ વાતનો ભેદ પૂછવા પધારવું! રસ્તો ખુલ્લો છે!

(૧૨) કેટલાક પંડિતો શાસ્ત્રનું રહસ્ય ન સમજવાથી જપ–તપ–તિર્થ અને ધ્યાન એટલાં વાનાં કરવામાં આખી જિંદગી ગુજારે છે; પણ કબીરજી કહે છે કે, 'ભક્તિ' વિના એમનું કલ્યાણ–મોક્ષ થાય જ નહિ. જપ–તપ એ 'હઠયોગ' છે; એથી ભલે અમુક સિદ્ધિઓ પ્રાપ્ત થાય, તેથી કાંઈ ભવ-ભ્રમણ અટકે નહિ. તિર્થપૂજન કરાય છે તે પણ બાહ્યભાવ છે અને બાહ્યભાવ બંધ થઇને આંતરદૃષ્ટિ ન થાય ત્યાં સુધી પણ ભવભ્રમણ અટકે નહિ. 'ધ્યાન' ઉત્તમ ચીજ છે પણ જેને બાહ્યભાવ ભરપૂર છે તેવા માણસનું 'ધ્યાન' પણ બાહ્યપ્રાપ્તિને અર્થે જ હોય છે, તેથી તેનું ફળ પુદ્ગલસમૂહની પ્રાપ્તિ એ જ મળે, ભવભ્રમણ ટળે નહિ. કલ્યાણ તો ત્યારે થાય કે જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલિકા બામ્હણ મશકરા, તાહિ ન દીજે દાન;
કુટુંબ સ્યૌં નરકહી ચલે, સાથ ચલ્યા જજમાન! ૧૩

ભક્તિ થાય; ભક્તિવાળો મનુષ્ય પોતાનાં તન-મન અને ધન સર્વ ઈશ્વરને અર્પિત કરે છે; પોતાનું કશું નથી, માત્ર વિશ્વસેવા માટે સોંપાયેલાં હથિયારો છે અને તે હથિયારો વિશ્વસેવામાં જ વપરાવાનાં છે એવો ખ્યાલ ભક્તને રગે રગે હોય છે. એવા માણસો માટે જ મુક્તિ છે, બીજાને માટે નહિ. (ભક્તિ એ શબ્દથી કબીરજી કોઈ જાતની 'ક્રિયા' સૂચવવા ઇચ્છતા નથી, તેમજ એક ખૂણે બેસી રહી માત્ર કાલાવાલાના શબ્દોચ્ચાર કરવા એને પણ 'ભક્તિ' નામ આપતા નથી. વર્તનમાં ભક્તિ અથવા 'ભક્તિમય જીવન' એ જ એમનો કહેવાનો આશય છે. એમને 'સાકર' નામથી સંબંધ નથી, સાકર જેવો જ દેખાતો પથ્થરનો ટુકડો કે જેને 'સદ્ભાવ' કે 'અસદ્ભાવ' સ્થાપનાનો સિદ્ધાંત લગાડીને મૂર્તિપૂજકો સાકર માની લે એ પણ એને પસંદ નથી; એને તો મોં ગળ્યું કરે એવી અમુક ચીજનું-ખુદ ચીજનું કામ છે. કબીરજી 'કર્મયોગી' છે; અને એમના 'કર્તવ્યકર્મની ઈંટો વચ્ચે ગારો ભક્તિરસ' નો છે.

(૧૩) કબીરજી એક દાતારને ચેતવણી આપે છે કે, હે ભાઇ! તું દાતાર થયો એ તો ઠીક છે; દાનનો ગુણ ઉત્તમ છે; પણ તારું દાન અયોગ્ય પાત્રમાં ન જાય તે સંભાળજે! પેલો મશ્કરો-ઉખડેલ ધર્મગુરુ છે, તેને દાન રખે દેતો! કારણ કે એવા એક ધર્મગુરુને કોઇએ દાન કર્યું હતું તેનું ફળ એ મળ્યું કે, તે સાધુ પોતાના સોબતીઓને લઈને નરકે ગયો અને સાથે દાતાર-દાન આપનારને પણ લેતો ગયો! ગુરુ કાંઇ એકલપેટો ન હોય, પોતાના દાતારને નરક જેવી સહેલગામાં સાથે લીધા વગર રહે જ નહિ એવો તે પરોપકારી હોય! માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર! પંડિતકી કથા, જૈસી ચોરકી નાવ;
સુનકર બૈઠે આંધલા, ભાવે ત્યોં ભરમાવ. ૧૪

હે ભાઈ! તું દાન કરે તો 'ગુણ' જોઇને કરજે, 'વેષ' જોઇને ન કરતો.

(૧૪) કબીરજી કહે છે કે, આજકાલના 'પોથાં પંડિત'-ના મુખથી ધર્મકથા સાંભળવી અને આંધળાએ ચોરની બોટમાં બેસવું એ બન્ને એકસરખાં જોખમભર્યાં કામ છે. બન્ને લોકો મરજીમાં આવે તે જગાએ પોતાના આશ્રિતોને ભરમાવીને લઇ જાય અને મરજીમાં આવે તેવી વ્યવસ્થા કરે! આ ગાથા બહુ સમજવા જેવી છે. કોઈ આંધળાને નદીપાર જવું હતું તેથી હોડી-વાળાની મદદ માગતો હતો. એવામાં અમુક ચોર લોકો કહેવા લાગ્યા: 'અમારી હોડીમાં બેસો; અમે તમને થોડે ખર્ચે અને થોડા વખતમાં પાર ઉતારીશું.' વિશ્વાસે સુરદાસજી હોડીમાં બેઠા અને પછી પેલા લૂંટારા હોડીવાળાએ માંહોમાંહે વિચાર કરવા માંડ્યો. એક કહે: 'આને લૂંટીને નદીમાં ફેંકી દઈશું?' બીજો કહે: 'છેક જ એવું ઉઘાડું કુકર્મ તો ન થાય; જરા દયા ખાઈશું દયા. આપણે એને આડોઅવળો ખેંચી જઇશું અને એક ઉજ્જડ જગામાં જઈ લૂંટીને ત્યાં છોડી દઈશું.' ત્રીજો કહે: 'એમ પણ નહિ; જે માણસ ગોળથી મરતો હોય એને વિષથી શા માટે મારવો? માટે આપણે એને એકઘેક સુધી હોડી હંકાર્યા બાદ કહેવું કે નદીમાં આ સ્થળે ચમત્કાર થયેલા છે, એ પવિત્ર ભૂમિ છે. અહીં કોઈ માણુસ ડૂબી મરે—આપઘાત કરે તો મોક્ષ મેળવે અને એટલી હિંમત ન ચાલે અને ફક્ત પોતાની મિલકત અહીં સ્નાન કરીને ખેરિયાતમાં આપી દે તો દેવલોકમાં જાય. તે બિચારા આંધળાને પોતાના આ ભવના દુઃખથી કંટાળો આવેલો હોવાથી ગમે તે શિખામણ માનવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાન;
તબ લગ પંડિત મૂર્ખહી, કબીર એક સમાન. ૧

તત્પર જ થશે અને આપણો બેડો પાર થશે.' લૂંટારાઓએ અને આંધળાએ પછી શું કર્યું તે આપણે જાણવાનું રહેતું જ નથી, કારણ કે એવા સંખ્યાબંધ લૂંટારા આપણ અંધ પુરુષોને (હૃદયની આંખ વગરનાઓને) હંમેશ આવી રીતે લૂંટતા આવ્યા છે; તેથી કાંઈ નવો અનુભવ મળવાનો નથી. પછી આપણને જ્યારે પરમાધામીનાં દુઃખો ખમવાં પડશે ત્યારે કહીશું કે, 'અરે ઓ પરમાધામી! મને તું અહીં કેમ લાવ્યો? હું કે જેણે ગુરુદેવના કહેવાથી પેલી વિધવાના દીક્ષા-ઉત્સવમાં પાંચસો રૂપિયા ખર્ચ કર્યા હતા અને પેલા ઊધઈઓની દયા માટે પુસ્તકોના પટારા ભરનારા મહાત્માના હુકમથી પાંચ રૂપિયાનાં પાનાં વહોરાવ્યાં હતાં અને ગુરુના સંસારપક્ષના બેટાને ગુરુદેવની આજ્ઞાથી બસો રૂપિયાની કંઠી પહેરાવી દીધી હતી તથા ગુરુદેવનાં દર્શન કરવાને ચોમાસા વચ્ચે હું લાવ-લશ્કર લઇને બીજે ગામ જઈ ચારસો રૂપિયા ખર્ચી આવ્યો હતો છતાં તું મને અહીં-નરકાવાસમાં કેમ લાવે છે? મારે તે અહીં આવવાનું હોય? મને તો મારા ગુરુ સાથે દેવલોકમાં લઈ જવામાં આવશે એવી આશાએ મેં જિગરથી પણ વહાલા એવા રૂપિયા ખર્ચી નાખ્યા હતા! છતાં શું મારાં નરકમાં લઈ જાય એવાં પૂર્વનાં કર્મો ધોવાયાં નહિ હોય કે?' આનો ખુલાસો પરમાધામી કરશે કે?—હા, જે પરમાધામી હશે તે અવશ્ય કરશે જ.

(૧) કબીરજી કહે છે કે, જ્યાં સુધી મનમાં કામ-ક્રોધ મદ-લોભ એ ચારની 'ખાણ' છે ત્યાં સુધી મૂર્ખ અને પંડિત-માં કાંઈ તફાવત સમજતા ના. એવો માણસ ભણેલો હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુરાઈ સૂવૈ પઢી! સોઈ પંજર માંહિ;
ફિર પરમોધૈ આનકો, આપન સમઝે નાંહિ. ૨
હરિગુન ગાવે હરખકે, હિરદે કપટ ન જાય;
આપન તો સમઝે નહિં, ઔરહિં જ્ઞાન સુનાય. ૩

પણ મૂર્ખ જ છે. બુદ્ધિશાળી મનુષ્ય કદી પોતાનું સૂક્ષ્મ શરીર કે જે વધુ કીમતી છે અને જે બીજા અવતારમાં પણ સાથે રહેનાર છે, તેવા સૂક્ષ્મ શરીરના ભોગે સ્થૂલ શરીરનું માયાવી સુખ ઇચ્છે જ નહિ.

(૨) ચતુરાઈ તો એક પોપટ (સૂવૈ–સૂવા)ના ભણવામાં આવી છે! બાકી કોઈ ચતુર છે જ નહિ! જુઓ તો ખરા કે અભણ પોપટ આકાશમાં ઊડતા ફરે છે અને કલ્લોલ કરે છે, ત્યારે ભણેલા પોપટજી પાંજરામાં કેદ થયા છે! આ એમનું ભણતર! અરે બી. એ. અને એમ. એ. ની ડીગ્રીના અભિમાની ભણેલાઓ! અરે સૂત્રો અને સંસ્કૃત ગ્રંથો અને થોકડાના અભ્યાસના અભિમાની 'પોપટજી' ઓ! તમે ભણીભણીને શું ભણ્યા? માત્ર મગજને ભારે માર્યું! કારણ કે હૃદય તો ભણ્યું નહિ, મનના પ્રણામ કોમળ થયા નહિ, વિશ્વ માત્ર ઉપર સમાન-દૃષ્ટિ–પ્રેમભાવના તો શીખ્યા નહિ. ભણતરથી તમારું હૃદય 'તર' થવાને બદલે–વિકાસ પામવાને બદલે ઊલટું સાંકડું થયું અને તમારાં પોતીકાં સ્વાર્થી સુખ મેળવવાની વધુ શક્તિ તમે પામ્યા, કે જે શક્તિ બીજા ઓછા ભણતરવાળાના સુખના ભોગે તમને વધારે (માયાવી) સગવડો લાવી આપશે. આ ભણતર તમને પાંજરામાં–સંસારભાવમાં જકડી રાખશે. તમે બીજાને શું ઉપદેશ કરો છો? અરે બિચારા પોપટિયા પંડિતો! તમે તમને તો પિંજરામાંથી છોડવો!

(૩) હરિના ગુણ મોઢેથી ગાયા એટલે કાંઈ ભક્ત થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુરાઇ ચુલ્હે પડો, જ્ઞાનકો જમડા ખાવ!
'ભાવ ભક્તિ' સમઝે નહીં, જાનપનો જલ જાવ! ૪

લિખના પઢના ચાતુરી, યે સબ બાતેં સહેલ;
કામ દહન, મન વશ કરન, ગગન ચઢન મુશ્કેલ. ૫

જ્ઞાની જ્ઞાતા બહુ મિલે, પંડિત કવી અનેક;
રામ રતા ઇંદ્રિય જિતા, કોટિક માંહી એક. ૬

ગયા એમ સમજવું નહિ. હૃદયમાંથી કપટ જાય ત્યારે જ્ઞાની કહેવાય. માટે બગભક્તોના ઉપદેશ સુણવો નહિ.

(૪) હે 'ચતુર' પુરુષો! તમારી ચતુરાઈ ચૂલામાં પડો! તમારું જ્ઞાન જહાનમમાં જાઓ! જો તમારામાં 'દ્રવ્યભક્તિ' નહિ પણ 'ભાવભક્તિ' આવી હોય તો જ તમારી પંડિતાઇ સફળ છે, નહિ તો દેવતા મૂકચો એ જાણપણામાં!

(૫) લખવું-વાંચવું-ચતુરાઇ કરવી એ બધું સહેલું છે. દેખાદેખીથી શિખાય તેવું છે. પણ કામદેવને બાળી નાખવો અને અને મનને વશ કરવું તથા 'આકાશમાં ચડવું' એટલાં કામ ખરેખર મુશ્કેલ છે. એ કાંઇ દેખાદેખીથી શિખાતાં નથી, એ તો જાતે જ સમજવાનાં અને જાતે જ કરવાનાં કામ છે. 'આકાશમાં ઊડવું' એનો અર્થ ભૂલોકમાં છતાં દેવલોક તરફ પ્રયાણ કરવું તે. કલ્પનાશક્તિને પવિત્ર બનાવીને તેની પાંખે બેસી દેવલોકમાં વિચરવું અને પ્રેમના સાર્વત્રિક રાજ્યની મીઠી હવા ખાવી તે. બીજો અર્થ એવો પણ થાય કે 'ગુણસ્થાનકે' ચડવું તે; ગુણસ્થાનક કાંઈ દેખાય એવી ચીજ નથી; આકાશમાં ચડવાનું જ તે કામ છે.

(૬) જ્ઞાનની વાતો કરનારા, કવિઓ, પંડિતો તો ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા મંડલ બૈઠકર, ચંદ્ર બડાઇ પાય;
ઉદય ભયા જબ સૂર્યકા, સબ તારા છુપ જાય. ૭

કુલ મારગ છોડા નહીં, રહા માયામેં મોહ;
પારસ તો પરસા નહીં, રહા લોહકા લોહ! ૮

પોથી પઢપઢ જગ મુવા, પંડિત ભયા ન કોય;
એકે અક્ષર પીવકા, પઢે સો પંડિત હોય. ૯

યે મળે; પણ રામમાં 'રત' થયેલા–રામમય બનેલા પુરુષો કે જેઓ ઇંદ્રિયોને પોતાને વશ રાખી શકે છે, તેવા તો કરોડમાં એકાદ જ મળશે.

(૭) તારાઓનાં ટોળાં વચ્ચે બેસીને ચંદ્ર (કે જે સૂર્યનું તેજ ઉછીનું લઇને પ્રકાશે છે, જેનામાં પોતાનું તેજ નથી તે) આપબડાઇ ઘણીયે કરે તેથી શું વળ્યું? પણ જ્યારે પ્રભાતે સૂર્યનો ઉદય થાય છે કે તરત જ તારાઓ છૂપાઇ જાય છે. તેઓ પોતાની ભૂલને માટે પસ્તાઇને મોં છૂપાવે છે!

'પોથાં–પંડિત'ની પંડિતાઈ માત્ર મૂર્ખ લોકો આગળ જ ચાલી શકે, સંત અગર ભક્ત અગર પરમાત્મપરાયણ લોકો આગળ તે ઝાંખાંઝખ પડી જાય છે.

(૮) જેણે ખરાબ રસ્તા (કુલમાર્ગ) છોડ્યા નથી અને જે માયામાં મોહી રહ્યો છે તેને પારસમણિનો સ્પર્શ હજી સુધી થયો જ નથી એમ માનજો; તેથી જ તે લોઢા જેવો છે. જો સદ્ગુરુ કે સદ્જ્ઞાન કે સતદ્દેવ (ત્રણે એક જ છે) નો સ્પર્શ થયો હોય તો આ દશા હોય નહિ.

(૯) પોથાં–થોથાં ભણીભણીને આ જગત પંડિત થવા ઇચ્છે છે પણ જ્યાં સુધી 'હરિ' (પીવ=પિયુ, પરમાત્મા) એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આતમ તત્ત્વ જાને નહીં, કોટિ કથૈ શ્રીન જ્ઞાન;
તારન તિમિર ભગે નહી, જબ લગ ઉગે ન ભાન. ૧૦

મૈં જાનું પઢવો ભલો, પઢવાતેં ભલો જોગ;
રામ નામસોં પ્રીતિ કરિ, ભલ ભલ નિંદૌ લોગ. ૧૧

સમજનકા ઘર ઔર હૈ, ઔરનકા ઘર ઔર;
સમઝયા પિછે જાનિયે, "રામ બસે સબ ઠૌર." ૧૨

શબ્દ ભણાયો નથી ત્યાં સુધી ખરી પંડિતાઈ કદી આવનાર નથી.

(૧૦). આત્મતત્ત્વને સમજે નહિ ત્યાં સુધી કરોડો પ્રકારનું જ્ઞાન (સાયન્સ, ઇતિહાસ, ખગોળ, ભૂગોળ, ભુસ્તર, ભાષાજ્ઞાન, તર્કશાસ્ત્ર, વૈદ્દિકવિદ્યા વગેરે તમામ) તેનો અંધકાર મટાડવાને પૂરતું થતું નથી. સૂર્ય—આત્મસૂર્યનો ઉદય હૃદયમાં થયા સિવાય આખી દુનિયાના પદાર્થો અને બનાવો જુદી જ દૃષ્ટિએ દેખાય. અજવાળું થતાં દૃષ્ટિ જ બદલાઈ જાય.

(૧૧) કબીરજીને પહેલાં તો એમ લાગ્યું કે શાસ્ત્રનો અભ્યાસ કરવો એ જ ઠીક છે; પછી જણાયું કે અભ્યાસ કરતાં તો 'યોગ' માર્ગ સારો છે; પણ છેવટે જણાયું કે તે બન્ને કરતાં રામનામના સ્મરણમાં જ દિલ મળી ગયું તે ઠીક થયું. ભક્તિયોગની સુગમતા અહીં વર્ણવી છે. ભક્તિની ખૂબી ન સમજનારા લોકો નિંદા કરે છે માટે કબીરજી કહે છે કે, ભલે તેમ થાઓ, પણ મને તો 'રામ' સાથે જ એકતાર જોડાયો છે એ ઠીક લાગે છે.

(૧૨) સમજવાળા માણસની દૃષ્ટિ જુદી હોય છે અને વગર સમજણવાળાની જુદી હોય છે. સમજ્યો નહોતો ત્યારે હું રામને અમુક જગાએ ઢૂંઢતો હતો, હવે સમજ્યો તો જણાયું કે રામ તો સર્વ જગાએ વસે છે. માટે રામની ભક્તિ કરવા માટે અમુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર! ઈસ સંસારકો, સમઝાવું કઈ બાર?
પૂંછ જ પકડે ભેંસકી, ઉતરા ચાહે પાર! ૧૩

મન મુથુરા, દિલ દ્વારિકા, કાયા કાશી જાન;
દસવાં દ્વારા દેહરાં, તામેં જ્યોતિ પિછાન. ૧૪

જગા 'રિઝર્વ્ડ' રાખી શકાય જ નહિ. સર્વ પ્રાણીની સેવા એ જ રામસેવા છે. સર્વમાં હું અને હુંમાં સર્વ એવો 'એકભાવ' થયો એ જ 'સેવા' છે.

(૧૩) કબીરજી કહે છે કે, આ મૂર્ખ સંસારને શી રીતે સમજાવું? એને ભવરૂપી સમુદ્રની પાર જવું છે, અને તે કામ માટે હોડી કે ગાયને બદલે કુગુરુરૂપી ભેંસનું પૂંછડું પકડવા ઇચ્છે છે! એ ભેંસ જો એને ડુબાડ્યા વગર રહે તો પોપટિયા અને સ્વાર્થી ગુરુઓ નરકમાં નાખ્યા સિવાય રહે!

(૧૪) હે ભાઈ! તું મથુરા અને દ્વારકા અને કાશી અને ગિરનારજી અને તારંગાજી ભટકવા જાય છે, પણ હું તને તારી પાસે જ એ બધાં તીર્થસ્થળો લાવીને ખડાં કરું છું છતાં તું શા માટે ભટકવાની અને દામ ખર્ચવાની મૂર્ખાઇ કરે છે? જો, દેખ! તારું મન એ જ મથુરા છે, દિલ એ જ દ્વારિકા છે, કાયા એ જ કાશી છે, તન એ જ તારંગાજી છે, ગો અથવા ઇન્દ્રિયો એ જ ગિરનારજી છે; માટે તું એ સર્વ મન–વચન અને કાયાને શુદ્ધ કર એટલે તીર્થ જ છે. તારા હૈયાના દસમા દ્વારમાં જે દેહેરું છે ત્યાં જ પરમાત્મા બિરાજે છે; એને શોધ. આટલા પ્રયાસે ધ્યાન ધરીશ તો પરમાત્માની સાથે એકતાર જરૂર જોડાશે. 'દશમા દ્વાર' સબંધે વિશેષ હકીકત 'યોગ'ના જાણકાર પુરુષ પાસેથી જ મળી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ : રામ ક્યાં વસે છે?

કબીર ખોજત રામકો; ફિરતા સાગરદ્વીપ
રામ બસે ઘટ ભીતરે હૂવા યહ પરતીત. ૧

સબ ઘટ ભીતર મૈં બસૂં, મોકાં મિલે ન કોય,
જો હોતા સો મૈં કરૂં, નામ દાસકા હોય. ૨

---

(૧) કબીરજી કહે છે કે, રામ અથવા પરમેશ્વરને શોધવા માટે ઘણો કાળ હું સાગર અને બેટમાં ઢૂંઢતો ફર્યો અર્થાત્ તિર્થયાત્રાદિમાં ઘણો વખત ગુમાવ્યો; પરન્તુ છેવટે મને ભાન થયું–'પરતીત' અથવા દૃઢ શ્રદ્ધા થઈ કે રામ તો મારા ઘટ-માંજ રમી રહ્યા છે! રામ શબ્દ જ **રમ્** એટલે 'રમણુ કરવું' એ ધાતુ ઉપરથી નીકળ્યો છે; તેથી સમજાય છે કે રામ કાંઈ એક સ્થળે જડવત્ ગોંધાઇ રહેલા નથી, પરન્તુ સર્વત્ર અને સર્વદા જે ચેતનશક્તિ રમી રહી છે તે જ રામ છે અને તે તો મારા ઘટમાં પણ રમી રહી છે! માત્ર મારે ઘટમાં ઊતરીને ઊહાપોહ અથવા ચિંતવન કરવું જોઇએ, કે જેથી બહારની વસ્તુઓમાં રમી રહેલું મન રામને જોઈ શકે.

(૨) રામ કહે છે કે, હું તો સર્વના ઘટમાં વસું છું, તે છતાં માણસોને જ મારી મુલાકાતની દૃઢ ઇચ્છા ન હોવાથી તેઓ મને મળવા કોશિશ કરતા નથી; તેમાં મારો શો દોષ? બીજાઓને પોતાની પવિત્રતા બતાવવા માટે લોકો તિર્થયાત્રાદિ કરે છે. પરન્તુ જો તેઓ ખરેખર જ મારા 'ખપી' હોય તો હું તેમને દેખાયા સિવાય રહું નહિ; કારણ કે જે કાંઈ બને છે તે હુંજ કરું છું અને નામ માણસનું ધરાવું છું; જેથી તેવા દરેક બનાવ ઉપરથી પણ મારી પિછાન થઈ શકે તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સબ ઘટ મેરા સાઇયાં, ખાલી ઘટ નહિં કોય;
'બલિહારી (ઉસ) ઘટકી સહી, જા ઘટ પરગટ હોય.' ૩
ચૌસઠ દીયા જોડ કર, ચઉદે ચંદા માહિં;
તિસ ઘર કૈસા ચાંદના, જિસ ઘર ગોવિંદ નાહિં ? ૪
કોઉક પાવે સંતજન જાકે પાંચો હાથ;
જાકો પાંચોં બશ નહીં, તાકો હરી ન સાથ. ૫

---

(૩) સઘળા માણુસના ઘટમાં હું એટલે રામ વસું છું, કોઈ મારા સિવાય છે જ નહિ; પરન્તુ જે ઘટમાં હું 'પ્રગટ' થાઉં છું અર્થાત્ જે માણુસ પોતાના ઘટમાં મને પ્રત્યક્ષ ભાળે છે તેની બલિહારી છે.

(૪) રામને જોવાને માટે કોઇ કદાપિ પોતાના ઘરમાં કે મંદિરમાં ચોસઠ દીવાનાં ઝમરૂખ (ઝુમ્મર) સળગાવે અગર ચૌદ ચંદ્ર લાવીને ટાંગે, તેથી કાંઈ તે સ્થળે ખરું 'ચાંદનું'–ખરો પ્રકાશ થવાનો નહિ; કારણ કે ત્યાં હજી ગોવિંદરૂપી સૂર્ય ઊગ્યો નથી. જ્યાં ગોવિંદરૂપી સૂર્ય અજ્ઞાનરૂપી વાદળમાંથી બહાર નીકળીને પ્રકાશી રહ્યો છે, તે સ્થળે–તેવા માણુસના ઘરમાં તેમ જ ઘટરૂપી મંદિરમાં પણ સદાસર્વદા અજવાળું જ છે. જેમ અજવાળાથી સઘળી ચીજો તેના ખરા રૂપમાં જોઇ શકાય છે, તેમ તે માણુસ દરેક તત્ત્વને સાચા સ્વરૂપમાં સમજી શકે છે, જોઇ શકે છે, અનુભવી શકે છે.

(૫) હરિને પામવા એ કામ તો કોઇ વિરલાથી જ બને છે, કે જેઓ પાંચે ઇન્દ્રિયોને વશ રાખે છે. જેને પાંચ ઇન્દ્રિયો વશ નથી તે માણુસની હરિ સોબત કરતો નથી– તેના ઘટમાં તે 'પ્રગટ' થતો નથી. પ્રભુપ્રાપ્તિનું પહેલું પગથિયું ઇન્દ્રિય-નિગ્રહ એ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ : તને આત્મતત્ત્વ કોણ ઓળખાવશે?-તું પોતે જ

કબીર હદકા ગુરુ મિલે, બેહદકા ગુરુ નાહિં;
બેહદ આપે ઊપજે, અનુભવકે ઘર માહિં. ૧
નિરાધાર સૌ સાર હૈ, નિરાકાર નિજ રૂપ;

---

(૧) હદ્દવાળી ચીજો—જેને સમય અને સ્થળાદિની હદ્દ છે તે સર્વનું જ્ઞાન કરાવનાર ગુરુ હોઈ શકે ખરો; પરંતુ પરમાત્મા કે જે સમય અને સ્થળાદિથી મર્યાદિત નથી, તેમના સંબંધી જ્ઞાન આપવાનું કોઈ ગુરુથી બની શકે જ નહિ. એ તો અનુભવનો સવાલ છે; અને 'અનુભવ' કાંઈ કોઈથી આપ્યો અપાય નહિ, એ તો પોતે જ મેળવી શકાય. 'બે–હદ' અથવા સમયસ્થળાદિથી અમર્યાદિત એવા પરમાત્મા તો તેની ખોજ કરનાર માણસના હૃદયમાં 'આપે' જ—પોતે જ 'ઊપજે છે' એટલે 'પ્રગટ થાય છે'—માત્ર માણસે 'અનુભવના ઘર'માં જવા કોશિશ કરવી જોઈએ.

(૨) પરમાત્મા કેવો છે? તો કહે છે કે, તે 'નિરાધાર' છે—કોઈના પણ અગર કશાના પણ આધારની તેને જરૂર નથી, એવો તે 'સાર પદાર્થ' છે. તે સઘળાને આધાર આપી શકે, પણ કોઈના આધારની એને જરૂર પડે નહિ. એને પોઢાડવા માટે પારણાં, એને રહેવા માટે 'હવેલીઓ,' એને જમાડવા માટે 'અન્નકૂટ' વગેરે કશાની જરૂર નથી; એ તો જેઓ નિરાધાર પ્રભુનું સ્વરૂપ સમજતા નથી, એવા ભોળા લોકોને ભ્રમમાં નાખી પોતાનાં ખિસ્સાં તર કરવાના રસ્તા માત્ર છે. વળી પરમાત્મા કેવા છે? તો કહે છે કે, તે 'નિરાકાર' છે—આકારરહિત છે. પરમેશ્વરના આકાર બનાવી પરમેશ્વરને ધ્યાવાનો (પરમે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચલ જાકો નામ હૈ, ઐસા તત્ત્વ અનૂપ. ૨

શ્વરનું ધ્યાન કરવાનો) દેખાવ કરનારા ભ્રમણામાં ભમે છે.વળી પરમેશ્વર કેવા છે ?તો કહે છે કે, તે 'નિજરૂપ' છે, તમારો આત્મા પોતે જ પરમેશ્વર છે, માત્ર તેના ઉપર કર્મનો પડદો પડેલો હોવાથી તેની અનંત શક્તિ છુપાઈ રહી છે. 'હું ઈશ્વર છું' એવી ભાવના સદૈવ ભાવતા રહો અને જ્યારે પણ કાંઈ કુકર્મ કે અપશબ્દ કે દોષિત કલ્પનામાં પડવાની લાલચ આવે, ત્યારે તમારા મનમાં જ વિચાર કરો કે, 'શું સર્વશક્તિમાન ઈશ્વર કોઈ લાલચને વશ થવા જેવી નિર્બળતા દાખવી શકે ?' એવા સંકલ્પથી તમારામાં છુપાયેલું ઈશ્વરત્વ પ્રગટ થતું થતું તમને લાલચમાં લપટાતા બચાવી લેશે. વળી એ જ ઈશ્વરરૂપ હોવાની ભાવના આખરે તમને નિજરૂપમાં તલ્લીન કરશે. વળી આગળ ચાલતાં પરમેશ્વર કેવા છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, તેનાં અનેક ગુણનિષ્પન્ન નામોમાંનું એક નામ 'નિશ્ચલ' એવું પણ છે; તેથી સૂચવે છે કે, તું પોતે કે જે ઈશ્વર જ છે, તેણે પોતાનું 'નિશ્ચલ' અડગ સ્વરૂપ યાદ રાખીને દુઃખથી, લાલચથી કે ભ્રમણાથી ફસાવું ન જોઈએ. સત્યના પાલન ખાતર ગમે તેવું દુઃખ આવે તોપણ તારું નિજરૂપ બદલાવાનું નથી જ; કારણ કે તે 'નિશ્ચલ' છે. અસત્ય માર્ગ લેવાથી તને કેટલીક દોલત કે લાભ મળે પણ તેથી 'નિશ્ચલ સ્વરૂપ'ને કાંઈ લાભ થતો નથી. એમ વિચાર કરી તું સત્યમાં નિશ્ચલ રહે; એમ કરવાથી પરમાત્માનું નિશ્ચલ સ્વરૂપ સમજી શકાશે; કારણ કે પરમાત્મા માત્ર અનુભવથી જ જોઈ શકાય છે; અને 'અનુભવ' શુદ્ધ વર્તનથી જ મળે છે. ઈશ્વરનું તત્ત્વ એવું 'અનૂપ'–ઉપમા ન આપી શકાય એવું છે. આરસપહાણ, રૂપું કે સુવર્ણ કે હીરામાણેક કશાની ઉપમા આપેથી ઈશ્વરનો અંશ માત્ર ગુણ પ્રાપ્ત કરી શકાતો નથી; એ તો અનુભવથી જ થઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરતમેં મૂરત બસે, મૂરત સોહી 'તત';
તત્ત્વ બિચારો આપહી, તત્ત્વ તત્ત્વ સો 'તત'. ૩

જો યે તત્ત્વ બિચારકે, રાખે હૃદય મઁઝાર;
સો પ્રાની સુખકો લહે, દુઃખ ન આવે લાર. ૪

---

(૩) ઈશ્વરની 'મૂરત'—મૂર્તિ કાંઇ પથ્થરાદિમાં વસતી નથી પણ 'સુરત'માં—ધ્યાનમાં વસે છે. શુદ્ધ ધ્યાન અથવા સમાધિમાં કે કાયોત્સર્ગમાં જ ઈશ્વર દેખાય છે, માટે ત્યાં જ તે વસે છે એમ કહ્યું. અને ધ્યાનમાં જોવાયેલી ઈશ્વરની મૂર્તિ એટલે 'પરમાત્મતત્ત્વ'એ જ 'તત્' છે— એને વર્ણવી બતાવવાના શબ્દો જ નથી, માટે એનું પિછાન 'તત્' શબ્દમાત્રથી કરાવ્યું છે. તમે પોતે જ તે તત્ત્વનો વિચાર કરો, તેનું ધ્યાન કરો, પારકાં લખેલાં વર્ણનો કે મૂર્તિઓ ઉપરથી તમને અનુભવ નહિ થાય, તમારા જિગરમાં જ તે ખરેખરા તત્ત્વરૂપ 'તત્' પદનો સાક્ષાત્કાર કરો.

(૪) જે માણસ એ 'પરમાત્મતત્ત્વ'ને વિચારીને—ઓળખીને પોતાના હૃદયમાં સાચવી રાખે છે અર્થાત્ 'પરમાત્મ-મય' જ બની રહે છે (અને 'પરમાત્મા મારા હૃદયમાં બેઠો બેઠો મારું દરેક કામ, દરેક શબ્દ અને દરેક કલ્પનાને જોયા કરે છે' એવી બુદ્ધિથી દરેક કામ કરે છે) તે માણસ સુખ પામે છે, દુઃખ એની પાસે પણ આવી શકતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪ : સંસારમાં સુખ કયાં છે?

જલતી આઈ બાદલી, બરખન લગી અંગાર;
ઊઠ, કબીરા! દૌર જા, દાઝત હૈ સંસાર. ૧

સંસાર સારા દુઃખી, ખાવે ઔર રોવે;
દાસ કબીરા યોં દુઃખી, ગાવે ઔર રોવે! ૨

---

(૧) આકાશમાં એક બળતી વાદળી આવી છે અને અંગારાનો વરસાદ વરસવા લાગ્યો છે. હે કબીર! પ્રમાદી ન થા, ઊઠ, જો સંસાર તે અંગારાથી દાઝે છે, માટે તે ભૂમિ છોડી બીજી ભૂમિમાં જવાનું તેમને સમજાવી તે રસ્તે સર્વને દોર. જડવાદરૂપી અંગારા ચોતરફ વરસી રહ્યા છે. તેથી લોકો જડવાદનાં દશ્ય ચિહ્ન તરીકે મળતા ધન-ભોગ આદિથી પણ ઠરતા નથી-આનંદ કે આશ્વાસન કે સંતોષ-તૃપ્તિ પામતા નથી. માટે તેમને કોઇ એવા કબીર જેવા સાચાબોલા ગુરુ મળવા જોઇએ છે કે જેઓ તે લોકોને આ ભૂમિ-એટલે કે જડભાવ-છોડાવી બીજી ભૂમિ એટલે ચેતનભાવમાં-અંતરાત્મામાં જવા કહે અને તે જગાનો રસ્તો પણ બતાવે. સંસાર તો આધિ-વ્યાધિ-ઉપાધિનો સાગર છે. મતલબ કે સંસારભાવમાં રમનારને આધિ-વ્યાધિ-ઉપાધિ સિવાય બીજું કાંઇ મળે જ નહિ; પણ પવિત્ર ભાવનાના ઉચ્ચ પ્રદેશમાં ઊડનારને શાંતિ અવશ્ય મળે છે અને તેને એટલે ઊંચે આ દુનિયાની હવા કે આધિ-વ્યાધિ-ઉપાધિમય છે, તે સ્પર્શી શકતી નથી-અસર કરી શકતી નથી.

(૨) સારો સંસાર-આખી દુનિયા દુઃખી જ છે. દુનિયાનો દુઃખ સંબંધી ખ્યાલ તો જુઓ કે, તેઓ સ્વાદિષ્ટ ભોજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખિયા ઢૂંઢત મૈં ફિરૂં, સુખિયા મિલે ન કોય;
જાકે આગે દુઃખ કહું, સો પહિલા ઉઠ રોય! ૩
જિસકો એકૈ દુખ કહૂં, સોઉ કહે એકબીસ;
દાઝત મૈં દુખ એકસે, કહાં રખૂં ફિર બીસ?! ૪

જમતા જાય છે અને વળી રોતા જાય છે! ઇન્દ્રિયોના વિવિધ ભોગ ભોગવતા જાય છે અને સંસાર તો દુઃખમય જ છે, એમ રડતા જાય છે! તેમના શબ્દ અને વર્તનમાં કેટલી બધી પરસ્પર વિરુદ્ધતા છે! પરન્તુ 'દાસ કબીર' અથવા 'જગતની સેવા એ જ પ્રભુસેવા' એવા મંત્રને પૂજનારો કબીર તો જુદી જ રીતે દુઃખી છે (જો કે એ દુઃખ જ કહેવાય નહિ). તે કબીર તો પ્રભુનું નામ ગાય છે અને ગાવામાં એટલો તલ્લીન બને છે કે આંખમાંથી ઈશ્વરપ્રેમનાં અશ્રુ વહ્યાં જાય છે. આવી રીતે આંસુ પડવાં એ જ જો દુઃખનું ચિહ્ન હોય તો કબીર ખરે જ દુઃખી કહેવાય; પરંતુ ખરેખર એ દુઃખી નથી, એ તો પ્રભુના રાજ્યમાં મહાલે છે અને ત્યાં મહાલનારને જે અમૃત પીવાનું મળે છે, તે અમૃત સર્વાંગે પીતાં પીતાં થોડાંક ટીપાં તેની આંખદ્વારા વહી જાય છે, જેને અજ્ઞાન લોકો આંસુ—દુઃખ–સૂચક આંસુ કહે છે!

(૩) આ દુનિયામાં સુખી માણસ શોધવા હું ઘણોયે ફર્યો, પરન્તુ કોઈ સુખિયો મળ્યો નહિ! જેની પાસે જઈને મારું દુઃખ રડવું શરૂ કરું છું કે લાગલો જ તે રડી ઊઠે છે કે 'હું પોતે જ મહા દુઃખી છું!'

(૪) જેની પાસે જઈને હું મારું એક દુઃખ કહું છું, તે માણસ તો વળી પોતાનાં એકવીસ દુઃખ ગાવા લાગી પડે છે! હવે જ્યારે હું મારા એક દુઃખથી દાઝી મરતો હતો, ત્યારે આનાં એકવીસ દુઃખ કઈ જગાએ સાચવી રાખું? એ જીરવવાની શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાસર સુખ ના રૈન સુખ, ના સુખ ધૂપ ન છાંય;
કૈ સુખ શરણે રામકે, કૈ સુખ સંતો માંય. ૫

ક્યાંથી લાવું ? મતલબ કે દુનિયાનો દરેક મનુષ્ય પોતાને અમુક દુઃખોથી ઘેરાયેલો માને છે; પણ કબીરને તો એક જ વાતનું દુઃખ છે અને તે એ કે, દુનિયાના લોકો બિચારા અંગાર વરસાવતી વાદળીને લીધે દુઃખે શેકાય છે. તે પોતાને માટે દુઃખી નથી; પણ બીજાને માટે દુઃખી છે.

(૫) સુખ નથી 'બાસર' એટલે દિવસથી, કે નથી રાત્રિથી; નથી તડકાથી કે નથી છાંયડાથી; જો કોઈ પણ સ્થળે સુખ હોય તો તે કાં તો રામના શરણમાં હોય કે કાં તો સંતમાં હોય. તડકા–છાંયડાથી અર્થાત્ આબાદી–પડતીથી કાંઈ માણસ સુખી–દુઃખી બનતો નથી. પણ કાં તો રામના શરણે જવાથી અથવા સંત બનવાથી (કે સંતની સોબતમાં રહેવાથી) સાચું સુખ અનુભવાય છે. રામને શરણે જવું એનો અર્થ એ છે કે, પોતાના હાથે જો કાંઈ કામ થાય અને તે કામની તારીફ દુનિયામાં થાય તો તે માટે ફુલાવાને બદલે, તે કામનો યશ પરમાત્માને અર્પણ કરવો અને કહેવું કે 'પરમાત્માના એજન્ટ તરીકે કરાયેલા કામનો યશ લેવાનો અધિકાર મને હોય જ નહિ.' વળી કોઈ કામમાં પોતાને ઉદ્વેગ થતો હોય તો વિચારવું કે, 'અમુક કામનું પરિણામ દુઃખદાયક આવ્યું તેમાં મારે શું? હું તો સર્વ–શક્તિમાન રામના શરણે છું.' આવી રીતે રામના શરણમાં સુખ છે અગર તો રામભક્ત અને તેથી રામની પ્રતિકૃતિરૂપ સાચા સંતોમાં સુખ રહેલું છે–તેઓ હંમેશ આનંદમય જ હોય છે; કારણ કે આનંદસ્વરૂપ તેમનો નિર્મળ આત્મભાવ સદાસર્વદા સર્વકાળે જાગતો જ હોય છે. માટે એવા સુખી પુરુષની સોબતથી પણ સુખનો ચેપ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપત દેખ ન હરખિયે, વિપત દેખ મત રોઉ;
સંપત હૈ વહાં વિપત હૈ, રામ કરે સો હોઉ. ૬
લક્ષ્મી કહે મૈં નિત નઈ, કિસકી પુરી આશ?
કિતને સિંહાસન ચઢે, કિતને ગયે નિરાશ. ૭

---

(૬) આબાદી દેખીને ફુલાવું નહિ કે બહુ હરખાવું નહિ, તેમજ વિપત્તિ દેખીને રોવું નહિ—મનમાં ક્લેશ કરવો નહિ. ચોક્કસ સમજજે કે આબાદીમાં જ વિપત્તિ છુપાયેલી છે. આબાદીના કેફથી માણસ પ્રમત્ત, જડવાદી, સુકોમળ બની જાય છે અને તેથી વિપત્તિને આવવાનો રસ્તો સાફ થાય છે! માટે તારાં પૂર્વનાં કર્મનાં પરિણામ આવવા તરીકે ભલે રામ અથવા 'કર્મનો કાયદો' ગમે તેવી વિપત્તિ કે સંપત્તિ આપે, તું તેથી લેપાતો નહિ. ભોગાવળી કર્મ એટલે થઈ ગયેલાં કર્મ કે જેનું ફળ ભોગવ્યા સિવાય ચાલે જ નહિ, તેવાં કર્મનાં કડવાં કે મીઠાં ફળ ભોગવતી વખતે આ જન્મમાં તું આત્મક્લેશ કે પ્રમાદરૂપી નવાં કર્મ બાંધીશ નહિ. સમભાવે એટલે મનને બેમાંથી એક પણ બાજુ ઢળવા દીધા સિવાય જ તું બન્ને પ્રકારનાં કર્મોને સહન કરી લે. ચિત્તશાન્તિ કે જે આત્માનો સ્વભાવ છે, તેને ખલેલ ન પહોંચવા દઇશ. સુખ–દુઃખ કે પૂર્વમાં થઈ ગયેલાં કામોનાં ફળ છે તેને અટકાવવા કે બદલાવવાની તારામાં સત્તા નથી, પરન્તુ મનને સમભાવમાં રાખવાની વાત તો તારા હાથની બાજી છે.

(૭) હે મનુષ્ય, તું જો લક્ષ્મીમાં સુખ સમજતો હોય, તો લક્ષ્મીદેવી પોતે શું કહે છે તે સાંભળ. તે દેવી કહે છે કે, હું ઘડીમાં એક જણને વરું છું, વળી ત્યાંથી છૂટાછેડા કરી બીજાને ઘેર રહું છું; ત્યાંથી વળી નાસી જઈ–ત્રીજાનું ઘર માંડું છું. એમ જ્યાં જાઉં છું ત્યાં હું નવી જ ગણાઉં છું; પણ મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચ્ચી સંપત હરિમિલન, બિપદા રામ વિયોગ,
સંપત બિપદા ઔર નહિં, સમઝત નહીં લોગ. ૮
ધન તો ઐસા સંચિયે, જો ધન આગે હોય;
મૂઢ! શિશ લે ગાંઠરી, જાત ન દેખા કોય! ૯

કોઈની આશા પૂર્ણ કરી નથી. મેં કેટલાયે લોકોને રાજ-ગાદીએ ચઢાવ્યા છે, પણ ત્યાંથી તેમને પાડ્યા પણ છે અને કેટલાકને તો સિંહાસન છોડીને બીજી દુનિયામાં ચાલ્યા જવાની ફરજ પાડી છે; તેમજ કેટલાકને તો સિંહાસન મેળવવાના પ્રયાસ કરવાની પ્રેરણા કરીને મેં અધ્ધર લટકતા રાખ્યા છે! આ પ્રમાણે પૈસો મેળવવાનો પ્રયાસ કરનારા તે આશામાં સુખી થતા નથી, પૈસો પામેલાઓ તે પ્રાપ્તિમાં સુખી થતા નથી અને પૈસાના પ્રયાસમાં નિષ્ફળ ગયેલાની તો વાત જ શી કરવી?

(૮) માટે ખરેખરી સંપત્તિ તો 'હરિમિલન' એટલે 'પ્રભુ સાથે એકતા' એ જ છે. જેઓ પ્રભુમય છે એટલે જેમના હૃદ-યમાં પ્રભુનું વિસ્મરણ ઘડી પણ થતું નથી તેઓ જ સુખી છે; અને જેઓ રામથી છૂટા પડ્યા છે અર્થાત્ આખા વિશ્વમાં રમી રહેલા આત્મતત્ત્વને જેઓ મનમાં સ્મરી શકતા નથી, તેઓ ખરેખર દુઃખી છે. આ સિવાય સંપત્તિ–વિપત્તિ બીજી છે જ નહિ. પણ આ ખરો અર્થ મૂઢ લોકો સમજતા નથી અને નકામા દુઃખી થાય છે.

(૯) ધન સંચરવાની–સંગ્રહવાની કબીરજી ના કહેતા નથી; પણ તે ધન એવી જાતનું જોઇએ કે, જે બીજી દુનિયાની મુસાફરીમાં કામ લાગે. બીજી દુનિયાની મુસાફરી વખતે એટલે મૃત્યુ બાદ આ સ્થૂલ શરીર તો અહીં જ બળી જાય છે, પણ તેજસ્ અને કાર્મણ દેહ એટલે ઇચ્છાઓ અને વિચારોથી બનેલાં સૂક્ષ્મ શરીરો અદૃશ્ય આત્માની સાથે બીજી દુનિયામાં જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભી રસાયનમેં હરિ, હરિ સા ઔર ન કોય;
તિલ એક ઘટમેં સંચરે, સબ તન કંચન હોય! ૧૦
રામ નામકે લેત હી, હોત પાપકા નાશ;
જૈસી ચિનગી અગ્નિકી, પડી પુરાને ઘાસ. ૧૧
સુમરનસે સુખ હોત હૈ, સુમરનસે દુઃખ જાય;
કહે કબીર સુમરન કિયે, સ્વામી માંહિ સમાય. ૧૨

છે. માટે જે પરોપકારની ઇચ્છાઓ અને આત્મતત્ત્વ સંબંધી વિચારો-ભાવનાઓ કરી હશે, તે બીજી દુનિયામાં તમારાં સૂક્ષ્મ શરીરને સુખી બનાવશે અને આખરે તમે અશરીરી પણ બનશો. હે મૂઢ! શિર ઉપર પૈસા કે સ્ત્રીની ગાંઠડી બાંધીને બીજી દુનિયામાં જતું કોઈ જોવામાં આવ્યું નથી! માટે ચેત.

(૧૦) સઘળી જાતનાં રસાયણમાં હરિ એ શ્રેષ્ઠ રસાયણ છે; એના જેટલી તાકાત આપનાર રસાયણ બીજું છે જ નહિ. આ રસાયણમાંથી એક તલ માત્ર જો કોઈના ઘટમાં-હૃદયમાં ઊતરે તો તે આખો કંચનમય બની જાય. ખરી વાત છે કે જે માણસ હરિ સાથે એકતાર રાખે છે, તેનામાં કાંચનથી પણ વધારે કિંમતના ગુણો પ્રગટે છે.

(૧૧) જેમ અગ્નિની એક ચિણગારી પુરાણા ઘાસની ગંજીમાં પડે તો તેથી આખી ગંજી ખાખ થઈ જાય, તેમ રામનું સ્મરણ થતાં હૃદયમાં જે પ્રકાશ થાય છે, તેથી ઘણાં પાપોને ખેપટિયાં મૂકવાં પડે છે.

(૧૨) પરમાત્માના સ્મરણથી એટલે પરમતત્ત્વ પર ચિંત્વન કરવાથી સુખ થાય છે, દુઃખ-ચિંતા દૂર થાય છે અને લાંબા વખતના સ્મરણથી માણસ, માણસ મટી સ્વામીરૂપ અર્થાત્ પરમાત્મસ્વરૂપ બની જાય છે. ઇયળ ભ્રમરીનું ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમરન જગમેં સાર હૈ, ઔર સકલ જંજાલ;
આદિ અંત સબ શોધિયા, દૂજા દેખાં કાલ. ૧૩

ભગતિ ભજન હરિનામ હૈ, દૂજા દુઃખ અપાર;
મનસા–વાચા–કર્મણા, કબીર સુમરન સાર. ૧૪

રામ કહો, મન બશ કરો, યહી બડા હૈ અર્થ;
કાહેકો પઢ પઢ મરો, બહુત ગ્યાન અરૂ ગ્રંથ. ૧૫

કરવાથી ભ્રમરી બની જાય છે એ પ્રત્યક્ષ પુરાવો છે.

(૧૩) આદિથી અંત સુધીના સઘળા પદાર્થો શોધો, પણ માત્ર પરમાત્મસ્મરણ સિવાય બીજી સઘળી વસ્તુ જંજાળ-રૂપ જ છે. માત્ર સ્મરણ જ સાર પદાર્થ છે; બીજા પદાર્થ કાળરૂપ છે–અર્થાત્ આપણને જડ ભાવમાં ઉતારી પાડી મૃત્યુ કરાવનાર છે.

(૧૪) હે કબીર ! તારું સ્વસુખ તો રામમાં જ છે; બીજું બધું અપાર દુઃખ આપનાર છે. સ્મરણ જ માત્ર સુખદાયી છે. સ્મરણ ત્રણ પ્રકારે થાય છે: (૧) મનથી પરમાત્માનું ધ્યાન કરવું તે, (૨) મુખથી પરમાત્મતત્ત્વનો ઉપદેશ કરવો તે, (૩) 'આપણે પોતે રામ જ હોઇએ, તો કેવાં કામ કરીએ ?' એવા વિચારને આંખ આગળ રાખીને રામને છાજે તેવાં જ કામ કરવાં તે.

(૧૫) રામનું સ્મરણ કરો અને મનને વશ કરો; એ જ મોટો લાભ છે. બાકી, નાહક પોથાં ભણવાથી કાંઈ વળવાનું નથી. વળી દુનિયામાં જ્ઞાન અને ગ્રંથોનો એટલો ભંડાર છે કે તે વાંચવાશીખવા બેસીએ, તો સો ભવે પણ પાર આવે તેમ નથી. પણ સઘળાં જ્ઞાન અને શાસ્ત્રોનો સાર એ છે કે, રામનું સ્મરણ કરો અને મનને વશ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહતા હૂં—કહે જાત હૂં, સુનતા હૈ સબ કોય;
રામ કહે ભલ હોયગી, નહિ તો ભલા ન હોય. ૧૬
સુખમેં સુમરન ના કરે, દુઃખમેં કરે સબ કોય;
સુખમેં જો સુમરન કરે, તો દુઃખ કહાંતેં હોય? ૧૭
સુખમેં સુમરન ના કરે, દુઃખમેં કરે જો યાદ;
કહે કબીર તા દાસકી, કૌન સુને ફરિયાદ? ૧૮
હરિ સુમરન કોઢી ભલા, ગલિ ગલિ પડતી ચામ!
કંચન દેહ જલાય દે, જો ન ભજે હરિ નામ. ૧૯

---

(૧૬) કબીરજી કહે છે કે, હું ફરી ફરીને કહું છું અને આખી દુનિયાને સંભળાવું છું કે, રામસ્મરણથી જ સુખી થવાશે, તે સિવાય કદાપિકાળે સુખ મળવાનું નથી.

(૧૭) લોકોનો રિવાજ છે કે, સુખ વખતે પ્રભુનું સ્મરણ કરતા નથી અને દુઃખ વખતે (ગરજ પડચે) નામ યાદ આવે છે! પણ પરમેશ્વર કાંઈ ખુશામતિયો નથી કે એવી રીતે સ્મરણ-થી સુખ આપે. કાંઈ ગરજ ન હતી, એવે વખતે માત્ર કર્તવ્ય તરીકે ઈશ્વરને યાદ કરી તેની આજ્ઞાઓ પાળી હોત તો આજે જે કર્મોથી દુઃખ પડે છે, તે કર્મો પૂર્વકાળમાં બંધાત જ નહિ. એટલે કે દુઃખી થવાનો અને ત્યાર પછી ખુશામત કરવાનો વખત જ આવત નહિ.

(૧૮) જે નોકર શેઠથી છૂટો પડીને બીજે ગામ જઈ પૈસાવાળો બને અને તે વખતે જૂના શેઠને મળવાની પણ તમા ન રાખે, પણ તે નોકરને પછી આપત્તિ આવી પડે અને જો તે જૂના શેઠને મળી ખુશામત કરવા મંડી જાય, તો પણ તેની વાત શું પેલો શેઠ સાંભળશે?

(૧૯) હરિનું ભજન કરનારા, અહોરાત્ર પરમાત્માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જા ઘર સંત ન સેવિયા, હરિકો સુમરન નાહિં;
સો ઘર મરઘટ સારિખા, ભૂત બસત તા માહિં; ૨૦
રામ નામ તો રતન હૈ, જીવ જતન કરી રાખ;
જબ સંકટ શિર આં પડે, તબ રાખે રઘુનાથ. ૨૧
જબ જાગે તબ રામ જપ, સોવત રામ સંભાર;
ઊઠત-બૈઠત આતમા ! ચાલત રામ ચિતાર. ૨૨

પોતાના હૃદયમાં યાદ કરનારા પુરુષોને શરીરે કદાપિ કોઢનું દરદ થવાથી ચામડી ખરી પડતી હોય તોપણ તે આરોગ્યવાન અને સુંદર દેખાવા છતાં ભક્તિ વગરના માણસો કરતાં ઘણા ઉત્તમ છે. હરિનામથી શત્રુતા ધરાવનાર માણસની કાયા કાંચન-મય હોય તો પણ તેમનામાં પૂળો મૂકો ! મતલબ કે તે નકામી છે.

(૨૦) જેના ઘરમાં સંતસેવા (લાયક પુરુષોની કદરદાની) નથી અને હરિસ્મરણ (પરમતત્ત્વ સાથે એકતાર થવાપણું) નથી, તે ઘર શ્મશાન (મરઘટ) છે એમ માનો; અને એ ઘરમાં વસનારાંઓ મનુષ્ય નહિ પણ ભૂત છે. આશા-ઇચ્છાઓ સાથે મરનારને ભૂતયોનિ પ્રાપ્ત થાય છે એ જાણીતી વાત છે; અને જેઓ પરમાત્માને સ્મરી શકતા નથી, તેઓ આશાતૃષ્ણાદિમાં રચ્યાપચ્યા હોવાથી જ પરમાત્મા તરફ લક્ષ આપી શકતા નથી; માટે તેવા આશાતૃષ્ણાવાળા પુરુષો આજે ભૂત ન કહેવાય, તો થોડાં વરસ પછી તો જરૂર ભૂત થવાના છે જ !

(૨૨) પથારીમાંથી ઊઠતાં જ રામને જપ, 'તું રામ રૂપ છો' એ વાતનું સ્મરણ કર, સૂએ ત્યારે પણ એ યાદી તાજી કર; ઊઠતાં-બેસતાં અને ચાલતાં પણ '**અનલહક**' અથવા 'હું પરમાત્મા છું' એ તારી ખાનદાની યાદ કરાવનાર મંત્રનું ધ્યાન કર, કે જેથી તારાં મન-વચન-શરીર ઉત્તમોત્તમ કામમાં જ ગતિમાન થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિતને તારે ગગનમેં, ઉતને અરિદલ હોય;
કિરપા જો શ્રી રામકી, બાલ ન બાંકો હોય. ૨૩

સકામી સુમરન કરે, પાવે ઉત્તમ ધામ,
નિષ્કામી સુમરન કરે, પાવે અવિચલ રામ. ૨૪

રાજા-રાના ના બડા, બડા જો સુમરે રામ;
ઈનસેભી વો જન બડા, જો સુમરે નિજ નામ. ૨૫

૧૫ : ગુરુ-માહાત્મ્ય અને સત્સંગ

કબીર માંગે માગનાં, પ્રભુ! દીજે મોય હોય;
સંતસમાગમ, હરિકથા, મો ઘર નિશદીન હોય. ૧

---

(૨૩) આકાશમાં જેટલા તારા છે તેટલા દુશ્મનોનું લશ્કર મારવા ફરતું હોય તોપણ, જેણે પરમાત્મપરાયણ જિંદગી ગુજારી છે, તેનું રક્ષણ આપોઆપ થાય છે.

(૨૪) જેઓ ફળની આશાથી પરમાત્મસ્મરણ કરે છે તેમને દેવલોક આદિ ઉત્તમ ધામ મળે છે; અને જેઓ માત્ર કર્તવ્ય ખાતર સ્મરણ કરે છે, તેમને એથી પણ વધુ આગળની જે સ્થિતિ એટલે કે કદી નાશ ન પામે તેવું જે મોક્ષ તે મળે છે.

(૨૫) દુનિયાદારીના વૈભવવાળા રાજારાણા કંઈ મહાન પુરુષ ગણાય નહિ; પણ જે રામનું સ્મરણ કરી શકતા હોય તે જ મહાન છે. તેથી પણ આગળ વધીને જેઓ પોતાની ઈશ્વરતા-મૂળ સ્વરૂપ સ્મરી શકે, તેઓ વધારે મોટા પુરુષ છે.

(૧) કબીર, પ્રભુ પાસે માત્ર એટલું જ માગે છે કે, મારે ઘેર રાત્રિદિવસ સત્સંગ અને પ્રભુસ્મરણ એ બે ચીજ હોજો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરા શ્રી સદ્‌ગુરુ બિના, હિરદા શુદ્ધ ન હોય;
મનસા–વાચા–કર્મણા, સુન લીજો સબ કોય.. ૨
સદ્‌ગુરુ સત્‌કા શબ્દ હૈ, જાને સત્‌ દિયા બતાય;
જો સત્‌કો પકડે રહે, તો સત્‌ હી માહિં સમાય. ૩
દેવી બડી ન દેવતા, સૂરજ બડા ન ચંદ;
આદિ અંત દોનોં બડે, કૈ ગુરુ કૈ ગોવિંદ. ૪
ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકે લાગૂં પાય?
બલિહારી ઇસ ગુરુકી, (જાને) ગોવિંદ દિયો બતાય. ૫

---

(૨) મન–વચન અને કાયાથી એટલે ભાવના, વાણી તેમજ કૃત્યથી જેઓ સંપૂર્ણ પવિત્ર છે, એવા સદ્‌ગુરુ મળ્યા વિના માણસનું હૃદય તદ્દન શુદ્ધ થવું મુશ્કેલ છે.

(૩) 'સત્‌' એટલે 'પરમ તત્ત્વ' તે રૂપ વગરનું તત્ત્વ છે; તેનું કોઈ દૃશ્ય સ્વરૂપ હોય તો તે 'સદ્‌ગુરુ' છે; અર્થાત્‌ સદ્‌ગુરુ એ પરમાત્માની જીભ છે. પરમાત્મા તમને સત્‌નો માર્ગ બતાવવા આવતા નથી, પણ પોતાની જીભરૂપ–શબ્દરૂપ સદ્‌ગુરુનો ભેટો કરાવી આપે છે. એવા સદ્‌ગુરુ તમને જે સત્‌ બતાવે તે સત્‌ને તમે દૃઢતાથી પકડી રાખશો, તો સત્‌રૂપ જ બની જશો.

(૪) દેવ–દેવીઓ કાંઈ મહાન આત્માઓ નથી, કારણ કે તેમને પણ મૃત્યુ છે અને વળી કામ–ક્રોધ–ઈર્ષા આદિ હોળીઓ એમને પણ છે. સૂર્ય–ચંદ્ર એ પણ કાંઈ મોટા નથી, એમને ઉદય–અસ્ત તો છે જ. શરૂથી આખર સુધી જેનું મહાનપણું કાયમ રહી શકતું હોય એવા તો બે જ છે: (૧) ગુરુ અને (૨) ગોવિંદ એટલે પરમતત્ત્વ.

(૫) એક બાજુ ગુરુજી ઊભા હોય, બીજી બાજુ પર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરા સદ્‌ગુરુ સેવતાં, અંતર પ્રગટે આપ;
મનસા–વાચા–કર્મણા, મિટે જનમ કે તાપ. ૬
ભલા ભયા જો ગુરુ મિલા, તિનસે પાયા જ્ઞાન;
ઘટકે ભીતર ચૌતરા, ઘટમેં હી દીવાન! ૭
ગુરુસેવા, જનબંદગી, હરિસુમરન, બૈરાગ;
યે ચારોં જબ આ મિલે, પૂરન સમઝો ભાગ. ૮

માત્મા ખુદ કદાપિ અવતાર લઇને ઊભા રહે અગર હું ઉચ્ચ શ્રેણીએ ચડવાથી એમને આત્મસત્તાએ ભાળું, તો પ્રથમ નમસ્કાર મારે કોને કરવા? અલબત પરમાત્માનું પદ મોટું છે, પણ મને એમની પિછાન કરાવનાર તો ગુરુ હોવાથી પ્રથમ ગુરુજીને જ પ્રણામ કરવા જોઇએ, એ વિવેક છે. (એ જ કારણથી જૈન ધર્મમાં સિદ્ધને નહિ પણ અર્હત્‌ને પ્રથમ નમસ્કાર કરવાનું ફરમાવ્યું છે.)

(૬) સંપૂર્ણ લાયકાતવાળા સદ્‌ગુરુની સેવા કરવાથી સેવકના અંતર–હૃદયમાં નિજસ્વરૂપ 'પ્રગટ' થાય છે; અને જન્મથી આજ સુધીના મન–વચન–કાયા સંબંધીના સઘળા કલેશ દૂર થાય છે.

(૭) ભલું થયું કે સદ્‌ગુરુ મળ્યા! ગુરુથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને જ્ઞાનનો પ્રકાશ થવાથી હું જોઈ શકયો કે મારા હૈયામાં એક હદ વગરનો વિશાળ ચોતરો–મેદાન છે અને તે જગાનો દીવાન (વ્યવસ્થાપક) પણ ત્યાં જ છે. વિશ્વ અને પરમાત્મા બન્ને ઘટમાં જ છે! (જૈનોની લોકાલોકસ્વરૂપ–ભાવના સરખાવો.)

(૮) સદ્‌ગુરુની ભક્તિ, જનસમાજ એટલે મનુષ્ય માત્રની બંદગી અથવા ખિજમત, પરમાત્મસ્મરણ અને (જ્ઞાનપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ લાભા તબ જાનિયે, મિટે મોહ તન તાપ;
હરખ શોક દાઝે નહીં, તબ હર આપોઆપ. ૯
બલિહારી ગુરુ આપકી, પલપલમેં કઈ બાર;
પશૂ મેટ હરિજન કિયે, કછૂ ન લાગી બાર. ૧૦

રખાતો) વૈરાગ્ય: એ ચાર જેને મળે તે પુરુષ પૂર્ણ ભાગ્યશાળી છે એમ માનો.

(૯) સર્વ કોઈ કહે છે કે, મને તો ગુરુજી મળી ચૂકયા છે. જૈનો–વૈષ્ણવો–ક્રિશ્ચિયનો આદિ સર્વ કોઈ એકાદ ગુરુ ધારી લઈને ફુલાય છે કે મોક્ષનો દરવાજો એમને માટે હવે ખૂલી ગયો ! પરંતુ નિષ્પક્ષપાતી કબીર કહે છે કે, તમે જૈન હો કે વૈષ્ણવ હો કે ક્રિશ્ચિયન હો અગર તમારા ધારેલા ગુરુ ગમે તે પંથના હો, તે સાથે મોક્ષને કાંઈ સંબંધ નથી; પણ જો તમને મોક્ષ અપાવી શકે એવા ગુરુ ખચિત જ મળ્યા હશે તો તેથી તમારા પોતામાં કાંઇ રૂડો ફેરફાર થયો હોવો જોઇએ. મતલબ કે તમારામાંથી મોહ દૂર થયો હોવો જોઇએ. ચિત્તકલેશના વળગાટથી બચવાની તમારામાં સ્વાભાવિક શક્તિ આવી હોવી જોઇએ, હર્ષ તેમ જ શોકની જવાળા તમને સ્પર્શી શકે જ નહિ એવો વૉટરપ્રૂફ અને ફાયરપ્રૂફ ડગલો તમારા સૂક્ષ્મ શરીરની આસપાસ પહેરાયેલો હોવો જોઇએ. અને એમ થયું હશે તો તમને ગુરુ મળ્યા એમ માનવાને મારે ના નથી અને હરિ પણ વણમાગ્યા આવીને આપોઆપ તમને મળશે.

(૧૦) હે ગુરો ! આપની તો બલિહારી જ છે, કે આપે એક પળમાં જ મદદ કરી અને પશુપણામાંથી બચાવી મને હરિજન કર્યો. હું જાનવર જેવો હતો તેમાંથી હરિજન બનાવી દીધો. અને વળી એ મહાન રૂપાંતર કરતાં તમને વાર પણ લાગી નહિ ! (ગુરુના શ્રેષ્ઠ આત્મબળ વડે શિષ્યોનાં મન ઉપર ઊંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ પુજાવે સંતકો, સંત કહે ગુરુ પૂજ;
આમન સામન પૂજતાં, પડી અગમકી સૂજ. ૧૧
કબીર કહે સો દીન બડો, જા દિન સાધ મિલાય;
આંખો ભર ભર દેખિયે, પાપ સભી ચલ જાય. ૧૨
સાધ મિલે સાહબ મિલે, અંતર રહી ન રેખ;
મનસા-વાચા-કર્મણા, સાધૂ સાહબ એક. ૧૩

અસર જલદી થઇ શકે અને તેથી તેઓનું જીવન સુધરી—ઘણી ત્વરાથી સુધરી શકે, એ સ્વાભાવિક છે.)

(૧૧) ખરો ગુરુ પોતે કદાપિ કાળે માન-પૂજા ઇચ્છતો નથી. તેની પૂજા કરવા આવનારને તે કહે છે કે, 'ભાઈ! સંતજનોની પૂજા કર.' અને સંતજન કહે છે કે, 'તારા ઉપકારી-તને રસ્તો બતાવનાર ગુરુદેવની ભક્તિ કર.' આમ ગુરુ અને સંત પાસે જતાં અને તેમની પૂજાના પ્રસંગ પરથી તેમની લાયકીનો અનુભવ થતાં શિષ્યને અગમ્ય તત્ત્વની સૂઝ પડી જાય છે અર્થાત્ પરમતત્ત્વનું ભાન થાય છે.

(૧૨) ધન્ય છે તે દિવસને કે જ્યારે સાચા સાધુથી મેળાપ થાય. એ મેળાપ વખતે સાધુને આંખો વડે ધરાઇને મળી લેવું, કે જેથી પાપો નાશ પામે. શરીરથી મળવામાં-પગ ચૂમવામાં કે અંધશ્રદ્ધાળુ જનો સાધુનામધારીનાં થૂંકાદિ ખાય છે તેમ કરવામાં કશો લાભ નથી. આંખો વડે ગુરુમાં તલ્લીનતા કરવાથી-એના ગુણોના સ્મરણમાં તલ્લીન થવાથી જ પાપ નાશ પામે છે.

(૧૩) સાચા સાધુ મળે તો માનો કે ખુદ પરમાત્મા જ મળ્યા. પરમાત્મા અને સતસાધુ વચ્ચે રેખ-લેશમાત્ર પણ અંતર-ભેદભાવ નથી. મન, વાણિ અને કાર્ય-એ ત્રણેની બાબતમાં સાધુ અને પરમાત્મા એકસરખા જ હોય. અર્થાત્ પરમાત્માના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત સમાગમ પરમ સુખ, અન્ય અલ્પ સુખ ઔર;
માન સરોવર હંસ હૈ, બગલા ઠોરે ઠોર. ૧૪
મીઠી બિહરી સંતકી, જામેં ક્ષીર અપાર;
હરિરસ જહાં ખૂટે નહીં, પીવે વારંવાર. ૧૫
હરિજન આવત દેખકે, ઉઠકે મિલિયે ધાય;
ના જાનૂં ઇસ ભેશમેં, નારાયન મિલ જાય! ૧૬

જેવાં જ ઉત્તમ પરોપકારનાં કામ કરે, એવા જ કલ્યાણકારી મીઠા શબ્દ બોલે અને એવી જ શુદ્ધ ભાવનાઓમાં લીન રહે, એવા પુરુષને જ સાધુ કહી શકાય અને તેમાં તથા પરમાત્મામાં કાંઈ અંતર ન જ હોઈ શકે.

(૧૪) દુનિયામાં મોટામાં મોટું સુખ સંતજનની મુલાકાત એ જ છે, બીજાં બધાં સુખો એની આગળ અલ્પ માત્ર છે; જેમકે દુનિયામાં સરોવર તો ઘણાંયે છે પણ જ્યાં શ્રેષ્ઠ પક્ષી હંસ જોવામાં આવે એવું તો એક માનસરોવર જ છે, બાકી બીજાં સરોવરોમાં તો બગલા નજરે પડે છે. અર્થાત્ બગલા જેવા ધૂર્ત–ઢોંગી–પાખંડી–દામચામના લાલચુ સાધુનામધારી જંગાએ જગાએ જોવાય છે, તેમનાથી કાંઈ સુખ મળે નહિ; સુખ તો ખરા સંતના સમાગમથી જ મળે.

(૧૫) સંતપુરુષ એ એક મીઠો ઝરો (બિહરી) છે, જેમાં પાણીને બદલે 'હરિ રસ' એટલે પ્રભુતન્મયતા રૂપી દૂધ વહે છે, કે જે અપાર છે; તે વારંવાર પીવા છતાં ખૂટે જ નહિ એટલું અપાર છે.

(૧૬) હરિમાં રત થયેલો એવો માણસ આવતો દેખીને આપણે તેને ધાઈને મળવું જોઈએ–પૂરા પ્રેમથી સામા જવું જોઈએ; કારણ કે કદાચ એ માણસ દ્વારા જ પરમાત્માનાં દર્શન થઈ જાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિજન મિલે તો હરિ મિલે, મન પાએ વિશ્વાસ;
હરિજન હરિકા રૂપ હૈ, જ્યૂં ફૂલનમેં બાસ. ૧૭
સાધ નદી, જલ પ્રેમ રસ, તહાં પ્રછાલો અંગ;
કહે કબીર નિર્મલ ભયે, સાધુજનકે સંગ. ૧૮
રામ મિલનકે કારને, મો મન ખડા ઉદાસ;
સત્સંગતમેં શોધ લે, રામ ઉન્હોંકે પાસ. ૧૯
પરબત પરબત મૈં ફિરા, કારન અપને રામ;
રામ સરીખા જન મિલા, તાતે સરિયા કામ! ૨૦
સંત જહાં સુમરન સદા, આઠે પહર અભૂલ;
ભર ભર પીવે રામ રસ, પ્રેમ પિયાલા ફૂલ. ૨૧

---

(૧૭) ખરો હરિજન મળે, તો તેની દ્વારા હરિ મળે અને મનમાં વિશ્વાસ-નિજરૂપની શ્રદ્ધા આવે. જેમ ફૂલમાં સુગંધી છે તેવી રીતે હરિજનમાં હરિ છે.

(૧૮) સાધુરૂપી નદી છે, તેમાં પ્રેમરસ (ઉચ્ચ પ્રેમ) રૂપી જળ છે. એ જળમાં તમે તમારું અંગ (તેજસ અને કાર્મણ શરીર) ધૂઓ. ખરેખર સાધુજનની સંગતથી નિર્મળ-પવિત્ર થવાય છે.

(૧૯) મારા મનમાં પરમાત્માને મળવાનો ઘણો ઉલ્લાસ-ઉમંગ છે, લગની લાગી છે. માટે ચાલ જીવ, કોઈ સત્પુરુષની જ સોબત કરી લઉં, કારણ કે રામ તેવા પુરુષની પાસે જ છે.

(૨૦) મારા રામને મળવા માટે હું નાહક પર્વત પછી પર્વત ભમ્યો; પણ આખરે રામ જેવા સત્પુરુષ મળ્યા તેથી જ મારાં કામ સર્યાં-તેથી મને મારો રામ પ્રથમ તે સત્પુરુષના મુખ પર ને પછી મારા જિગરની અંદર દેખાયો!

(૨૧) જ્યાં સંતજન છે ત્યાં નિરંતર આઠે પ્રહર પરમાત્મ-સ્મરણ હોય છે; મતલબ કે ખરા સંતજનો-દુનિયાનું કાંઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂટા મન બદલાય દે, સાધૂ બડે સુનાર;
ટૂટી હોવે રામસે, ફિર સંધાવન હાર. ૨૨
સંગત કીજે સંતકી, કભૂ ન નિષ્ફળ હોય;
લોહા પારસ પરસતે, સો ભી કંચન હોય. ૨૩
સો દિન ગયા અકાજમેં, હુઆ ન કુછ સત્સંગ;
પ્રેમ બિના પશુ જીવના, ભાવ બિના ભટકંત. ૨૪

કામ કરવા છતાં–ખાતાં–પીતાં–સૂવા છતાં પણ નિજ સ્વરૂપનું 'ભાન' ક્ષણ માત્ર પણ ચૂકતા નથી, અભ્યંતરવૃત્તિ ક્ષણમાત્ર પણ ચૂકતા નથી. તેઓ પ્રેમના પ્યાલા વડે તન્મયતારૂપી અમૃત નિરંતર પીધાં જ કરે છે.

(૨૨) સાધુ પુરુષ–પવિત્ર પુરુષ જબરા સોની છે! કોઈ ઉદાર સોની, લોકોનાં ફૂટેલાં સુવર્ણપાત્ર બદલીને નવાં આપે અગર મફત સાંધી આપે, તો તે અજબ ગણાય; તેવી રીતે સાધુ પુરુષો આપણાં ફૂટેલાં મનને બદલીને નવાં મન આપે છે, અને રામ સાથેનો આપણો તાર તૂટી ગયો હોય તો તે સાંધી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંબંધ આપણે ભૂલી ગયા હોઈએ તો તે પુનઃ તાજો કરાવી આપનાર સંતજનો જ છે.

(૨૩) માટે સંતની સોબત અવશ્ય કરવી; તે કોઈ કાળે નિષ્ફળ નહિ જાય. શું લોઢાને પારસમણિનો સ્પર્શમાત્ર થવાથી તે કંચનરૂપ નથી બનતું?

(૨૪) જે દિવસમાં કોઇ પણ સત્પુરુષની મુલાકાત ન થઈ હોય, તે દિવસ નકામો ગયો માનો. આપણે જીવીએ છીએ તેમ પશુ પણ જીવે છે; પણ પ્રેમ વિનાનું–પરમાત્મ સાથેની તન્મયતા વગરનું જીવવું, તે પશુજીવન બરાબર છે. જેમ ભાવ વગર ભટકવાથી કાંઈ અર્થસિદ્ધિ નથી, તેમ પરમાત્મપ્રેમ વગર જીવવું એ પણ નિરર્થક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬ : મન–માહાત્મ્ય અને મન–વશીકરણ

મન મેરા પંખી ભયા, જહાં તહાં ઉડ જાય;
જહાં જૈસી સંગત કરે, તહાં તૈસા ફલ ખાય. ૧
મન મર્કટ બન બન ફિરે, કભૂં ન થિર ઠહરાય;
રામ નામ બાંધા બિના, જિત ભાવે તિત જાય. ૨

---

(૧) મારું મન ચપળ–પક્ષી જેવું–થઇ ગયું છે; તે જ્યાં ત્યાં ઊડવામાં જ આનંદ માને છે. તે ઊડીને કોઈ વખતે સારે સ્થળે સંત પાસે જઇ ચડે છે તો ત્યાં સંત જેવું બને છે અને કોઈ વખતે દુર્જન પાસે જઈ ચડે છે તો દુષ્ટતાનો ચેપ તેને લાગે છે. જ્યાં જેવાં ફળ હોય તેવાં તે ખાય છે. કબીર એમ કહેવા માગે છે કે, મનને એમ ભટકતું ન રાખતાં સ્થિર સ્વભાવમાં રાખવા કોશિશ કરવી જોઇએ. અને જો તે ઊડ્યા વગર ન જ જંપતું હોય તો માત્ર શુભ અને શુદ્ધ તત્ત્વોરૂપી ક્ષેત્રોમાં જ ઊડવા દેવું; અશુભ પદાર્થો અને વિચારોમાં તેને જવા ન દેવું; કારણ કે જ્યાં જાય તેવું તે બને છે.

(૨) અટકચાળા સ્વભાવનો વાંદરો– ઘડી પણ જંપતો નથી, ઘડીમાં અહીં ને ઘડીમાં તહીં કૂદ્યાં જ કરે છે અને દાંતિયાં કરે છે તેમજ અનેક પ્રકારના ચાળા કરે છે અને મનુષ્યાદિના ચાળા પાડવામાં–અનુકરણ કરવાનો તેનો સ્વભાવ હોય છે; તેવી જ રીતે મન પણ આત્મતત્ત્વમાં સ્થિર ન રહેતાં તર્ક-વિતર્કમાં કૂદ્યાં જ કરે છે, કેટલીક વાર તો વાંદરાની પેઠે મોટી મોટી ફલંગો કલ્પનાશક્તિમાં ભરે છે. વળી તેનામાં અનુકરણ-શક્તિ પણ સ્વભાવથી જ છે; કારણ કે જે જુએ છે તેવા થવાને તેને સહજ ઇચ્છા થાય છે. આવા અળવીતરા મનને વશ રાખ-વાનો એક જ ઉપાય છે–માત્ર એક જ ઉપાય છે, તે એ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન મર્કટ મન ચાતુરી, મન રાજા મન રંક;
જો મન હરજીકાં મિલે, (તો) હરજી મિલે નિ:શંક. ૩
મન પંખી બીન પંખકા, લખ જોજન ઉડ જાય;
મન ભાવે તાંકો મિલે, ઘટમેં આન સમાય. ૪

તેને રામનામથી એટલે પરમાત્મસ્મરણ વડે બાંધી રાખવું. કે જેથી મરજી મુજબ તે કૂદાકૂદ કરી શકશે નહિ. માનસશાસ્ત્રનો નિયમ છે કે, કોઈ ચીજ ખાલી રહી શકતી નથી. વાસણમાં કાંઈ ન ભર્યું હોય તો પણ તે હવાથી તો ભરેલું છે જ. તેમ મન કદી ખાલી તો રહી શકતું નથી જ. માટે જો તમારે તેને ખરાબ વિચારો અને સંકલ્પવિકલ્પથી બચાવવું હોય તો કોઈ પણ શુભ કે શુદ્ધ ખ્યાલ તેમાં ભરો, એટલે અશુભ ખ્યાલે દૂર ખસી તેને જગા કરી આપવી જ જોઈશે. પરમાત્મા સાથેનો આપણો અતૂટ સંબંધ જો વારંવાર વિચારવામાં આવે તો આપણું મન બીજે ભટકવા પામે નહિ.

(૩) કોઈ માણસ રાજા છે, કોઈ રંક દેખાય છે; કોઈ વાંદરા જેવો છે અને કોઈ ચતુર પુરુષ હોય છે. પણ ખરેખર તો એ તફાવત માણસના શરીરને લગતો નથી, માત્ર મનને લગતો છે. માટે જો હરજી અથવા પરમાત્માની મુલાકાત મનને કરાવવામાં આવે તો પરમાત્મપદ મળવામાં કાંઈ શક જ નથી.

(૪) મનની શક્તિ ઘણી આશ્ચર્યજનક છે. પાંખ વગરનું છતાં તે ક્ષણ માત્રમાં લાખ યોજન પહોંચી જાય છે. ગમે તેટલે દૂર પડેલા કોઈ સ્નેહી પુરુષ કે સ્ત્રી કે પદાર્થને તે ઘડીમાં મળી શકે છે અને ઘડીમાં પાછું તે પોતાને ઠેકાણે આવી જાય છે. આવી અજાયબ શક્તિવાળું મનરૂપી હથિયાર આપણી પાસે છે તે ખુશ થવા જેવી વાત છે. પણ સવાલ એટલો જ છે કે તે જો આપણા કહ્યા મુજબને સ્થળે જ ઊડે તો તો લાભકારી ખરું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત સમુદ્રકી ઇક લહર, મનકી લહર અનેક;
કોઉક હરિજન ઉબરા, ડૂબી નાવ અનેક. ૫

નહિ તો ઊલટો આપણો વિનાશ કરી બેસે. હથિયાર જેમ વધારે તીવ્ર તેમ વધારે ભયંકર ગણાય. તીવ્ર હથિયારથી ઘણા દુશ્મનોને થોડી મહેનતે સંહારી શકાય, એ જેમ ખરું છે તેમજ તે જ હથિયાર જો આપણે કેફ કર્યો હોય અને વગર વિચાર્યે વાપરવામાં આવે તો આપણને કે આપણા સ્નેહીજનને પણ એટલી જ થોડીવારમાં સફાઇથી કાપી નાખે. હવામાં ઊડનારાં વિમાનની શોધ થઈ તે સારી વાત છે, પણ પ્રથમ તો એ વિમાનોને હવા લઈ જાય ત્યાં ખેંચાઈ જતાં તેથી ઘણુંયે માણસો દરિયામાં પડી મરી જતા. હવે દિવસે દિવસે એ વિમાનની કળા વિકાસ પામતી જાય છે અને હવાને આધારે ન રહેતાં યંત્ર વડે ધારેલે સ્થળે જ વિમાનને ઉડાડી શકાય એવું થયું છે. તેથી હજારો માઇલની મુસાફરી થોડા વખતમાં થઈ શકે છે. તેમજ મન છે તે પણ હવામાં ઊડનારું વિમાન 'ઍરોપ્લેન' છે. જો એને પણ આપણે મરજી મુજબ ચલાવી શકીએ અને અટકાવી શકીએ તો તે સમર્થ હથિયાર ઘણું લાભકારક છે; અને જો આપણા તંત્ર બહાર તે રહેવા પામે તો આપણને ઊંડા સમુદ્રમાં કે નરકખાઈમાં કે અગ્નિના ભડકામાં પછાડે એમાં પણ શક નહિ. માટે એવા પ્રબળ હથિયારના માલિક કુદરતે જ આપણને બનાવેલા છે, તો એ હથિયારને આપણી ઇચ્છાશક્તિને વશ રાખવા માટે ભગીરથ પ્રયત્ન કરવો એ જિંદગીનું પહેલામાં પહેલું કર્તવ્ય અને છેલ્લામાં છેલ્લું લક્ષ્યબિંદુ છે.

(૫) સાત સમુદ્ર આવડા મોટા હોવા છતાં સર્વમાં એક વખતે લહરી આવે છે, પણ મનમાં તો અનેક લહરીઓ ક્ષણમાત્રમાં આવે-જાય છે. એટલે મન એ સાત સમુદ્રથી પણ મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબહું ગગનમેં મન ચઢે, કબહું જાય પાતાલ;
કબહું મન વિરક્ત દિસે, કબહું પડે જંજાલ. ૬
મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત;

સમુદ્ર છે, કે જેમાં ક્ષણે ક્ષણે અનંત લહરીઓ–સંકલ્પવિકલ્પ ઊપજ્યા જ કરે છે. હવે એવા ડામાડોળ સમુદ્રમાં આવી ફસાયેલો માણસ કેમ કરી બચે? એમાં અનેક હોડીઓ–વહાણો હંમેશ ડૂબ્યા જ કરે છે–અર્થાત્ અનેક જિંદગીઓ રદ્દ–બાતલ થાય છે. એમાં ઊતરનાર–અણિશુદ્ધ રહેનાર એક જ જન છે અને તે હરિજન છે એટલે પરમાત્મપરાયણ મનુષ્ય છે. પરમાત્મામાં આખું વિશ્વ સમાયેલું હોવાથી એ નામ ઘણું ભારે–વજનદાર છે, તેથી એ નામરૂપી હોડી ગમે તેવા સમુદ્રના મોજાંથી ડોલવા પામતી નથી. અર્થાત્ પરમતત્ત્વમય મન ગમે તેવા શોક, હર્ષ આદિ સંજોગોથી ચલિત થતું નથી, સમભાવ છોડતું નથી.

(૬–૭) મન કોઈ વખતે ગગનમાં ચડે છે અર્થાત્ સ્વર્ગીય બાબતોના વિચારમાં લીન થાય છે, અને કોઈ વખતે પાતાળમાં જઈ પહોંચે છે, એટલે કે અસદ્‌ભાવ–દુષ્ટ વિચારો–નરકમાં ખેંચી જાય એવા વિચારોમાં લીન થાય છે. કોઈ કોઈ વખત (જો કે કવચિત્ જ) તે વિરક્ત અથવા રાગદ્વેષરહિત બને છે તો કોઈ વખત તે રાગદ્વેષની જંજાળમાં જઈ પડે છે. માટે જ કહ્યું કે, મનની હાર એ જ મનુષ્યની હાર છે અને મનની જીત એ જ મનુષ્યની જીત છે. દુનિયાદારીમાં કે આત્મિક બાબતમાં તમારે જીતવું જ હોય તો મનને જિતાડો, મનને સ્થિર–દૃઢ–શૌર્યવાન–જીતની જ ભાવનામાં તલ્લીન બનાવો, એટલે પછી મન અથવા સૂક્ષ્મ શરીરમાં ઉત્પન્ન થયેલા વિજયનાં સૂક્ષ્મ પુદ્‌ગળો બહાર–દૃશ્ય દુનિયામાં નીકળીને દૃશ્ય અથવા સ્થૂલ રૂપ લેશે અને વિજયરૂપે દેખાશે. જેમ ઇમારત ચણનારા કે ચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરબ્રહ્મ જો પાઇએ, મનુષ્ય હોય અજીત. ૭

બનાવનારા પ્રથમ તો મનમાં જ ઇમારત અને ચિત્ર તૈયાર કરે છે અને પછી તે મનમાંના સૂક્ષ્મ પુદ્દગળો જમીન કે કાગળ ઉપર સ્થૂલ રૂપે દેખા દે છે. તેવી જ રીતે વિજય કે પરાજય પ્રથમ મનમાં–સૂક્ષ્મ શરીરમાં ઉત્પન્ન થાય છે અને પછી બહાર દુનિયામાં સ્થૂલ અથવા દૃશ્ય રૂપે પ્રતિબિંબ પામે છે. માટે દુનિયામાં વિજય કે સુખ જોવાની ઇચ્છાવાળા મનુષ્યે પોતાના મનને સ્થિર–દૃઢ–વિજય અને સુખનો પોતાને હક્ક છે અને તે મળશે જ એવી ભાવનામય–શૌર્યવાન–ધીરજવાન બનાવીને તે રસ્તે ત્યાં જ વિજય અને સુખ પ્રથમ ઉત્પન્ન કરવું, એટલે તેના પ્રતિબિંબ તરીકે બાહ્ય સૃષ્ટિમાં સુખ અને વિજય જોવામાં આવશે જ. આમ કરવા માટે ઉપાય બતાવે છે કે, 'હું પરબ્રહ્મ જ છું–પરમાત્મા જ છું–મને અશક્ય કાંઈ નથી.' એવી ભાવના વડે જો માણસ દેહ છતાં પણ બ્રહ્મત્વ મેળવે તો તે અજિત બને છે–એને કોઈ જીતી શકે નહિ. આ ભાવના કાંઇ શબ્દોમાં સમાતી નથી. જેટલે અંશે એક માણસ એ ભાવનાથી તન્મય બની શકે એટલે અંશે તેને વિજય મળે. નેપોલિયને પોતાને પરમાત્મસ્વરૂપ માનવાની ભાવના ભાવી નહોતી તો પણ 'હું પ્રબળ છું–હું કોઇથી હારવાનો નહિ જ' એવી તેની સતત ભાવનાને લીધે એણે એટલું બળ અને વિજય મેળવ્યાં હતાં કે જેની બરાબરી જવલ્લે જ કોઈ કરી શકશે. કોઇ માણસ એથી પણ આગળ વધીને પોતામાં પરમાત્મભાવ ભાવે તો એથીયે વધારે વિજય મેળવી શકે. યાદ રાખવું કે ભાવનાઓ કાંઈ માત્ર શબ્દોની ભ્રમજાળ નથી; ભાવના કાંઈ મગજનું કામ નથી પણ હૃદયનું કામ છે; તેથી શુભ ભાવનાને લીધે હૃદય બળવાન અને પવિત્ર થવું જ જોઇએ. મહાન વિજય અને વિકાર ભેગા રહી શકતા નથી. માટે માયાવી–ઇન્દ્રિયજન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન સબ પર અસ્વાર હૈ, પેંડા કરે અનંત;
મન હી પર અસ્વાર હો, કોઉક બીરલા સંત. ૮
કાગજ કેરી નાવડી, પાની કેરી ગંગ;
કહે કબીર કૈસે તીરું, પાંચ કુસંગી સંગ? ૯

સુખોની લાલસાથી ભાવના ભાવનાર કદી ફાવી શકતો નથી–એનું નામ 'ભાવના' કહેવાય જ નહિ, એ તો 'વિકલ્પ' કહેવાય. પરમાત્મામાં શું ઇન્દ્રિયજન્ય સુખોની આશાતૃષ્ણા હોઈ શકે? કદાપિ નહિ. માટે પોતાને પરમાત્મામય કે પરમાત્મા હોવાની ભાવના ભાવનાર કદાપિ કોઈ વિજય એવા સ્વાર્થી કે વિષયી રૂપમાં ચિંતવી શકે જ નહિ.

(૮) મન સર્વના ઉપર સવાર થઇને ફર્યા કરે છે–એ પ્રમાણે માણસ પોતાના મનરૂપી અશ્વની લગામ પોતાના હાથમાં ન રાખી શકવાથી તે ઘોડા ઊલટા હાંકનારના માલિક બનીને તેને અનંતકાળથી આડાઅવળા ભ્રમણ (જન્મમરણ) કરાવે છે. પણ સંતપુરુષ–પરમાત્મ–પરાયણ પુરુષો તો પરમાત્માની અનંતશક્તિ પોતામાં હોવાથી મનને માત્ર ઘોડા જ માને છે–અને તેને પોતાના માલિક થવા દેતા નથી પણ પોતે તેના માલિક બની યથેષ્ટ જગાએ હાંકી જાય છે; તેથી દુ:ખમાં પડતા નથી.

(૯) આ શરીર કાગળના બનાવેલા હોડકા જેવું છે; કાગળના હોડકા વડે જેમ નદી તરી શકાય નહિ, તેમ આ ક્ષણભંગુર શરીરવડે સંસારસમુદ્ર તરી શકાય નહિ. સંસારમાં અનેક આધિ–વ્યાધિ–ઉપાધિ ચાલુ જ હોવાથી, જો તે સર્વની અસર શરીર ઉપર થવા દઇએ તો શરીર ઘડી પણ ટકે નહિ. પણ જો આધિ–વ્યાધિ–ઉપાધિને હસી કાઢતાં શીખીએ તો જ શરીર આરોગ્ય રહી શકે. વળી આ શરીરને પાંચ ઇન્દ્રિયોરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયા દેવલ મન ધ્જા, બિષય લહર ફહેરાય;
મન ચાલ્યાં દેવલ ચલે, તાકા સર્વસ જાય. ૧૦

કુસંગી મળ્યા છે, એટલે કે તેને ખરાબ અને ડુંગરા અને વમળમાં ખેંચી જાય છે તેથી તે જલદી નાશ પામે અને ધારેલે સ્થળે (પરમાત્માપદે) પહોંચી શકે નહિ. માટે સ્પર્શસુખની લાલસા, જિહ્વાસ્વાદની લાલસા, મોહક પદાર્થો જોવાની લાલસા, મોહક અવાજ સાંભળવાની લાલસા, મોહક ગંધની લાલસા–એ સર્વ લાલસાઓના ખેંચાયા ન ખેંચાતાં અને આધિ-વ્યાધિ-ઉપાધિ આવવા છતાં તે બેડીમાં (મનથી) ન જકડાતાં, જ્ઞાન અને આનંદમય આપણું મૂળ સ્વરૂપ આંખ આગળ રાખી તેમાં તલ્લીન રહેવાનો મહાવરો પાડીએ તો જ આપણે ધારેલે સ્થળે (પરમ દશાએ) જઈ પહોંચીએ.

(૧૦) કાયારૂપી દેવળ છે કે જેમાં આત્મા રહેવા આવ્યો છે. એ દેવળ ઉપર મનરૂપી ધ્વજા છે, કે જે પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપી પવનથી ઘડીમાં એક દિશામાં અને ઘડીમાં બીજી દિશામાં ઊડ્યા કરે છે. પરંતુ જ્યાં સુધી એ ધ્વજાના ઊડવા સાથે દેવળ નથી ઊડતું ત્યાં સુધી આબાદી છે; જો મનરૂપી ધ્વજાના જબરા ઝપાટાથી દેવળરૂપી શરીર પણ ઊડે–મનની પાછળ ગતિ કરે–અર્થાત્ મનના સંકલ્પ પ્રમાણે કર્મ કરે તો તે કાયારૂપી મંદિરમાં વસનારો આત્મા ખુવાર થવાનો જ. કહેવાનું તાત્પર્ય કે મનને શુદ્ધ કરવા-સ્થિર કરવા કોશિશ કરો અથવા તે ન બને તો મનની પાછળ શરીરને જતું અટકાવો, એટલે ખરાબ ઇચ્છા થઈ તો ખરાબ કૃત્યમાં શરીરને ગતિ કરવા દેશો નહિ. એથી મન અંતે થાકીને બેસી રહેશે. મનને કહો કે, 'તારે ઊડવું હોય એટલું ઊડી લે; હું તારી સાથે ભટકવા નવરો નથી. તું વાંદર-છે અને હું તો માણસ છું. તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન ચલે તો ચલન દે, ફિર ફિર નામ લગાય;
મન ચાલા તન થંભ હૈ, તાકા કછૂ ન જાય. ૧૧

જો મન ગયા તો જાન દે, મત જાન દે શરીર;
બિન ચિલ્લે ચઢી કમાન જ્યોં કિન બિધ લાગે તીર? ૧૨
યો મન અટક્યો બાવરો, રાખો ઘટમેં ઘેર;
જો મમતામેં ગલ ચલે, (તો) અંકુશ દે દે ફેર. ૧૩
મેરા મન મકરંદ થા, કરતા બહુત બિગાર;
અબ સુધા મારગ ચલા, હરિ આગે હમ લાર. ૧૪

મારા રસ્તા જુદા જ છે.'

(૧૧) જો અનંતકાળથી દોડાદોડ કરવાની પ્રકૃતિવાળું મન પ્રયત્ને પણ સ્થિર બેસે નહિ તો ભલા તેને જવા દે, ઊડવા દે; અને એને ઠેકાણે લાવવા માટે પરમાત્માને બોલાવ–પરમાત્માનું સ્મરણ કર. એ અનંતશક્તિસ્વરૂપ તત્ત્વનું ચિન્તવન થવાથી–અને વારંવાર ચિન્તવન થવાથી મનરૂપી બહારવટિયો ડરીને ચૂપચાપ બેસી જશે. જેનું મન ભટકવા છતાં શરીર મનના હુકમ મુજબ ગતિ કરતું નથી, તેને બહુ નુકસાન થશે નહિ.

(૧૨) ધનુષ્ય (કામઠાની)ની કમાન ભલે ચડાવી, પણ તીર સ્થિર હશે તો કોને વાગવાનું છે? ભલે મનરૂપી કામઠું તારા શરીરરૂપી તીરને ગતિમાન કરવા ઉશ્કેરે–ઠેલો મારે–પરંતુ તું જો એ ઉશ્કેરણી અને ઠેલાને ગણકારીશ નહિ તો કાંઈ નુકસાન થશે નહિ.

(૧૩–૧૪) જો મન બાવરું–આકુળવ્યાકુળ–ચપળ થઈને ભટકવા તૈયાર થાય–જો એને બહારની હવા ખાવાની બહુ જ લગની લાગે તો 'ઘટ' એટલે 'હૃદય'માં એને ઘેરી રાખ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન મારી મેંદા કરું તનકી પાડૂં ખાલ;
જિંહાકા ટુકડા કરું, (જો) હરિ બિન કાઢે સ્વાલ.૧૫

પ્રાણાયામ કરી સ્થિર કરી દે. એમ છતાં પણ જો તે 'હું જ ખરું' એવી મમતાને લીધે પાછું ચાલવા માંડે તો તીવ્ર અંકુશ-રૂપી વચનો વડે એને ગોદા મારીને પાછું ફેરવ. કાં તો એમ કરવાથી તે એક ઠેકાણે જંપીને બેસશે અને તાબે થશે; અને એથીય સારો રસ્તો જોઇતો હોય તો (ચૌદમી કડીમાં કહ્યા મુજબ કર અર્થાત્) કબીરે કર્યું હતું તેમ કર. કબીર કહે છે કે મારું મન પ્રથમ ભ્રમર જેવું હતું. તે અહીંતહીં સર્વ વિષયો-માંથી રસ ચૂંટવાની ટેવવાળું હતું અને તેથી ઘણો બિગાડ કરતું. પણ જ્યારથી મેં મારી મદદે હરિને બોલાવ્યા અને હરિ આગળ તથા હું પાછળ એમ ચાલવાનું શરૂ કર્યું, ત્યારથી તે ભમરો સીધો થઇને રસ્તે જ ચાલવા લાગ્યો છે! અર્થાત્ પરમા-ત્માના ખોળે જઈ બેસવાથી—જે કાંઈ કરીએ તે પરમાત્માર્થે જ કરવાનું શીખવાથી—કર્મયોગથી મન વશ થઈ જાય છે અને સીધું ચાલે છે; કારણ કે તેમ કરવાથી આપણું મનુષ્યબળ નહિ પણ પરમાત્માનું બળ મન પર વિજય મેળવે છે.

(૧૫) એટલા માટે કબીર પોતાના જિગરમાં જ વિચારે છે અને મનને ધમકાવે છે કે, 'અરે ભટકતા ભૂત! જો હરિ વગર બીજો સવાલ કદી કાઢ્યો છે તો યાદ રાખજે કે તને મારીને મેંદો કરીશ અને શરીર જો હરિને શરણ જવા વગર બીજું કાંઈ કામ કરશે તો તેની ચામડી જ ઉતારી નાખીશ. તું મન અને તે શરીર મરશો તેમાં મારે કાંઈ ખોવાનું નથી; કારણ કે તમારા જેવા ગુલામો તો અનેક વખત (અનેક ભવમાં) મને મળ્યા છે અને મૂઆ છે. હું તો એકને છોડીને બાજાને મારી નોકરીમાં રાખ્યા કરું છું. તમે બે મરશો તો વળી બીજાં બે નોકરીમાં રાખીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જહાં કામ તહાં રામ નહિ, રામ નહીં તહાં કામ;
દોનોં એકત ક્યોં રહેં, કામ રામ એક ઠામ? ૧૬

હિરદા ભીતર આરસી, મુખ દેખા નહિં જાય;
મુખ તો તબ હી દેખિયે, (જબ) મનકી દુબિધા જાય. ૧૭

ચંચલ મનવા ચેત તૂં, સોયા ક્યોં અજ્ઞાન!
જબ ધર જમ લે જાયગા, પડા રહેગા મ્યાન! ૧૮

તનકા વૈરી કોઉ નહિં, જો મન શીતલ હોય;

---

(૧૬) એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. તેમ જ એક જ ઠેકાણે રામ અને કામ રહી શકે નહિ. કામ એટલે ઇચ્છાઓ મોહ–જડભાવ–ઇન્દ્રિયજન્ય સુખોની લાલસા જ્યાં હોય ત્યાં રામ રહી શકે નહિ; અને જ્યાં રામ એટલે પરમ તત્ત્વ સાથે એકતાની ભાવના છે એવા માણસમાં લાલસાઓ રહી શકે જ નહિ. (૧૪મી ટૂંક પરની ટીકા વાંચો.)

(૧૭) આપણા હૃદયમાં જ આરસી અથવા દર્પણ છે, છતાં એમાં આપણું મોં–અસલ સ્વરૂપ–આત્મસ્વરૂપ દેખી શકાતું નથી. એનું કારણ શું? કાચ મેલો હોય અગર કાચ ઉપર કાંઈ પડદો હોય તો દેખાય નહિ, તેમ હૃદયની આરસી ઉપર મનની દુબધા–જંજાળ–કર્મનો મેલ લાગ્યો છે તેથી સ્વસ્વરૂપ દેખી શકાતું નથી.

(૧૮) હે ચંચળ વિકારી મન! તું ચેત; શા માટે અજ્ઞાનમાં ઘોંટાઈ રહ્યું છે? જ્યારે કાળદેવ આવીને આ શરીરરૂપી મ્યાનમાંથી આત્મારૂપી તલવારને લઈ શકે ત્યારે શરીરરૂપી મ્યાન શા કામનું રહેશે? માટે તલવાર છે ત્યાં સુધી કાંઈ રક્ષણ કરી લે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું આપાકો ડાલ દે, (તો) દયા કરે સબ કોય. ૧૯
તન મન દિયા તો ભલિ કરી, ડારા શિરકા ભાર!
કબૂ કહે જો 'મૈં કિયા,' બહુત સહેગા માર. ૨૦

(૧૯) આપણે બૂમ મારીએ છીએ કે અમુક માણુસ મારો શત્રુ છે, તે મને ફાવવા દેતો નથી. પણુ એમ માનવામાં આપણી ભૂલ છે. શું આ જડ શરીરને શત્રુ હોઈ શકે? જો મન શીતલ-શાંત-પ્રેમમય હોય તો તનને શત્રુ જ કયાંથી થાય? મનમાં વિકાર કે દ્વેષ થવાથી બીજા માણુસો શત્રુ બને છે, માટે તેવો દ્વેષ મનમાંથી કાઢી મનને શીતલ-પ્રેમમય બનાવો. 'આપા' અને હુંપદને આપણે મનમાંથી દૂર કરીએ તો સર્વ કોઈનાં મન-ખુદ શત્રુનાં મન પણ આપણા તરફ આકર્ષાય.

(૨૦) તન અને મંન બન્ને મેં તો હરિને અર્પણ કર્યાં છે. જે કાંઈ કામ કરું અગર વિચાર કરું તે હરિ અથવા વિશ્વરૂપ હરિની સેવા અર્થે જ છે, એમ માની તેને જ અર્પણ કરું છું. એમ કરવાથી મારા માથાનો બોજો ઓછો થઈ ગયો છે! કાંઈ કામ સારું થાય તો લોકો કામ કરનારને ધન્યવાદ આપવા એકઠા થાય અને તેથી તેનો વખત નકામા વખાણુમાં ગુમાવાય; પરંતુ ઈશ્વરપ્રીતિ-અર્થે જ અને ઈશ્વરે જ તે કામ કર્યું છે એમ સમજી જે ગુપ્ત રહે છે તેને એમ વખાણુમાં વખત ગુમાવવો પડતો નથી. વળી સારું કરવાના ઇરાદાથી થયેલું કામ બગડે અગર સુધરવા છતાં કોઇને તે પસંદ ન પડે તો ગાળો ખાવાનો વખત આવે; પરંતુ એ કામ પણ ઈશ્વરે જ કર્યું છે એમ ઈશ્વરને અર્પણ કરવાની પદ્ધતિને લીધે ગાળથી બચી જવાય છે! એમ સઘળી જોખમદારી દૂર થાય છે. માટે કબીરજી કહે છે કે, હે જીવ! 'ફલાણું કામ તો મેં કર્યું' એમ જો કોઈ દિવસ બોલ્યો છે તો યાદ રાખજે કે માર ખાઈશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન ઠહરા તબ જાનિયે, અનસુઝ સબૈ સુઝાય;
જ્યોં અંધિયારે ભવનમેં, દીપક બાર દિખાય. ૨૧
કબીર ! મન પરમોધ લે, આપહિ લે ઉપદેશ;
જો યે પાંચોં બશ કરે, શિષ્ય હોય સબ દેશ. ૨૨
મન કપડા મેલા ભયા, ઇનમેં બહુત બિગાર;
યે મન કૈસે ધોઇએ, સંતોં કરો બિચાર. ૨૩

'હું પણા'ને લીધે કર્મ ચોંટશે અને તેથી જન્મમરણનાં દુઃખ ભોગવવાં પડશે.

(૨૧) મન સ્થિર થયું એમ શી રીતે ખબર પડે ? તો કહે છે કે, જ્યારે અગાઉ નહિ દેખાતી એવી ચીજ દેખી શકાય ત્યારે જાણો કે મન સ્થિર થયું. (જેમ સ્થિર જળમાં મોંનું પ્રતિબિંબ દેખાય, પણ હાલતા પાણીમાં ન દેખાય, તેવી રીતે જ્યારે મન સ્થિર થયું હોય ત્યારે જ અગોચર આત્મતત્ત્વ દૃષ્ટિએ પડે.) અંધારાવાળા ઘરમાં દીવો આવે કે વાળ પણ તરત દેખાય, તેમ સ્થિરતાનો ગુણ પ્રાપ્ત થયો કે તરત હૃદયમંદિરમાં પ્રકાશ ખુલ્લો થઈ સ્વસ્વરૂપ દેખાવાનું જ.

(૨૨) હે કબીર ! તારા મનને તું પોતે જ શિખામણ આપ; અને પોતે જ શિખામણ લે. તું પોતે જ ગુરુ અને શિષ્ય બન. બાકી શિષ્યો કરવાનો મોહ છોડી દે; કારણ કે એ પણ એક જાતની મનની નબળાઈ અને મિથ્યાભિમાન છે. જે માણસો પાંચે ઇન્દ્રિયને જીતે છે તેમને શિષ્યો કરવાની અને ગુરુ બનવાની માનસિક નબળાઈ પસંદ હોતી નથી; તે છતાં તેમના ગુણોને લઈ સઘળા દેશના સમજુ લોકો તેમના શિષ્ય થવા દોડી આવે છે.

(૨૩–૨૪–૨૫) હે સંતપુરુષો ! બહારના શરીરની અને તે ઉપરનાં વસ્ત્રોની સફાઈ અને ટાપટીપમાં મન ન રાખો; જુઓ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્ગુરુ ધોબી, જ્ઞાન જલ, સાબુ સરજનહાર;
સુરત શિલા પર ધોઇએ, નિકસે જ્યોત અપાર! ૨૪

કબીર! કાયાકો ઝગો, સાબુન સાંઈ નામ;
રામ હી રામ પુકારતાં, ધોયા પાંચોં ઠામ! ૨૫

કબીર! મન નિશ્ચલ કરો, ગોવિંદકે ગુન ગાય;
નિશ્ચલ બિના ન પાઈએ, કોટિક કરો ઉપાય. ૨૬

ખરા કે તમારું અંદરનું શરીર (મન) અને તેનાં વસ્ત્રો (વિચારો) મલિન થઈ ગયાં છે, તેથી બહુ જ બગાડ થાય છે—નુકસાન થાય છે. માટે એ મનને અને વિચારોને કેવી રીતે ધોઈને સાફ કરવા એનો જ વિચાર કરશો તો સુખી થશો. જુઓ, હું તમને તે માટે રસ્તો બતાવું. મનને સદ્ગુરુરૂપી ધોબીને ઘેર તમારે ધોવા નાખવું; જ્ઞાનરૂપી અખંડ વહેતું જળ અને પરમાત્મસ્મરણરૂપી સાબુ એ બેની મદદથી મનરૂપી મલિન કપડું 'સુરત' અથવા તલ્લીનતા-ધ્યાનરૂપી શિલા-પથ્થર ઉપર ધોવાથી એ વસ્ત્ર અત્યંત પ્રકાશ-માન-ધોળું ચાંદની જેવું થઈ જશે, અને એમાં છુપાયેલી અપાર જ્યોત પ્રકાશી ઊઠશે. માટે આ બાહ્ય (સ્થૂલ-ઉદારિક) કાયાને દિપાવવાની લત છોડી અંદરના શરીરને-મનને-પરમાત્માના નામ-રૂપી સાબુથી સાફ કરો; કારણ કે પરમાત્માનું સ્મરણ કરવાથી પાંચે ઇન્દ્રિયોરૂપી વાસણ ધોવાઈ સાફ થશે.

(૨૬) પરમાત્માના ગુણ ગાવાથી તમારું મન નિશ્ચલ-સ્થિર-પરમાત્માની પ્રતિછાયા ઝીલવાને યોગ્ય બનશે. મન નિશ્ચલ થયા વગર કશું હિત થઈ શકશે નહિ. બીજા કરોડ ઉપાય કરશો તે લગભગ નકામા છે, અગર ઓછા અસરકારક છે. માટે પર-માત્મસ્મરણ વડે પ્રથમ તો મનને નિશ્ચલ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ દ્વાર હૈ સાંકડા, રાઈ દસમા ભાય;
મન જબ માવત હો રહા, કયોં કર સકે સમાય? ૨૭

રાઈ બાંટા બીસવાં, ફિર બીસનકા બીસ;
ઐસા મનુવા જો કરે, તાહી મિલે જગદીશ. ૨૮

જબ તક આસ શરીરકી, નિર્ભય ભયા ન જાય;
કાયા-માયા મન તજે, ચૌપટ રહા બજાય. ૨૯

(૨૭-૨૮) પરમાત્માના દરબારમાં જવા માટે ત્રણ રસ્તા છે. (૧) કર્મયોગ, (૨) જ્ઞાનયોગ અને (૩) ભક્તિયોગ. આ ત્રણે પૈકીનો ભક્તિયોગનો રસ્તો સાંકડો છે; એક રાઇના દાણાના દસમા ભાગ જેટલો સાંકડો છે. એ રસ્તે જવા ઇચ્છનારે મનને છેક જ નાનું કરી નાખવું જોઇએ તો જ અંદર જવાશે. તેને બદલે આપણે આજકાલના કહેવાતા ભક્તો તો "અમે ધર્મી છીએ, અમે રોજ પૂજા કરીએ છીએ" વગેરે અભિમાનના શબ્દો ઉચ્ચારીએ છીએ; આ પ્રમાણે અભિમાનરૂપી હાથી ઉપર આપણું મન મહાવતની માફક બેસીને-ઊંચે ચડીને પછી પેલા ભક્તિના દરવાજામાં પેસવા જાય છે તે કેવી રીતે દાખલ થઇ શકે? તેને બદલે અભિમાનરૂપી હાથી ઉપરથી મનને ઉતારીને, તેને રાઇના સો ટુકડામાંના એક ટુકડા જેવડું કરી નાખીએ-અર્થાત્ મનને એકાગ્ર કરી નાખીએ તો પરમાત્માની કચેરીમાં પહોંચી શકીએ; અર્થાત્ અભિમાન અને બહિર્દષ્ટિથી મુક્ત થયેલા મન વડે જ પરમાત્મજ્યોત દેખી શકાય.

(૨૯) જ્યાં સુધી શરીરસુખની આશા-તૃષ્ણા છે અર્થાત્ ઇન્દ્રિયોના સ્વાદની લહેજત ગમે છે, ત્યાં સુધી નિર્ભયતા કદી મળવાની નથી; કારણ કે ઇન્દ્રિયો તેમજ ઇન્દ્રિયજન્ય સુખો અસ્થિર છે અને તે જતાં દુઃખ થયા વગર ન જ રહે; તો પછી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન રાજા મન રંક હૈ, મન કાયર મન સૂર;
શૂન્ય શિખર પર મન રહે, મસ્તક આવે નૂર. ૩૦
તેરી જ્યોતમેં મન ધરે, મન ધર હોય પતંગ;
'આપા' ખોયે હરિ મિલે, તૂજ મિલ્યા રહે રંગ. ૩૧

લાલસાવાળાને નિર્ભયતા કેવી રીતે હોય? પણ જેઓ તે લાલસાઓથી દૂર રહી એટલે કે કાયા અને કાયાની આસપાસની દુનિયાની માયા બન્નેથી પોતાના મનને વેગળું રાખે છે, તેઓ માનસિક સૃષ્ટિમાં એક વિશાળ ચોગાનમાં ખેલી શકે છે; તેઓની ગુપ્ત દૃષ્ટિ ખીલવા પામે છે અને તે વડે તેઓ આંતર આનંદની લહેજત ભોગવી શકે છે.

(૩૦) કોઈ માણુસ રાજા દેખાય છે, કોઈ રંક દેખાય છે. કોઈ કાયર દેખાય છે અને કોઈ લડવૈયો દેખાય છે; પણ ખરું જોતાં માણુસ તો હાડ-માંસનાં પૂતળાં છે. રાજા-રંક-કાયર-લડવૈયો એ બધા વેશ 'મન'ના છે. કાયા ગમે ત્યાં જન્મ લે પણ મન જો રાજા જેવું હોય તો તે માણુસ રાજા જ છે. કાયા ગમે તેવી દુર્બળ હોય પણ મન જો શૂરાતનવાળું હોય તો તે માણુસ વીરપુરુષ જેવાં કામ નિપજાવી શકે છે. માટે 'મન' જ સર્વ કાંઈ કરે છે એમ માનો. મનમાંથી જો બધા તર્કવિતર્ક અને લાલસાઓ દૂર કરી 'શૂન્યશિખર' એટલે પરમાત્માની જ લગનીમાં જોડો તો પરમાત્માનું તેજ તમારા મગજમાં પોતાની મેળે આવશે; તમે પરમાત્મા બની જશો.

(૩૧) 'તેરી જ્યોત' એટલે સ્વસ્વરૂપમાં જો તું મનને રોકીશ અને એવી રીતે મનને સ્વસ્વરૂપમાં રોકીને તારી જ્યોતમાં પતંગિયાની માફક ઝંપલાવીશ તો 'આપા' એટલે 'હું પણું'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોરી લાગી ભય ગયા, મન પાયા વિશ્રામ;
ચિત્ત ચોંટા હરિ નામસે, મિટ ગયા સબહી કામ. ૩૨

યહ મન હરિ ચરને ચલા, માયા–મોહસે છૂટ;
બેહદ માંહિ ઘર કિયા, કાલ રહા શિર કૂટ! ૩૩

ખોવાથી પરમાત્મા તને મળી જશે. નક્કી માનજે કે 'તુજ' એટલે સ્વસ્વરૂપમાં મળેલા રહેવાથી જ રંગ રહેશે–સુખ મળશે, તે વિના નહિ જ. આ બોધ અત્યંત અમૂલ્ય છે. માણુસે પોતાનું ઈશ્વરી સ્વરૂપ હરઘડી સ્મરણુમાં રાખીને શરીરરૂપી પતંગ તે સ્મરણુરૂપી દોરીથી બાંધેલું રાખવું જોઇએ, અને પછી શરીર ભલે પૂર્વજન્મનાં કર્મો અથવા 'ભોગાવળી કર્મો' મુજબ દુનિયામાં અનેક વેશ ભજવે, પણુ મન તેને હરકોઈ વખતે પોતાની ઇચ્છા મુજબ પાછું ખેંચી શકશે. ક્રિયાશૂન્ય થવું એ કેટલાકની માન્યતા છે તે ખોટી છે; કર્તવ્યો તો બજાવવાં જ, પણુ મનને સ્વસ્વરૂપમાં રોકીને કાયાને પોતાનાં કર્તવ્યો લૂખા ભાવથી કરવા દેવાં.

(૩૨) પરમાત્મા જેવા સજ્જડ ઝાડના મૂળ સાથે દોરી બાંધી તેથી હવે મારો સઘળો ભય ચાલ્યો ગયો છે અને મનને વિશ્રામ મળ્યો છે. હરિસ્મરણુમાં ચિત્ત લાગવાથી સઘળી ઇચ્છાઓ દૂર થઈ છે અથવા સઘળાં કામ સિદ્ધ થયાં છે.

(૩૩) આ મન માયા અને મોહનાં રાજ્યમાંથી નાસી છૂટીને હરિના ચરણુમાં ગયું અને હદ વગરના પરમાત્મામાં જઈ વાસ કર્યો તેથી (એવી મોટી ઓથ જોઇને) યમદેવ પોતાનું માથું કૂટતો ઊભો રહ્યો! કારણુ કે તે સ્થળે તે દાખલ થઈ શકે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યહ મન થાકી થીર ભયા, પગ બિન ચલે ન પંથ;
એકૈ અક્ષર અલખકા, થાકે કોટી ગ્રંથ. ૩૪

'તૂં તૂં' કરતા તૂં ભયા, 'તૂં' મેં રહા સમાય;
તૂં માંહી મન મિલ રહા, અબ મન અંત ન જાય. ૩૫

'તૂં તૂં કરતા તૂં ભયા, મુજમેં રહી ન 'હૂં';
બારી ફેરી બલિ ગઈ, જીત દેખૂં તિત તૂં. ૩૬

---

(૩૪) મન ભટકી ભટકીને થાકયું તેથી હવે સ્થિર થયું; તેના પગ જ ભાગી ગયા તો હવે શી રીતે ચાલી શકે? હવે તો એ મન એક અક્ષરને એક ૐ ઓંકારને-એક અલખને જ યાદ કર્યા કરે છે; એની આગળ કરોડો ગ્રંથો પણ નકામા છે.

(૩૫) 'તૂંહી તૂંહી' એમ પરમાત્માનું સ્મરણ કરતાં- 'અનલહક' એવો જાપ જપતાં, આ આત્મા પરમાત્મા બની ગયો. તે હવે 'તૂં' માં જ સમાઈ ગયો. જ્યારે આ પ્રમાણે પરમાત્મારૂપી છેલ્લે શિખરે મન પહોંચી ગયું, ત્યારે પછી એથી આગળ ક્યાં જવાનું રહ્યું?

(૩૬) હે પ્રભો! 'તૂંહી તૂંહી' કરતાં કરતાં હું પોતે જ તું રૂપ બની ગયો; હવે હુંપણું મારામાં રહ્યું જ નથી અને તેથી જન્મમરણના ફેરા ટળી ગયા છે. તારા નામ પર વારી જાઉં છું; કારણ કે એ નામ જ્યારથી હાથ લાગ્યું છે ત્યારથી જ્યાં નજર પડે છે ત્યાં ત્યાં 'તું' પરમાત્મા જ ભાળું છું. કથીરમાં, પાપીમાં, દુઃખમાં, દુર્ગંધમાં, સઘળામાં પરમાત્માની જ રમત જોઉં છું તેથી કશા ઉપર તિરસ્કાર કે આશ્ચર્ય લાગતું નથી અને હું કાંઈ પણ ખેદ કે મોહ પામ્યા વગર સર્વ ચીજો, સર્વ બનાવો અને સર્વ પ્રાણીઓનો પ્રેક્ષક બની રહું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭ : શબ્દ

એક શબ્દ સુખ–રાસ હૈ, એક શબ્દ દુખ રાસ;
એક શબ્દ બંધન કટે, એક શબ્દસે ફાંસ. ૧

શબ્દ જો ઐસા બોલિયે, તનકા આપા ખોય;
ઔરનકો શીતલ કરે, આપનકો સુખ હોય. ૨

શીતલ શબ્દ ઉચ્ચારિયે, 'અહમ' આનિયે નાંહિ;
તવ પ્રીતમ તુજમેં બસે, દુશ્મન ભી તુજ માંહિ. ૩

---

(૧) શ્રી પરમાત્માનું નામ બોલવું એ અનંત સુખ આપનાર થઈ પડે છે. ચાડી–નિંદા–કાથાકૂખલા વગેરે સંબંધી શબ્દ દુઃખ આપનાર થઈ પડે છે, રાજદ્રોહનો શબ્દ બંધન એટલે કેદ કરાવે છે અગર અપશબ્દથી કર્મબંધન થાય છે; એવી જ રીતે કેટલાક શબ્દોથી ફાંસી જેવું દુઃખ પણ થાય છે.

(૨) માટે શબ્દ વિચારીને બોલવા. એવા શબ્દ–એવી વાણી બોલો કે, બોલતી વખતે 'અહં'પણાને ભૂલીને પ્રેમદૃષ્ટિથી જ બોલો કે જેથી બોલનારને સુખ થાય અને સાંભળનારને પણ શાન્તિ થાય. તથ્ય, પથ્ય અને પ્રિય શબ્દો બોલો, અર્થાત્ ખરી વાત હોય તે જ બોલો, તે વાતથી કોઇને ફાયદો થાય તેમ હોય તો જ બોલો અને તે પણ કઠોર નહિ પરંતુ પ્રિય શબ્દોમાં બોલો.

(૩) શીતળ શબ્દો બોલજો, અહંભાવથી બોલશો નહિ. મિત્ર કે શત્રુ કરવા તે તારા પોતાના હાથમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ સરીખા ધન નહીં, જો કોઈ જાને બોલ;
હીરા તો દામે મિલેં, શબ્દ ન આવે મોલ. ૪

કઉવા કિસકા ધન હરે? કોયલ કિસકો દેત?
મીઠા શબ્દ સુનાયકે, જગ અપના કર લેત. ૫

મીઠા સબસે બોલિયે, સુખ ઊપજે સબ ઓર;
બશીકરન ઇક મંત્ર હૈ, તજીએ બચન કઠોર. ૬

'ગમ' સમાન ભોજન નહીં, જો કોઈ ગમ ખાય;
અમ્બરીષ ગમ ખાઈયા, દુર્વાસા બિલલાય. ૭

---

(૪) જો કોઇને શબ્દ બોલવાની ઉપર લખેલી કળા આવડતી હોય તો શબ્દ જેવું ધન જ બીજું નથી. હીરા ગમે તેટલી મોંઘી કિંમતે પણ મળી શકે છે; પણ શબ્દની તો કિંમત જ નથી–અમૂલ્ય છે.

(૫) કૌવા પક્ષી કોઈનું ધન લઈ જતું નથી અને કોયલ કોઈને કાંઈ દઇ દેતી નથી. છતાં કૌવાને કોઇ ચાહતું નથી અને મીઠી જીભવાળી કોયલ તો કાળી હોવા છતાં લોકોને ઘણી પ્રિય છે. મીઠી જીભથી તે આખા જગતને વશ કરી શકે છે.

(૬) બધાની સાથે મીઠી વાણી વદો, તેથી અદ્દભુત સુખ ઊપજશે. મધુર વચન એ વશીકરણમંત્ર છે, માટે કઠોર વચનને તિલાંજલિ દો.

(૭) તમને કોઇ કઠોર વચન કહે તો સામો ઉત્તર એવી શૈલીમાં આપશો નહિ પણ ગમ ખાજો, મોટું દિલ રાખજો. ગમ જેવી બીજી કોઈ ઉત્તમ ખાવાની ચીજ નથી. દુર્વાસાએ અમ્બરીષને શાપ આપ્યો તેથી પોતાને જ પસ્તાવું પડ્યું પણ અમ્બરીષનું કાંઈ ગયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિહ્વા વશ કરી તિન, વશ કિયા જહાન;
નહીં તો અવગુન ઊપજે, કહે સબ સંત સુજાન. ૮

શબ્દ બહુતહિ મૈં સુન્યા, મિટા ન મનકા મોહ;
પારસ તક પહુંચા નહીં, રહા લોહકા લોહ. ૯

શબ્દે મારે મર ગયે, શબ્દે છોડા રાજ;
જિસને શબ્દ બિવેક કિયા, તાકા સરિયા કાજ. ૧૦

શબ્દ શબ્દ સબ કોઈ કહે, વહ તો શબ્દ વિદેહ;
જિહ્વા પર આવે નહીં, નિરખ–પરખ કર લેહ. ૧૧

---

(૮) જેણે જીભને વશ કરી છે તેણે આખા જગતને વશ કર્યું છે. જેઓ જીભને તાબે થાય છે તેઓ દુ:ખી થાય છે. જીભનું કામ ખાવું અને બોલવું, એ બે છે. જેઓ ખાવામાં ઢંગધડો રાખતા નથી અને જીભના સ્વાદને વશ થઇ જે તે ખાય છે તેઓ અપચાના દરદમાં અને તેથી બીજાં અનેક દરદોમાં સપડાય છે; તેમજ જેઓ બોલવાની બાબતમાં વિચાર કર્યા વગર બોલે છે, તેઓ પણ અનેકના શત્રુ બને છે અને કર્મબંધન કરે છે.

(૯) ભાઇઓ ! તમે અનેક ભવ થયાં અનેક જાતનના શબ્દ સાંભળતા આવ્યા છો પણ મનનો મોહ તે કશાથી મટચો નથી. જ્યાં સુધી પારસમણિ જેવા શબ્દની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી લોઢા જેવા જ રહી જવાના.

(૧૦) પરમાત્માનું નામ લેવા ખાતર કેટલાકે રાજ્ય છોડચાં છે, કેટલાકોએ દેહ અર્પણ કરી છે. સાચા અને ખોટા શબ્દ વચ્ચે જેમણે વિવેક કરી જાણ્યો છે તેઓનું કામ થયું, તેઓનો બેડો પાર ઊતર્યો છે.

(૧૧) શબ્દ–શબ્દ એમ સૌ કોઈ બૂમ પાડે છે. પણ ખરો શબ્દ–ૐકાર શબ્દ એ તો વિદેહ–દેહ વગરનો છે–અર્થાત્ વાણી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ બિના અંધી સુરત, કહો કહાં કો જાય?
દ્વાર ન આવે શબ્દકા, ફીરે ફીર ભટકા ખાય. ૧૨
એક શબ્દ ગુરુ દેવકા, તાકા અનંત બિચાર;
થાકે મુનિજન પંડિતા, બેદ ન પાવે પાર. ૧૩
બેદ થકે બ્રહ્મા થકે, થાકે શંકર—શેષ;
ગીતાકાં ભી ગમ નહીં, જહાં સદ્ગુરુકા ઉપદેશ. ૧૪
હોઠ કંઠ હાલે નહીં, જીભ ન નામ ઉચાર;
શબ્દ ગુપ્તમેં ખેલતે, કો કો હંસ રસાલ. ૧૫

રૂપે નહિ પણ સ્મરણરૂપે જ ઉચ્ચારાય એવો છે. જીભથી ઉચ્ચારવાનું કામ નથી, પણ એને ગુપ્ત દૃષ્ટિએ નીરખવો અને બુદ્ધિથી પરખવો અને પછી મનમાં જ રટવો.

(૧૨) સુરત અથવા ધ્યાન ધરવાની ઇચ્છા તો કદાચ કોઈને થાય, પરંતુ કોનું ધ્યાન ધરવું તે ખબર ન હોય તો શા કામનું? ૐકાર અથવા પરમાત્મારૂપી શબ્દથી સુરત—લગની લગાડવી. એમ નહિ કરો તો પરમાત્માને રહેવાના મહેલનું દ્વાર હાથ લાગશે નહિ અને ફરી ફરીને ભટકવાનું ઊભું રહેશે.

(૧૩) ગુરુદેવ—જેમને સ્વાનુભવ થયો છે એવા સંતજન તરફથી એક જ શબ્દ તમને મળે, પણ તે એક શબ્દમાં અનંત વિચારો સમાયેલા હોય છે. એ બધા વિચારો કહી બતાવતાં મુનિજનો અને પંડિતો પણ થાકી જાય અને વેદ પણ એ એક શબ્દમાં સમાયેલા બધા ભાવોનું બ્યાન આપી શકે નહિ.

(૧૪) પ્રત્યક્ષ સદ્ગુરુના ઉપદેશ તુલ્ય ઉપદેશ તો વેદ એટલે ધર્મશાસ્ત્રો, બ્રહ્મા, શંકર, હજાર જીભવાળો શેષનાગ કે ગીતા એ કોઈમાંથી મળી શકે નહિ.

(૧૫) કોઈ ખરા રસિક હંસ (પાણી—દૂધને જુદા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ : દાન

કહે કબીર કમાલકો, દો બાતેં સીખ લે;
કર સાહબકી બંદગી, (ઔર) ભૂખેકો કુછ દે. ૧

હાડ બઢા હરિભજન કર, દ્રવ્ય બઢા કુછ દે;
અકલ બઢી ઉપકાર કર, જીવનકા ફલ યે. ૨

શકે તેવા હંસ–સત્યાસત્યનો વિવેક કરી શકે તેવા સંત) જ્યારે 'શબ્દ' બોલે છે ત્યારે તેઓ કાંઈ જીભથી ઉચ્ચારતા નથી, હોઠ, કંઠ કે જીભનો ઉપયોગ કરતા નથી. માત્ર ગુપ્ત શબ્દમાં જ ડૂબકી મારીને ખેલે છે.

(૧) કબીરજી પોતાના શિષ્ય કમાલને કહે છે કે, મોટાં મોટાં શાસ્ત્રો શીખવાનું બુદ્ધિબળ ન હોય તેથી તું ગભરાઈશ નહિ, પણ હિંમત રાખીને બે વાતો જ ફક્ત શીખી લે; (૧) પરમાત્માની પ્રાર્થના અને (૨) ભૂખ્યાને દાન. (અહીં ભૂખ્યાને દાન દેવું એટલે માત્ર ક્ષુધાતુરને અનાજ આપવું એવો અર્થ નથી; પણ દરદ, ક્ષુધા, જ્ઞાન વગેરે જે કાંઈ પીડા કોઇને હોય તે પીડા દૂર કરવામાં બનતી મદદ કરો એમ કહેવાની મતલબ છે.)

(૨) શરીર વધતું ગયું તો હવે હરિભજન કર (કારણ કે વૃદ્ધાવસ્થા નજીકમાં આવે છે); દ્રવ્ય વધવા લાગ્યું તો હવે દાન દેવા માંડ (નહિ તો કાલે દોલત ખવાઈ જશે કે ચોરાઈ કે બળી જશે); અક્કલ વધવા લાગી હોય તો હવે ઉપકાર કરવા માંડ (નહિ તો અક્કલને કાટ ચડશે); જિંદગીની સફળતાનો એ જ રસ્તો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંઠે હો સો હાથ કર, હાથ હોય સો દે;
આગે હાટ ન બાનિયા, લેના હો સો લે? ૩
ધર્મ કિયે ધન ના ઘટે, નદી ન સંચે નીર;
અપની આંખન દેખિએ, યોં કહે દાસ કબીર. ૪
માંગન મરન સમાન હૈ; મત કોઈ માંગો ભીખ;
માંગનેસે મરના ભલા, યહ સદ્ગુરુકી શીખ. ૫
મર જાઉં માગું નહીં, અપને તનકે કાજ;
પરમારથકે કારને, માંગત નાવે લાજ. ૬

---

(૩) હે લેખાં ગણનારા વાણિયા! ગાંઠે એટલે ખિસ્સામાં કે તિજોરીમાં હોય તે હાથમાં લે, હાથમાં હોય તે વડે દાન કર; કારણ કે પરલોક જતાં રસ્તામાં દુકાન આવતી નથી. માટે અહીં દાન કરી પરમેશ્વરના ઘેર જમા કરાવ કે જેથી છેલ્લી મુસાફરી વખતે તને જોઈતી ચીજો આપોઆપ મળી રહે.

(૪) ધર્મનાં કામોમાં ધન વાપરવાથી તે ઓછું થતું નથી. કબીરજી કહે છે કે તને આ વાત માનવામાં ન આવતી હોય તો નદી તરફ નજર કર; નદી કાંઈ પાણી સંગ્રહી રાખતી નથી. પણ જેની ઇચ્છા હોય તેને લેવા દે છે; વળી વરાળરૂપે પોતામાંનું જળ અહોનિશ બીજાના ઉપયોગ માટે જવા દે છે.

(૫) માગવું એ મરવા બરાબર છે, માટે કોઈ ભીખ માગશો નહિ. સદ્ગુરુ કહે છે કે માગવા કરતાં મરવું બહેતર છે, માટે આત્મબળ શીખો.

(૬) પવિત્ર પુરુષો એવી ટેક કરે છે કે, "આ શરીરને ટકાવવા માટે માગવા કરતાં મરવું વધારે પસંદ કરું. પણ જો પરમાર્થ માટે માગવાની જરૂર જણાય તો એમાં લજ્જા રાખું નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહજ દિયા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની;
ખીંચ લિયા સો રક્ત બરાબર, યહી કબીરા બાની. ૭

જહાં દયા વહાં ધર્મ હૈ, જહાં લોભ વહાં પાપ,
જહાં ક્રોધ વહાં કાળ હૈ; જહાં ક્ષમા વહાં આપ. ૮

કુંજર મુખસે કન ગિરો, ખુટો ન તાસુ આહાર,
કીડી કન લેકર ચલી, પોષન નિજ પરિવાર. ૯

દાતા દાતા ચલ ગયે, રહ ગયે મખ્ખીચૂસ;
દાન માન સમઝત નહીં, લડનેમેં મજબૂત! ૧૦

---

(૭) કબીરજી કહે છે કે, કોઇ માણુસ સ્વાભાવિક ઉમળકાથી આપે તો તે દૂધ બરાબર છે, માગવાથી જે મળે તે પાણી બરાબર છે અને ખેંચી લેવાથી કે લૂંટવાથી–ચોરવાથી મળે તે રક્ત બરાબર છે.

(૮) જયાં દયાનો વાસ છે ત્યાં ધર્મ છે; જયાં લોભનો વાસ છે ત્યાં પાપ છે; જયાં ક્રોધ છે ત્યાં કાળ–યમદેવ છે એમ માનો; અને જયાં ક્ષમા છે ત્યાં પરમાત્મા છે એમ સમજો.

(૯) હાથીને ઘણો દાણો જોઇએ; તે ઘણો દાણો ખાતો હોય તેમાંથી એક દાણો પડી ગયો અને કીડી તે દાણાને પોતાના ઘરમાં લઈ ગઈ અને પોતાના પરિવારનું પોષણ કર્યું. મતલબ કે મોટાના મોટા ખર્ચમાંથી જો તેઓ થોડુંઘણું બચાવે તો પોતે તેથી ભૂખ્યા રહે નહિ અને ગરીબોનું કામ થાય. ગોલ્ડસ્મિથ કવિ વાજબી કહે કે, "શ્રીમંતોના કપડાની ફાલતુ ઝૂલોમાંથી અડધી દુનિયાના નાગા મનુષ્યો ઢંકાઇ રહે."

(૧૦) આજના જમાનામાં તો દાતાર પુરુષો સ્વર્ગમાં સિધાવ્યા અને મખ્ખીચૂસ કૃપણુ લોકો રહી ગયા છે. દાન દેવામાં અને માનને લાયક પુરુષોને માન આપવામાં આજના લોકો કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિષયત્યાગ વૈરાગ હૈ, સમતા કહીએ જ્ઞાન;
સુખદાયી સબ જીવકો, યેહી ભક્તિ પ્રમાન. ૧૧
દયાકા લક્ષણ ભક્તિ હૈ, ભક્તિસે મિલે જ્ઞાન;
જ્ઞાનસે હોવત ધ્યાન હૈ, યહ સિદ્ધાંત ઉર આન. ૧૨
કબીર! યા સંસારમેં, પાંચ રતન હૈ સાર;
સાધુ મિલન અરુ હરિભજન, દયા, દીન, ઉપકાર. ૧૩
ધન રહે ન જોબન રહે, ન રહે ગામ ન ઠામ;
કબીર જગમેં જશ રહે, (કે) કર દે કિસીકા કામ! ૧૪

સમજતા જ નથી; માત્ર લડવું હોય તો તૈયાર છે!

(૧૧) વિષયવિકારનો મનથી ત્યાગ અર્થાત્ મનને નિશ્ચળ રાખવું એ જ ખરો 'વૈરાગ્ય' છે; સઘળા પ્રાણી અને બનાવો તરફ સમભાવથી જોવું–ચિત્તક્લેશ કે હર્ષોન્માદ થવા ન દેવો એનું નામ જ 'જ્ઞાન' છે; અને સઘળા જીવોમાં પરમાત્મા વસે છે, માટે જીવ માત્રને સુખદાયી થવું એ જ ખરી 'ભક્તિ' છે.

(૧૨) ભક્તિનું દશ્ય ચિહ્ન દયા છે. જેનામાં દયા નથી તે ભક્તિવાળો હોઈ શકે જ નહિ અને ભક્તિથી સદ્જ્ઞાન મળે છે. વળી જ્ઞાનથી ધ્યાન થાય છે. માટે હે શિષ્ય! મનમાં સદૈવ દયા રાખજે.

(૧૩) કબીર કહે છે કે, આ સંસારમાં પાંચ સરસ રત્ન છે: (૧) પવિત્ર પુરુષની મુલાકાત, (૨) પરમાત્મસ્મરણ, (૩) દયા, (૪) દીનતા–નમ્રતા, (૫) ઉપકાર અથવા પરોપકાર.

(૧૪) ધન, જોબન, ગામ, ઘર વગેરે કાંઈ સ્થિર રહેવાનું નથી. માત્ર જશ અમર રહે છે. માટે તું કોઈનું પણ કામ કરીને જશ મેળવ. 'કીર્તિ કેરાં કોટડાં પાડયાં નહિ પડંત!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેનેકો હરનામ હૈ, દેનેકો અન્ન દાન;
તિરનેકો આધીનતા, બૂડનેકો અભિમાન! ૧૫
પશુકી તો પનિયાં ભઈ, નરકા કછૂ ન હોય;
જો ઉત્તમ કરની કરે, (તો) નર નારાયન હોય. ૧૬

૧૯ : ધૈર્ય

કબીર! ધીરજકે ધરે, હસ્તી સવા મન ખાય;
એક ટુકકે કારને, શ્વાન ઘરોઘર જાય! ૧
ધીરે ધીરે રે મના! ધીરે સબ કછુ હોય;
માલી સિંચે કેવડા, ઋત આવે ફલ જોય. ૨

---

(૧૫) લેવા લાયક એક માત્ર હરિનું નામ છે, દેવા લાયક શુભ દાન (સુપાત્ર દાન) છે; તરવા માટે નમ્રતાનો ગુણ કામનો છે અને ડૂબવું હોય તો અભિમાનને ગ્રહણ કરો!

(૧૬) જાનવરની ચામડીના તો જોડા પણ થાય છે; પણ નરનું શરીર કશા કામમાં આવતું નથી. એવો નરદેહ નકામો છે, તે છતાં જો કોઈ નર ઉત્તમ કરણી કરે તો નર મટી નારાયણ—પરમાત્મા બની શકે છે.

(૧) કબીરજી કહે છે કે, ભાઈ તું ઉદ્યમ તો કરજે, પણ ચિંતા કરીશ નહિ. મનમાં ધૈર્ય રાખજે; કારણ કે હાથીને સવા મણ અનાજ જોઈએ છે તો તેટલું મળી રહે છે અને કૂતરાને એક ટુકડા રોટલાથી પેટ ભરાય તેમ હોવા છતાં એટલો વિશ્વાસ નથી તેથી ઘેરઘેર હડધૂત થવા માટે ભટકતો ફરે છે.

(૨) હે મન! તું ધીરું થા. ધીરજથી બધું કામ સુધરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુત ગઈ થોડી રહી, બ્યાકુલ મન મત હોય,
ધીરજ સબકો મિત્ર હૈ, કરિ કમાઇ મત ખોય. ૩

ધીરજ બુધિ તબ જાનિયે, સમજે સબકી રીત;
ઉનકા અવગુન આપમેં, કબહું ન લાવે મીત. ૪

સાહબકી ગત અગમ હૈ, (તૂં) ચલ અપને અનુમાન;
ધીરેધીરે પાંવ ધર, પહુંચેગા પરમાન. ૫

ખાકી ચિંતા કરી ઉતાવળો થઈશ તો ઊલટું નુકસાન થઈ બેસશે. માળી કેવડા પર પાણી સિંચે છે ખરો, પણ ઋતુ વગર ફળ ઉત્પન્ન થતું નથી. માટે તું ધીરજ ધર, યોગ્ય સમયે સૌ થઈ રહેશે.

(૩) હે મન! ઘણીયે પીડાઓ પતી ગઈ, હવે થોડી જ રહી છે એમ માની આકુળવ્યાકુળતા છોડ. સૌથી સારો મિત્ર ધૈર્ય છે. માટે અધીરો થઈને કરેલી કમાઈ ગુમાવીશ નહિ.

(૪) ધીરજનો ઉપદેશ લાગ્યો એમ કયારે જાણવું ? જ્યારે કોઈ માણસ સઘળા માણસની પ્રકૃતિ સમજી જાય અને તેમના અવગુણો પોતામાં ન લાવતાં માત્ર સદ્‌ગુણો તરફ જ નજર રાખે, તો જાણો કે એને ધીરજનો ઉપદેશ લાગ્યો છે.

(૫) પરમાત્માની ગતિ અગમ્ય છે–સમજી ન શકાય તેવી છે. માટે તું તારા પોતાના જ અનુમાન પ્રમાણે ચાલવા માંડ; ધીમે ધીમે ચાલતાં ચાલતાં ચોક્કસ પરમાત્મા પાસે પહોંચી શકીશ. જે કાંઈ તને પોતાને ઉત્તમ લાગે તેને સ્વીકારીને તે રસ્તે ચાલવું શરૂ કર–વાતો ન કર–પણ સત્યને જે રૂપમાં સમજવામાં આવે તે રૂપમાં તેને અમલમાં મૂકવા માંડ. એમ ધર્મને–સત્યને વ્યવહારમાં મૂકવાથી ‘સત્ય સર્વ’ અથવા ‘પરમાત્મા’ની પ્રાપ્તિ પણ એક દિવસ જરૂર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફિકર સબનકો ખા ગઈ, ફિકર સબનકા પીર;
ફિકરકી જો ફાકી કરે, ઉસકા નામ 'ફકીર'! ૬

પેટ સમાતા અન્ન લે, તનહી સમાતા ચીર;
અધિકહી સંગ્રહ ના કરે, ઉસકા નામ 'ફકીર' ૭

ચાહ ગઈ ચિંતા ગઈ, મનવા બેપરવાહ;
જિનકો કછૂ ન ચાહિયે, સો શાહનકા શાહ! ૮

કબહુંક મંદિર માલીયા, કબહુંક જંગલ બાસ;
સબહી ઠૌર સુહાવના, જો હરિ હોવે પાસ. ૯

---

(૬) કોઈને પૈસા રળવાની ફિકર છે, કોઈને સ્ત્રી મેળવવાની ફિકર છે, કોઈને પુત્રપ્રાપ્તિની કે કુપુત્ર પાલવવાની ફિકર છે; એમ સૌ કોઈને ફિકરે ખાધેલા છે, અને ફિકર જ સૌનો પીર બની છે. એવી સર્વશક્તિમાન જે ફિકર તેની ફાકી કરે અર્થાત્ તેને ખાઈ જાય એનું નામ ખરો ભક્ત અથવા ફકીર સમજવો.

(૭) દેહ ટકાવવા માટે જેટલા અન્નની જરૂર હોય તેટલા જ અન્નથી જે માણસ ચલાવી દે (સ્વાદ કે કોઠાર ભરવાની દરકાર ન કરે) અને શરીર ઢાંકવા જેટલાં જ વસ્ત્રથી સંતોષ માને, એથી વધારે સંગ્રહની ઇચ્છા ન કરે તેનું નામ 'ફકીર' અથવા ખરો ભક્ત.

(૮) જે માણસને કોઈ ચીજની ઇચ્છા રહી નથી, ચિંતા પણ થતી નથી અને જેનું મન બેરવાઈ ગયું છે, જે પોતા માટે કાંઈ માગતો નથી તે બધા બાદશાહનો પણ બાદશાહ છે–પૂર્ણ સુખી છે.

(૯) કોઈ વખત–મંદિર–માળિયામાં રહેવાનું મળે તેથી હર્ષ ન પામશો, અને કોઇ વખત જંગલમાં રહેવું પડે તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત ગાંઠ કોપીન કી, મનમેં રખે ન શંક;
નામ–અમલ માતા રહે, ગને ઇન્દ્રિકો રંક! ૧૦

ચિંતા મત કર, નચિંત રહે, પૂરનહાર સમર્થ;
જલથલમેં જો જીવ હૈ, ઉનકી ગાંઠ કયા અર્થ? ૧૧

ચિંતા ઐસી ડાકિની, કાટ કલેજા ખાય;
બૈદ્ય બિચારા ક્યા કરે, કહાં તક દવા લગાય? ૧૨

કલેશ થવા ન દેશો. પણ સમજજો કે હરકોઈ સ્થિતિમાં જો પરમાત્માનું ભાન રહેવા પામતું હોય તો દરેક સ્થળ સોહામણું જ છે.

(૧૦) જે માણસને પહેરવાને માત્ર લંગોટી જ રહી હોય અને તે લંગોટીને પણ સાત સાત ગાંઠો વાળવી પડી હોય (ફાટેલી હોય) તે છતાં જે માણસ નિઃશંક–નિશ્ચિંત રહીને પરમાત્માના નામસ્મરણરૂપી કેફમાં મદમસ્ત રહેતો હોય, તે માણસ ઇન્દ્રને પણ ગરીબ સમજે છે. અર્થાત્ તેવો માણસ ઇન્દ્રથી પણ વધારે શ્રીમંત છે.

(૧૧) હે ભાઈ! તું મનમાં ચિન્તા કરતો જ ના; તારી જરૂરિયાતો પૂરનારો પરમદેવ મહાસમર્થ છે, એને ઘેર કાંઇ કમીના નથી; તને જે ચીજ માટે લાયક જોશે તે ચીજ વગર માગે તે આપશે જ. વિચાર તો ખરો કે જમીન પર અને પાણીમાં કીડા–પોરા વગેરે જે અનેક જીવ છે તેમની ગાંઠે પૈસો ન હોવા છતાં તેઓ શું ભૂખ્યા રહે છે?

(૧૨) ચિંતા એવી ડાકણ છે કે તે, માણસનું કલેજું જ ખાઈ જાય છે. બિચારો વૈદ્ય કયાં સુધી દવા આપવાનો હતો? એવા દરદીને માટે તો 'પરમેશ્વર પર શ્રદ્ધા' એ જ ઉત્તમ અને એકની એક દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરજનહારે સરજિયા, આટા–પાની–લોંન;
દેનેહારા દેત હૈ, (તો) મેટનહારા કૌન ? ૧૩

કાહેકો તલફત ફિરે, કાહે પાવે દુઃખ ?
પહલે રજક બનાયકે, પિછે દિનો મુખ ! ૧૪

કબીર તૂં કાહે ડરે ? શિર પર હરિકા હાથ;
હાથી ચઢકર ડોલિયે, કુકર ભોંકે લાખ ! ૧૫

રચનહારકો ચીન લે, ખાવેકો કહા રોય ?
દિલ મંદિરમે પેસી કરિ, તાન પિછોડી સોય ! ૧૬

---

(૧૩) પરમાત્માએ તો તારે માટે લોટ, પાણી અને મીઠું સર્વ તૈયાર રાખ્યું છે. દેનારો દે છે તો અટકાવનાર કોણ છે?

(૧૪) નકામો શા માટે આકુળવ્યાકુળ થાય છે ? અને નાહક શા માટે દુઃખી થાય છે ? તારું મોં ઉત્પન્ન કરવા અગાઉ અનાજ બનાવવામાં આવ્યું છે તે શું તને ભૂખ્યો રાખશે ?

(૧૫) હે ભાઇ ! તારામાં જ્યારે પરમાત્મા ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઈ એટલે જાણ કે તારા માથા પર હવે સમર્થ દેવનો હાથ છે. તો પછી તારે ડરતા ફરવાની શી જરૂર છે ? તું તારે હાથી ઉપર બેસી ડોલતો ફર–શ્રદ્ધારૂપી હાથી ઉપર બેસી નિશ્ચિંતપણે ફર; પછવાડે લાખો કુરકુરિયાં (કૂતરાં) ભસે તેની દરકાર કરતો જ ના.

(૧૬) પરમાત્માને ઓળખ્યા–જાણ્યા પછી વળી ખાવા માટે રોવું શું ? ખવડાવવાની ગરજ તેને પોતાને નથી શું ? માટે તું તો હવે દિલરૂપી મંદિરમાં પેસીને તથા પછેડી ઓઢીને પોઢી જા અર્થાત્ આત્મધ્યાનમાં લીન થા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહબસે સબ કછુ બને, બંદેસે કછુ નાંહી;
રાઈકો પરબત કરે, પરબત રાઈ માંહી. ૧૭
ચિંતા તો હરિનામકી, ઔર ન ચિતવે 'દાસ;'
જો કોઈ ચિતવે નામ બિન, સોહી કાલકે પાસ. ૧૮
કબીર! મૈં કયા ચિન્તવૂં? હમ ચિન્તે કયા હોય?
હરિ આપહી ચિંતા કરે, મોહિ ન ચિંતા હોય! ૧૯
મો ચિન્ત્યો હર ના કરે, કહા કરું મૈં ચિન્ત?
હરકો ચિન્ત્યો હર કરે, તા પર રહું નચિંત. ૨૦

---

(૧૭) જે કાંઈ બને છે તે પરમાત્માથી બને છે; 'બંદા' એટલે 'સેવક' એટલે માણસથી કાંઇ જ બનતું નથી. તે પ્રભુ પર્વત ને રાઈના દાણામાં અને રાઇને પર્વતરૂપમાં બદલી નાખવાને સમર્થ છે, તો તું ગમે તેવો ક્ષુદ્ર છતાં જો તને તેનામાં શ્રદ્ધા હશે તો તારા હાથે જ પર્વત જેવાં મહાભારત કામ કેમ નહિ બની શકે? માત્ર દૃઢ શ્રદ્ધા રાખવી જોઇએ.

(૧૮) આ હરિ–દાસ અથવા ભક્ત તો માત્ર હરિનામ ભજવાની જ કાળજી રાખે છે, બીજી કાળજી કે ચિંતા એને છે જ નહિ; કારણ કે હરિનામ વગર બીજી ચીજની ચિંતા કરનાર કાલ એટલે યમદેવની પાસે જાય છે, મરણ પામે છે અગર જીવતાં મરણ જેવી સ્થિતિ ભોગવે છે.

(૧૯) કબીરજી કહે છે કે હું શા માટે કોઇ વાતની ચિન્તવના કરું? અમારા ચિન્તવ્યાથી શું દહાડો વળવાનો હતો? અને વળી ખુદ પરમાત્મા જ આપની ચિંતા કરે છે, તેથી અમારે હાયવોયની કાંઈ ગરજ જ રહેતી નથી.

(૨૦) કોઈ ચીજની ઇચ્છા હું કરું તો ખરો; પણ હરિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રીયા બીના માંગે બીના, જાન બીના સબ આય;
કાહેકો મન કલ્પીએ ? સહજે રહે સમાય! ૨૧

દાતા નદી હૈ એક સમ, સબ કોઇકો દેત;
હાથકુંભ જિસકા જિસા, તૈસાહી ભર લેત. ૨૨

મુડદેકો ભી દેત હૈ, કપડા લત્તા આગ;
જીવત નર ચિંતા કરે, વાકો બડો અભાગ! ૨૩

તેથી જુદુ જ ચિન્તવતો હોય તો ? માટે કોઇ ચીજની ઇચ્છા કરવી જ શું કરવા ? હરિ પોતાનું ધાર્યું કરે છે, માટે હું નચિંત રહું છું.

(૨૧) કહ્યા કે માગ્યા સિવાય અણજાણી રીતે દરેક જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે; તો પછી મનમાં કલ્પના–જલ્પના કરવાનું શું પ્રયોજન ? માટે કબીરજી કહે છે, હે ભાઇ! તું તારા નિજરૂપમાં સમાઈ રહે!

(૨૨) દાતા અને નદી બન્નેનો સ્વભાવ સરખો છે. તેઓ જે માગે તેને આપે છે; પછી કેટલું મળવું તે તો હાથ અને વાસણના ઉપર આધાર રાખે છે. દાતાની પાસે પાંચસો રૂપિયા હોય, પણ માગનાર બાળકના હાથમાં દસથી વધુ સમાય તેમ જ ન હોય તો દાતારનો શો વાંક ? નદીમાં જળ તો ઘણું છે પણ પીનારનો ખોબો કે ઘડો નાનો હોય તેમાં નદીનો વાંક શો ? તેમ તમારી શ્રદ્ધા અને પુણ્યરૂપી ઘડા જ નાના હશે તો તમને ઓછું સુખ મળશે તેમાં પરમેશ્વરનો દોષ શો ?

(૨૩) જીવરહિત થયેલા મુડદાને પણ કપડું, બળતણ અને આગ આપે છે, તો તું જીવતો માણસ શા માટે ચિંતા કરે છે કે 'મને અમુક ચીજ નહિ મળે તો શું કરીશ?' એવી ચિંતા કરનારો ખરેખર અભાગિયો છે–એના ભાગ્યમાં સુખ છે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા તો એક રામકી, દુજી આશ નિરાશ;
નદી કિનારે ઘર કરે, કબહું ન મારે પ્યાસ. ૨૪
પીછે ચાહે ચાકરી, પહલે મહિના દેત;
સાહબકો શિર સોંપતે, કયોં કસકત હૈ દેહ? ૨૫
અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ;
દાસ કબીરા યોં કહે, સબકા દાતા રામ. ૨૬
રામ નામસે દિલ મિલા, જમ હમ પર બર્રાય;
મોહિ ભરોસા ઇષ્ટકા, બંદા નરક ન જાય. ૨૭

અશ્રદ્ધાનો પડદો એને પુષ્કળ પદાર્થોની પ્રાપ્તિ થવા દેતો નથી.

(૨૪) આશા કરવી હોય તો માત્ર રામ–પરમાત્માની આશા કરો; બીજી એટલે માયાવી પદાર્થોની–સ્થૂલ ચીજોની આશા કરશો તો નિરાશ થવું પડશે. જે માણસ જળથી ભરપૂર નદીના કિનારે ઘર કરે તે કદી તરસથી મરવાનો વખત જોવા પામે નહિ.

(૨૫) હે મૂર્ખ ! બીજા શેઠ તો પ્રથમ નોકરી કરાવે છે અને મહિનો કે વર્ષ પૂરો થયા બાદ પગાર આપે છે. પણ ઈશ્વર તો પ્રથમ ખાવા આપે છે અને પછી નોકરી માગે છે, તે છતાં એવા શેઠની નોકરી ખરા દિલથી કરવાનું તને સૂઝતું નથી એ કેવી મૂર્ખતા છે ?

(૨૬) અજગર ચાકરી કરતો નથી અને પક્ષી કાંઈ કામ કરતાં નથી, તે છતાં તેઓ ભૂખ્યા રહેતાં નથી; કારણ કે સર્વને આપનાર–પોષનાર પરમાત્મા હાજરાહજૂર છે.

(૨૭) જે દિવસથી રામનામથી દિલ મળ્યું તે દિવસથી જમ અમારાથી વેગળો રહેવા કૃપાવાન થયો છે. પરમાત્મા પરની શ્રદ્ધાને લીધે હું હિંમતથી કહું છું કે આ સેવક તો નરક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેરા વૈરી કોઈ નહિં, તેરા વૈરી ફેલ;
અપને ફેલ મિટાય લે, ગલી ગલી કર સહેલ. ૨૮

વખ્ત કહો અરૂ ભાગ્ય કહો, કહો નસીબ નિરધાર;
હજાર નામ મનકે ધરો, 'મન' હી સરજનહાર. ૨૯

બિના ઉપાય કિયે કછૂ, દેવ કબહું નહીં દેત;
ખેત બીજ બોયે નહીં, તો કયોં જામે ખેત? ૩૦

દુઃખ લેવે જાવે નહીં, આવે આચાબુચ;
સુખકા પહેરા હોયગા, તબ દુઃખ કરેગા કુચ. ૩૧

માં નહિ જ જવાનો.

(૨૮) હે ભાઇ! તારો શત્રુ કોઈ છે જ નહિ. માત્ર તારા ફેલ એટલે કુતર્ક–કુકર્મ અને કુશબ્દ જ શત્રુ છે. એ ફેલને દૂર કરીશ તો ગલીએ ગલીએ સહેલ કરીશ.

(૨૯) વખત અથવા સમય કહો, નસીબ કહો, ભાગ્ય કહો, સર્વનામ એક 'મન'નાં છે, અને મન જ સર્વ કાંઈ બનાવે છે. મનમાં સારા વિચારો હોય તો તે પ્રમાણે બાહ્ય સારા પદાર્થોનું આકર્ષણ થઈ તે વસ્તુઓ પ્રાપ્ત થાય છે. મનમાં ખોટા વિચારો હોય તો એવા જ પદાર્થો અને બનાવોનું આકર્ષણ થાય છે. બાકી ભાગ્ય કે સમય એ કાંઈ ચીજ નથી.

(૩૦) ઉદ્યમ કર્યા વગર દેવ પણ કાંઇ આપવા ખુશી નથી. ખેતરમાં બી વાવે નહિ તો ખેતી શી રીતે પાકે? ચાકરી કરતાં ભાખરી મળે. માટે નિશ્ચિંતે અને પરમાત્મામાં શ્રદ્ધા રાખીને પ્રમાણિક ઉદ્યમ અવશ્ય કરો.

(૩૧) દુઃખને કોઈ લેવા જતું નથી, કોઈ તેને બોલાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોન પદારથ હોત હૈ, બિસર જાત સબ સુદ્ધિ;
જૈસી લિખી નસીબમેં, વૈસી ઉકલત બુદ્ધિ. ૩૨

લિખા મિટે ન નસીબકા, ગુરુ કર ભજ હરિનામ;
સિધે મારગ નિત્ય ચલ, દયા ધર્મ વિશ્રામ. ૩૩

૨૦ : અહંકાર છોડો-નમ્ર બનો

ક્રિયા કરાયા સબ ગયા, જબ આયા અહંકાર;
કોટ કરમ લાગે રહેં, અહંકારકી લાર. ૧

જતું નથી, તે તો આપોઆપ આવે છે. તેવી જ રીતે, હે ભાઈ! સુખ પણ આપોઆપ આવીને તારાં બારણાં ઠેલશે—પણ તે પરિપક્વ વખતે. એ પ્રસંગે દુઃખને કૂચ કરી જવું પડશે!

(૩૨) જે બનવાકાળ છે તે બનતી વખતે માણસની બુદ્ધિ ગુમ થઈ જાય છે. જેવું બનવાનું છે તેવી જ મતિ આગળથી ઊપજે છે.

(૩૩) થવાનું છે તે મટવાનું નથી, માટે સદ્‌ગુરુ મેળવ અને હરિસ્મરણ કર અને પ્રમાણિક રસ્તે નિશ્ચિંતે ઉદ્યમ કર અને દયાધર્મરૂપી વિશ્રામસ્થળ અંગીકાર કર, એથી સુખી થઈશ.

(૧) માણસ ગમે તેવું સત્કાર્ય કરે પણ જો તે કામમાં 'અહં'ભાવ રાખે-'મેં કર્યું' એવો ભાવ રાખે તો કર્યું-કારવ્યું ધૂળ મળે-કર્મમેલ ચોંટે અને ભવભ્રમણ થાય. પરંતુ જે કાંઈ સત્કાર્ય કરવાં તેનો યશ પરમાત્માને જ અર્પણ કરવો એ જ કર્મયોગીનો ધર્મ છે. એક અહંકારની સાથે કરોડો કર્મ લાગી રહ્યાં છે તે બરાબર યાદ રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં અહંતા આનિયે, હરિ સિંહાસન દેય;
જો દિલ રાખે દીનતા, તો સાંઈ નિજ કર લેય. ૨

લઘુતામેં પ્રભુતાઈ હૈ, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી તો મિસરી ચુંગે, હાથી ડારે ધૂર. ૩

બડી બિપત્તિ બડાઈ હૈ, નાના કર્મસે દૂર;
તારે સબ ન્યારે રહેં, ગ્રહે ચંદ્ર અરૂ સૂર. ૪

કબીર ગર્વ ન કિજીયે, રંક ન હસિયે કોય;
અજહું નાવ સાગર પડી, ના જાનુ કયા હોય? ૫

---

(૨) અહંતા નહિ લાવનાર મનુષ્યને હરિ પોતાનું સિંહાસન આપે છે–અર્થાત્ કર્તવ્ય ખાતર કે પરમાત્મા ખાતર સત્કાર્ય કરનારને પરમાત્મપદ મળે છે. જેઓ એવી દીનતા–નમ્રતા રાખે કે સારાં કામનો યશ પોતે ન લેતાં કહે કે 'હું તો નાલાયક છું, જે કાંઇ સારું થયું હોય તે પ્રભુનો જ પ્રતાપ છે;' તે માણસને પરમાત્મા પોતાનો કરી લે છે.

(૩) નમ્રતાથી ઐશ્વર્ય મળે છે અને મોટાઈ લેવાથી પ્રભુ ઊલટા દૂર જતા રહે છે. જમીન પર ચાલનારી કીડી ખાંડનો સ્વાદ લે છે, જ્યારે અભિમાનમાં રહેતો હાથી ધૂળ ફાકતો રહે છે!

(૪) મોટામાં મોટું દુઃખ આપનાર 'મોટાઈ' છે. નાના થવાથી કર્મ નાશ પામે છે. જુઓ, આકાશમાં નાના તારાઓ છે તેને કાંઇ દુઃખ થતું નથી. પણ મોટા ચંદ્ર–સૂર્યને તો વારંવાર રાહુના મોંમાં ગળાવું પડે છે!

(૫) કબીરજી કહે છે કે, તમારાં ધન કે વિદ્યા કે બળ કે રૂપ કે સત્તા કે લાગવગ માટે ગર્વ કરશો નહિ; અને જેમની પાસે એ ચીજો થોડી હોય કે મુદ્દલ ન હોય તેઓની તેટલા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચા પાની ના ટીકે, નીચેહી ઠહરાય;
નીચા હોય સો ભર પીએ, ઊંચા પ્યાસા જાય. ૬

ઊંચે કૂલ ક્યા જનમિયા, (જો) કરની ઊંચ ન હોય?
કનક-કલશમેં મલ ભરા, સંતો નિંદા સોય. ૭

ઉંચે કુલકે કારને, બાંસ બઢ્યો અહંકાર;
રામભજન હિરદે નહીં, જાલ્યો સબ પરિવાર. ૮

હાંસી પણ કરતા નહિ. હજી તમારું પોતાનું હોડિયું ભરસમુદ્ર વચ્ચે છે, કોણ જાણે છે કે કાલ શું થશે? કાલે કદાચ તમારું ધન ચાલ્યું જશે; તમારી વિદ્યા પર આવરણ આવી જઇ તમે સમૂળગા જ ગાંડા બની જશો, તમારી સત્તા છીનવી લેવામાં આવશે, તમે બેડીઓ પહેરવા પામશો અને તમે લાગવગની જગાએ જગબત્રીસીએ ચડવા વખત પામશો. માટે ગર્વ કરતા જ ના.

(૬) ઊંચી જગાએ પાણી ટકતું નથી; પાણીનો સ્વભાવ છે કે નીચી બાજુમાં ઢળી જવું. તેથી જેઓ નીચા નમીને પીએ છે તેઓ તૃપ્ત થઈને જાય છે અને જેઓ ઊંચા અક્કડ રહે છે તેઓ તરસ્યા રહે છે.

(૭) સુવર્ણ જેવી ઉત્તમ ધાતુના કળશમાં મળ ભર્યો હોય તો તે પાત્ર નિંદાને યોગ્ય છે. તેમ ગમે તેવા ઊંચા કુળમાં જન્મ પામવા છતાં ઉચ્ચ કરણી વગરનો માણસ નિંદાને પાત્ર છે.

(૮) વાંસ ઘણો ઊંચો છે; એને ઉચ્ચ કુળનો અહંકાર છે. પણ એનું ડહાપણ તો જુઓ! (વાંસના વનમાં બે વાંસ સામસામા અથડાવાથી આગ ઉત્પન્ન થાય છે, અને આખું વન બળે છે.) કુટુંબને-એટલે પોતાના ભાઇઓ તુલ્ય અનેક વાંસને બાળવા જેવું જ ડહાપણ તે ઊંચ કુળના વાંસમાં રહેલું છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર તહાં નહિં જાઇયે, જહાં હૈ કુલકો હેત;
સાધુપનોં જાને નહીં, નામ બાપકો લેત ! ૯

બડે બડાઈ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, 'લાખ હમારા મોલ!' ૧૦

ના મુઝ છાઇ ન છાપરી, ના મુઝ ઘર ના ગામ;
જો કોઈ પૂછે 'કોન હૈ?' ના મુઝ જાત ન ઠામ. ૧૧

મેરા મુજમેં કછુ નહીં, જો કછુ હૈ સો તેરા;
તેરા તુજકો સોંપતે, કયા લગેગા મેરા ? ૧૨

કુળના અભિમાનીઓથી રામસ્મરણ થઈ શકે નહિ.

(૯) કબીરજી કહે છે કે, જ્યાં કુળ પર મોહભાવ છે ત્યાં કદી જશો નહિ. એવા લોકો સદ્‌ગુણને જાણતા નથી અને ખાલી બાપનું નામ લઇ ફુલાય છે પણ બાપના જેવાં રૂડાં કામ કરી શકતા નથી.

(૧૦) ખરેખર જેઓ મહાન છે તેઓ પોતાની મહત્તા પોતે કહી બતાવતા નથી. હીરો કદી એમ નથી કહેતો કે 'મારું મૂલ્ય લાખ રૂપિયા છે.' એ તો પારખનારા જ પારખે.

(૧૧) કબીરજી કહે છે કે, મને કોઈ પૂછે કે 'તું કોણ છે?' તો હું જવાબ આપું કે, 'ભાઇ! મારે નાત–જાત કાંઈ નથી, રહેવાનું ઘર કે ઝૂંપડી નથી, તેમ અમુક એક ગામને મેં મારું વતન માન્યું નથી' મતલબ કે હું સર્વ દુનિયામાં ફરું છું, કુળનો મદ નથી, સઘળાં મનુષ્યો તરફ ભાઈચારો ધરાવું છું, અર્થાત્ કોઈ ચીજને મારી માનતો નથી.

(૧૨) હે પ્રભો! આ શરીરમાં જે કાંઈ છે તે મારું નથી, તે બધું તારું છે. તારું તને સોંપતાં મને શું દામ લાગે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડા જગ અભિમાનકો, સુખી ભયા સબ જીવ;
ભાવે કોઈ કછુ કહે, મેરે હિય નિજ પીવ! ૧૩

તિમિર ગયા રવિ દેખતે, કુબુધિ ગઈ ગુરુજ્ઞાન;
સુબુધિ ગઈ કછુ લોભસે, ભક્તિ ગઈ અભિમાન. ૧૪

ભરમ ગયા તબ જાનિયે, અચરજ લગે ન કોય;
યે લીલા હૈ રામકી, નિરખો આપા ખોય. ૧૫

---

(૧૩) હે જગતના લોકો! અહંભાવ છોડો અને સુખી થાઓ. એમ માનો કે, કોઈ ગમે તેમ કહે તેથી મારે શું? મારા હૃદયમાં તો મારા પતિ-પરમાત્મા બિરાજી રહ્યા છે, તેથી બીજાની સાંભળેલી કૂથલીને ત્યાં જગા જ મળે તેમ નથી.

(૧૪) સૂર્યને દેખવાથી અંધારું દૂર થાય છે; ગુરુએ આપેલા જ્ઞાન વડે કુબુદ્ધિ દૂર થાય છે; લોભ વડે સદ્બુદ્ધિનો નાશ થાય છે અને અહંભાવ ભક્તિને નસાડી મૂકે છે.

(૧૫) કોઈ માણસને અજ્ઞાનતાનો ભ્રમ દૂર થયો એમ ક્યારે જાણવું? કે જ્યારે એને સારા-ખોટા બનાવથી હર્ષ કે ગુસ્સો તો શાનો થાય પણ અચંબો સરખોયે ન થાય, તો જ માનવું કે એનો ભ્રમ દૂર થયો છે. પરમાત્માની એ લીલા જો જોવી હોય તો 'આપા'-અહંભાવ ધોઈ નાખો.

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથસેવનનો મહિમા

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं। किं तस्य शुष्कैश्चपलाविनोदैः॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા–વિચારવાનું સદ્‌ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (સ્ત્રીના-લક્ષ્મીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"ગ્રંથો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુતકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શો તફાવત ?"

'ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી, જે ઘરમાં સારાં પુસ્તકો નથી તે ઘર, ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોર જ છે."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો પણ એ ગ્રંથો જ માનસવાણીથી તમને કહેશે કે, 'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કીમતી છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લેડ્સ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કીમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ?"

—સ્વામી વિવેકાનંદ

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામમાં નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઈ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ જ લાગે છે."

—બંકિમચંદ્ર

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભુલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઈ ચીજમાં નથી."

—માર્ડન

"બંધુઓ! સારાં પુસ્તકો એટલે શું તે તમે જાણો છો? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો? ભાઈ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકો તે લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો તે આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણુ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કીમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે."

—**સ્વર્ગસ્થ પઢિયાર**

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહિ; એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્વિચાર પણ કરી શકશો."

—**મહાત્મા ગાંધીજી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૨ વર્ષથી શિષ્ટ અને ઉત્તમ સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

(ભિક્ષુ–અખંડાનંદે શરૂ કરેલી)

વાર્ષિક લવાજમ રૂા. ૫)] ❁ [ટપાલખર્ચ માફ

વરસે દિવસે ૫"×૭ાા"ના કદમાં ૧૯૦૦ થી ૨૦૦૦ પૃષ્ઠનું વાચન ત્રણથી ચાર પુસ્તકો દ્વારા ઘેરબેઠાં મળે છે.

સંવત ૧૯૯૯નાં
પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

	પૃષ્ઠ	રૂા.
શિવાજી છત્રપતિ	૭૬૦	૨ા
દત્ત–પરશુરામ	૩૪૦	૨)
કચ્છની લોકવાર્તા હુંગરશી ધરમશીકૃત	૩૫૪	૨)
સંસારમાં સુખ ક્યાં છે?	૧૮૨	૨)
શુદ્ધ કાર્તિકી પંચાંગ	૧૧૪	૦ા=
બાળપોષણ વગેરે વિષયનું પુસ્તક		

સંવત ૨૦૦૦નાં પુસ્તકો
નીચેનામાંથી પસંદ થશે

મહાત્મા કબીરનાં આધ્યાત્મિક પદો
આર્યોના સંસ્કાર
બુદ્ધચરિત્ર
જ્યોતીન્દ્ર હ. દવેની વાતો અને બીજાં ઉપયોગી પુસ્તકોમાંથી અપાશે.

આ માળાના નિયમો

(૧) વરસે દિવસે કદ ૫"×૭ાા" નાં **૧૯૦૦ થી ૨૦૦૦ પૃષ્ઠનું** વાચન ત્રણથી ચાર પુસ્તકોદ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાય છે અને બાકીનાં નીકળે તેમ મોકલી અપાય છે. (૨) વાર્ષિક લવાજમ **રૂપિયા ૫)** અને **ચાલુ વર્ષનું ટપાલખર્ચ માફ હોય છે.** આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક લવાજમ રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે. (૩) પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. (૪) પુસ્તકો સામાન્ય રીતે બોર્ડપટ્ટીનાં પૂઠાંમાં બાંધીને અપાય છે. પરંતુ કોઈવાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારાનું પુસ્તક સાદાં પૂંઠાંવાળું જ બંધાશે. (૫) પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું લવાજમ મંગાવી લેવામાં આવે છે. પણ બનતા સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ, જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ મોકલતાં સાદી રીતે (બુકપોસ્ટથી) મોકલાશે. (૬) જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. મળેથી તે પાછું વાળશે, તેઓ તે છેલ્લા પુસ્તક ઉપરનો પોતાનો સર્વ હક ગુમાવશે; પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક લવાજમ મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે; તથા વી. પી. પાછું વળવાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. (૭) "વિવિધ ગ્રંથમાળા"ના પુસ્તકો પૂરતી ચોકસાઈ કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ, તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતાં, જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્ર-વહેવાર જોવા મોકલી આપશે, તો બનતો વિચાર થશે. (૮) ગેર-વલ્લે જાય નહિ એ રીતે માળાનું દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તો તેમણે તે માટે વધારાના ખર્ચ બદલ બાર આના વધુ મોકલવા. (૯) વાર્ષિક લવાજમ રૂબરૂમાં ભરનારને તે જ વખતે છાપેલી પાવતી અપાય છે, તથા વી. પી. દ્વારા લવાજમ ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે, તેને જ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. (૧૦) મુંબઈના કાર્યાલયમાં વાર્ષિક મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદના કાર્યાલય સાથે સમજવાનો છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપને ચકિત કરે તેવો દેશી પ્રયોગ

ધોળા ખાખરાના મૂળનો અર્ક

ઝાંખ, છારી, ખીલ, ફૂલાં, પડળ, મોતિયા, ઝામરવા, રતાં-ધળાપણું, પાણી ઝરવું વગેરે દર્દો ચોક્કસ મટે છે. ચશ્માં ઊતરે છે.

આ ખાખરા ચોટીલાની આજુબાજુ માંડવના પહાડી પ્રદેશમાં ખાખરાના મોટા વનમાં મળી શકે છે અને ખાસ પહાડી પ્રદેશના અનુભવી માણસો મારફત મેળવાય છે. આયુર્વેદમાં ધોળા ખાખરાનું આંખ માટે વિશેષ મહત્ત્વ છે. આ વૃક્ષનાં ફૂલ, થડ, મૂળ, પાન વગેરે તમામ સફેદ હોય છે.

મોતિયા અને ફૂલાં જેવા દર્દો ઑપરેશન વગર ન મટે, તે મટ્યાના ઘણા દાખલા મળ્યા છે. થોડા તાજા અભિપ્રાય :– (૧) આંખનાં અસાધ્ય દર્દોમાં આ દવા સફળ નીવડી છે. ડૉ. નૃસિંહપ્રસાદ બક્ષી, આંખના સરજન, રાજકોટ. (૨) ફૂલું મટયું છે. વહોરા સુલેમાન નુરજી, મુ. ચમારા–(વાયા વાસદ). (૩) મોતિયામાં અજબ ફાયદો છે. પંદર શીશી મોકલો.

ડૉ. અમીનખાન પઠાન, મેડિકલ ઑફિસર, જૂનાગઢ. કિં. રૂા. ૧

આંખનાં દર્દો માટે બીજી ઉત્તમ દવા

"નયનામૃત"

લીમડો, ખાખરો, બાવળ અને કમળના મધના મિશ્રણથી આ દવા બનાવાય છે. આંખનાં ફૂલાં, ઝાંખ, છારી, સોર્ટસાઈટ, અકાળે આવેલ ચશ્મા, વગેરે મટાડી આંખ નિર્મળ, સ્વચ્છ, ને રોગરહિત તેજસ્વી બનાવે છે. ગોરખપુરથી 'કલ્યાણના' મંત્રી શ્રી. ઘનશ્યામદાસજી જણાવે છે કે:– "નયનામૃત થોડા દિવસ આંજવાથી આંખનું તેજ ઘણું વધ્યું છે, બીજી બાર શીશી મોકલો." કિં. રૂા. ૧, ટપાલખર્ચ જુદું. આફ્રિકા માટે **અઢી શિલિંગ.**

વૈદ્ય બી. રાણપુરી–સુખશાન્તિ ઔષધાલય,
(પત્રિકા મફત મંગાવો) **ચોટીલા**–કાઠયાવાડ (India).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરાના મૂળનો અર્ક

ફાયદા તથા આંજવાની રીત—(૧) આ અર્કની એક શીશી વાપરવાથી અને રોગ વધુ હોય કે જૂનો હોય તો ૨ થી ૬ શીશી વાપરવાથી આંખની ઝાંખ, છારી, ખીલ, પડળ ફૂલું, મોતિયો, ઝામરવા, રતાંધળાપણું, પાણી વહેવું વગેરે દરદો મટે છે; તથા સારી આંખમાં આંજવાથી આંખનું તેજ વધી ઘણાનાં ચશ્માં ઊતરી જાય છે.

ખાવાની રીત તથા લાભ—નાગરવેલના પાનમાં કાથો, ચૂનો કે બીજું કાંઈ નહિ નાખતાં માત્ર અર્કનાં જ **૩ થી ૫ ટીપાં** ચોપડવાં અને જમ્યા પછી એ પાન ખાવું. ચેવળી પાન ગરમ હોઈ **કપૂરી પાન** ઠીક છે. આ રીતે આ અર્ક ૫–૭ દિવસ ખાવાથી ભૂખ વધે, તાકાત આવે, વીર્યસ્રાવ થતો હોય તો મટે; તથા સ્ત્રીઓને પ્રદરરોગમાં ફાયદો કરે છે.

મૂલ્ય ઇત્યાદિ—(૧) નાની દશઆની ભારની શીશીનું મૂલ્ય ૦–૧–૬ અને એવી ૮ શીશીઓના રૂા. ૦–૧૦–૦ છે. બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂા. ૧–૨–૦ મોકલવા. **(૨)** એઠા ઘાટની અઢી તોલા અર્કવાળી શીશીના રૂા. ૦–૫–૦ અને ચાર શીશીના રૂા. ૧–૨–૦ છે; અને બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂા. ૧–૧૦–૦ મોકલવા. **(૩)** ૫૦ તોલા અર્કવાળો શીશો રૂા. ૧–૮–૦ થી મળશે. **(૪)** રેલવે રસ્તે જોઇએ તો પેકિંગ ઇત્યાદિના રૂા. ૧–૦–૦ અને એથી વધુ શીશા જોઇએ તો રૂા. ૧–૮–૦ વધુ મોકલવા. રેલવે નૂર ઇત્યાદિ માર્ગખર્ચ થાય તે જુદો ભરવાનો રહેશે. **(૫)** અર્ક હવે સીધી દેખરેખ નીચે સંસ્થામાં જ તૈયાર કરવામાં આવે છે; વળી શીશીઓ ઉપર સંસ્થાના નામવાળી ટિકિટો ચોડાય છે; માટે અર્ક જેમ તેમ બનાવીને ભળતા નામથી વેચનારાઓથી સાવચેત રહેવું જરૂરનું છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ ને કાલબાદેવીરોડ, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્લીચિંગ પ્લાન્ટનાં મશીનો કયાંથી ખરીદશો ?



સ્લેક પ્રોસેસ વૉશિંગ મશીન

અમારી બનાવટનાં

ક્લોથ પ્રિન્ટિંગ, વૉશિંગ, કેમિક, પેડિંગ, જીગર, સ્ટાર્ચમેંગલ, ડેમ્પિંગ વગેરે મશીનો હિંદુસ્તાનની ઘણીખરી મિલોમાં ચાલે છે.

આ મશીનો તેમજ ટેકસટાઈલ મશીનરીના દરેક જાતના સ્પેર પાર્ટ્સ તથા મશીનકટ ચક્કરો બનાવનારાઃ—

ઈશ્વરદાસ હરજીવનદાસ પંચાલ

ટે. નં. ૨૧૪૯
ટેલીગ્રામ : "મશીનકટ"

આયર્ન એન્ડ બ્રાસ ફાઉન્ડર્સ
ઠે. દૂધેશ્વર રોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી રબ્બરની બનાવટો

૧ રબ્બર રોલર્સ
૨ એબોનાઈટ રોલર્સ
૩ રબ્બર બુશિંગ્સ
૪ રબ્બર વોશર્સ
૫ રબ્બર વાલ્વઝ
૬ ,, રિંગ્ઝ
૭ ,, હાઈડ્રૅન્ટ રિંગ્ઝ
૮ ,, ગેજગ્લાસ કોન્સ
૯ ,, એન્ડ લેસ બેલ્ટ્સ

વગેરે ઉત્તમ પૂરવાર થયા છે

"સેન્ટ્રીફ્યુજિસ કોન્સ સ્યુગર ફેક્ટરીઓ માટેના સ્પેશીયાલીસ્ટ"

તમારી રબ્બરની ખાસ જરૂરિયાતો માટે હવે બહાર જવાની જરૂર નથી.

ઑર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

મળો અગર લખો:—

ધી રબ્બર પ્રોડક્ટ્સ લિ.

મૅનેજિંગ એજન્ટ્સ:– **મોહનલાલ ઈ. પંચાલ એન્ડ કં.**

ટે. નં. ૨૧૪૯

ઑફિસ / કારખાનું } દૂધેશ્વરરોડ, અમદાવાદ.

સોલ સેલિંગ એજન્ટ્સ:—

સર હોમી મહેતા (અમદાવાદ) લિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળો

અને

સ્ટ્રોબોર્ડ

બનાવનારા:–

ગુજરાત પેપર મીલ્સ લી.

અમદાવાદ. ૨

ટેલીગ્રામ : 'પેપર' ટેલીફોન : ૨૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आकर्षक बनिये..
कैलिको
के कपड़े
पहनिये

[illegible] मेन्युफेक्चरिंग ऍन्ड केलिको प्रिंटिंग कंपनी लिमिटेड,
अहमदाबाद

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમો પરણ્યા હો કે, કુંવારા હો

સુખી હો કે, દુઃખી હો

છતાં પણ જીવનની જરૂરિયાતોમાં તમો કાપડ વગર ચલાવી શકો નહિ; વળી લડાઈ જેવા બારીક સમયમાં મોંઘવારીનો હાઉ તમને મૂંઝવી રહ્યો હોય તેવે વખતે તમને અનુકૂળ થાય તેવું

દરેક પ્રકારનું કાપડ

અસારવા મિલ્સ

પૂરું પાડશે: દરેક ઠેકાણે વેચાય છે.

મિલની ખાસ બનાવટો—દરેકના ખિસ્સાને માફક આવે તેવી

સુંદર સાડીઓ, ધોતી, ટ્વીલ, લૉંગ ક્લોથ, સુશી, હાથરૂમાલ, મલમલ, પટા શર્ટિંગ, ચણિયા પાટ, મચ્છરદાની, લૉન વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર કાપડની અનેક જાતો માટે

જેવી કે—

શર્ટીંગ

પોપલીન

સાડી

ધોતી

મલમલ

વોયલ

દોરિયા

સુંદર, આકર્ષક તથા ટકાઉ

છેલ્લી ઢબનું

સમાજના સઘળા વર્ગોને

પોસાય તેવું.

મળવાનું એક જ સ્થળ :—

શ્રી વિવેકાનંદ મિલ્સ લિ૦

ગોમતીપુર—**અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજના સર્વ વર્ગો માટે

સુંદર સાડી

ટકાઉ ધોતી

મુલાયમ મલમલ

તરેહવાર દોરિયા

- ★ સુંદર વણાટ
- ★ વિધવિધ કિનારો
- ★ આકર્ષક ડિઝાઈનો
- ★ અનેકવિધ રંગો

વિગેરે

સુંદર કાપડ મળવાનું એક જ
અનોખું સ્થળ:

શ્રી રામકૃષ્ણ મિલ્સ કં. લિ૦

ગોમતીપુર—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ન્યુ રાજપુર મિલ્સ

કંપની લિમિટેડ

ગોમતીપુરરોડ—**અમદાવાદ**

એજન્ટ્સઃ—**મેસર્સ ભીખાભાઈ જીવાભાઈ એન્ડ કં. લિ.**

ગરીબ તેમજ તવંગરવર્ગને પોસાય તેવું અમારી મિલનું ફુમાશદાર, ટકાઉ અને આકર્ષક કાપડ જેવું કે, ધોતી, સાડી, શર્ટીંગ, વૉયલ, મલમલ ઢોરિયા, પોપલીન લૉંગક્લોથ વગેરે વાપરવાનો આગ્રહ રાખો:—

તારનું સરનામું 'JOY' — ટેલીફોન નં. ૫૨૯૭

શ્રી દિનેશ મિલ્સ લિ૦

પાદરારોડ—**વડોદરા**

(એજન્ટ્સઃ—**મેસર્સ મગનલાલ ભીખાભાઈ લિ.**)

અમારી મિલમાં શુદ્ધ ઊનમાંથી બનેલા જાહેરપ્રજાને માટે બ્લેન્કેટ્સ, શાલ, મફલર, લોહી, કોટિંગ તથા મિલો-માં વપરાતાં ટેક્ષટાઈલ વુલન ક્લોથ જેવાં કે, સાઈઝીંગ ફ્લેનલ, ક્લીઅરર ક્લોથ તથા રોલર ક્લોથ બનાવનાર :

તારનું સરનામું: 'DINMILL' — ટેલીફોન નં. ૬૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવકરણ નાનજી બેંક લિ.

મુંબઈ, મુંબઈઉપનગર, અમદાવાદ,
નાસિક, સોલાપુર, પૂના અને સુરત

૨૬ ઓફિસો

ટેલિગ્રામ: 'દેનાબેંક'

દેવકરણ નાનજી ઇન્સ્યુરન્સ

કંપની, લિમિટેડ.

જિંદગી • આગ • મોટર

ટેલિગ્રામ: 'દેનાઇન્સ્યોર'

દેવકરણ નાનજી ઇન્વેસ્ટમેન્ટ

કંપની, લિમિટેડ.

મેનેજિંગ એજન્ટ્સ: 'દેનાસન્સ' લિમિટેડ
ટેલિગ્રામ: 'દેનાટ્રસ્ટ'

દેવકરણ નાનજી પ્રિન્ટીંગ

એન્ડ પબ્લિશિંગ કં. લિમિટેડ.

પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ

ટેલિગ્રામ: 'દેનાન્યુઝ'

હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્ઝ, એલ્ફીન્સ્ટન સર્કલ કોટ–મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખ્ખાં અને સફાઇદાર
ઘરગથ્થુ અને ફેન્સી
તમામ જાતનાં

વાસણો

સરકારી કોન્ટ્રોલ નીચે પિત્તળનાં વાસણો
ચોખ્ખી કલાઈ કરેલાં, સસ્તા ભાવથી
ટૂંક મુદતમાં અમારે ત્યાંથી
મળશે.

લલ્લુભાઇ અમીચંદ

(ઠે. ૫૫૪-કંસારાચાલ-મુંબઈ ૨)

પ્રોપ્રાઈટર :

ધી ઉન એલ્યુમિનિયમ ફેક્ટરી

૧૦૭, તારદેવ રોડ, મુંબઈ-૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી બોમ્બે સ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઇન્ડિયન કોઓપરેટિવ ને. એન્ડ ટી. કં. લિ.
ધી રત્નાગરસ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઈસ્ટર્ન સ્ટીમ નેવિગેશન કં. લિ.

ઉતારૂ તથા માલ લઈ જવાની સરવીસીઝ

મુંબઈ-ભાવનગર
મુંબઈ-કચ્છ
મુંબઈ-કરાંચી વાયા કચ્છ-માંડવી
કોંકણ લાઈન
મુંબઈ-માલવણ
મુંબઈ, હરનાઈ, ડાભોલ
હારબર સરવીસ (રેવસ, ધરમતર, ઉરણ, એલીફન્ટા, નહાવા)

ટેલીફોન નં. ૨૫૩૬૧ — ચાર લાઈન

ફ્રેટ બ્રોકર્સઃ-કાનજી જાદવજી એન્ડ કં.
ટેલિફોન નં. ૨૫૭૪૪

સિંધિયા હાઉસ

બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલીફોન નંબરો {૨૨૬૩૬ / ૨૨૬૩૮ ટેલીગ્રામ 'Vulinco'

ધી વલ્કન ઇન્સ્યુરન્સ

કંપની લિમિટેડ

હેડ ઑફિસઃ-ઇન્ડસ્ટ્રીઅલ એસ્યુરન્સ બિલ્ડિંગ

કોટ, મુંબઈ

આગ, દરિયાઈ અકસ્માત અને નોકરોની
જવાબદારીના વીમાનું કામકાજ
કરવામાં આવે છે.

જે. સી. સેતલવડ
જનરલ મેનેજર

કે. સી. દેસાઈ
મેનેજર

શાખાઓઃ—

ધી મોલ-**લાહોર**
ફ્રા લાઇન બીચ-**મદ્રાસ**
કારંજ ભદ્ર,-**અમદાવાદ**

૩૫ રોલેન્ડ રોડ, **કલકત્તા**
પો. બો. નં. ૬૦૦, બાંબો રોડ.
કમ્પાલા (યુગાંડા)
૧૭૯ બુધવાર પેઠ, **પૂના**

એજન્સીઓ હિંદભરમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલની કટોકટીના સમયમાં

પ્રેસીડેન્સી લાઈફ ઈન્સ્યુરન્સ કં. લિમિટેડની

પોલિસી આપને મદદરૂપ થશે

જિંદગીના વીમા ઉપર — આંક — હયાતીના વીમા ઉપર

રૂા. ૨૨) — રૂા. ૧૮)

સધ્ધર સ્વદેશી વીમા કંપની

હેડ ઑફિસઃ-
સર ફીરોજશાહ મહેતારોડ,
મુંબઈ

બ્રાન્ચ ઑફિસઃ-
૫૭/૩ ગાંધીરોડ,
અમદાવાદ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદ ન્યુ ટેકસ્ટાઇલ મિલ્સ

પોસ્ટ બોક્ષ નંબર ૩૦, રાયપુર દરવાજા બહાર

અમદાવાદ

ટેલીફોન } ૫૧૦૧ / ૫૪૧૧ ટેલીગ્રામ : 'ટેકસ્ટાઈલ'

ફેન્સી અને ટકાઉ દરેક જાતનું કાપડ જેવું કે:—

ધોતી — શરટીંગ — મલમલ
સાડી લોંગ કલોથ

ફાસ્ટ ટુ બ્લીચ કલર્સ પ્રિન્ટેડ વોયલ
અને છીંટ બનાવનાર :

PRINTING IS OUR SPECIALITY

એજન્ટ્સ :

મેસર્સ નારણલાલ જીવણલાલ એન્ડ કં. લિ.
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશ્યલ નં. ૧

RAMTIRTH BRAHMI OIL
RAMTIRTH YOGASHRAM BOMBAY

મગજના જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, ટાલમાં વાળ ઊગે છે, ખોડો મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

રતલી બાટલીના રૂા. ૩-૮-૦
૮ ઔંસના રૂા. ૨-૦-૦
બધે મળે છે.

શ્રી રામતીર્થ યોગાશ્રમ, ૪૪૮, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ-૪.

ઇક્નોનોમીક ડુપ્લીકેટર

કીંમત રૂા: ૮ અને વધારે સાઇઝ મુજબ

ગૅરંટી ૩ વરસ

કોઈપણ જાતના ખર્ચ
સ્ટેન્સીલ પેપર
સ્પેશીઅલ કલમ કે કાગળ

સૂર્ય છાપ
રજિસ્ટર્ડ

વગર

સેંકડો ડુપ્લીકેટ નકલો અનેક રંગોમાં છાપી શકાય છે.

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ:- સેલારકા બ્રધર્સ પો.બો.નં ૨૭૨A મુંબઈ.૧
સ્ટૉકીસ્ટ:- ઓરીજીનલ સ્ટેશનરી માર્ટ ૧૦૯ પારસી બઝાર સ્ટ્રીટ મુંબઈ.૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રાજહંસ જેવી શુભ્રતા.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આર્યોદય જીનીંગના ટર્કીશ ટુવાલ વાપરો.

ધી

પ્રભાત

આર્યોદય જીનીંગ મીલ્સ

અમદાવાદ

CC 0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનરસાયનશાસ્ત્ર

(કિંમત રૂા. ૨)

લેખકઃ-પ્રિન્સિપાલ **જે. જે. કણિયા**, બી. એ.

આ બાયોકેમિસ્ટ્રીનો સુંદર ગ્રંથ છે. એની ગમે તેટલી નકલો થઈ છે પણ એની બરોબરી એક ગ્રંથ કરી શક્યો નથી.

જીવનરસાયન દવાઓ: અમારી અમેરિકન બ્યુટીઝ બૅક પોટેન્સીમાંથી, ૨૦૦ મેશીઝ, બી. પી. મિલ્કશ્યુગર સાથે બનેલી, અતિ સૂક્ષ્મતાને પમાડેલ અણુઓવાળી દવા ઝડપી કામ કરે છે. તે દર્દીનો સમય ને ખર્ચ બચાવે છે. બાર દવાની પેટી અને એક પુસ્તક દાક્તર અને હોસ્પિટલની ગરજ સારે છે. બારે દવા ૧ ઔંસ (પેટી સાથે) રૂા. ૧૫-૦-૦.

ચંપકલાલ મગનલાલ, બજાર-**ભાવનગર**

ટેલીગ્રામ: **'નચીકેતા'** ટેલીફોન નંબરોઃ **૨૫૮૧૧; ૨૬૮૧૧**

તુલસીદાસ ખીમજી

ક્લીઅરીંગ, ફોર્વર્ડીંગ, શીપીંગ, ફ્રેઈટ ઍન્ડ ઇન્સ્યુરન્સ એજન્ટસ.

એજન્ટસ ફોરઃ- **ઍટલાસ ઇન્સ્યુરન્સ કંપની, લિ.**

(ઇંગ્લાંડમાં સ્થપાયલી)

ફાયર, મરીન, મોટર અને એક્સીડંટના વીમાઓ

વિગત માટે લખો યા મળો;-

ઠે. ૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ કોટ, મુંબાઈ, ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બનારસના નદીકિનારે

આ પુરાતન શહેરની મુલાકાતે રોજ હજારો યાત્રાળુઓ આવે છે અને પવિત્ર ગંગાજળમાં સ્નાન કરે છે.

તે જ પ્રમાણે

હજારો લોકો 'હમામ' નાહવાનો સાબુ રોજે રોજ વાપરે છે,

કારણ

તેમાંથી મનમોહક ને સુવાસિત ફીણના ગોટગોટ નીકળે છે અને શીતળ તાઝગી આપે છે.



A TATA PRODUCT

'હમામ'

તમારા નાહવા માટે મોટી ગોટી

ધી તાતા ઓઈલ મિલ્સ કંપની લિમિટેડ, તાતાપુરમ અને મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્યુમિનિયમ

અને

પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાં જ ‘ ક્રાઉન ’ માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

જગતમાં ૧૯૧૯ માં ઉત્પન્ન થયું તે કરતા અનેક ગણું વધારે એલ્યુમિનિયમ હાલ ઉત્પન્ન થઈ રહ્યું છે. હિંદુસ્તાનમાં પણ ૧૯૪૩ થી એલ્યુમિનિયમનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. જૂના ભંગાર ઉપરાંત નવા માલનો પણ વાસણોની બનાવટમા ઉપયોગ થશે અને વધારે વ્યાજબી ભાવે વાસણોની છૂટ વધશે.

વાસણો માટે એલ્યુમિનિયમ જેવી કિફાયત ભાવે મળતી ઉપયોગી બીજી કોઈ ધાતુ નથી. અનેક ઉપયોગી ઉદ્યોગોમાં તે વપરાય છે. પોલાદ કે વીજળીના પંખા, રેલવે કે એરોપ્લેન, મોટર કે સ્ટીમર બધા ઉદ્યોગોમાં તેના વિના ચાલતું નથી.

નવાં પિત્તળનાં પતરાંની પણ હવે છૂટ થશે અને તેનાં વાસણો પણ વધારે કિફાયત ભાવે મળશે. કલાઈ મેળવવાની વ્યવસ્થા પણ થઈ રહી છે.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ

કંપની લિમિટેડ

આગ,

અકસ્માત,

જિંદગી,

મોટર,

દરિયાઈ વીમાના કામકાજ માટે

એની સંગીન પ્રગતિનું માપ નીચેના આંકડા દર્શાવે છેઃ—

ભરપાઈ થયેલી થાપણ	રૂ. ૭,૦૦,૧૦૦–૦–૦
પ્રીમિયમ આવક (૧૯૪૧)	રૂ. ૧૬,૬૦,૯૯૯–૦–૦
રીઝર્વફંડ (ટોટલ)	રૂ. ૮,૮૭,૪૬૧–૦–૦
ટોટલ જિંદગીના વીમા ૧૯૪૧ ના અંત સુધી	રૂ. ૫૩,૭૩,૧૪૯–૦–૦

હેડ ઓફિસઃ— પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, ૩૧૫–૨૧, હોર્નબી રોડ, કોટ–મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામ મિલ્સ લિ૦

ફેન્સી ટેક્સ્ટાઇલ માલ બનાવનાર

જેવાં કે:-

ધોતિયાં,

સાડીઓ,

વોયલ્સ,

શર્ટિંગ,

લૉંગ ક્લૉથ,

ઓફિસ:—મિલ પ્રીમિસીસ

વરલી-મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાઉન CROWN BRAND THE BEST બ્રાન્ડ

એલ્યુમિનિયમ તથા પિત્તળ

દરેક જાતનાં વાસણો અને સાધનો

ઘર ઉપયોગી કે ઑફિસ ઉપયોગી

કારખાના માટે કે રસશાળા માટે

રેલગાડી માટે કે વિમાનો માટે

તમારી દરેક જરૂરિયાત માટે લખો અથવા મળોઃ—

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી,
દિલ્હી, બનારસ, રંગુન, એડન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૩ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

સંવત ૨૦૦૦] વાર્ષિક લવાજમ રૂા. ૬—૪—૦ પોસ્ટેજ માફ [વર્ષ ૩૩ મું

★

વરસે દિવસે કદ ઇંચ ૫×૭ાાનાં પાન ૨૦૦૦ નું વાચન પટ્ટીવાળાં પૂઠાંમાં બાંધેલાં ૪ થી ૬ પુસ્તકો દ્વારા ઘેર બેઠાં અપાય છે.

આ માળાનું વર્ષ કારતકથી શરૂ થઈ આસોમાં પૂરું થાય છે. વર્ષની અધવચે ગમે ત્યારે ગ્રાહક થનારને કારતક માસથી ગ્રાહક ગણીને બહાર પડેલાં પુસ્તકો તરતમાં અપાય છે, અને બાકીનાં નીકળે તેમ તેમ મોકલી અપાય છે.

વધુ વિગત માટે લખો:—

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ—૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

ગ્રંથોનું સૂચીપત્ર*

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

સંપૂર્ણ મહાભારત દળદાર ૭ ગ્રંથોમાં	૪૫–૦
ઉપનિષદો–૧૧૨, બે ગ્રંથમાં	૪–૦
મહાભારતનું શાંતિપર્વ	૭–૮
માનસ રામાયણ–બે ગ્રંથમાં	૭–૦
તુલસીકૃત રામાયણ ...	૭–૮
વાલ્મીકિ રામાયણ ...	૬–૮
યોગવાસિષ્ઠ મહારામાયણ	૧૨–૦
દત્ત–પરશુરામ	૨–૦
શ્રીમદ્ભાગવત–બે ગ્રંથમાં	૮–૦
ભગવતી (દેવી) ભાગવત	૬–૦
મનુસ્મૃતિ	૩–૦
પાતંજલ યોગસૂત્ર ...	૧–૦
જ્ઞાનયોગ	૦–૧૨
આખ્યાનમાળા–બે ગ્રંથમાં	૬–૦
વૈદિક વિનય	૩–૧૨
મહાભારત મંજરી ...	૩–૦
તું કોણ ?...	૨–૦
અષ્ટાવક્રગીતા	૦–૮
આત્મરામાયણ	૦–૧૨
જીવન્મુક્તિવિવેક... ...	૧–૪
ઉપદેશસારસંગ્રહ ...	૧–૮
સુબોધરત્નાકર	૧–૮
હૃદયતરંગ ને બ્રાહ્મણની ગૌ	૧–૦
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર	૦–૮
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા	૦–૪
વિષ્ણુસહસ્રનામાવલિ દર્શન	૦–૬
વિષ્ણુસહસ્રનામ ...	૦–૨
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા	૪–૦
શ્રીમદ્ભગવદ્ગીતા–નીલકંઠી	૧–૧૦
શ્રીભગવદ્ગીતા–આ. ૧૮ મી	૦–૮
શ્રીભગવદ્ગીતા–આ. ૧૯ મી	૦–૭
શ્રીભગવદ્ગીતા–આ. ૨૦ મી	૦–૪
શ્રીપંચરત્નગીતા–(શ્રીધરી)	૧–૧૦

સંતવાણી તથા ઉપદેશો

પરમસુખી થવાના ઉપાય	૧–૪
અખાની વાણી	૩–૦
દીવાને સાગર	૪–૮
સંત કબીર–આધ્યાત્મિક પદો	૧–૮
પ્રીતમદાસની વાણી ...	૨–૮
ભજનસાગર	૨–૮
ગુજરાતની ગઝલો ...	૧–૦
તુકારામ ગાથા–બે ગ્રંથમાં	૬–૦
દાસબોધ	૨–૮
સ્વામી રામતીર્થના ઉપદેશો	૨–૮
" " સદુપદેશો ઇ૦	૨–૮
રામકૃષ્ણકથામૃત ...	૫–૦
સ્વામી વિવેકાનંદના ઉપદેશો	૨–૪
" " ભક્તિયોગ	૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ	૨–૦
तुकाम्हणे:–	૦–૫

બાળોપયોગી

ભારતીય નીતિકથાઓ...	૦–૮
સુબોધક નીતિકથા ...	૦–૮
સદ્ગુણી બાળકો ...	૦–૪
બાળસદ્બોધ	૦–૪
બાળકોની વાતો–ભાગ ૧, ૨	૦–૧૧

* આથી આ અગાઉનાં સૂચીપત્રો રદ સમજવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતપુરુષોનાં ચરિત્રો

મહર્ષિ દયાનંદ ... ૧—૦
સ્વામી સહજાનંદ ... ૦—૧૨
ગુરુ નાનક ... ... ૦—૬
બુદ્ધચરિત્ર ને સંતપુરુષો ૨—૦
રામકૃષ્ણ પરમહંસ—ચરિત્ર ૨—૮
સ્વામી વિવેકાનંદ ... ૩—૦
સ્વામી રામતીર્થ ગ્રંથ ૪ ૩—૦
સંત તુકારામ ... ... ૨—૮
ચૈતન્ય મહાપ્રભુ—ત્રણ ગ્રંથ ૬—૮
જ્ઞાનેશ્વર અને એકનાથ ૨—૮
સ્વામીશ્રી બ્રહ્માનંદ અને શિવાનંદનાં ચરિત્રો ૧—૬
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ૧—૦
સરયુદાસજી, ભૂધરભક્ત અને જાનકીદાસજી ૦—૧૦
ભક્તચરિત્ર ... ... ૨—૮
આદર્શ ચરિત્રસંગ્રહ—બે ગ્રંથ ૪—૪
મુસ્લિમ મહાત્માઓ ... ૨—૪
હિંદના આચાર્યો—છપાય છે.

સ્ત્રીઉપયોગી ગ્રંથો

કલ્યાણમયી ... ... ૧—૦
ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથમાં ૯—૦
દયાળુ માતા ને સદ્ગુણી પુત્રી ૦—૮
ટૂંકી વાર્તાઓ— ભાગ ૧ લો ૨—૮
,, —ભાગ ૨ જો ૨—૮
,, —ભાગ ૫મો ૨—૮
,, —ભાગ ૬ ઠ્ઠો ૨—૮
સ્વર્ગનું વિમાન... ... ૨—૦
સ્વર્ગની કૂંચી ... ... ૨—૦
સાચું સ્વર્ગ ... ... ૨—૦
સ્વર્ગનો ખજાનો... ... ૨—૦
સ્વર્ગનો પ્રકાશ ... ... ૨—૦
સ્વર્ગની જિંદગી ... ૨—૦
સંસારમાં સ્વર્ગ ... ૨—૦
સ્વર્ગનો આનંદ ... ૨—૦
સ્વર્ગની સીડી ... ૨—૦
સ્વર્ગની સડક ... ... ૨—૦

ઐતિહાસિક ને સાહિત્ય

સાહિત્યપ્રારંભિકા ... ૧—૦
કચ્છની લોકવાર્તા ... ૨—૦
ભારતના વીરપુરુષો ... ૧—૪
વીર દુર્ગાદાસ ને મારુ સરદારો ૧—૦

ઉત્સાહ ને ચેતનાપ્રેરક

સંસારમાં સુખ ક્યાં છે? ૧—૦
ગામડિયા નરદેવો ... ૧—૬
સુબોધ કથાસાગર ... ૨—૦
આગળ ધસો ... ... ૨—૮
ભાગ્યના સ્રષ્ટાઓ ... ૨—૮
સુખી જીવનનાં સાધન ૧—૮
આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧,૨ ૪—૦
કતલખાનું ... ... ૩—૦
શુભસંગ્રહ—ભાગ ૧, ૨, ને ૯ ૫—૪
સોનેરી સૂચનો ... ... ૦—૪
સુબોધ પુષ્પવાટિકા ... ૦—૫

વૈદક ને વિજ્ઞાન

આર્યભિષક્ છપાય છે.
ઔષધિ કલ્પલતા ... ૦—૧૨
વૈદકસંબંધી વિચારો-ભા. ૧,૨, ૩—૧૨
આયુર્વેદ નિબંધમાળા—ભા. ૧ ૨—૮
,, ,, ભાગ ૨જો ૧—૧૨
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ૦—૪
આરોગ્ય ને ખોરાક ... ૧—૦
હિંદના આર્થિક વિકાસની યોજના ૦—૮

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ ને કાલબાદેવીરોડ, હાથીબિલ્ડિંગ મુંબઈ—૨

पुस्तकालय

गुरुकुल कां

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છેલ્લી અરધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ,** એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

૧૮૭૪ / ૧૯૪૨

તેમણે અજ્ઞાનરૂપી અંધારો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સવ રીતે શુદ્ધ કરીને સરળ અને સહેલાઇથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘેરઘેરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે '**कथयन्तो मां नित्यं**' એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં-હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } **અમદાવાદ મુંબઈ-૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar